# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

## ભાગ-૮



: વિવેચનકાર :

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

(ભાગ-૮, ૧૮-૧૯મી બત્રીશી)

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :

શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૭૨

卐

મૂલ્ય :
રૂા. ૭૫-૦૦

**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦

**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.

**ભરત ગ્રાફિક્સ**, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : (079) 22 13 41 76, M : 99250 20106
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે - કલ્યાણની પગથારે...ના ૮૧ થી ૮૫ લેખો ૭મા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પૂ. આચાર્ય શ્રીવિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ. આચાર્ય **શ્રી વિજય અભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.

- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી જૈન શ્વે. મૂર્તિ. સંઘ, જોરાવરનગરને** હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.

- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.

- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું અધ્યયન કરવાની વિનંતી સાથે...

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

કુમારપાળ વિ. શાહ

# પ્રસ્તાવના

• સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત પદાર્થો અદ્ભુત-અલૌકિક-અનુપમ હોય જ એ નિઃશંક છે. આવા પદાર્થોને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના ૧૮ મી તથા ૧૯ મી બત્રીશીના ૯૬ થી ૧૧૧ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં આઠમા ભાગરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે.

• એકથી તેર બત્રીશીના કુલ ૯૫ લેખો એકથી સાત ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.

• સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા., શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા. આ સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

• પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

અષાડ સુદ-૨, ૨૦૭૧
સુરેન્દ્રનગર ચાતુર્માસ

ગુરુપાદપદ્મરેણુ
**અભયશેખર**

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર

**શ્રી જૈન શ્વે. મૂર્તિ. સંઘ, જોરાવરનગરને**
**ફરી ફરી અભિનંદન**

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

(૧) પ્રકાશક

(૨) જગતુભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬

(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી
૬-૧૦૯૯, ગોળશેરી, ગલેમંડી, સુરત-૩૯૫ ૦૦૩,
ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨

(૪) ભવ્ય ન. કુબડિયા
C/o. ઈથોસ ઈલાઈટ ગાર. પ્રા. લિ.
૧૦૬, કોસ્મોસ પ્લેટિનમ, જંકશન ઓફ ભવાની શંકર રોડ-
ગોખલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
Mo. ૯૭૬૯૩ ૨૯૯૩૨

## લેખાંક ૯૬

સત્તરમી બત્રીશીમાં દૈવ-પુરુષકારની અનેક રીતે વિચારણા કરી. આત્માની દષ્ટિએ વિચારીએ તો અચરમાવર્તમાં દૈવ જ બળવાન હોય છે, પુરુષકાર અકિંચિત્કર હોય છે. ચરમાવર્તમાં પ્રાયઃ પુરુષકાર બળવાન્ હોય છે ને એ દૈવને બાધા પહોંચાડે છે. ચરમ અર્ધ ચરમાવર્ત કાળ બાકી હોય એ પછી જ્યારે જીવ વિશિષ્ટ પુરુષાર્થ ફોરવે છે ત્યારે ગ્રન્થિભેદ કરે છે. ત્યાર પછી જીવની સહજ ઉચિત પ્રવૃત્તિ હોય છે. હવે સ્વભૂમિકાને ઉચિતપ્રવૃત્તિ માટે ઉપદેશ જરૂરી હોતો નથી. પણ ગુણઠાણામાં આગળ વધવા કે પ્રમાદાદિજન્ય પતનને અટકાવવા ઉપદેશ જરૂરી બને છે. જીવ શુભ પુરુષાર્થ ફોરવીને મોહનીયકર્મની સ્થિતિસત્તા જેમ જેમ ઘટાડતો જાય છે એમ એમ ક્રમશઃ દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ પામે છે. આ બધી વાતો સત્તરમી દૈવ-પુરુષકારબત્રીશીમાં આવી ગઈ.

દેશવિરતિ કે સર્વવિરતિ પામેલો જીવ યોગના અધ્યાત્મ વગેરે ભેદોને પામે છે. એટલે આ અઢારમી બત્રીશીમાં યોગના એ અધ્યાત્મ વગેરે પાંચ ભેદોનો વિચાર કરવાનો છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય... આ પાંચ એ અધ્યાત્મ વગેરે યોગો છે. એમાંના સૌ પ્રથમ અધ્યાત્મયોગને સૌપ્રથમ વિચારીએ.

**અધ્યાત્મયોગ :** ઉચિતપ્રવૃત્તિવાળો વ્રતયુક્ત જીવ શાસ્ત્રવચનને અનુસરીને જીવાદિપદાર્થોનું મૈત્રી વગેરે ભાવોથી ગર્ભિત જે ચિંતન કરે છે તે અધ્યાત્મયોગ છે. ઉચિત આચારનું પાલન અધ્યાત્મના પ્રતિબન્ધકતત્ત્વોને દૂર રાખનાર છે. સામાન્યથી, અનુચિતપ્રવૃત્તિ કરાવનાર કોઈ હોય તો એ કંઈક પણ પ્રબળ રાગ-દ્વેષ છે, અને એ જ અધ્યાત્મના મોટા શત્રુ છે. એટલે, પ્રવૃત્તિમાં અનૌચિત્યને ટાળનારો

પ્રતિબન્ધકોને વર્જી શકે છે.

અલબત્ તીવ્રભવાભિષ્વંગ સ્વરૂપ અત્યન્ત પ્રબળ રાગ-દ્વેષ ખસવા પર જ અપુનર્બન્ધકપણું પ્રાપ્ત થતું હોવાથી ત્યારથી જ ઔચિત્યપાલન હોય છે. પણ એ ભૂમિકામાં જે પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ ઔચિત્ય હોય છે તેના કરતાં ઉપર ઉપરની અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે ભૂમિકામાં પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ... ઔચિત્ય અલગ-અલગ પ્રકારનું અને વિશેષ-વિશેષ શુભ હોય છે. પ્રસ્તુતમાં દેશવિરતિ-સર્વવિરતિને ઉચિત એવા ઔચિત્યની વાત જાણવી, જે પ્રધાન (મૌલિક) અધ્યાત્મયોગનું સંપાદન કરે છે. અપુનર્બન્ધક તથા અવિરતસમ્યક્ત્વીનું ઔચિત્ય ઉપચરિતયોગનું સંપાદન કરે છે એ જાણવું. એટલે જ, તત્ત્વચિંતનકાળે પણ જીવ ઉચિતપ્રવૃત્તિવાળો હોવો જોઈએ. આશય એ છે કે જીવને દેશવિરતિ કે સર્વવિરતિરૂપ વ્રતની પ્રાપ્તિ ઉચિતપ્રવૃત્તિપૂર્વક થઇ હોય એ ઈચ્છનીય છે જ. પણ એ આવશ્યક શરત નથી, કારણ કે એ રીતે વ્રતપ્રાપ્તિ કર્યા પછી પણ જે અનુચિત પ્રવૃત્તિમાં પડે છે એને અધ્યાત્મયોગ સંભવતો નથી. અને કોઈકને કદાચ પૂર્વે ઉચિતપ્રવૃત્તિ વગર વ્રતપ્રાપ્તિ થઇ હોવા છતાં, પાછળથી એ ઉચિતપ્રવૃત્તિવાળો બની જાય તો એને અધ્યાત્મયોગ હોવામાં કોઈ વાંધો નથી.

**જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** શ્રુત અને શીલ બન્ને ભેગા થાય ત્યારે મોક્ષમાર્ગ પરિપૂર્ણ થાય છે. એટલે યોગ માટે એ બન્ને આવશ્યક છે. આ બન્નેની હાજરી દેશવિરત કે સર્વવિરતને જ હોય છે. અપુનર્બન્ધક કે અવિરત સમ્યક્ત્વીને નહીં. એટલે, અહીં અણુવ્રત-મહાવ્રતસ્વરૂપ વ્રતથી યુક્તજીવને જ અધ્યાત્મયોગ કહ્યો છે. અપુનર્બન્ધક તથા અવિરતસમ્યક્ત્વીને એ ઉપચારથી હોય છે, પણ વાસ્તવિક નહીં, એ જાણવું.

**શાસ્ત્રવચનાનુસારી** - સ્વમતિ કલ્પનાનુસારી ચિન્તન એ તત્ત્વભૂત ન પણ હોય, પણ તત્ત્વાભાસ પણ હોય. તત્ત્વસ્વરૂપ વ્યવહાર શાસ્ત્રવચનના આધારે છે. કારણ કે આત્મા અતીન્દ્રિય હોવાથી એના અંગે શાસ્ત્ર જ દીપક સમાન છે. શાસ્ત્રવચનોનું પણ માત્ર પુનરાવર્તન નથી કરવાનું, કેમકે એ તો શ્રુતજ્ઞાન છે. પણ એના પર ચિન્તન કરવાનું છે. આ ચિન્તન કરવાથી હેય-ઉપાદેયનો વિવેક વિશદ બનતો જાય છે.

**મૈત્રીવગેરે ભાવોથી ગર્ભિત ચિન્તન :** જીવાદિ તત્ત્વોનું ચિન્તન જે કરવાનું છે તે મૈત્રી વગેરે યથાયોગ્ય ભાવોથી ગર્ભિત હોવું જોઈએ. પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨૦૦૦ વર્ષ છે વગેરે ચિન્તન મનને સંકલ્પ-વિકલ્પોથી જરૂર બચાવે છે. પણ પરિણતિને એટલું સ્પર્શનારું હોતું નથી. પણ એ જો મૈત્રીભાવગર્ભિત બનાવાય તો પરિણતિસ્પર્શી જરૂર બને, એમ ધર્માસ્તિકાયાદિ વિષયક ચિન્તન અંગે પણ જાણવું.

એટલે, નાનો મોટો કોઈપણ પ્રતિકૂળ વ્યવહાર કરનાર જીવ અંગે ક્રોધ-દ્વેષ-દુર્ભાવાદિ લાગણી જન્મે તો અધ્યાત્મયોગ નથી... પણ, 'મારા કર્મો દુષ્ટ છે' 'એ દુષ્ટ નથી' 'એ મારો વૈરી નથી' 'મને એની સાથે વેર નથી' 'મને એની સાથે પણ મિત્રતા જ છે' આવી બધી લાગણી જેટલી વાર જાગે એટલીવાર અધ્યાત્મ યોગ છે. એ જ રીતે બીજાની કે પ્રતિસ્પર્દ્ધીની ભૌતિક કે આધ્યાત્મિક પ્રગતિ જોઈને 'પુણ્યશાળી છે' 'ધન્ય તપસ્વી !'... વ્રતધર જીવને ઈર્ષ્યાની લાગણી ન થતાં આવી પ્રમોદની લાગણી થાય તો અધ્યાત્મયોગ છે. એમ દુઃખીને કે પાપીને જોઈને એના પર દ્વેષ-તિરસ્કાર ન થતાં 'કઈ રીતે આનો દુઃખમાંથી કે પાપમાંથી ઉદ્ધાર થાય' એમ કરુણા ઉપજે તો અધ્યાત્મયોગ છે. એમ અપ્રજ્ઞાપનીય પાપી પ્રત્યે પણ તિરસ્કાર ન જાગે ને 'હજુ કાળ પાક્યો નથી, કાળ પાકશે એટલે સુધરશે' એ

રીતે કે 'જે જીવની જેવી ભવિતવ્યતા હોય એમ થાય' વગેરે રૂપે ઉપેક્ષા પરિણામ જાગે તો, અધ્યાત્મયોગ છે. એમ આકર્ષક પુદ્ગલદ્રવ્ય અંગે 'સવારે ખીલ્યું સાંજે કરમાય છે' 'રૂપ-રસ-ગંધ... બધું જ પરિવર્તનશીલ છે, એમાં શું મોહ પામવો ?' શરીરના મેલ-દુર્ગંધ વગેરે અંગે 'ગમે એટલી કાળજી લો. શરીર અશુચિનો ગાડવો છે' વગેરે રૂપે અનિત્યાદિભાવનાગર્ભિત ચિંતન ચાલે એ અધ્યાત્મયોગ છે.

આગળ ભાવનાયોગ જે આવે છે એ ચિત્તવૃત્તિનિરોધથી યુક્ત હોય છે. એટલે એ માનવું જરૂરી છે કે અધ્યાત્મયોગકાળે ચિત્તવૃત્તિનિરોધ ભલે ન હોય, પણ એનો પ્રયત્ન તો હોય જ. તત્ત્વચિંતન એ માનસિક પ્રવૃત્તિરૂપ અધ્યાત્મયોગ છે. એમ પ્રારંભિક કક્ષાનો જાપ વગેરે વાચિક પ્રવૃત્તિરૂપ અધ્યાત્મયોગ છે તથા દેવસેવા વગેરે કાયિકપ્રવૃત્તિરૂપ અધ્યાત્મયોગ છે.

'આ અધ્યાત્મયોગ મૈત્રી વગેરે ભાવોથી ગર્ભિતચિંતન રૂપ છે' એમ કહ્યું એટલે હવે મૈત્રી વગેરે ભાવનાનું સ્વરૂપ દર્શાવે છે. દરેક ભાવનાના ચાર-ચાર પ્રકાર છે.

**મૈત્રીભાવના :** બીજાના સુખની-હિતની ચિંતા કરવી-ઇચ્છા કરવી એ મૈત્રી છે. તે ક્રમશઃ ચાર પ્રકારની છે. ઉપકારી જીવો પર, સ્વજનો પર, સ્વ-આશ્રિત જીવો પર અને સર્વજીવો પર.

આશય એ છે કે મિત્ર તરીકેની લાગણી એ મૈત્રી છે. આ લાગણી જેના પ્રત્યે હોય એના સુખની ઇચ્છા જીવને પ્રવર્તે છે. માટે અહીં એ ઇચ્છાને જ મૈત્રી તરીકે કહેલ છે.

ભવાભિનંદીજીવને પુદ્ગલ એ જ સર્વસ્વ હોય છે, ઉપકારી વગેરે જીવો પણ આ પુદ્ગલમાં ભાગ પડાવશે એવો ડર સતત એને રહ્યા કરતો હોય છે. એટલે 'ગરજ સરી વૈદ વૈરી' ન્યાયને એ

અનુસરતો હોય છે. માત્ર પોતાના સુખને જ પ્રાધાન્ય આપનારો હોય છે. બીજા સુખી થાય એવી નિઃસ્વાર્થ ઇચ્છા એને ક્યારેય જાગતી નથી. ભવાભિનંદીપણું જાય એ પછી જ એ પ્રગટી શકે છે. આ પ્રગટેલી ઇચ્છાનું વર્તુળ પહેલાં નાનું હોય છે. પછી વધતાં વધતાં અત્યંત વિરાટ... સર્વ જીવોને આવરી લે એવું વ્યાપક બને છે.

પ્રથમ વર્તુળમાં માત્ર પોતાના ઉપકારી જીવો આવે છે. એ પછી એ વર્તુળ વધે તો એમાં ઉપકાર ન કરનાર એવા પણ પોતાના ભાઈ વગેરે નાલપ્રતિબદ્ધ સ્વજનોનો મિત્રતામાં સમાવેશ થાય છે. 'આદિ' શબ્દથી નાલપ્રતિબદ્ધ ન હોય એવા સ્વજનાદિ પણ લેવા. પોતાના પિતા, પિતામહ વગેરે પૂર્વજોએ જેમને આશ્રય આપેલો હોય એ આશ્રિતવર્ગનો પણ સમાવેશ થાય એ ત્રીજા પ્રકારની મૈત્રી છે. ઉપકારી, નાલપ્રતિબદ્ધ કે આશ્રિત... આવું કશું જોયા વિના જીવમાત્રના સુખની ઇચ્છા એ મૈત્રીનો ચોથો પ્રકાર છે. આમાં પોતાના પર અપકાર કરનાર જીવોનો પણ સમાવેશ હોય છે. એટલે એ જીવો પર દ્વેષ-દુર્ભાવ-વૈરભાવ જાગે કે બદલો લેવાનું મન થાય તો તો એમના સુખની ઇચ્છા ઊભી રહી શકે નહીં. એ ઇચ્છા ઊભી રાખવા માટે દ્વેષાદિ ટાળવા જ પડે. એટલે જ સામાન્ય રીતે मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणई એમ મૈત્રીના પ્રતિપક્ષ તરીકે વૈરભાવના પ્રસિદ્ધ છે.

**કરુણાભાવના :** અન્ય જીવના દુઃખના પરિહારની ઇચ્છા એ કરુણા છે. એ ચાર પ્રકારે છે. મોહથી, દુઃખીના દર્શનથી, સંવેગથી અને સ્વભાવથી.

**(૧) મોહથી :** અજ્ઞાનથી થતી કરુણા. જેમકે બિમાર માણસને અપથ્ય ભોજનની ઇચ્છા થઈ છે, એના વિના એ દુઃખી થઈ રહ્યો છે, તો એ અપથ્ય એને આપવા દ્વારા એના દુઃખને દૂર કરવાની

ઈચ્છા (આમાં જે દુઃખ દૂર થઈ રહ્યું છે એના કરતાં અનેકગણું દુઃખ અપથ્યના કારણે થવાનું છે. માટે આવી કરુણા મોહથી-અજ્ઞાનથી-અવિવેકથી થયેલી છે). (૨) દુઃખી જીવના ભૂખ વગેરે દુઃખો જોઈને એને લોકપ્રસિદ્ધ એવા આહાર-વસ્ત્ર-શયન-આસનાદિના દાન દ્વારા એના દુઃખને દૂર કરવાની ઈચ્છા. (૩) પ્રીતિપાત્ર જીવો સુખી હોય તો પણ (પણ શબ્દથી દુઃખી હોય તો પણ) આ સંસારના દુઃખથી કેમ છૂટે... એવી છદ્મસ્થોને સંવેગથી = મોક્ષની અભિલાષાથી થતી ઈચ્છા એ કરુણાનો ત્રીજો પ્રકાર છે. (જેને પોતાને જ સંવેગ નથી એ તો ખુદ પૌદ્ગલિક સુખને ચાહતો હોય છે, એટલે એને આવી ઈચ્છા સંભવતી નથી. માટે અહીં 'સંવેગથી' એમ કહ્યું છે). **हितं मनोहारि च दुर्लभं वचः** એટલે સામાન્યથી હિતકર વચનો જીવને અપ્રિય નીવડતા હોય છે. જેને એ અપ્રિય ન નીવડે એવા જીવ એ અહીં પ્રીતિપાત્ર જીવ સમજવા. (૪) વળી છેલ્લી કરુણા તો પ્રીતિસંબંધ રહિત પણ અન્ય સર્વજીવો અંગે હોય છે. સર્વજીવો પર અનુગ્રહ કરવામાં તત્પર કેવલી ભગવંતો જેવા મહામુનિઓને આ કરુણા સ્વભાવથી જ હોય છે. સંવેગથી થતી કરુણા જ્યારે સ્વ-પરના વિભાગ છોડી સર્વજીવો પર ફેલાય છે ત્યારે એ સ્વભાવથી થવા માંડે છે ને ચોથા પ્રકારની બને છે.

**મુદિતા (પ્રમોદ) ભાવના :** મુદિતા = સંતોષ = આનંદ = પ્રમોદ. જીવોના સુખને જોઈને પ્રમોદની લાગણી થવી એ મુદિતા ભાવના છે. વિશ્વના જીવના સુખ આપાતરમ્ય, સદ્હેતુવાળા, અનુબંધવાળા અને પ્રકૃષ્ટ... આમ ચાર હોવાથી આ મુદિતા ભાવનાના પણ ચાર પ્રકાર છે.

**(૧) આપાતરમ્યસુખપર :** અપથ્ય આહાર કરવાથી તત્કાળ તૃપ્તિ થાય છે ને સુખ અનુભવાય છે, પણ પરિણામે એ અસુંદર હોય છે. આલોકના એવા જ સ્વરૂપના વૈષયિક સુખ જે માત્ર તત્કાળ

પૂરતા રમણીય છે, (આ ભવમાં પણ દારૂણ પરિણામવાળા હોય છે) આવા સુખ અંગે મુદિતા.

**(૨) સદ્હેતુવાળા સુખ પર :** હિતકર પરિમિત આહારના પરિભોગથી જનિત સ્વાદિષ્ટરસના આસ્વાદ સુખ જેવું આલોકનું જ જે એક ચોક્કસ પ્રકારનું પરિદૃષ્ટ સુખ કે જે સારા હેતુઓથી ઉત્પન્ન થયેલ છે. (અહીં પરિદૃષ્ટ લખ્યું છે, એટલે જણાય છે કે, અહીં આલોકના સુખની જ વાત છે, પરલોકના સુખની વાત નહીં, વળી 'સારા હેતુઓથી ઉત્પન્ન થયેલ' એમ જે જણાવ્યું છે એનાથી નિશ્ચિત થાય છે કે એ આ ભવમાં વિપરીત પરિણામ લાવનાર નથી. છતાં આ એવું સુખ છે જે પરભવમાં સુખદ નથી, કારણ કે એની વાત ત્રીજા પ્રકારમાં છે.)

**(૩) અનુબંધવાળા સુખ પર :** અવ્યવચ્છિન્ન સુખ પરંપરાથી આલોક-પરલોકમાં અનુસરનાર એવું દેવ-મનુષ્ય ગતિઓમાં કલ્યાણની પ્રાપ્તિ સ્વરૂપ અનુબંધયુક્ત સુખમાં પણ ઈર્ષ્યા ન થાય એ માટે આ ત્રીજી મુદિતા ભાવના છે.

**(૪) પ્રકૃષ્ટસુખ પર :** મોહક્ષય વગેરે થવાથી ઉત્પન્ન થયેલ અવ્યાબાધસુખ પ્રત્યે ઈર્ષ્યા ન જાગતાં પ્રમોદ ઉલ્લસવો જોઈએ. ષોડશકજીમાં પણ કહ્યું છે - સુખમાત્ર વિષયમાં, સદ્ધેતુવાળાસુખમાં, અનુબંધયુક્ત સુખમાં અને પ્રકૃષ્ટ સુખમાં મુદિતા હોય છે.

**ઉપેક્ષા ભાવના :** ઉપેક્ષા માધ્યસ્થ્ય સ્વરૂપ છે. એ પણ ચાર પ્રકારે છે. અહિતમાં કરુણાથી, અનવસરમાં અનુબંધથી, અસાર સુખમાં નિર્વેદથી અને સર્વત્ર તત્ત્વચિંતનથી હોય છે.

(૧) અહિત વિષયમાં કરુણાથી ઉપેક્ષા થાય છે. જેમકે સ્વતંત્રપણે અપથ્યને સેવતા રોગીને કરુણાથી નિવારવાનો હોય, પણ એનું નિવારણ ન કરતાં કરુણાથી ઉપેક્ષા કરાય છે. આશય એ

છે કે જ્યારે એવું ભાસે કે આને ઉપદેશ ઉંધો પડશે ને એ પોતાનું વધારે અહિત કરશે. ત્યારે એને વધારાના અહિતથી વારવાની કરુણાથી એનું વર્તમાન અહિતનિવારણ અવગણવામાં આવે છે ને ઉપેક્ષા કરાય છે. ॥ उपदेशो हि मूर्खाणां केवलं कोपवर्धनम् । पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ॥ અથવા યોગ્ય વિસ્તૃત ઉપદેશ આપવા છતાં એ ન સુધરે ને એના કારણે ઉપદેશકને ખુદને એના પર તિરસ્કાર જાગવાની સંભાવના પ્રતીત થાય તો પોતાને એ તિરસ્કાર દોષથી બચાવવાની કરુણાથી એની ઉપેક્ષા કરાય છે. येन जनेन यथा भवितव्यं तद्भवता दुर्वारं रे ॥

(૨) અનવસરમાં અનુબંધથી ઉપેક્ષા કરાય છે. કાર્ય અંગેનો પ્રવાહ પરિણામ જો ભવિષ્યમાં હિતકર લાગે તો એ અંગે વર્તમાનમાં ઉપેક્ષા સેવે છે. જે કાળમાં આપેલો ઉપદેશ ઇચ્છિતફળ લાવી શકે એ કાળ 'અવસર' છે. જે એવો ન હોય તે 'અનવસર' છે. હિતાર્થી સજ્જન આળસુ માણસને અવસરે ઉપદેશ આપે, પણ અનવસરે ઉપેક્ષા કરે. જેમકે કોઇ માણસ આળસથી ધનોપાર્જનાદિમાં પ્રવર્તતો નથી. હિતાર્થી સજ્જન અવસર દેખે તો વર્તમાનમાં એને પ્રેરણા કરીને પ્રવર્તાવે છે પણ એ હિતાર્થીને જો એમ લાગે કે એને પ્રવર્તાવવામાં પરિણામે સુંદર એવી કાર્ય પરંપરા ભવિષ્યમાં થશે તો એ હિતાર્થી વર્તમાનમાં માધ્યસ્થ્ય-ઉપેક્ષા સેવે છે. શ્રી ઋષભદેવ ભગવાને પ્રારંભે અનવસર હોવાથી ઉપેક્ષા કરી, બાર મહિના પછી અવસર આવવાથી બ્રાહ્મિ-સુંદરી દ્વારા બાહુબલીજીને *'વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો...'* ઉપદેશ અપાવ્યો. (યોગ્ય કાળની-અવસરની રાહ જોતો હિતાર્થી વર્તમાનમાં જે ઉપેક્ષા કરે છે તે આ બીજા પ્રકારની ઉપેક્ષા છે.)

(૩) અસાર એવા પૌદ્ગલિક સુખ અંગે નિર્વેદથી = ભવસુખના વૈરાગ્યથી ઉપેક્ષા પ્રવર્તે છે, પૌદ્ગલિક સુખને મેળવવામાં

ઘણીવાર ઘણા કષ્ટ ઊઠાવવા પડે છે. રાગદ્વેષને ઉત્તેજિત કર્યા વિના પુદ્ગલ સુખ આપી શકતું નથી. એટલે કે પૌદ્ગલિક સુખના ભોગકાળે રાગ-દ્વેષના સંક્લેશ હોય છે. રાગ-દ્વેષથી બંધાયેલાં ચીકણાં કર્મો ભવિષ્યમાં દારૂણ દુઃખો આપે છે. આમ નહીંવત્ પૌદ્ગલિક સુખ ઢગલાબંધ દુઃખોથી અનુવિદ્ધ હોવાથી દુઃખ તુલ્ય જ છે. અને તેથી સાંસારિક સુખની આ દુઃખતુલ્યતા (અસારતા) પિછાણનાર યોગીને સંસાર પર વૈરાગ્ય થાય છે ને વૈષિયક સુખો પ્રત્યે ઉપેક્ષા આવે છે.

(૪) જડ કે જીવ.. બધા પર તત્ત્વચિંતનથી ચોથા પ્રકારની ઉપેક્ષા પ્રવર્તે છે. આશય એ છે કે ઉપેક્ષાના ત્રીજા પ્રકારમાં કહેલા વૈરાગ્યને વારંવાર ઘુંટવાથી એવી ભૂમિકા આવે છે કે જેથી હવે 'ઇષ્ટ-અનિષ્ટ વિષયો રાગ-દ્વેષ કરાવે છે' એવી પ્રતીતિ પણ રહેતી નથી, તેથી ઈન્દ્રિયના વિષયો પ્રત્યે ઉપેક્ષા આવે છે. વળી પોતાના સુખ-દુઃખ પ્રત્યે પોતાની જાત સિવાય અન્ય કોઈ જવાબદાર નથી. આવું વારંવાર ચિંતન કરવાથી એવી ભૂમિકા આવે છે કે હવે કોઈ જીવ પ્રત્યે રાગ-દ્વેષ થતા નથી. તેથી ઉપેક્ષા પ્રવર્તે છે. આમ તત્ત્વચિંતનના પ્રભાવે જડ અને જીવ... બધા પ્રત્યે ઉપેક્ષાની લાગણી પ્રવર્તે છે.

મૈત્રી વગેરે ભાવનાઓના ચાર ચાર ભેદ કહ્યા. જે ક્રમમાં મૈત્રી વગેરેના તે તે ભેદ કહ્યા છે એ જ ક્રમમાં મૈત્રી વગેરે તે તે ભાવના છે. વિશુદ્ધ સ્વભાવવાળી પરિણમતી આ મૈત્રી વગેરે ભાવનાઓ જ અધ્યાત્મમાં ઉપયોગી છે.

આશય એ છે કે સાધક જીવે સુખી જીવો પરની ઈર્ષ્યાને (પ્રતિકૂળ આચરનારનો બદલો લેવા દ્વારા દુઃખી કરવાની ઇચ્છા) છોડવાની છે, પણ 'સારું છે કે આ બધા સુખી છે' એવી મૈત્રીને છોડવાની નથી. એમ, દુઃખી જીવોની ઉપેક્ષાને વર્જવાની છે, પણ 'આ જીવો દુઃખમાંથી મુક્ત શી રીતે થાય ?' એવી કરુણાને તો

જાળવવાની છે. તથા જીવોના સુકૃત ઉપરના દ્વેષનો પરિહાર કરવાનો છે, પણ એની અનુમોદના દ્વારા હર્ષને તો અનુભવવાનો છે. વળી અધર્મી જીવો પરના તિરસ્કારનો ત્યાગ કરવાનો છે. પણ એની ઉપેક્ષાને તો કેળવવાની છે. સાધકે આ રીતે પરિણતિશુદ્ધ મૈત્રી વગેરે ભાવનાઓને પામીને અધ્યાત્મનો સમાશ્રય કરવો જોઈએ.

કહેવાનો ભાવ એ છે કે મૈત્રી વગેરે ભાવનાઓથી ભાવિત થયેલી આત્મ પરિણતિ એ મૈત્રી વગેરે ભાવના છે. આ હોવા છતાં કોઈક સુખી પર ઈર્ષ્યા થવી એ જ એની અશુદ્ધિ છે. એટલે જે આ ઈર્ષ્યાને છોડે છે એની એ પરિણતિ શુદ્ધ થાય જ. અને તેથી જીવને પરિણતિશુદ્ધ મૈત્રીભાવનાની પ્રાપ્તિ થાય છે. આ જ રીતે કોઈક પણ દુ:ખીની ઉપેક્ષા, કોઈક સુકૃત પર પણ દ્વેષ અને કોઈક પણ પાપી પર રાગ-દ્વેષ... આ જ ક્રમશઃ કરુણા-મુદિતા-ઉપેક્ષા ભાવનાની અશુદ્ધિઓ છે. તેથી એનો ત્યાગ કરતો જીવ પરિણતિશુદ્ધ કરુણા વગેરેને પામે જ એ સ્પષ્ટ છે.

આવી પરિણતિશુદ્ધ મૈત્રીભાવના વગેરે પામીને અધ્યાત્મનો સમાશ્રય કરવો જોઈએ. જેથી પછી નિરપાય = અપાયો-વિઘ્નો વિનાનો અધ્યાત્મલાભ થાય છે. આમાં એ સમજવા જેવું છે કે જેઓ નિષ્પન્ન યોગી છે (= યોગને આત્મસાત્ કરી ચૂક્યા છે.) તેઓએ મૈત્રીવગેરે ભાવનાઓથી ભવિત થવાનું હોતું નથી, કારણકે એ ભાવનાઓ આત્મસાત્ થઈ ગઈ હોય છે. એટલે જ એમના ચિત્તમાં ઈર્ષ્યા વગેરે ભાવો ઊઠતા જ નથી. તેથી તેઓનો બોધ આ ઈર્ષ્યા વગેરે દોષોથી મલિન થતો ન હોવાથી હંમેશા સમ્યક્ = શોભન જ રહે છે. ને એમનું ચિત્ત, 'સમ્યક્ છે બોધ જેમાં' એવું જ રહે છે. વળી ઈર્ષ્યા-ઉપેક્ષા વગેરે છે નહીં, મૈત્રી-કરુણા વગેરે છે... માટે એમનું ચિત્ત પરાર્થસાર હોય છે. એટલે કે સ્વાર્થ ગૌણ હોય છે, પરાર્થ જ પ્રધાન હોય છે. પણ જેઓએ હજુ યોગનો આરંભ કર્યો

છે, યોગને આત્મસાત્ કર્યો નથી, તેઓના ચિત્તમાં તો ઈર્ષ્યા વગેરે ભાવ ઊઠી શકે છે, માટે ભાવનાઓના અભ્યાસથી જ એમણે સુખની ઈર્ષ્યા વગેરેને છોડવાના હોય છે. ને એ છોડવાથી જ મૈત્રી વગેરે ભાવનાઓની વિશુદ્ધિ થાય છે.

પતંજલિ ઋષિએ જે ચિત્તપ્રસન્નતા કહી છે તે પણ આ જ છે કે એ ચિત્તમાં હવે ઈર્ષ્યા વગેરે રૂપ મલિનતા-કલૂષિતભાવો ઊઠતા નથી, માટે ચિત્ત પ્રસન્ન=નિર્મળ રહે છે.

આ અધ્યાત્મથી જ્ઞાનાવરણીયાદિક્લિષ્ટકર્મોરૂપ પાપનો ક્ષય થાય છે, વીર્યના ઉત્કર્ષરૂપ સત્ત્વ થાય છે, ચિત્તની સમાધિરૂપ શીલ થાય છે અને શાશ્વત એટલે કે પ્રતિઘાત ન પામે એવું જ્ઞાન થાય છે. ઈર્ષ્યા-દ્વેષ વગેરે મોહના વિકારો જ્ઞાનને યથાર્થપણે પ્રવર્તવા દેતા નથી. આ જ્ઞાનનો પ્રતિઘાત છે. અધ્યાત્મયોગ માટે ઈર્ષ્યા વગેરે છોડવાના છે. તેથી પ્રતિઘાત વિનાનું જ્ઞાન થાય છે. તથા આ અધ્યાત્મ સ્વસંવેદન પ્રત્યક્ષ અમૃત છે, કારણ કે મોહરૂપી વિષના અતિદારૂણ વિકારોને દૂર કરે છે. તત્ત્વચિંતન વગેરે રૂપ અધ્યાત્મથી મોહના, ક્રોધાદિ વિકારો દૂર રહ્યા છે એવો સાધકને પોતાને અનુભવ થાય છે. માટે અધ્યાત્મ એ સ્વસંવેદન પ્રત્યક્ષ અમૃત છે. ઝેરના વિકારો એક ભવ પૂરતા હોવાથી દારૂણ હોય છે, મોહના વિકારો અનેક ભવને અસર કરનારા હોવાથી અતિદારુણ હોય છે.

આમ અધ્યાત્મયોગની વિચારણા પૂર્ણ થઈ. એના પ્રસંગે મૈત્રી-પ્રમોદ(મુદિતા) કરુણા અને ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવનાની વિચારણા પણ કંઈક કરી. હવે ભાવનાયોગની વિચારણા આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૭

— સોળમી યોગભેદદ્વાત્રિંશિકાની વિચારણા ગયા લેખથી ચાલુ કરી છે. એમાં યોગના પ્રથમ ભેદ અધ્યાત્મયોગની વિચારણા આવી ગઈ. હવે ભાવનાયોગને વિચારીએ.

અધ્યાત્મયોગનો બુદ્ધિસંગત વૃદ્ધિમાન અભ્યાસ એ ભાવનાયોગ છે. અહીં અભ્યાસને બુદ્ધિસંગત એટલા માટે કહ્યો છે કે 'અધ્યાત્મયોગથી પ્રતિઘાત ન પામે એવું શાશ્વત જ્ઞાન થાય છે' એવું પૂર્વે કહી ગયા છે. એટલે હવે આ અભ્યાસ આ જ્ઞાનથી સંકળાયેલ હોવાથી બુદ્ધિ (જ્ઞાન) સંગત હોય છે.

યોગવિંશિકાની વૃત્તિમાં ગ્રન્થકારે આ પ્રમાણે કહ્યું છે કે અધ્યાત્મનો જ પ્રતિદિન વધતો ચિત્તવૃત્તિનિરોધયુક્ત અભ્યાસ એ ભાવનાયોગ છે. આશય એ છે કે અધ્યાત્મયોગનો અભ્યાસ વધારતાં વધારતાં જીવ ભાવનાયોગ પામે છે. અધ્યાત્મયોગમાં તત્ત્વચિન્તનકાળે રાગ-દ્વેષ ખસતા હતા... તત્ત્વચિંતન ખસે એટલે પાછા રાગ-દ્વેષ થાય. क्षणं सक्तः क्षणं मुक्तः આ ભૂમિકા હતી. છતાં તત્ત્વચિન્તનકાળે ચિત્તવૃત્તિઓનો = રાગ-દ્વેષગ્રસ્ત વૃત્તિઓનો થોડો થોડો પણ નિરોધ થતાં રહેતાં ભાવનાયોગમાં આ નિરોધ નોંધપાત્ર બને છે. વળી ભાવનાયોગમાં તત્ત્વચિન્તનનો પ્રવર્ધમાન અભ્યાસ છે. અર્થાત્ અધ્યાત્મયોગી એક દિવસમાં જેટલી વાર તત્ત્વચિન્તન કરે છે એના કરતાં ભાવનાયોગી અનેકગણી વધારેવાર તત્ત્વચિન્તન કરે છે. આશય એ છે કે કોઈ પણ જીવ અંગે વિચારણા ચાલે ત્યારે એ મૈત્રીપ્રમોદ વગેરે ચારમાંની જ કોઈ યોગ્ય ભાવનાથી ગર્ભિત વિચારણા કરાવનો સાધકને અધિકાર છે. એમ પુદ્ગલ અંગે વિચારણા ચાલે તો અનિત્યત્વાદિ ભાવનાથી ગર્ભિત વિચારણા કરવાનો સાધકને અધિકાર છે. આવી વિચારણાઓ તત્ત્વચિન્તન છે. છતાં, જ્યારે

જ્યારે વિચારણા ચાલે ત્યારે ત્યારે એ મૈત્ર્યાદિગર્ભિત હોવાથી તત્ત્વચિન્તનરૂપ જ હોય, એવી અવસ્થા હજુ કેળવાયેલી નથી. ક્યારેક દ્વેષાદિગર્ભિત ચિન્તન પણ ચાલે છે. આ અતત્ત્વચિન્તન છે. સંખ્યા અને કાળની અપેક્ષાએ ટકાવારી મૂકીએ તો અધ્યાત્મયોગ કરતાં ભાવનાયોગમાં તત્ત્વચિન્તનની ટકાવારી વધે છે અને અતત્ત્વચિન્તનની ટકાવારી ઘટે છે. વળી ભાવનાયોગમાં જ્યારે જ્યારે તત્ત્વચિન્તન કરે છે ત્યારે ભેગો ચિત્તવૃત્તિનિરોધ હોવાથી એમાં એકાગ્રતા વધુ ગાઢ હોય છે, જે ધ્યાનની ભૂમિકા સર્જે છે.

અહીં ચિત્તવૃત્તિનિરોધ જે કહ્યો છે એ મોહનીયકર્મના ઉદયથી (રાગદ્વેષથી) રંગાયેલી ચિત્તવૃત્તિઓનો નિરોધ જાણવો. સામાન્યથી જીવ અંગે પણ રાગ-દ્વેષ થાય છે અને પુદ્ગલ અંગે પણ... છતાં, જીવના શુદ્ધ સ્વરૂપ અંગે તો રાગ-દ્વેષ થવાનો સંભવ ઓછો છે. જીવ અંગેના રાગ-દ્વેષ પણ મુખ્યતયા એના પૌદ્ગલિક વ્યક્તિત્વને લઈને જ થતા હોય છે. એટલે, પુદ્ગલને જ્યાં સુધી પ્રાધાન્ય આપવાનું થાય ત્યાં સુધી અનુકૂળ પુદ્ગલ પ્રત્યે રાગ અને પ્રતિકૂળ પુદ્ગલ પ્રત્યે દ્વેષ... આ વૃત્તિઓ થયા જ કરવાની... શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંખી થાય... અંદર હિળોલા લેતા આનંદના સાગરને પ્રાપ્ત કરવાનું પ્રણિધાન બંધાય... એટલે પુદ્ગલ ગૌણ બની જાય છે. પુદ્ગલ પ્રત્યેની પ્રાધાન્યદૃષ્ટિ ખસી અપ્રાધાન્યદૃષ્ટિ આવે છે. પુદ્ગલ અનુકૂળ આવે કે પ્રતિકૂળ, એને પ્રાધાન્ય આપવાનું બંધ થયું. એના પરિણામે રાગ-દ્વેષમય વૃત્તિઓ ખસવા માંડે છે, ને એના સ્થાને મોહનીયના ક્ષયોપશમથી રંગાયેલી ચિત્તવૃત્તિઓ વિકસવા માંડે છે, જે યોગ રૂપ છે.

અધ્યાત્મયોગમાં ચિત્તવૃત્તિનિરોધ એટલો ગણનાપાત્ર નહોતો. પણ એનો પ્રયત્ન હોવાના કારણે જે થોડે ઘણે અંશે હતો તે, તથા તત્ત્વચિન્તન... આ બન્ને પ્રવર્ધમાન જ હોય એવો પણ નિયમ

નહોતો. ક્યારેક પ્રવર્ધમાન, ક્યારેક હીયમાન... ક્યારેક અવસ્થિત... જ્યારે ભાવનાયોગમાં ચિત્તવૃત્તિનિરોધ અને તત્ત્વચિંતન આ બન્ને પ્રવર્ધમાન હોય છે.

ભાવનાના પાંચ પ્રકાર છે. જેને ભાવિત કરવાનું હોય એને ભાવ્યમાન કહેવાય. એના જ્ઞાન-દર્શન વગેરે પાંચ ભેદ છે, માટે ભાવનાના પણ જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના, તપભાવના અને વૈરાગ્યભાવના એમ પાંચ ભેદ છે. આ ભાવનાઓથી એવા સંસ્કાર ઊભા થાય છે જે ભાવ્યની શીઘ્રઉપસ્થિતિ કરી આપે છે, કારણ કે ભાવના જ પટુતર ભાવનાની જનક હોવાનો નિયમ છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવ અજ્ઞાનાદિજન્ય પ્રવૃત્તિઓ કરી કરીને અજ્ઞાનાદિના જ અતિગાઢ સંસ્કારવાળો હોય છે. એ સંસ્કારોને ખસેડીને જ્ઞાનાદિના સંસ્કારોથી આત્માને ભાવિત કરવાનો હોય છે. એ માટે આવશ્યક-ભાષ્યવગેરેમાં જ્ઞાનાદિની ભાવનાઓ દર્શાવી છે. પહેલાં જીવ કંઈક ભાવના કરે છે. એનાથી આત્મામાં અલ્પાંશે સંસ્કાર નિર્માણ પામે છે. આ સંસ્કાર મંદ હોય છે. એટલે સામાન્ય ઉદ્બોધક મળે તો તો પ્રાયઃ જાગૃત થઈ શકતા નથી. અતિપ્રબળ ઉદ્બોધક મળે તો જ જાગૃત થઈ શકે છે, પણ જીવ વળી ભાવના કરે છે. સંસ્કારશૂન્ય આત્માએ કરેલી ભાવના કરતાં કંઈક પણ સંસ્કારયુક્ત આત્માએ કરેલી આ ભાવના પટુ હોય છે. એટલે એનાથી કંઈક પણ અમંદ સંસ્કાર ઊભા થાય છે. પ્રબળ ઉદ્બોધક પણ એને જાગૃત કરી શકે છે. વળી આત્મા ભાવના કરે છે. અમંદસંસ્કારવાળા આત્માએ કરેલી આ ભાવના પટુતર હોય છે. એનાથી દૃઢ સંસ્કાર ઊભા થાય છે. સામાન્ય ઉદ્બોધક મળે તો પણ એ જાગૃત થઈ જાય છે. આ રીતે જાગૃત થવાથી એના વિષયની શીઘ્ર ઉપસ્થિતિ થાય છે. આમ ભાવના-મંદસંસ્કાર-પટુભાવના-

અમંદસંસ્કાર-પટુતરભાવના-દઢસંસ્કાર... આવો ક્રમ હોય છે. આ ક્રમ, વિપરીત સંસ્કાર, સર્વથા નામશેષ થઇ જાય, અનુકૂળ સંસ્કાર એટલા અતિદઢ થઇ જાય કે જેથી ભાવ્યમાન જ્ઞાનાદિ સંપૂર્ણ રીતે આત્માસાત્ થઇ જવાથી સાહજિક બની જાય... ત્યાં સુધી ચાલે છે.

ભાવનાયોગ પછી હવે **ધ્યાનયોગ** : ઉપયોગમાં વિજાતીય પ્રત્યય એટલે કે બીજો કોઈ વિચાર ઘુસી ન જાય એ રીતે એક જ વિષયપર શુભ બોધની = શુભ ઉપયોગની ધારા ચાલે એ ધ્યાન છે. એ સૂક્ષ્મ આભોગથી યુક્ત હોય છે.

પુદ્ગલ પરિવર્તનશીલ છે... એટલે એમાં ફેરફાર થયા જ કરે, વળી જીવ પુદ્ગલને જ અનાદિકાળથી પ્રધાનતા આપતો આવ્યો છે. એટલે પુદ્ગલમાં મનપસંદ ફેરફાર થયો હોય તો રાગ, ને નાપસંદ ફેરફાર થયો હોય તો દ્વેષ.. આમ પૌદ્ગલિક ફેરફારને આધીન ચિત્તવૃત્તિઓ (= ઉપયોગ) પણ રાગ-દ્વેષ વચ્ચે ઝોલા ખાયા કરે છે, સ્થિર થઇ શકતી નથી... પણ 'મારે ને પુદ્ગલને શું લાગે વળગે ?' વગેરે રૂપે પુદ્ગલ પ્રત્યેની અપ્રાધાન્યદષ્ટિને અધ્યાત્મ-ભાવનાયોગ દ્વારા વધુ ને વધુ ગાઢ બનાવ્યા કરાય તો એક એવી અવસ્થા આવે છે કે પુદ્ગલમાં આસમાની-સુલતાની થઈ જાય તો પણ જીવ એને ગણકારતો નથી, અને તેથી એ પૌદ્ગલિક ફેરફારો ચિત્તને કશી અસર કરી શકતા નથી, રાગ કે દ્વેષ વચ્ચે ઝોલા ખવડાવી શકતા નથી. તેથી ચિત્તની પ્રદીપની સ્થિર જ્યોત જેવી સ્થિર અવસ્થા પેદા થાય છે. એટલે એ વખતે ચિત્ત, કોઈ એક પદાર્થ અંગે પ્રશસ્ત કહી શકાય એવું ઉત્પાદાદિવિષયક સૂક્ષ્મ ઉપયોગવાળું બને છે. ને એ જ ઉપયોગમાં સ્થિર રહે છે. આ 'ધ્યાન' યોગ છે. આ યોગકાળે વિકલ્પો જ ન ઊઠે એવી અવસ્થા નથી, પણ જેમ અબજોપતિ માણસ એક રૂપિયાના ફેરફારને પ્રાધાન્ય ન આપે એમ વિકલ્પોને પ્રાધાન્ય આપવાનું હોતું નથી. માટે એ વિકલ્પો સ્થિર

ચિત્તને અસર (વિક્ષેપ) કરી શકતા નથી. પ્રસન્નચન્દ્રરાજર્ષિએ પુત્ર-રાજ્ય વગેરેને પ્રાધાન્ય આપ્યું એટલે ચિત્તમાં તોફાનો ચાલુ થઈ ગયા ને શુભધ્યાનમાંથી દુર્ધ્યાનમાં ચઢી ગયા... પણ પછી પાછી અપ્રાધાન્યદષ્ટિ આવી એટલે તોફાનો શમવા લાગ્યા. ચિત્ત સ્થિર થવા લાગ્યું... ને ક્ષપકશ્રેણિ સુધી પહોંચી ગયા.

તે તે પદાર્થના બાહ્ય રૂપ-રસ-ગંધ... વગેરેના ઉપયોગની અપેક્ષાએ એના ઉત્પાદાદિ અંગેનો ઉપયોગ સૂક્ષ્મ છે, માટે सूक्ष्माभोगसमन्वितम् એમ અહીં કહ્યું છે. યોગવિંશિકામાં 'ધ્યાન'ના સ્થાને 'આધ્યાન' શબ્દ છે તે જાણવું.

અહીં 'પ્રશસ્ત એવા એક (જિનપ્રતિમાદિ) પદાર્થ અંગેનો ઉપયોગ' આવો અર્થ ન સમજવો. પણ 'કોઈપણ પદાર્થ અંગેનો પ્રશસ્ત ઉપયોગ' એવો અર્થ જાણવો. જેથી તણખલા અંગેના પણ ઉત્પાદાદિવિષયક સૂક્ષ્મ સ્થિર ઉપયોગનો ધ્યાનમાં સમાવેશ થઈ જાય.

ધ્યાનયોગને સાનુબંધ બનાવવો હોય તો ખેદ, ઉદ્વેગ, ભ્રમ, ઉત્થાન, ક્ષેપ, આસંગ, અન્યમુદ્ અને રુગ્... ચિત્તના આ આઠ દોષોને વર્જવા જોઈએ. શ્લોકની છંદરચનાને વાંધો ન આવે એ માટે પ્રસ્તુત બત્રીશી ગ્રન્થમાં આ દોષોનો આ ક્રમે ઉલ્લેખ છે. બાકી જે ક્રમે આ દોષો દૂર થાય છે એ ક્રમ 'ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યમુદ્, રુગ્ અને આસંગ... આ પ્રમાણે છે. ષોડશકગ્રન્થમાં આ જ ક્રમે આ દોષો કહ્યા છે. એટલે આપણે પણ આ જ ક્રમે આ દોષોનો વિચાર કરીશું.

(૧) ખેદ એટલે થાકેલાપણું. જેમ લાંબો માર્ગ કાપીને મનુષ્ય થાકી જાય, અને હવે આગળ ચાલવા માટે ઉત્સાહી ન રહે, તેમ પૂર્વ ક્રિયાની પ્રવૃત્તિથી થાક લાગતા પછીની ક્રિયામાં પ્રવૃત્તિ કરવાને

આત્મામાં ઉત્સાહ ન હોય, ખેદ હોય, ખિન્નતા હોય. આ ખેદમાં પડેલું ચિત્ત પછીની ક્રિયામાં દૃઢ જ બની શકતું નથી. તેથી ક્રિયામાં સુંદર પ્રણિધાન અર્થાત્ એકાગ્રભાવ-તન્મયભાવ થઈ શકતો નથી. ત્યારે પ્રણિધાન વિના તો ચાલી શકે એમ પણ નથી, કેમકે પ્રણિધાન એ, જેમ ખેતીમાં પાણી જરૂરી, તેમ જરૂરી છે. ખેદના લીધે એ તન્મયતાનો રંગ આવે નહિ, તો ભલે ક્રિયા કરશે, પણ શુભ અધ્યવસાય એને ક્યાંથી વિકસ્વર થઈ શકવાના ? ગ્રન્થકારે શ્રીસીમંધરસ્વામીના ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *કિરિયામાં ખેદે કરી રે, દૃઢતા મનની નાંહિ રે, મુખ્ય હેતુ તે ધર્મ માં રે, જિમ પાણી કૃષિમાંહી રે'*

(૨) ઉદ્વેગ એટલે 'ક્રિયા કષ્ટસાધ્ય છે' એવી બુદ્ધિથી ક્રિયા કરવામાં થતી આળસ. એ આળસને લઈને, જો કે ખેદની જેમ કાયાને થાક છે, એવું નથી, છતાં, સ્થાને બેઠાં બેઠાં ક્રિયા કરવામાં ઉત્સાહ નથી હોતો. એટલે ક્રિયા તો કરે, પરંતુ ક્રિયામાં કોઈ ધન-ખર્ચ અથવા સમય બહુ લાગવાનો અથવા શારીરિક વગેરે કષ્ટ લાગવા-કરવાનો ઉદ્વેગ રહ્યા કરે છે. તેથી ચિત્તમાં આનંદ નથી પ્રગટતો ! પછી અંતરમાં શુભ ભાવોલ્લાસ ક્યાંથી વધે ? ભક્તિથી એ ઉદ્વેગ દોષને ટાળી શકાય છે. પત્ની પ્રત્યે પ્રીતિ હોવાથી એના માટે કષ્ટસાધ્ય ક્રિયા પણ ઉદ્વેગ વિના કરાય છે ને ? ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *બેઠા પણ જે ઉપજે રે, કિરિયામાં ઉદ્વેગ રે, યોગદ્વેષથી તે ક્રિયા રે, રાજવેઠસમ વેદ રે.*

(૩) ક્ષેપ એટલે ચિત્તની ક્ષિપ્ત અવસ્થા. આ ક્ષિપ્તાઅવસ્થામાં ખેદ-ઉદ્વેગ નથી, છતાં ચિત્ત ક્રિયાની વચમાં વચમાં બીજે ચાલ્યું જાય છે. બીજા, ત્રીજા વિચારમાં ચઢી જાય છે. જેવી રીતે ડાંગરના રોપાને (છોડને) વચમાં વચમાં એક ક્યારામાંથી ઉખેડીને બીજા ક્યારામાં રોપે, અને બીજામાંથી ઉખેડી ત્રીજામાં રોપે... તો એ

રોપા પર ફળ બેસતું નથી. એવી રીતે ચાલુ ક્રિયામાંથી ચિત્તને બીજે ત્રીજે ફેરવ્યા કરવાથી ક્રિયામાં સળંગ ચિત્તધારા અર્થાત્ તે ક્રિયાના શુભ અધ્યવસાયની ધારા ચાલી શકતી નથી. પછી ભલે વચમાં વચમાં બીજા વિચારમાંથી ચિત્તને પ્રસ્તુત ક્રિયામાં લઈ આવે, તો પણ પૂર્વના તે અનુપયોગી વિચારની આ ક્રિયા પર અસર રહે છે. તેને લીધે પ્રસ્તુત ક્રિયામાં શુભ ભાવોલ્લાસમાં મન તરત ચઢી શકતું નથી. જો અંતરમાં શ્રદ્ધા જાગ્રત હોય તો ક્રિયામાં રસ ભરપૂર રહે છે, ને ક્રિયામાં ભરપૂર રસ રહે, એટલે ચિત્તનો ઉપયોગ સળંગ ટકી શકે છે. ક્રિયા સમ્યક્ થાય છે, શુભ ભાવોલ્લાસ જાગ્રત રહે છે. ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *બિચે બિચે બીજા કાજમાં રે જાય મન તે ખેપ રે, ઉખણતાં જિમ શાલિનું રે, ફલ નહિં તિહાં નિર્લેપ રે.*

(૪) ઉત્થાન એટલે ચિત્તની અપ્રશાન્તવાહિતા, અસ્વસ્થતા ભર્યું ચિત્ત. જેમ મદોન્મત્ત પુરુષનું ચિત્ત શાંત નથી હોતું, તેમ અહીં ક્રિયામાં ચિત્ત સ્વસ્થ ન રહે. અલબત્ત પ્રસ્તુત ક્રિયા અંગે ખેદ-ઉદ્વેગ-ક્ષેપ, એ ત્રણ દોષો ઊભા ન થવા દીધા હોય, છતાં ગમે તે કારણે જો ચિત્ત અશાંત-અસ્વસ્થ રહે છે, તો એ સ્થિતિમાં કરેલી ક્રિયા પણ શુભ અધ્યવસાયનાં સુંદર ફળને જન્માવી શકતી નથી. તેથી તે કરેલી ક્રિયા સમ્યક્ કારણ નથી બનતી. દા.ત. કોઈએ સાધુ દીક્ષા લીધી, દીક્ષા પ્રત્યે અંતરનો સદ્ભાવ પણ પૂરો છે, પરંતુ મોહના ઉદયે કે સત્ત્વની કચાશના કારણે સંયમ સાધનામાં દોષ લાગે છે, ત્યાં એ પોતે જો સમજે કે 'આ સ્થિતિમાં મારામાં સાધુપણું કેવી રીતે કહી શકાય ?' માટે એ 'સંવિગ્નપાક્ષિક' એટલે કે સંવેગ વૈરાગ્યશીલ સાધુના એક પક્ષપાતી તરીકે જીવન જીવે, તો તે જીવનમાં વ્રતની અપેક્ષા હોવાનો ગુણ હોવા છતાં સ્ખલનાઓને લીધે દોષ લાગે છે, એટલે અંતરના તેવા પ્રકારના ભાવના હિસાબે ગુણ અને દોષ બંને

રહે છે. અથવા મૂળગુણ ઉત્તરગુણ સર્વથા ન પાળી શકતાં દંભ ટાળવા કોઈ અજાણ્યા પ્રદેશમાં જવા વગેરેની વિધિ સાચવીને સાધુપણું છોડી શ્રાવકના આચાર પાળે છે. બન્ને સ્થિતિમાં ચિત્ત ચારિત્રપાલનની ક્રિયા વખતે અસ્વસ્થ-અશાંત બન્યું ગણાય, ઊઠી ગયું ગણાય, તેથી ચારિત્રક્રિયાના શુભ અધ્યવસાય જન્મી ન શકે. જો અહીં હૃદયમાં અદ્ભુત ભક્તિભાવ હોય તો આ ઉત્થાન દોષથી બચી શકાય. માટે, ભક્તિ જગાડી મનની બીજી ત્રીજી અસ્વસ્થતા, ઉકળાટ દૂર કરવા ઘટે. ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *શાંતવાહિતા વિણ હોવે રે, જો યોગે ઉત્થાન રે, ત્યાગ યોગ છે એહથી રે, અણછંડાતું ધ્યાન રે.*

(૫) ભ્રાન્તિ એટલે ચિત્તનો વિપ્લવ. ચિત્તનો વિપર્યય... ચિત્ત, ઉપયોગ હોય તો ક્રિયાઉચ્ચાર વગેરે જે કર્યું હોય 'તે કર્યું છે' એવો નિશ્ચય કરવાથી એના સંસ્કારવાળું બને. આવો નિશ્ચય ન થવો એ ચિત્તનો વિપર્યય છે. અથવા ચિત્તવિપર્યય એટલે ક્રિયાનો અમુક ભાગ કર્યા ન કર્યાની, અમુક સૂત્ર બોલ્યા ન બોલ્યાની, ચિંતવ્યા ન ચિંતવ્યાની ભ્રમણા દા.ત. વંદન, મુહપત્તિ-પડિલેહણા કર્યા ને ન કર્યું માની બેસે, 'નમોત્થુણં' સૂત્ર બોલ્યાને ન બોલ્યું માની બેસે, અથવા કર્યા-બોલ્યાને કે કાઉસગ્ગમાં ચિંતવ્યાને, નથી કર્યું નથી બોલ્યા કે નથી ચિંતવ્યું એમ માની બેસે... આવા ભ્રાન્તિ દોષથી ચિત્તમાં ક્રિયાના સંસ્કાર નથી પડતા. શુદ્ધ ક્રિયા તો આટલું કર્યું, બોલ્યા કે ચિંતવ્યું, આટલું નથી કર્યું, નથી બોલ્યા કે નથી ચિંતવ્યું, એના સંસ્કારવાળી ખ્યાલવાળી જોઈએ. જો ભ્રાન્તિથી અગર ઉપેક્ષાથી એ ન હોય તો અધ્યવસાય વિસ્તરતા નથી. અને એથી ક્રિયા સમ્યક્ કરણ નથી બનતી.

કર્યું કે ન કર્યું એમાં જે વાસ્તવિકતા હોય એના સંસ્કાર એ સત્યસંસ્કાર છે. પણ આ ભ્રાન્તિદોષના કારણે એ સંસ્કાર પડતા

નથી, અથવા વિપરીત નિશ્ચય પ્રબળ હોય તો વિપરીત સંસ્કાર પડે છે. એટલે જે અનુષ્ઠાન થાય છે એ ઉચિતસંસ્કાર રહિત પણે કે વિપરીતસંસ્કારસહિતપણે થાય છે. આવું અનુષ્ઠાન ઉત્તરકાળમાં પણ એવા જ અનુષ્ઠાનને પેદા કરે છે. ને તેથી પછી યોગસિદ્ધિ તો થાય જ શી રીતે ? ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *ભ્રમથી જેહ ન સાંભરે રે, કાંઈ અકૃતકૃત કાજ રે, તેહથી શુભ કિરિયા થકી રે, અર્થ વિરોધી અકાજ રે.*

(૬) અન્યમુદ્ એટલે જે ક્રિયા ચાલી રહી છે, તેના બદલે અન્ય ક્રિયાદિમાં આનંદ, વધારે રાગ, આતુરતા વગેરે. આ પણ ચિત્તનો દોષ છે. અને તેથી ક્રિયાનો દોષ છે. એથી ફલતઃ પ્રસ્તુત ક્રિયામાં આદરની ખામી પડે છે, અનાદર સિદ્ધ થાય છે. ક્રિયા પ્રત્યે લેશ પણ અનાદર, એ તો દુઃખદ સંસારનું કારણ બને છે. અનાદરને તો અંગારવૃષ્ટિ સમાન કહ્યો છે. એથી ક્રિયામાં અતિ જરૂરી પ્રમોદભાવ હર્ષોલ્લાસ બળી જાય છે, અને તેનું મોટું નુકશાન છે. દા.ત. કોઈને સ્વાધ્યાય ઉપર બહુ રાગ છે. તેથી ચૈત્યવંદનાદિનો સમય થયો હોવા છતાં એ કરવામાં અવગણના કરે, ઢીલ કરે, અથવા કરવા બેસે તો ચિત્તમાં ચૈત્યવંદનાદિનો હર્ષ-આદર ન રાખતાં સ્વાધ્યાયનો હરખ, સ્વાધ્યાયની મઝા-આતુરતા રાખે, તો અહીં અન્યમુદ્ દોષ લાગે. આ ખોટું છે, એથી ફળનો ઘાત થાય છે. શાસ્ત્રે કહેલા વિવિધ અનુષ્ઠાનોમાં એવું નથી કે એકના ઉપર આદર રાખવો અને બીજા પર ન રાખવો; એકમાં આસક્ત થવું, ને બીજામાં ન થવું, બીજું અનુષ્ઠાન ભલે સુંદર હોય, પરંતુ એકના રાગના-આદરના ભોગે બીજા ઉપર આદરભાવ રાખવો એ શુભ ભાવ નથી. હૃદયમાં જો તે તે દરેક ક્રિયા પ્રત્યે અને ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પૂર્ણ ભક્તિ જાગ્રત હોય તો આ દોષથી બચી શકાય, અને સમ્યક્ કરણ દ્વારા શુભ અધ્યવસાયનું ફળ પામી શકાય-૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *માંડી કિરિયા અવગણે રે, બીજે ઠામે હર્ષ*

*રે; ઈષ્ટ અર્થમાં જાણીએ રે, અંગારનો વર્ષ રે...*

**શંકા**-ચૈત્યવંદનના અવસરે સ્વાધ્યાયાદિનો કે વેપારાદિનો અનવસર છે. આમાં સ્વાધ્યાયાદિ એ વિહિત અન્ય ક્રિયા છે, વેપારાદિ એ અવિહિત અન્યક્રિયા-પ્રતિપક્ષ છે, આ વિહિત કે અવિહિત અન્યનું આકર્ષણ રહ્યા કરે તો, ક્યાં તો ચૈત્યવંદન કરશે જ નહીં, ને ક્યાં તો કરશે તો પણ મન સ્વાધ્યાયાદિમાં કે વેપારાદિમાં રમ્યા કરશે. આ ચૈત્યવંદન પ્રત્યેનો અનાદર છે એ વાત સાચી, ને તેથી નુકશાન થશે એ પણ બરાબર. પણ એ વખતે સ્વાધ્યાયાદિનો રાગ જો હશે.તો એનાથી લાભ પણ થશે ને !

**સમાધાન**-ચૈત્યવંદન અવસરે સ્વાધ્યાયનો રસ એ અનવસરીય સ્વાધ્યાયનો રસ છે. એ ચૈત્યવંદનની જેમ વિહિત સ્વાધ્યાય અંગે પણ અંગારાની વૃષ્ટિ સમાન જ છે, કારણ કે અનવસરીય સ્વાધ્યાયનો રસ અવસરોચિત સ્વાધ્યાયના અનાદરમાં પરિણમી શકે છે.

**(૭) રોગદોષ :** અનુષ્ઠાન કરતાં કરતાં ચિત્ત કંઈક વિચિત્ર પીડા અનુભવે કે એ પીડા વધતાં વધતાં 'હવે પછી આ અનુષ્ઠાન કરવું જ નહીં' એ રીતે ચિત્તભંગ થઈ જાય તો આ રુગ્દોષ છે. આવી અવસ્થામાં ક્યાં તો અનુષ્ઠાન થાય નહીં. ને ક્યાં તો બળાત્કારે = મનને મારીને અનિચ્છાએ થાય. સાચું અનુષ્ઠાન તો એ જ છે જે શુભભાવથી થતું હોય ને શુભભાવને વધારતું હોય. આ સદનુષ્ઠાન છે. પણ રોગદોષની હાજરીમાં નથી એ શુભભાવથી થતું (કારણ કે બળાત્કારે થાય છે) કે નથી એ શુભભાવને વધારતું (કારણ કે जब्भावेण कया पुण किरिया तब्भाववुड्ढिकरी જે ભાવથી ક્રિયા કરાતી હોય તે ભાવને તે ક્રિયા વધારતી હોય છે. પ્રસ્તુત ક્રિયા શુભભાવથી થતી નથી તો તો શુભભાવને વધારે પણ શી રીતે ?) તેથી એમાં સદનુષ્ઠાનપણું જ રહી શકતું નથી. ને તેથી એ અનનુષ્ઠાન જ છે. અર્થાત્ ભોજનાદિક્રિયા જેમ અનુષ્ઠાન નથી એમ આ પણ અનુષ્ઠાન

નથી જ. ને તેથી અનુષ્ઠાનનું અભિપ્રેત ફળ એનાથી મળી શકતું ન હોવાથી એ અવશ્ય નિષ્ફળ બની રહે છે. ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે - *રોગ હોએ સમજણ વિના રે, ચિત્તભંગસરૂપ રે; શુદ્ધ ક્રિયા ઉચ્છેદથી રે તેહ વંધ્યફળરૂપ રે.*

(૮) **આસંગદોષ :** 'આ અનુષ્ઠાન જ સુંદર છે' એવા અભિનિવેશાત્મક રાગ-આસક્તિ એ આસંગ દોષ છે. આ દોષના કારણે જીવ, અનુષ્ઠાન જે ભૂમિકાને ઉચિત હોય એ ભૂમિકામાં જ રહે છે, આગળ વધી શકતો નથી. આગળ જ જો વધતો નથી તો મોહનું ઉન્મૂલન અને કેવલજ્ઞાન તો શક્ય ન જ રહે ને ! એ સ્પષ્ટ છે. અલબત્ત અમુક અવસ્થા સુધી ધર્મક્રિયા પર અથાગ રાગ જોઈએ જ, તો જ પાપપ્રવૃત્તિના રાગ છૂટી શકે. છતાં ઉપરની અવસ્થામાં એ રાગ-આસંગ દોષરૂપ છે, કેમકે એ વીતરાગ બનવા દેતો નથી. ચૌદ માળ પછી ટેરેસ પર જવા માટે ચોથો-પાંચમો-છઠ્ઠો... બધા માળ પસાર કરવા જરૂરી છે જ. પણ વચલો કોઈપણ માળ એટલો બધો ગમી જાય... કે પછી એને છોડી આગળ વધવાનું બને જ નહીં, તો ટેરેસ પર પહોંચી નહીં જ શકે એ સ્પષ્ટ છે. 'સાધુ-સાધ્વીજી ભગવંતની ખૂબ ભક્તિ કરવા મળે, માટે હું આવતા ભવમાં પણ શ્રાવક બનું' આવું નિયાણું કરનારો બીજા ભવે દેશવિરતિથી આગળ વધી શકતો નથી. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવ્યું છે કે - *એક જ ઠામે રંગથી રે, કિરિયામાં આસંગ રે, તેહજ ગુણઠાણે થિતિ રે, તેહથી ફળ નહીં ચંગ રે.*

આમ ખેદ વગેરે આઠ દોષોનું નિરૂપણ પૂર્ણ થયું. આ આઠ દોષોનો પરિહાર કરીને શાન્ત-ઉદાત્ત યોગી જે ધ્યાન ધરે છે એ હિતકર એટલે કે કુશલાનુબંધી બને છે. આ અંગેની વિશેષ વાત અને સમતાયોગ વગેરે આગામી લેખમા જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૮

શાન્ત-ઉદાત્ત યોગી ખેદાદિ દોષ રહિતપણે જે ધ્યાન ધરે છે તે કુશલાનુબંધી હોય છે આ વાત ગયા લેખમાં છેલ્લે આવેલી. આનો અર્થ સમજીએ.

જે વિષય-કષાયથી અબાધિત હોય તે શાન્ત છે ને જે ઉદાર આશયવાળો છે તે ઉદાત્ત છે. પૂર્વે ૧૪મી અપુનર્બન્ધક દ્વાત્રિંશિકાની સાતમી ગાથામાં શાન્તોદાત્તની વાત આવેલી. ત્યાં, 'ઇન્દ્રિય અને કષાયોના એવા પ્રકારના વિકારો કે જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરાવી શકે, આવા વિષય-કષાયોની બાધા જેને ન હોય એ શાન્ત' આવી વિવક્ષા હતી. અહીં તો, અધ્યાત્મ, ભાવના ક્રમે ધ્યાનયોગની વાત ચાલે છે. અને એ વ્રતધારીને જ હોય છે. એટલે 'વિષય અને કષાયોના એવા પ્રકારના વિકારો કે જે અપ્રત્યાખ્યાનાવરણ કે પ્રત્યાખ્યાનાવરણ કક્ષાના રાગ-દ્વેષરૂપ હોય, આવા વિષય-કષાયોની બાધા જેને ન હોય તે શાન્ત' એવી અહીં વિવક્ષા જાણવી, એમ 'ઉચ્ચ-ઉચ્ચતર વગેરે શુભ આચરણોમાં બદ્ધચિત્તતા એ ઉદાર આશય-એ ઉદાત્તત્વ' એવો અભિપ્રાય હોવાથી ત્યાં અપુનર્બન્ધકની ભૂમિકાને ઉચિત ઉચ્ચ-ઉચ્ચતર શુભઆચરણોની વાત હતી, અહીં દેશવિરતિ-સર્વવિરતિ સંબંધી તે જાણવા. આવા શાન્ત-ઉદાત્ત યોગી વડે ખેદાદિદોષોથી રહિતપણે થતું ધ્યાન હિતકર બને છે = કુશલઅનુબંધી બને છે = ઉત્તરોત્તર શુભ-શુભતર ધ્યાનની પરંપરા ચાલે એવું બને છે.

ધ્યાનના જાણકારો ધ્યાનના ત્રણ ફળ જણાવે છે - **(૧) સર્વત્ર વશિતા** = આત્માયત્તતા. એટલે કે દરેક કાર્યોમાં આત્મા સ્વાધીન હોય છે. વિષય-કષાયથી રંગાયેલી ચિત્તવૃત્તિઓની કે કર્મોની આધીનતા હવે નથી. અર્થાત્ વિષય (ઇન્દ્રિય) કે ક્રોધમોહનીયકર્મ વગેરે જે રીતે પ્રેરે એ રીતે પ્રવર્તું આવી વિષયાદિની કે ક્રોધાદિની

આધીનતા હવે હોતી નથી, સંપૂર્ણપણે આત્માની જ સ્વાધીનતા હોય છે, કારણ કે જેવું ધારે એવું કરવાની શક્તિ પ્રગટ થયેલી છે.

(૨) **ભાવસ્તૈમિત્ય :** ભાવનું = અંતઃકરણના શુભપરિણામનું સ્તૈમિત્ય = નિશ્ચલત્વ. આશય એ છે કે પહેલાં અશુભભાવોમાં અંતઃકરણ સ્થિર થતું હતું. અપુનર્બંધક અવસ્થાથી કંઈક પણ શુભભાવ પ્રગટવો ચાલુ થયો જે અંતઃકરણના અશુભભાવોમાં રહેલા નિશ્ચલત્વને ઓછે વધતે અંશે પણ વિક્ષિપ્ત કરવા લાગ્યો. પછી અધ્યાત્મ અને ભાવનાયોગના વારંવારના અભ્યાસથી એવી ભૂમિકા ઊભી થઈ કે વિજાતીય પ્રત્યયના બિલકુલ વ્યવધાન વિના સ્થિરપ્રદીપતુલ્ય સ્થિર ઉપયોગાત્મક ધ્યાન સંપન્ન થયું. ખેદાદિ દોષોના પરિહારથી ધ્યાન કુશલાનુબંધી બન્યું એનો અર્થ જ ઉત્તરોત્તર પ્રબળ ધ્યાન થવાનું. એટલે જ અંતઃકરણનું ભાવસ્તૈમિત્ય સંપન્ન થવાનું.

(૩) **અનુબંધવ્યવચ્છેદ :** ભવાંતરઆરંભક કર્મો (એટલે કે એવા કર્મો જેના કારણે નવો જન્મ ધારણ કરવો પડે.) તથા એ સિવાયના કર્મો... આ બન્ને પ્રકારના કર્મોના અનુબંધનો વ્યવચ્છેદ થાય છે. એટલે કે એ કર્મો નિષ્ફળ બની જાય છે. આશય એ છે કે ધ્યાન એ આભ્યંતર તપ છે, માટે એનાથી કર્મની નિર્જરા થાય જ.

આમ ધ્યાનયોગની વાત પૂરી થઈ. હવે **સમતાયોગ** -

સમતા=સમાનતા=તુલ્યતા... તુલ્યતાની બુદ્ધિ એ સમતા. જે વાસના અનાદિકાલીન છે, વિતથ વિષયવાળી છે, જેનું બીજું નામ અવિદ્યા છે. આવી કુવ્યવહારની વાસના... એટલે કે અંતઃકરણનો એક સંસ્કાર... એ વ્યવહાર કુદૃષ્ટિ છે. આ કુદૃષ્ટિના પ્રભાવે જીવ ઈન્દ્રિય અને મનને આનંદ આપનાર શબ્દાદિ વસ્તુઓને અત્યંત 'ઈષ્ટ' માને છે ને તેનાથી ભિન્ન શબ્દાદિને અત્યંત 'અનિષ્ટ' માને છે. સામાન્યથી ઈન્દ્રિયના વિષયો સંપર્કમાં આવ્યા કરે છે અને

જીવ આ અનાદિકાલીન સંસ્કારના આધારે એ વિષયોને ઈષ્ટ કે અનિષ્ટ તરીકે કલ્પ્યા કરે છે. એટલે કે 'આ મને ઈષ્ટ છે'... કે 'આ મને અનિષ્ટ છે' આવી ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના કરાવે છે. શ્રી પ્રશમરતિ ગ્રન્થમાં જે કહ્યું છે કે 'તે જ પદાર્થોનો દ્વેષ કરનાર અને (કલ્પના બદલાવાથી) તે જ પદાર્થોમાં લીન બનનાર (રાગ-આસક્તિ કરનાર) આ જીવનું નિશ્ચયથી તો કશું અનિષ્ટ કે ઈષ્ટ નથી' તેની વારંવાર ભાવના કરવી એ વિવેક છે. અવિદ્યા જન્ય ઈષ્ટત્વ-અનિષ્ટત્વ કલ્પનાઓનો પ્રશમરતિ ગ્રન્થમાં કહેલી ભાવનારૂપ વિવેકથી પરિહાર કરી શુભ-અશુભ પદાર્થો અંગે તુલ્યતા = ચિત્તની સમાનવૃત્તિ = સમતા ભાવવી એ સમતા યોગ છે. આમાં સારું કે નરસું, નિન્દા કે પ્રશંસા, અનુકૂળતા કે પ્રતિકૂળતા બધું સરખું જ લાગે છે. એટલે માધ્યસ્થ્યભાવ - ઉપેક્ષા કેળવાય છે. આમ તો અધ્યાત્મયોગથી જ સમતાનો પ્રારંભ થઈ ગયો હોય છે. કારણકે તત્ત્વચિન્તનાદિ કાળે રાગ દ્વેષનો કંઈક પણ પરિહાર હોય છે. છતાં સાર્વદિક-સાર્વત્રિક નોંધપાત્ર સમતા અહીં જ કેળવાયેલી હોય છે.

આમાં અવિદ્યા કલ્પિત ઈષ્ટત્વ-અનિષ્ટત્વનો જ પરિહાર જાણવો. શાસ્ત્રવચનાનુસારે ઊભા થતાં ઈષ્ટત્વ-અનિષ્ટત્વનો પરિહાર નથી સમજવાનો. એટલે, મધુર પેંડો કે લૂખો રોટલો એ બન્નેમાં સ્વાદના કારણે ઈષ્ટત્વ-અનિષ્ટત્વરૂપે કોઈ ભેદ ન ભાસે. પણ ગોચરી સંબંધી દોષોની અપેક્ષાએ એક નિર્દોષ હોય, અન્ય દોષિત હોય તો ઈષ્ટત્વ-અનિષ્ટત્વ જરૂર ભાસે.

અહીં तुल्यताधीः समता કહ્યું છે. યોગવિંશિકાની વૃત્તિમાં ગ્રન્થકારે तुल्यताभावनं समता એમ કહ્યું છે, આમાં આ વિશેષતા જાણવી. 'ભાવન' એ તો ભાવના કહેવાય. ખરેખર સમતા તો ભાવિતતાને કહેવાય. એટલે ઈષ્ટત્વ-અનિષ્ટત્વસંજ્ઞાનો પરિહાર કરી તુલ્યતાની ભાવના કરાતી હોય ત્યાં સુધી પ્રારંભિક સમતાયોગ

જાણવો. પછીની ભૂમિકામાં તો ઈષ્ટત્વ-અનિષ્ટત્વની સંજ્ઞા ઊઠતી જ નથી, સીધી તુલ્યતાની જ બુદ્ધિ-પ્રતીતિ થાય છે.

યોગના ત્રીજા પ્રકારમાં કહેલ ધ્યાન અને ચોથા પ્રકારમાં કહેલ સમતા અન્યોન્ય = પરસ્પર કારણ છે અને તેથી એનો પ્રવૃત્તચક્ર = અનવરત પ્રવાહ ચાલે છે. આનો અર્થ એ થાય છે કે સમતા વિના ધ્યાન થતું જ નથી, કારણ કે ચિત્તનો અન્યત્ર વ્યાસંગ = વ્યાક્ષેપ અટક્યો નથી. અને ધ્યાન વિના આ સમતા થતી નથી, કારણકે પ્રતિપક્ષસામગ્રી બળવાન છે. આ વાત આ રીતે સમજવી - સમતા ન હોવી એનો અર્થ હજુ ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના છે. પુદ્‌ગલ પરિવર્તનશીલ હોવાથી એમાં મનપસંદ-નાપસંદ ફેરફાર થયા જ કરે છે ને તેથી સમતા વિનાના જીવને ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના પણ એ મુજબ બદલાયા કરે છે. એટલે ઉપયોગની સ્થિરતા થઈ ન શકવાથી ધ્યાન શી રીતે શક્ય બને ? આ કલ્પનાઓ બદલાયા કરવી એ જ ચિત્તનો વ્યાસંગ = વ્યાક્ષેપ છે, એ ન અટકવાથી ધ્યાન શક્ય બનતું નથી. હવે ધ્યાન નથી એનો અર્થ ઉપયોગ વિક્ષિપ્ત થયા કરે છે, સ્થિર નથી. સમતા માટે આ પ્રતિકૂળ સામગ્રી છે. કારણ કે પ્રશસ્ત સ્થિર એક ઉપયોગરૂપ ધ્યાન એ સમતાની અનુકૂળ સામગ્રી છે, માટે તો સમતાયોગને ધ્યાનયોગ પછી મૂક્યો છે. આ બધી વાતો પરથી જણાય છે કે ધ્યાન અને સમતા એ બન્ને એકબીજાના કારણ છે અને તેથી જ ધ્યાન-સમતા-ધ્યાન-સમતા-ધ્યાન... એમ અનવરત પ્રવાહ ચાલે છે.

**શંકા**-આમાં અન્યોન્યાશ્રય દોષ આવે છે. તે આ રીતે-જ્યાં સુધી ધ્યાન નહીં આવે ત્યાં સુધી સમતા નહીં આવે, કારણકે ધ્યાન વિના સમતા અસંભવિત છે. એમ જ્યાં સુધી સમતા નહીં આવે ત્યાં સુધી ધ્યાન નહીં આવે, કારણકે સમતા વિના ધ્યાન શક્ય નથી. એટલે ધ્યાન અને સમતા બન્ને એકબીજાની રાહ જોયા કરશે. કોઈ

અસ્તિત્વમાં આવી જ નહીં શકે. આ અન્યોન્યાશ્રય દોષ હોવો સ્પષ્ટ જ છે.

**સમાધાન**-ના, આ દોષ નથી. આશય એ છે કે અધ્યાત્મ અને ભાવનાયોગના પુનઃ પુનઃ આસેવનથી તથા ખેદવગેરે દોષોને ટાળવાથી એવો ચોક્કસ પ્રકારનો ક્ષયોપશમ ઘડાય છે કે જેનાથી જીવ ધ્યાનયોગને પામે છે. એ એવી અવસ્થા ઊભી થાય છે કે અમુક અલ્પમાત્રાના પૌદ્ગલિક ફેરફાર ઉપયોગને વિક્ષિપ્ત કરી શકતા નથી, છતાં, જ્યારે ધ્યાનનો પ્રયત્ન હોય ત્યારની આ વાત છે. એ સિવાયના કાળમાં તો ઇષ્ટત્વ-અનિષ્ટત્વની બુદ્ધિ તથા એનાથી ઉપયોગની વિક્ષિપ્તતા પણ હોય છે જ. એટલે આ એવી ભૂમિકા છે જ્યારે પ્રારંભિક સામાન્ય ધ્યાનયોગ કેળવાયેલો છે, પણ સમતાયોગ કેળવાયેલો નથી, કારણ કે સમતાયોગ તો પ્રાયઃ સાર્વત્રિક-સાર્વદિક તુલ્યતાભાવનની અપેક્ષા રાખે છે. એટલે પ્રારંભિક સામાન્ય અપકૃષ્ટ સમતાયોગ પણ નથી.

તેમ છતાં, આ પ્રારંભિક ધ્યાનનો વારંવાર અભ્યાસ કરવાથી એવો ક્ષયોપશમ ઘડાય છે કે જેથી અલ્પમાત્રાના ઇષ્ટ-અનિષ્ટ ફેરફારની જીવ નોંધ લેતો નથી. ધ્યાનનો પ્રયત્ન ન હોય ત્યારે પણ સામાન્ય કક્ષાના ઇષ્ટત્વ-અનિષ્ટત્વનો પરિહાર થઈ તુલ્યતાનું ભાવન થાય છે. આ પ્રારંભિક સમતાયોગ આવ્યો. આનાથી એવો ક્ષયોપશમ ઘડાય છે કે જેથી થોડા વધારે માત્રામાં રહેલા ઇષ્ટત્વ-અનિષ્ટત્વને પણ જીવ ધ્યાનકાળે ગણકારતો નથી ને તેથી એના ફેરફાર ઉપયોગને વિક્ષિપ્ત કરતા નથી. પ્રારંભિક ધ્યાન કરતાં આ કંઈક પ્રબળ ધ્યાન છે. આના વારંવારના અભ્યાસથી એવો ક્ષયોપશમ ઘડાય છે કે જેથી હવે, એ થોડા વધારે માત્રામાં રહેલા ઇષ્ટત્વ-અનિષ્ટત્વનો પણ પરિહાર કરીને જીવ સાર્વત્રિક-સાર્વદિક તુલ્યતાનો અનુભવ કરે છે. આ પ્રાથમિક કક્ષાની સમતા કરતાં કંઈક ઊંચી સમતા આવી. આમ,

ઉત્તરોત્તર પણ જાણવું. પૂર્વપૂર્વનું ધ્યાન પછી પછીની સમતાનું કારણ છે, ને તે તે સમતા સ્વોત્તરકાલીન પ્રબળ ધ્યાનનું કારણ છે. આમ ઉત્તરોત્તર જાણવું. તેથી ધ્યાન-સમતા-ધ્યાન-સમતા... આ ક્રમ ચાલે છે. યાવત્ ઉત્કૃષ્ટ સમતા = વીતરાગતા ન આવે ત્યાં સુધી.

સમતાના ત્રણ ફળ છે. ૠદ્ધિનું અપ્રવર્તન, સૂક્ષ્મકર્મક્ષય તથા અપેક્ષાતંતુનો વિચ્છેદ.

(૧) **ૠદ્ધિનું અપ્રવર્તન :** ધ્યાન અને સમતાના બળે આત્મામાં આમર્ષૌષિધ (દીર્ઘકાલીન ગંભીર રોગ માટે પણ જેમનો માત્ર સ્પર્શ પણ ઔષધનું કામ કરે... રોગ મટાડે...) વગેરે લબ્ધિરૂપ ૠદ્ધિઓ પ્રગટ થાય છે. જો કે ત્રીજા ફળરૂપે અપેક્ષાતંતુનો વિચ્છેદ જે કહેવાના છે એના પ્રભાવે નિઃસ્પૃહતા પેદા થયેલી હોવાથી કોઈ જ ભૌતિક સ્પૃહાથી આ લબ્ધિઓનો ઉપયોગ કરવાનું હોતું નથી.

(૨) **સૂક્ષ્મકર્મક્ષય :** ઉપર જણાવ્યા મુજબ ધ્યાન-સમતાનો ક્રમ ઠેઠ વીતરાગતા સુધી ચાલે છે. આમાં વીતરાગતા યથાખ્યાતચારિત્ર વિના આવી શકતી નથી. એટલે જણાય છે કે સમતાથી યથાખ્યાતચારિત્રના આવારક કર્મોનો ક્ષય થાય છે. વળી વીતરાગતા એ ઉત્કૃષ્ટ સમતા છે. જેનાથી કેવલજ્ઞાન-કેવલદર્શન પ્રગટ થાય છે, એનો મતલબ એ બેના આવારક કર્મોનો એ સમતાથી ક્ષય થાય છે. આમ આ બધા સૂક્ષ્મ કર્મોનો ક્ષય સમતાથી થાય છે.

(૩) **અપેક્ષાતંતુનો વિચ્છેદ :** ઇષ્ટપ્રાપ્તિની અપેક્ષા, અનિષ્ટ પરિહારની અપેક્ષા.. જીવને ઊઠતી કોઈપણ અપેક્ષાઓ આ બેમાં જ સમાઈ જતી હોય છે. પણ સમતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ ઇષ્ટ-અનિષ્ટ જેવું કશું રહેતું નથી. **मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः** દુનિયામાં કશું ઇષ્ટ નથી... કશું અનિષ્ટ નથી... પછી અપેક્ષારૂપી બંધનનો વિચ્છેદ થઇ જ જાય ને !

હવે છેલ્લો પાંચમો **વૃત્તિસંક્ષયયોગ** -

મનોદ્રવ્ય અને શરીરદ્રવ્ય આત્માથી ભિન્ન છે. મનોદ્રવ્યના તથાવિધ સંયોગથી ઉત્પન્ન થતી મતિજ્ઞાનના વિકલ્પરૂપ વૃત્તિઓનો કેવલજ્ઞાનપ્રાપ્તિકાળે અને શરીરદ્રવ્યના તથાવિધ સંયોગથી ઉત્પન્ન થતી પરિસ્પંદરૂપ વૃત્તિઓનો અયોગી ગુણઠાણની પ્રાપ્તિકાળે અપુનઃ ભાવે સંક્ષય એ વૃત્તિસંક્ષયયોગ છે. અહીં આશય એ છે કે - સમુદ્ર સ્વભાવે તરંગો-મોજાંઓ વિનાનો નિસ્તરંગ-શાંત હોય છે. પણ પોતાનાથી ભિન્ન એવા પવનના સંયોગથી એમાં જેમ તરંગો ઊઠે છે એમ આત્મા સ્વભાવે નિસ્તરંગ છે = નિર્વિકલ્પ અને નિઃપરિસ્પંદ છે. પણ મનોદ્રવ્યના તથાવિધ સંયોગથી એમાં વિકલ્પરૂપ વૃત્તિઓ ઊઠે છે અને શરીરદ્રવ્યના તથાવિધ સંસ્કારથી એમાં પરિસ્પંદરૂપ = આત્મપ્રદેશોમાં કંપનરૂપ વૃત્તિઓ ઊઠે છે. આમાંથી મનોદ્રવ્યના સંયોગથી મતિજ્ઞાનના વિકલ્પરૂપ વૃત્તિઓ થાય છે ને એનો કેવલજ્ઞાનની પ્રાપ્તિકાળે સંક્ષય થાય છે. અલબત્ કેવળજ્ઞાની પણ અનુત્તરવાસી દેવના સંશયને દૂર કરવા મનોદ્રવ્યનો ઉપયોગ કરે છે, અર્થાત્ મનોદ્રવ્યનો સંયોગ એમને પણ હોય છે. એની બાદબાકી કરવા માટે 'તથાવિધ' શબ્દ છે, એટલે કે એવો જ મનોદ્રવ્યસંયોગ લેવાનો છે જે મતિજ્ઞાનના વિકલ્પોનો જનક બની શકે.

શરીર દ્રવ્યના સંયોગથી આત્મપ્રદેશોમાં પરિસ્પંદ-કંપન થાય છે. આ પરિસ્પંદરૂપ વૃત્તિઓનો અયોગી કેવલી ગુણઠાણાની પ્રાપ્તિકાળે ક્ષય થાય છે. અલબત્ ૧૪મા ગુણઠાણે અયોગીકેવલીને ચરમસમય સુધી ઔદારિક, તૈજસ્ અને કાર્મણશરીરદ્રવ્યનો સંયોગ હોય જ છે. એટલે એની બાદબાકી કરવા માટે પણ 'તથાવિધ' શબ્દ છે. એટલે કે એવો જ શરીરદ્રવ્યસંયોગ અહીં લેવાનો છે જે આત્મપ્રદેશોનું પરિસ્પંદન કરી શકે.

આ બન્ને પ્રકારની વૃત્તિઓનો ક્ષય એ રીતે થાય છે કે જેથી

હવે પછી ક્યારેય એ વૃત્તિઓ અસ્તિત્વમાં આવી શકે નહીં. અર્થાત્ કેવળ વૃત્તિઓનો જ નહીં, પણ એની યોગ્યતાનો પણ ક્ષય કરવામાં આવે છે. માટે આને વૃત્તિઓનો માત્ર ક્ષય ન કહેતાં સમ્યક્ક્ષય = સંક્ષય કહ્યો છે.

આ વૃત્તિસંક્ષય યોગનું કેવલજ્ઞાનની પ્રાપ્તિ, શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ અને નિરાબાધપણે મોક્ષની પ્રાપ્તિ એ ફળ છે.

આમ, અધ્યાત્મયોગ વગેરે પાંચ યોગ ગ્રન્થકારે યોગની આપેલી વ્યાખ્યાને અનુસરીને કહ્યા. પતંજલિઋષિએ આપેલી વ્યાખ્યાને અનુસરવું હોય તો પણ આ પાંચ યોગ વિચારી શકાય છે.

અહીં રહસ્ય એ છે કે મોક્ષનો મુખ્ય હેતુભૂત વ્યાપાર એ યોગ... આવી વ્યાખ્યા ગ્રન્થકારે દસમી યોગલક્ષણ બત્રીશીમાં આપેલી... અને આ વ્યાપાર પાંચ પ્રકારનો હોવાથી યોગના અધ્યાત્મ વગેરે પાંચ પ્રકાર કહ્યા, આ વિધિમુખે લક્ષણ હોવાથી એ રીતે પાંચ ભેદ થયા. પતંજલિઋષિએ 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ' આવું જે લક્ષણ આપ્યું છે તે નિષેધમુખે છે. એના પણ પાંચ પ્રકાર અનુભવ સિદ્ધ છે.

આશય એ છે કે વ્રતધારી જીવ મૈત્રી વગેરે ભાવગર્ભિત તત્ત્વચિંતન ક્યારેક ક્યારેક કરે (એટલે કે એ સિવાયમાં અન્યથા ચિંતનાદિ હોય)... એટલે કે કેટલુંક તત્ત્વચિંતન એ અધ્યાત્મયોગ છે. એ પ્રવર્ધમાન બને તો ભાવનાયોગ છે. એટલે કે પ્રતિદિન વધતું જતું તત્ત્વચિંતન એ ભાવના યોગ છે.

અનાદિકાળથી જીવની ચિત્તવૃત્તિઓ ક્લિષ્ટ છે. એ હંમેશા ઉંધા જ વિચાર વગેરે આપે છે.. ને એના કારણે જીવ હંમેશા દ્વેષાદિભાવગર્ભિત અતત્ત્વચિંતનાદિ જ કરે છે. (એનાથી વિપરીત ક્યારેક જે દેખાય તે ઉપરછલ્લું હોય, પૌદ્ગલિક સ્વાર્થવશ હોય.)

વ્રતધારી જીવ, આવા ઉંધા વિચાર આપનારી ચિત્તવૃત્તિઓને ક્યારેક ક્યારેક પ્રયત્નપૂર્વક રુંધે છે. એટલે કે એવી ચિત્તવૃત્તિઓનો નિરોધ કરે છે. ને તેથી અતત્ત્વચિંતન ખસીને મૈત્ર્યાદિ ભાવગર્ભિત તત્ત્વચિંતન થાય છે. આવો અલ્પમાત્રામાં ક્યારેક થતો ચિત્તવૃત્તિનિરોધ એ અધ્યાત્મયોગ છે. એના જ ફરી ફરી અભ્યાસથી એવી ભૂમિકા આવે છે કે જેથી જીવનો એવો પ્રયત્ન થાય છે કે જેના પ્રભાવે ચિત્તવૃત્તિઓનો નિરોધ વધતો જાય છે અને પ્રબળ બનતો જાય છે. આ ભાવનાયોગ છે.

ભાવનાયોગ અંગેના ફરી ફરી અભ્યાસથી ચિત્તવૃત્તિઓનો નિરોધ ઓર આગળ એવો વધે છે કે જેથી હવે જીવ પદાર્થના ઉત્પાદાદિ અંગે પ્રશસ્ત ઉપયોગને સ્થિર પ્રદીપ તુલ્ય સ્થિર કરી શકે છે. પદાર્થના રૂપ-રસ વગેરે બાહ્ય સ્થૂળસ્વરૂપ છે અને ઉત્પાદ-વ્યય વગેરે આંતરિક સૂક્ષ્મ સ્વરૂપ છે. સામાન્યથી ચિત્તવૃત્તિઓ બાહ્ય રૂપ-રસાદિમાં જ રમ્યા કરે છે ને રાગ-દ્વેષ કર્યા કરે છે, માટે અપ્રશસ્ત ઉપયોગ હોય છે. જીવ આવી ચિત્તવૃત્તિઓનો નિરોધ કરીને પદાર્થના અંદરના ઉત્પાદાદિ સૂક્ષ્મસ્વરૂપને પોતાનો વિષય બનાવે છે. પુદ્ગલના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-સંસ્થાન-સ્થાન-સંબંધ વગેરે બાહ્યસ્વરૂપ પરિવર્તનશીલ હોવાથી કશોક ને કશોક ફેરફાર થયા જ કરતો હોય છે. આ ફેરફારોની નોંધ લેવી... તદનુસાર રાગ-દ્વેષ કરવા એવી પણ અનાદિકાલીન ચિત્તવૃત્તિઓ છે. આ પણ અપ્રશસ્તોપયોગ છે. એ પેલા ઉત્પાદાદિ વિષયક પ્રશસ્તોપયોગને વિક્ષિપ્ત કરી દે છે, સ્થિર થવા દેતો નથી. એટલે આવી ચિત્તવૃત્તિઓનો પણ નિરોધ એ ધ્યાનયોગ છે. આ નિરોધના પ્રભાવે ઉપયોગ ઉત્પાદાદિ સૂક્ષ્મ વિષયક બન્યો રહે છે, પ્રશસ્ત બન્યો રહે છે, સ્થિર બન્યો રહે છે.

ધ્યાનયોગકાલીન ચિત્તવૃત્તિઓના નિરોધનો વારંવાર અભ્યાસ કરવાથી એવી ભૂમિકા ઘડાય છે કે જેથી સામાન્ય ફેરફારવાળી

વસ્તુઓમાં 'આ ઇષ્ટ છે' 'આ અનિષ્ટ છે' આવી કલ્પનાઓ ઊભી કર્યા કરનાર ચિત્તવૃત્તિઓ રુંધાવા માંડે છે. ને એમાં પાછો પ્રશમરતિગ્રન્થમાં કહેલો વિવેક ભળે છે. એટલે હવે એવી ચિત્તવૃત્તિઓ સાર્વત્રિક-સાર્વદિક રુંધાયેલી જ રહે છે. ચિત્તવૃત્તિઓનો આવો નિરોધ 'સમતા' છે. એનાથી ધ્યાનસંબંધી ચિત્તવૃત્તિનિરોધ પુષ્ટ થાય છે. પુષ્ટ થયેલા એ નિરોધથી સમતાસંબંધી નિરોધ વધારે પ્રબળ બને છે. એમ આગળ વધતાં વધતાં मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः ભૂમિકા આવે છે. છેવટે કશું જ ઇષ્ટ-અનિષ્ટ રહેતું નથી. રાગજનક ને દ્વેષજનક બધી જ ચિત્તવૃત્તિઓનો નિરોધ થઈ જાય છે. આ ઉત્કૃષ્ટ સમતાયોગ છે. આ વીતરાગતા છે.

એના પ્રભાવે મતિજ્ઞાનસંબંધી વિકલ્પરૂપવૃત્તિઓનો અપુનર્ભાવે નિરોધ થાય છે. ને જીવ કેવલજ્ઞાન પામે છે, આ નિરોધ એ પ્રથમપ્રકારનો વૃત્તિસંક્ષયયોગ છે. ને પછી પરિસ્પંદ રૂપ વૃત્તિઓનો અપુનર્ભાવે નિરોધ થવા પર જીવ અયોગી અવસ્થા પામે છે. આ નિરોધ એ બીજા પ્રકારનો વૃત્તિસંક્ષય યોગ છે.

તે તે પ્રકારે કે તે તે માત્રામાં થતો-થયેલો ચિત્તવૃત્તિનિરોધ સાધકને અનુભવસિદ્ધ હોય છે, અર્થાત્ આવી આવી વૃત્તિઓ મારા આત્મામાં ઊઠતી નથી.. એવું સાધક સ્વયં સંવેદે છે. માટે આ રીતે પણ આ ભેદોને નકારી શકાતા નથી.

અનુભવસિદ્ધ એવા પણ આ ભેદોને જો નકારવામાં આવે તો, દુનિયામાં માત્ર દ્રવ્ય જ બચશે (અર્થાત્ પર્યાય જેવી કોઈ વસ્તુ માનવાની નહીં રહે). આશય એ છે કે પિંડ, શિવક, સ્થાસ, કોશ, કુશૂલ, ઘટ, કપાલ... આ બધા જ જુદા-જુદા હોવા અનુભવસિદ્ધ છે. તેમ છતાં, આ બધાને જો નકારવામાં આવે તો માત્ર માટી દ્રવ્ય જ માનવાનું રહે. એમ બાળ, યુવા, વૃદ્ધ, મનુષ્ય દેવ વગેરે અનુભવસિદ્ધ ભેદોને પણ નકારવાના હોય તો માત્ર જીવદ્રવ્ય જ

માનવાનું રહે. એટલે અનુભવસિદ્ધ હોવાથી જેમ પિંડ વગેરે કે બાળવગેરે ભેદ માનવા જરૂરી છે, એમ ચિત્તવૃત્તિઓના નિરોધના પણ અધ્યાત્મ વગેરે કક્ષાભેદે ભેદ અનુભવસિદ્ધ હોવાથી માનવા જરૂરી છે.

આમ ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ એવી વ્યાખ્યા અનુસારે પણ અધ્યાત્મયોગ વગેરે વિચાર્યા. હવે મનોગુપ્તિમાં આ અધ્યાત્મયોગાદિની વિચારણા વગેરે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૯

'મોક્ષના હેતુભૂત મુખ્ય વ્યાપાર એ યોગ' આવી વ્યાખ્યાને નજરમાં રાખી યોગના અધ્યાત્મ વગેરે ભેદો દર્શાવ્યા. પછી પતંજલિઋષિએ 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ' આવી જે વ્યાખ્યા આપી છે એને નજરમાં રાખીને પણ આ અધ્યાત્મયોગ વગેરેની વિચારણા કરી. હવે, વિમુક્તકલ્પનાજાલવાળું મન, સમત્વમાં સુપ્રતિષ્ઠિત મન અને આત્મારામ મન... આ રીતે મનોગુપ્તિના ત્રણ ભેદ જે આગળ દર્શાવવાના છે એમાં પણ આ પાંચ યોગોનો અંતર્ભાવ થઈ શકે છે એ વિચારવાનું છે.

આમાંની પ્રથમ બે મનોગુપ્તિના બબ્બે પ્રકાર છે - પ્રવૃત્તિ અને સ્થિરતા. તે તે મનોગુપ્તિ પ્રાથમિક અભ્યાસમાં હોય ત્યારે એનો પ્રવૃત્તિભેદ હોય છે ને એ ઉત્કૃષ્ટ સ્થિરતા પામે ત્યારે એનો સ્થિરતાભેદ હોય છે. એટલે વિમુક્તકલ્પનાજાલ પ્રવૃત્તિભેદ, વિમુક્તકલ્પનાજાલ સ્થિરતાભેદ, સમતામાં સુપ્રતિષ્ઠિત મન પ્રવૃત્તિભેદ અને સમતામાં સુપ્રતિષ્ઠિત મન સ્થિતરતાભેદ... આમ ચાર ભેદ થયા. આ ચારભેદ

યથોત્તર વિશુદ્ધ હોવાથી એ ચારમાં ક્રમશઃ અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાયોગનો સમાવેશ થાય છે. તે આ રીતે -

સંકલ્પ-વિકલ્પના ચક્કરમાંથી મનને મુક્ત કરવાનો પ્રાથમિક અભ્યાસ એ પ્રથમ મનોગુપ્તિનો પ્રવૃત્તિ નામનો ભેદ છે. એમાં અધ્યાત્મયોગનો સમાવેશ થાય છે. કારણકે અધ્યાત્મયોગમાં એક તો તત્ત્વચિંતન છે, તેથી મનને આડાંઅવળાં વિચારોથી દૂર રાખવાનો પ્રયાસ છે. વળી મૈત્રીઆદિ ભાવગર્ભિત છે, એટલે કે મનને દ્વેષાદિના તોફાનોથી દૂર રાખવાની મહેનત છે. આમ અધ્યાત્મમાં મનને સંકલ્પ-વિકલ્પના ચક્કરથી દૂર રાખવાનો પ્રયાસ છે. માટે એનો વિમુક્તકલ્પનાજાલ... નામની પ્રથમ મનોગુપ્તિમાં સમાવેશ છે. છતાં, આ તત્ત્વચિંતનાદિનો પ્રાથમિક અભ્યાસ છે. માટે પ્રથમ મનોગુપ્તિના પણ પ્રથમ પ્રવૃત્તિભેદમાં સમાવેશ છે.

આના વારંવારના અભ્યાસથી સ્થિરતા પ્રાપ્ત થાય છે, એટલે કે મન સ્થિરતા પૂર્વક દીર્ઘકાળ સુધી પણ કલ્પનાજાલથી મુક્ત રહી શકે છે. આ જ પ્રથમમનોગુપ્તિનો સ્થિરતા નામે બીજો ભેદ છે. એમાં ભાવનાયોગનો સમાવેશ છે, કારણ કે અધ્યાત્મયોગના અભ્યાસથી ભાવનાયોગ પ્રગટે છે.

મનને સંકલ્પ-વિકલ્પના ચક્કરમાંથી દૂર રાખવાના પુનઃ પુનઃ અભ્યાસથી એમાં ખૂબ સ્થિરતા કેળવાય છે. આ સ્થિરતા દૃઢ બનવા પર મન સમતાભાવમાં સુપ્રતિષ્ઠિત થાય છે. આ મનોગુપ્તિનો બીજો પ્રકાર છે. એમાં પ્રારંભિક અભ્યાસરૂપ પ્રવૃત્તિમાં ધ્યાન નામનો ત્રીજો યોગભેદ સમાવેશ પામે છે. કારણ કે વસ્તુના બાહ્ય રૂપ-રસાદિ અંગે ઇષ્ટત્વ-અનિષ્ટત્વનો ને તેના કારણે રાગ-દ્વેષનો પ્રશ્ન હોય છે. જ્યારે આ રૂપ-રસાદિને ગૌણ કરીને એના ઉત્પાદાદિવિષયક

સૂક્ષ્મચિંતન કરવામાં આવે છે ત્યારે એ ઉત્પાદાદિમાં ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના કરવાના સંસ્કાર ન હોવાથી જીવ મનને રાગ-દ્વેષથી દૂર રાખી શકે છે. એટલે મન સમતામાં પ્રતિષ્ઠિત થાય છે. વળી આ સ્થિર ઉપયોગધારાને (ચિંતનધારાને) વિક્ષિપ્ત કરી નાખે એવા વિરોધી ઉપયોગનો પ્રયત્નપૂર્વક પરિહાર છે. એટલે મન સમતામાં સુપ્રતિષ્ઠિત થાય છે. આના ફરી ફરી અભ્યાસથી એવી અવસ્થા આવે છે કે પોતાના સ્થિરપ્રદીપ તુલ્ય સ્થિરઉપયોગના વિષયભૂત પદાર્થના રૂપ-રસાદિના ફેરફાર કે જેમાં અવિદ્યાગ્રસ્તજીવો ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના કરતા હોય છે, તેમાં પણ ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના ઊઠતી જ નથી. તુલ્યતા જ અનુભવાય છે. આ બીજા મનોયોગની બીજી સ્થિરતાભૂમિકા છે. આ જ સમતાયોગ છે. માટે સમતાયોગનો બીજા મનોયોગના સ્થિરતાભેદમાં સમાવેશ થાય છે. આ બીજી મનોગુપ્તિના પ્રથમ પ્રવૃત્તિભેદ કાળે-એટલે કે ધ્યાનયોગ કાળે-ઈષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના હતી, પણ એમાં પ્રયત્નપૂર્વક રાગદ્વેષનો પરિહાર કરીને ઉપયોગધારાને સ્થિર રાખવાનું હતું. હવે ઈષ્ટત્વ-અનિષ્ટત્વની જ કલ્પના નથી. એટલે રાગ-દ્વેષનો પ્રશ્ન જ રહેતો નથી... એટલે મનની સમતામાં સુપ્રતિષ્ઠિતતા ઉત્કર્ષને પામે છે.

આમ મનોગુપ્તિના પ્રથમ બે ભેદની બબ્બે કક્ષાઓ... એમ ચાર કક્ષામાં ક્રમશઃ અધ્યાત્મ વગેરે ચાર યોગોનો સમાવેશ થાય છે. આ ચારે કક્ષાઓ ઉત્તરોત્તર વિશુદ્ધ હોય છે, એટલે એમાં ઉત્તરોત્તર વિશુદ્ધ એવા ચાર યોગોનો ક્રમશઃ સમાવેશ થાય છે. મનોગુપ્તિનો ત્રીજો ભેદ છે આત્મારામ = સ્વભાવપ્રતિબદ્ધ મન. આ એવી અવસ્થા છે કે મન માત્ર આત્મામાં રમતું હોય છે... આત્માના કેવલજ્ઞાનાદિ સ્વભાવમાં પ્રતિબદ્ધ હોય છે. કોઈ મતિજ્ઞાનના વિકલ્પો કે મોહજન્ય સંકલ્પો હોતા નથી. આ જ વૃત્તિસંક્ષયયોગનો પ્રથમભેદ

છે. મનોયોગના સંપૂર્ણ નિરોધવાળી અયોગી અવસ્થામાં એનો બીજો ભેદ છે. આમ પાંચ પ્રકારોનો કોઈપણ બાધા વિના ત્રણ મનોગુપ્તિઓમાં સમાવેશ થઈ જાય છે.

મનોગુપ્તિના ત્રણ પ્રકાર આ પ્રમાણે જાણવા. સંકલ્પ-વિકલ્પના ચક્કરરૂપ કલ્પનાજાલને જેણે છોડી દીધી છે તેવું મન એ પ્રથમ મનોગુપ્તિ છે. તથા સમતામાં સમ્યગ્રીતે પ્રતિષ્ઠિત થયેલું મન એ બીજી મનોગુપ્તિ છે. અને આત્મામાં રમતું = સ્વભાવમાં પ્રતિબદ્ધ મન એ ત્રીજી મનોગુપ્તિ છે... એમ એના જાણકારો વડે મનોગુપ્તિ ત્રણ પ્રકારે કહેવાયેલી છે. પાંચ યોગોનો સમાવેશ ત્રણ પ્રકારની મનોગુપ્તિમાં કર્યો. એનો જ અર્થ ત્રણ પ્રકારની મનોગુપ્તિનો સમવતાર પાંચ યોગોમાં કર્યો. હવે એ રીતે અન્ય ગુપ્તિ-સમિતિનો સમવતાર પણ યથાયોગ્ય વિચારીએ.

વચનગુપ્તિ, કાયગુપ્તિ, ઈર્યાસમિતિ... વગેરે અન્યોનો પણ અવતાર = અંતર્ભાવ યથાસ્થાન વિચારવો, કારણકે સમિતિ અને ગુપ્તિઓનો પ્રપંચ = યથાપર્યાય વિસ્તાર એ ઉત્તમ = ઉત્કૃષ્ટ યોગ કહેવાય છે. સમિતિગુપ્તિથી અલગ સ્વભાવવાળો સ્વતંત્ર કોઈ યોગ પદાર્થ છે નહીં. આશય એ છે કે અનાદિકાળથી જીવને પ્રમાદ, કુતુહલવૃત્તિ વગેરે ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓ કોટે વળગેલી છે. એના નિરોધ વગર સમિતિ-ગુપ્તિનું પાલન સ્વપ્નમાં પણ શક્ય નથી જ. એટલે કોઈપણ સમિતિ હોય કે ગુપ્તિ... ચિત્તવૃત્તિનિરોધ એમાં હોય, હોય ને હોય જ. આ જ તો યોગ છે. બીજી રીતે કહીએ તો મન-વચન-કાયાની કોઈપણ પ્રવૃત્તિ કે નિવૃત્તિ.. જે ચિત્તવૃત્તિઓના નિરોધથી સંકળાયેલી હોય.. તેનો આ અષ્ટપ્રવચનમાતાની કોઈને કોઈ માતામાં અંતર્ભાવ થતો જ હોય છે. એટલે જ જે અધ્યાત્મ-ભાવના વગેરેમાંના કોઈપણ યોગરૂપ હોય ને છતાં સમિતિ-ગુપ્તિના પાલનરૂપ ન હોય એ શક્ય નથી. એટલે અધ્યાત્મ વગેરે યોગ અને

સમિતિ-ગુપ્તિ... આ બધું પરસ્પર અન્તર્ભાવ પામે છે. એ યથાસ્થાન વિચારી લેવું.

મન-વચન-કાયાની વધુ ને વધુ પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ સૂક્ષ્મતાથી સમિતિ-ગુપ્તિનો વ્યાપ વધતો જવો એ સમિતિ-ગુપ્તિનો વિસ્તાર છે. વ્યવહારનય અપુનર્બન્ધક અવસ્થાથી યોગ માને છે. એટલે અપુનર્બન્ધક, અવિરત સમ્યક્ત્વી, દેશવિરત ને સર્વવિરત... આ ક્રમે આ વિસ્તાર વધતો જાય છે. સર્વવિરતને પણ જેમ જેમ સંયમપર્યાય=સંયમસ્થાન નિર્મળ થતાં જાય છે, તેમ તેમ આ વિસ્તાર વધતો જાય છે. આ જ ઉત્તમ યોગ છે, કારણ કે જીવને પ્રબળતાપૂર્વક મોક્ષ તરફ લઈ જાય છે. જે આની બહાર હોય એવો કોઈ યોગ હોતો નથી.

**શંકા** - અધ્યાત્મયોગના વારંવાર અભ્યાસથી ભાવનાયોગ પમાય છે. એટલે જણાય છે કે અધ્યાત્મ એ વાસ્તવિક યોગ નથી, પણ ભાવનાયોગના ઉપાયભૂત-કારણભૂત છે.

**સમાધાન** - એમ તો ભાવનાયોગ વગેરેના પણ ફરી ફરી અભ્યાસથી પાછળ પાછળના ધ્યાનયોગ વગેરે આવે છે. એટલે કે ભાવના, ધ્યાન અને સમતા યોગ પણ ક્રમશઃ ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય યોગના ઉપાયભૂત જ ઠરવાથી માત્ર છેલ્લો વૃત્તિસંક્ષય યોગ જ 'યોગ' તરીકે બચશે, બાકીના બધા યોગોપાય બની જશે. માટે તમારી શંકા બરાબર નથી. એટલે શાસ્ત્રીય મર્યાદા એ છે કે અપુનર્બંધક અને અવિરતસમ્યક્ત્વી જીવોને યોગની પૂર્વસેવારૂપ ઉપાય હોય છે, ને પાંચમા ગુણઠાણાથી માંડીને જે તત્ત્વચિંતન વગેરે હોય છે તે સાનુબંધ યોગ પ્રવૃત્તિ = યોગવ્યાપારરૂપ જ હોય છે. શ્રુત-શીલમય સંપૂર્ણ યોગમાર્ગ હોવા છતાં યોગ ન કહેવામાં શાસ્ત્રીય મર્યાદા નથી.

જિનવચનની મર્યાદાને અનુસરીને અધ્યાત્મ વગેરે પાંચે પ્રકારનો યોગ પરમાનંદરૂપ સર્વોત્તમ ફળને એટલે કે મોક્ષને આપે છે.

અહીં સપ્રસંગ એક અન્ય વિચાર કરીએ. અધ્યાત્મયોગ વગેરેના સ્વામી દેશવિરત અને સર્વવિરત જીવો છે એ આ બત્રીશીમાં આપણે જોયું. વળી યોગના અન્ય વિવક્ષાથી ષોડશક ગ્રન્થમાં અને યોગવિંશિકાગ્રન્થમાં સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિ મહારાજે સ્થાન, ઊર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન યોગ એમ પાંચભેદ દર્શાવ્યા છે. યોગના આ ભેદોના સ્વામી પણ દેશવિરત અને સર્વવિરત જીવો જ કહેવાયેલા છે. એટલે આ પ્રશ્ન ઉદ્ભવે છે કે જો આ બન્નેના સ્વામી એક જ છે તો શું આ અધ્યાત્માદિયોગો અને સ્થાનાદિયોગો વચ્ચે કાંઈ સંબંધ છે ? શું આ બન્ને પ્રકારના યોગો એકબીજામાં અન્તર્ભાવ પામનારા છે ? આ પ્રશ્નનો જવાબ 'હા'માં છે ને તેથી આપણે એ અન્તર્ભાવ વિચારવાનો છે. એ માટે પહેલાં સ્થાનાદિયોગને સામાન્યરીતે સમજી લઈએ.

**સ્થાનયોગ :** જેના વડે સ્થિર થવાય તે સ્થાન. સકળ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ કાયોત્સર્ગ, પર્યંકબંધ, પદ્માસન વગેરે ચોક્કસ પ્રકારના આસન એ સ્થાનયોગ છે. ટૂંકમાં તે તે ક્રિયા દરમ્યાન જાળવવાની ચોકક્સ મુદ્રા એ સ્થાનયોગ છે. એનાથી કાયાની ચંચળતા અટકે છે.

**ઊર્ણયોગ :** ઊર્ણ એટલે શબ્દ. તે તે ક્રિયા દરમ્યાન પદ-સંપદા વગેરેનો ખ્યાલ રાખીને અમુક ચોક્કસ પ્રકારે કરાતો સૂત્રોચ્ચાર-ઉચ્ચારાતા વર્ણો-શબ્દો એ ઊર્ણયોગ છે. આનાથી વચનયોગની ચંચળતા અટકે છે.

**અર્થયોગ :** ચૈત્યવંદનાદિ ક્રિયાકાળે મુદ્રાપૂર્વક યોગ્યરીતે ઉચ્ચારાતા સૂત્રોના અર્થમાં રમતો રહેતો નિશ્ચયાત્મક-જ્ઞાનમય

ઉપયોગ એ અર્થયોગ છે. એનાથી મનોયોગની ચંચળતા અટકે છે.

**આલંબનયોગ :** પ્રતિમા, સમવસરણમાં રહેલા પ્રભુજી, અષ્ટપ્રાતિહાર્ય વગેરે રૂપી આલંબનનું ધ્યાન એ ધ્યાનયોગ છે. આનાથી મનોયોગની-ઉપયોગની વિશિષ્ટ સ્થિરતા સધાય છે.

**અનાલંબનયોગ :** સિદ્ધપરમાત્મના કેવલજ્ઞાન વગેરે અરૂપી ગુણોનું આલંબન લઈને પ્રવર્તેલું ધ્યાન એ અનાલંબનયોગ છે. કોઈ જ રૂપી પદાર્થ આલંબન તરીકે ન હોવાથી આને અનાલંબનયોગ કહેવાય છે. આમાં વિષય-કષાયોના કોઈ વિકલ્પ ન હોવાથી એ નિર્વિકલ્પ હોય છે. બાહ્યક્રિયા કે બાહ્યરૂપીદ્રવ્યનું આલંબન નથી. માત્ર કેવલજ્ઞાનાદિ અંગે જ્ઞાન-ઉપયોગ હોય છે. તેથી આ ચિન્માત્ર કહેવાય છે. ઉપયોગની અત્યંત સ્થિરતા હોવાથી એ સમાધિરૂપ છે. તેથી અનાલંબનયોગ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ કહેવાય છે.

હવે અધ્યાત્મ વગેરે યોગો અને સ્થાનાદિયોગોનો પરસ્પર અંતર્ભાવ વિચારીએ.

અભ્યાસ વગેરે દ્વારા ક્ષયોપશમ વધે એટલે અધ્યાત્મયોગ ભાવનાયોગમાં પરિણમે છે. ક્ષયોપશમ ઓર વધતાં વધતાં અમુક માત્રા કરતાં વધી જાય એટલે, હવે ભાવનાયોગ ધ્યાનયોગમાં રૂપાન્તરિત થઈ જાય છે. આ બાબતો જણાવે છે કે યોગોના અધ્યાત્મ વગેરે ભેદ શ્રુતના પર્યાયશ્રુત વગેરે ભેદની જેમ મુખ્યતયા માત્રાની અપેક્ષાએ છે. અર્થાત્ સાધકના જ્ઞાન-ઉપયોગની માત્રા વગેરેથી આ ભેદો પાડેલા છે. એટલે ઉપયોગની માત્રાવૃદ્ધિથી અધ્યાત્માદિયોગ ભાવનાદિ યોગમાં પરિણમે છે. પણ આવું સ્થાનાદિયોગમાં સંભવતું નથી. સ્થાનયોગ ગમે એટલો વધે તો પણ એ ઊર્ણયોગ કે અર્થયોગ વગેરે રૂપ બની શકતો નથી. માટે જણાય છે કે યોગના સ્થાનાદિ ભેદો શ્રુતના અક્ષરશ્રુત વગેરે ભેદોની જેમ

મુખ્યતયા માત્રાની અપેક્ષાએ નથી, પણ પ્રકારની અપેક્ષાએ છે. અર્થાત્ આ ભેદો વિષયભેદે પાડવામાં આવેલા છે. આ જ કારણ છે કે માત્રાની અપેક્ષાએ જે અધ્યાત્મ યોગ છે એ જ પ્રકારની અપેક્ષાએ સ્થાનયોગરૂપ પણ હોય શકે છે, કે ઊર્ણ યોગરૂપ પણ સંભવી શકે છે કે અર્થયોગરૂપ હોવો પણ શક્ય છે. આને જ બીજી રીતે કહીએ તો સ્થાનયોગ અમુક માત્રા સુધી વિકસ્યો હોય તો અધ્યાત્મયોગરૂપ છે, એનાથી વધારે માત્રા થાય ત્યારે ભાવનાયોગરૂપ છે. આ જ પ્રમાણે ઊર્ણ અને અર્થ માટે પણ જાણવું.

અધ્યાત્મયોગ દેવસેવા, જપ, તત્ત્વચિન્તન વગેરે અનેક પ્રકારે સંભવે છે. દેવસેવા (દેવપૂજા) મુખ્યતયા કાયિકી પ્રવૃત્તિ છે, માટે એનો સ્થાનયોગમાં સમાવેશ થાય છે. જાપ મુખ્યતયા વાચિક છે, માટે એનો ઊર્ણયોગમાં સમાવેશ છે. તત્ત્વચિન્તન માનસિક પ્રવૃત્તિરૂપ છે. અર્થ પણ સૂત્રના અર્થ વિચારતા જવારૂપ હોવાથી માનસિક છે. તેથી તત્ત્વચિન્તનનો અર્થયોગમાં સમાવેશ થાય છે. આમ અહીં કાયિક વગેરેના દેવસેવા વગેરે એક-એક આચારનો ઉલ્લેખ કર્યો છે. આદિ શબ્દથી સાધુ-શ્રાવકનો અન્ય ધર્મઆચાર પણ સમજી લેવો. એટલે કે એ પ્રારંભિકકક્ષામાં હોય ત્યારે અધ્યાત્મયોગરૂપ જાણવો. એમાં અમુકમાત્રાથી વધારે પ્રગતિ થાય, અને એ વિશેષ પ્રકારે ચિત્તવૃત્તિનિરોધ સહિત ઉત્તરોત્તર વર્ધમાન બનતો જાય એવી અવસ્થામાં પહોંચે ત્યારથી ભાવનાયોગરૂપ જાણવો. બીજી રીતે, જેમાં મુદ્રા વગેરે કાયિકી ધર્મપ્રવૃત્તિની મુખ્યતા હોય તે સ્થાનયોગરૂપ જાણવો. એમ વાચિકી ને માનસિક પ્રવૃતિની મુખ્યતા જેમાં હોય તે ક્રમશઃ ઊર્ણયોગને અર્થયોગરૂપ જાણવા. આ દેવસેવા વગેરેમાં પ્રણિધાન વગેરે આશયો તો ભળેલા હોવા જ જોઈએ. તો જ એ અધ્યાત્મ વગેરે યોગસ્વરૂપ બને, અન્યથા નહીં-આ વાત સર્વત્ર જાણવી.

જેનો વારંવાર અભ્યાસ (ભાવના) કરવાનો હોય તે ભાવ્ય કહેવાય. અર્થાત્ અહીં દેવસેવા વગેરે ભાવ્ય છે, માટે ભાવનાયોગનો પણ સ્થાનાદિમાં જ અન્તર્ભાવ છે. આમાં એ પણ સમજવા જેવું છે કે પહેલાં દેવસેવા શરુ કરી... અભ્યાસ વધતાં એ અધ્યાત્મયોગમાંથી ભાવનાયોગમાં આવી ગઈ, ને એ દરમ્યાન જાપ નવો શરુ કર્યો. તેથીએ હજુ અધ્યાત્મયોગની કક્ષામાં જ હોય એવું સંભવિત છે. અર્થાત્ એક અનુષ્ઠાન ભાવનાયોગની કક્ષાનું થઈ જાય તો અન્ય અનુષ્ઠાનો પણ ભાવનાયોગની કક્ષાવાળા જ હોય એવો નિયમ નથી. એટલુ ખરું કે એક સાધનાના અભ્યાસદ્વારા સાધેલો વિકાસ અન્યસાધનામાં અલ્પપ્રયાસે પણ વિકાસ થઈ જાય એવી ભૂમિકા ઘડી આપવાની ખૂબ શક્યતા ધરાવે છે.

ત્રીજો ધ્યાનયોગ આલંબનયોગમાં અન્તર્ભૂત થાય છે. સામાન્યથી સૂત્ર, અર્થ અને પ્રતિમાદિ.. આ ત્રણે આલંબન તરીકે પ્રસિદ્ધ છે. એટલે સૂત્રોચ્ચારના આલંબને ચિત્તવૃત્તિના વધારે વિશિષ્ટ નિરોધપૂર્વક ચિત્તની એવી એકાગ્રતા કેળવાય કે જે 'ધ્યાન' સ્વરૂપ બને, અર્થાત્ ઉચ્ચારાતા સૂત્રને જ ધ્યેય તરીકે રાખીને એવો સ્થિર ઉપયોગ પ્રવર્તે કે જે 'ધ્યાન' સ્વરૂપ બને, તે સૂત્રાલંબને પ્રવર્તેલો ધ્યાનયોગ છે. એટલે કે અસ્ખલિત-યથાયોગ્ય સૂત્રોચ્ચાર એ ઊર્ણયોગ છે અને એમાં થયેલી, ધ્યાનની ઊંચાઈને આંબતી ઉપયોગની સ્થિરતા એ ધ્યાનયોગ છે અને એ જ આલંબનયોગ પણ છે. આ જ રીતે અર્થ અને પ્રતિમાના આલંબને થતો ધ્યાનયોગ પણ જાણવો.

**શંકા**-પ્રતિમા તો એક છે ને સ્થિર છે. એના આલંબને ઉપયોગની સ્થિરતા થવાથી સ્થિરપ્રદીપ સદૃશતા આવે પણ સૂત્રોચ્ચારમાં તો ઉચ્ચારાતા શબ્દો બદલાયા કરવાથી ઉપયોગ પણ બદલાયા કરે છે. તો સ્થિરપ્રદીપ સદૃશતા શી રીતે ?

**સમાધાન**-પ્રદીપમાં પણ તેલ બદલાતું રહેવાના કારણે જ્યોત

બદલાતી રહે છે. છતાં જ્યોત તરીકે જ્યોત એક સરખી રહે છે. માટે પ્રદીપ સ્થિર કહેવાય છે. એમ ઉચ્ચારાતા વર્ણો બદલાતા હોવા છતાં શબ્દ ઉપયોગ તરીકે શબ્દ ઉપયોગ એક રહે છે. અસ્ખલિતપણે થતા સૂત્રોચ્ચાર દરમ્યાન લયબદ્ધ રીતે વર્ણોની ધારા ચાલે છે. અને એની સાથે એ જ રીતે લયબદ્ધરીતે ઉપયોગની પણ ધારા ચાલે છે. વચમાં ક્યાંય ઉચ્ચાર્યમાણ વર્ણ સિવાયના અન્ય કોઈ વિષયનો ઉપયોગ આવીને આ લયબદ્ધ ધારાને વિક્ષિપ્ત કરતો નથી. એટલે પ્રતિક્ષણ ભિન્ન ભિન્ન જ્યોત હોવા છતાં પવનની કોઈ ઝપટ ન લાગવાથી જ્યોતની ધારા એક સરખી વહે-ક્યાંય વિક્ષિપ્ત ન થાય તો સ્થિરપ્રદીપ કહેવાય છે તેમ પ્રસ્તુતમાં પણ ઉપયોગાન્તરરૂપ પવનની ઝપટ લાગતી ન હોવાથી ઉપયોગધારા સ્થિર પ્રદીપતુલ્ય રહે જ છે. આ જ રીતે ઉચ્ચારાતા શબ્દો બદલાતા રહેતા હોવાથી એનો અર્થ પણ બદલાતો રહેવા છતાં અર્થ વિષયક ઉપયોગની લયબદ્ધધારા જો ઉપયોગાન્તરથી વિક્ષિપ્ત થતી નથી તો એ સ્થિર પ્રદીપતુલ્ય છે જ. ઠેઠ શુક્લધ્યાનના પ્રથમ પાયા સુધી સંચરણ બતાવ્યું છે તો અહીં ધ્યેયરૂપ વર્ણ કે અર્થ પર ઉપયોગનું (ચિંતનનું) સંચરણ થતું હોવા માત્રથી ધ્યાનરૂપતા બાધિત થઈ જતી નથી.

અથવા આ સ્થાનયોગ વગેરેનો અન્ય રીતે પણ અધ્યાત્મયોગ વગેરેમાં અન્તર્ભાવ શક્ય છે એ હવે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

**પરભાવમાં જાઓ એટલે આત્માનો પરાભવ.**

**આત્મા પરાયી ચીજોમાં રસ લે એનું નામ પાપ.**

# લેખાંક ૧૦૦

યોગના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય!.. એમ પાંચ ભેદ જેમ બતાવ્યા છે એમ અન્ય વિવક્ષાથી સ્થાન, ઊર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન... એમ પાંચ ભેદો પણ દર્શાવવામાં આવ્યા છે. વળી આ બન્નેનો વાસ્તવિક પ્રારંભ દેશવિરતિ ગુણઠાણેથી દર્શાવેલો છે ને વ્યવહારથી પ્રારંભ અપુનર્બંધક જીવથી દર્શાવેલ છે. એટલે કે બન્નેના સ્વામી એક છે. એટલે પ્રશ્ન ઊભો થયો કે આ અધ્યાત્મ વગેરે યોગોનો અને સ્થાન-ઊર્ણ વગેરે યોગોનો પરસ્પર અંતર્ભાવ થાય છે ? આ પ્રશ્નનો જવાબ હામાં છે, કે હા, એ અંતર્ભાવ થાય છે. એમાં એક રીતે એ અંતર્ભાવ ગયા લેખમાં આપણે જોઈ ગયા. અથવા બીજી રીતે આ અંતર્ભાવ કઈ રીતે થાય છે ? એ આપણે આ લેખમાં જોઈશું.

આ આપણી લેખમાળાનો ૧૦૦ મો લેખ છે. કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની સાતત્ય પૂર્વકની પ્રેમાળ આગ્રહપૂર્વકની તાત્ત્વિક લેખમાળાની ઉઘરાણીના પ્રભાવે આ લેખમાળાનો પ્રારંભ કર્યો.. વાચકોના સુંદર પ્રતિભાવ, તત્ત્વજિજ્ઞાસુઓ દ્વારા લેખોની ચાતક ડોળે જોવાતી રાહ... વગેરે જાણવા મળતી વાતો દ્વારા ઉત્સાહ અખંડ રહ્યો... લેખો લખાતા રહ્યા.. ને લખાતા લખાતા આજે સોમા લેખ સુધી પહોંચી જવાયું છે. સ્વ. પૂજ્ય આચાર્ય ભગવંતને વંદના અને વાચકોને ધન્યવાદ.

હવે પરસ્પર અંતર્ભાવ બીજી રીતે વિચારીએ.

सुदृढपयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं ।
झाणं करणाण मयं ण हु चित्तणिरोह मित्तागं ॥

वि.आ.भा. ३०७१॥

શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં આ જે જણાવ્યું છે કે - 'ચિત્તનો નિરોધ એ જ માત્ર ધ્યાન છે એવું નથી. પણ મન-વચન-કાયા... આ ત્રણે કરણોનો અત્યન્ત દૃઢ પ્રયત્ન પૂર્વકનો વ્યાપાર (અર્થાત્ અત્યન્ત નિયન્ત્રિત ઈષ્ટ વ્યાપાર) એ પણ ધ્યાન છે, ને (તેરમા ગુણઠાણાના અંતે) વિદ્યમાન એવા મન-વચન-કાયા (ના યોગો) નો જે નિરોધ કરવામાં આવે છે તે પણ ધ્યાન છે.' આને અનુસરીને વિચારીએ તો આવો અર્થ પણ મળી શકે છે - ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાન અનેકશઃ કરાતું હોય છે. એમાંથી જેટલી વાર મુદ્રા જાળવવાથી ને એ મુદ્રા જાળવવામાં જેટલી સૂક્ષ્મ ચોકસાઇ રાખવાથી આ મુદ્રા જાળવવારૂપ સ્થાનયોગ અધ્યાત્મયોગ રૂપ બને છે એના કરતાં વધારે વાર મુદ્રા જાળવવાથી ને વધારે સૂક્ષ્મતાપૂર્વક મુદ્રા જાળવવાથી એ ભાવનાયોગરૂપ બને છે. મુદ્રા જાળવવાની આ જ સૂક્ષ્મતા જ્યારે વધારે આગળ વધે છે ને તેથી એ શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહેલ સુદૃઢ પ્રયત્ન પૂર્વકના વ્યાપારરૂપ બને છે ત્યારે આ અત્યન્ત ચોક્સાઈ પૂર્વકની મુદ્રા સ્વરૂપ સ્થાનયોગ ધ્યાનયોગરૂપતાને પામે છે. આ જ પ્રમાણે સૂત્રોચ્ચારમાં ઉદાત્તાદિનો ખ્યાલ, સંપદા વગેરેનો ખ્યાલ... હીનાક્ષરાદિ ન થાય એનો ખ્યાલ... આ બધો ખ્યાલ જેમ વધુ ને વધુવાર રખાતો જાય તથા વધુ ને વધુ સૂક્ષ્મતાપૂર્વકનો રખાતો જાય એમ ઊર્ણયોગ ક્રમશઃ અધ્યાત્મ-ભાવના-યોગરૂપતાને ઓળંગી ધ્યાનયોગરૂપતાને પામે છે. આ જ પ્રમાણે અર્થયોગ માટે પણ જાણવું.

એટલે કે, ઉચ્ચારાતા સૂત્રના અર્થમાં ક્યાંક ક્યાંક ઉપયોગ રખાય તો એ અધ્યાત્મકક્ષાનો અર્થયોગ. એ ઉપયોગ વધતો જાય... સૂક્ષ્મ ચોકસાઈવાળો બનતો જાય એટલે ભાવનાયોગ કક્ષાનો અર્થયોગ. અને જ્યારે એ ઉપયોગ સ્થિરપ્રદીપતુલ્ય બને ત્યારથી ધ્યાનયોગકક્ષાનો અર્થયોગ.

અલબત્ત યોગવિંશિકા ગ્રન્થની વૃત્તિમાં વૃત્તિકારશ્રી ઉપાધ્યાયજી મહારાજે અધ્યાત્મ અને ભાવનાનો જ સ્થાનાદિમાં અન્તર્ભાવ બતાવ્યો છે, ધ્યાનનો નહીં, ધ્યાનનો તો માત્ર આલંબનયોગમાં જ અન્તર્ભાવ જણાવ્યો છે. પણ એનો અર્થ એવો ન કરવો કે સ્થાનાદિ ધ્યાનયોગરૂપ ન બની શકે... કારણ કે શ્રી ઉપાધ્યાયજી મહારાજે ચિત્તની એકાગ્રતા (ચિત્તનિરોધ) એ ધ્યાન એવો જે પ્રચલિત અર્થ છે એને નજરમાં રાખીને આ પ્રમાણે કહ્યું છે. એટલે જ ધ્યાનયોગની વ્યાખ્યામાં પણ તેઓ એ પ્રશસ્ત એક પદાર્થ અંગે સૂક્ષ્મઉપયોગયુક્ત સ્થિરચિત્ત એ ધ્યાન એમ જણાવ્યું છે. તેમ છતાં, એ યોગવિંશિકાગ્રન્થની જ ૧૯મી ગાથાની વૃત્તિમાં 'કેવલી ભગવંતને સાલંબનયોગ હોતો નથી.' આ બાબતની સિદ્ધિ કરવા માટે તેઓશ્રીએ કરણોનો સુદૃઢ વ્યાપાર અને નિરોધ... આ બન્ને પ્રકારના ધ્યાનનો નિષેધ જણાવ્યો છે. આશય એ છે કે પ્રસ્તુતમાં અન્તર્ભાવના અધિકારમાં તેઓશ્રીના જે શબ્દો છે તેના પરથી ધ્યાનનો આલંબન યોગમાં સમાવેશ જેમ જણાય છે તેમ સાલંબનયોગનો માત્ર ધ્યાનયોગમાં જ સમાવેશ જણાય છે, કારણકે અધ્યાત્મ અને ભાવનાયોગનો સ્થાન, ઊર્ણ અને અર્થમાં સમાવેશ કર્યો છે. પણ આલંબનમાં નથી કર્યો. એટલે સ્પષ્ટ છે કે આલંબનયોગ માત્ર ધ્યાનયોગમાં સમાવિષ્ટ છે. એટલે વૃત્તિકારે સયોગી કેવલી ભગવંતમાં સાલંબનયોગનો નિષેધ કરવા માટે માત્ર ધ્યાનયોગનો નિષેધ કરવો જ આવશ્યક છે. એટલે કે પ્રશસ્તૈકાર્થવિષયક સૂક્ષ્મોપયોગયુક્ત ચિત્તનો જ નિષેધ કરવો આવશ્યક છે. ને કેવલીમાં એવું ચિત્ત (ભાવમન) હોતું નથી એ તો સ્પષ્ટ છે જ. છતાં વૃત્તિકારે આ સરળ નિષેધ ન કરતાં સુદૃઢ પ્રયત્નવાળો વ્યાપાર અને યોગનિરોધ એ બન્નેના નિષેધ દ્વારા ધ્યાનયોગનો-સાલંબનયોગનો નિષેધ કર્યો છે. એટલે જણાય છે કે સુદૃઢ પ્રયત્ન વ્યાપાર પણ તેઓશ્રીને ધ્યાનયોગ તરીકે માન્ય છે.

એટલે ગયા લેખમાં જે અર્થ કર્યો હતો એને અનુસરીએ તો સૂત્રના આલંબને સૂક્ષ્મોપયોગવાળું સ્થિરચિત્ત એ ધ્યાનયોગ ને એ જ સાલંબન યોગ... પણ બીજો અર્થ આ લેખમાં જે કહ્યો છે તેને અનુસરીએ તો દઢ પ્રયત્નપૂર્વક જે સુનિયંત્રિત સૂત્રોચ્ચાર કરાય એ સૂત્રોચ્ચાર જ ધ્યાનયોગ અને ઊર્ણયોગ. એમ શરીરની સુનિયન્ત્રિત મુદ્રા વગેરે ધ્યાનયોગ ને સ્થાનયોગ... (એ ધ્યાન રાખવું કે અહીં વર્ણ કે મુદ્રા અંગે ઉપયોગની સ્થિરતાની વાત નથી, માટે આ આલંબનયોગરૂપ નથી.) સૂત્રના અર્થના ઉપયોગમાં ચિત્તની સ્થિરતા એ ધ્યાનયોગ ને અર્થયોગ. (અર્થને આલંબન તરીકે લઈએ ત્યારે આ આલંબનયોગ પણ બની શકે.) પ્રતિમાદિ આલંબનને અનુસરીને થયેલી સૂક્ષ્મઉપયોગવાળા ચિત્તની સ્થિરતા એ ધ્યાનયોગ કે આલંબનયોગ.

સમતાયોગ અને વૃત્તિસંક્ષય... આ બેનો તદન્યયોગમાં અન્તર્ભાવ છે, તે આ રીતે-સમતાયોગમાં ઇષ્ટત્વ-અનિષ્ટત્વ સંજ્ઞાનો પરિહાર હોય છે. છદ્મસ્થજીવ પણ જેને રાગ-દ્વેષ તરીકે સંવેદી શકે એવા વ્યક્ત રાગ-દ્વેષ પ્રમત્તગુણઠાણા સુધી સંભવી શકે છે ને એ જ ઉપસ્થિત પદાર્થમાં ઇષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના કરાવે છે. અપ્રમત્તગુણઠાણે એવા રાગ-દ્વેષ ન હોવાથી ઇષ્ટત્વ-અનિષ્ટત્વની કલ્પના પણ હોતી નથી. માટે સમતાયોગ અપ્રમત્તજીવોને જ હોય છે. અપ્રમત્તતા સાતમે ગુણઠાણે તથા શ્રેણિમાં આઠમે વગેરે ગુણઠાણે હોય છે. *'ક્ષપકશ્રેણિમાં સામર્થ્યયોગ જે હોય છે એ તત્ત્વતઃ અનાલંબનયોગ છે, તથા રાગ-દ્વેષજન્ય વિકલ્પો જેમના વિરામ પામ્યા છે એવા જિનકલ્પિક વગેરે અપ્રમત્ત જીવોને પણ અંશતઃ (ઉપચારથી) અનાલંબનયોગ હોય છે. તથા, જે તત્ત્વતઃ અનાલંબનયોગ છે તેની મોહસાગરતરણ, ક્ષપકશ્રેણિની પૂર્ણાહૂતિ, કેવલજ્ઞાન, અયોગીઅવસ્થા અને નિર્વાણ આ ફળ પરંપરા છે.'*

આવું બધું જે નિરૂપણ યોગવિંશિકા ગ્રન્થમાં કર્યું છે તેનાથી જણાય છે કે પ્રારંભિક (સાતમે ગુણઠાણે) જ સમતાયોગ હોય છે તેનો ઉપચરિત અનાલંબનયોગમાં અન્તર્ભાવ છે. આગળ વધેલો સમતાયોગ (શ્રેણિમાં જે હોય છે તે) તત્ત્વતઃ અનાલબંન યોગ છે. બીજી રીતે કહીએ તો સહજ સમતા, યોગની સાતમી દૃષ્ટિમાં હોય છે ને ત્યાં અનાસંગયોગ હોવો યોગદૃષ્ટિસમુચ્ચયની ૧૭૫મી ગાથામાં કહ્યો છે. આ અનાસંગયોગ એ જ ચરમ અનાલંબન યોગ છે એમ યોગવિંશિકાની જ ૧૮મી ગાથામાં કહ્યું છે. માટે જણાય છે કે સમતાયોગનો અનાલંબનયોગમાં અન્તર્ભાવ છે. તથા કેવલજ્ઞાન તેમજ યોગનિરોધકાળે જે વૃત્તિસંક્ષય છે તેનું અનાલંબનયોગ એ કારણ છે. એટલે વૃત્તિસંક્ષયાત્મક કાર્યમાં અનાલંબન યોગાત્મક કારણનો ઉપચાર કરીને એને પણ 'અનાલંબનયોગ' તરીકે કહી શકાય છે. એટલે આ રીતે એનો અન્તર્ભાવ પણ અનાલંબનયોગમાં થાય છે.

આમ અધ્યાત્મયોગ વગેરેનો અન્તર્ભાવ સ્થાનાદિયોગમાં થાય છે, અને એટલે જ યોગવિંશિકા ગ્રન્થમાં સ્થાનાદિયોગ માટે જે કહ્યું છે તે યથાસંભવ અધ્યાત્મયોગ વગેરે માટે પણ સમજી શકાય છે. તે આ રીતે જાણવું - દેશવિરતિગુણઠાણું પામ્યા ન હોવા છતાં જેઓ વ્યવહારથી વ્રતધારી છે ને શ્રાદ્ધધર્મમાં રહેલા છે.. એમ સર્વવિરતિગુણઠાણું (છઠ્ઠું-સાતમું) વસ્તુતઃ પામ્યા ન હોવા છતાં જેઓએ દીક્ષા લીધી છે ને વ્યવહારથી સંયમજીવનમાં રહ્યા છે. આવા જીવો જે તત્ત્વચિંતન વગેરે કરે છે તે ચારિત્ર ન હોવાના કારણે 'અધ્યાત્મયોગ' વગેરેરૂપ ન હોવા છતાં એ યોગના બીજભૂત તો છે જ. વ્યવહારનયને કારણમાં કાર્યનો ઉપચાર માન્ય છે. એટલે એ નયયોગના બીજમાં યોગનો ઉપચાર કરીને આવા જીવોના તત્ત્વચિંતનાદિને પણ 'અધ્યાત્મયોગ' તરીકે સ્વીકારે છે ને તેથી

અપુનર્બંધક તથા અવિરતસમ્યક્ત્વી જીવોને પણ યોગના સ્વામી માને છે.

જ્યારે નિશ્ચયનય એમ માને છે કે ચારિત્ર અને તત્ત્વસંવેદન એ જ મોક્ષમાર્ગ છે, જે આમાં અંતર્ભૂત થાય એવા તત્ત્વચિંતન-ચૈત્યવંદનાદિ જ યોગરૂપ છે. એટલે ચારિત્રીજીવોને જ યોગ હોય છે, અપુનર્બંધક અને સમ્યક્ત્વીને તો એ માત્ર યોગબીજરૂપ છે, પણ યોગરૂપ નથી. એટલે નિશ્ચયનય દેશ-સર્વચારિત્રીને જ યોગના સ્વામી માને છે. આમાં નિશ્ચયનયનો આવો આશય છે કે - આપણે પૂર્વે જ્ઞાનના વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકાર જોઈ ગયા છીએ. જે ટૂંકમાં આવા છે - પદાર્થના રૂપ, રસ વગેરે વિષયનો જ જેમાં પ્રતિભાસ થાય, પણ હેયત્વાદિ ન ભાસે એ વિષયપ્રતિભાસ જ્ઞાન છે. આ મિથ્યાદષ્ટિજીવોને હોય છે. ઉપસ્થિત પદાર્થના હેયત્વાદિ પણ ભાસે ખરા, છતાં, એ મુજબના ત્યાગ વગેરે ન થાય એ આત્મપરિણતિમત્ જ્ઞાન છે. આ અવિરત સમ્યગ્દષ્ટિજીવોને હોય છે. જ્યારે હેયત્વેન બોધ થાય ને એનો ત્યાગ પણ થાય... આવો બોધ તત્ત્વસંવેદન કહેવાય છે. એ ચારિત્રીજીવોને હોય છે. આશય એ છે કે વિષય-કષાયાદિ અંગે 'આ વર્જ્ય છે' એવું સંવેદન એ વર્જ્યતા પરિણામ છે. અને 'હું આ વિષયાદિ વર્જું' એવું સંવેદન એ વર્જનાપરિણામ છે. વર્જનાપરિણામ એ તત્ત્વસંવેદન છે. ને આ પરિણામ જેને છે એ વિષયાદિ વર્જવાનો જ છે. આ વર્જવાની ક્રિયા એ ચારિત્ર છે. માટે આ પરિણામ ચારિત્રીને જ હોય છે. વર્જના પરિણામ પણ ન હોય એવો બોધ એ વિષયપ્રતિભાસજ્ઞાન છે. सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः અર્થાત્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર સમુદિત હોય તો મોક્ષમાર્ગ રૂપ છે, મોક્ષના કારણભૂત છે... વળી ચારિત્રની હાજરીમાં જે જ્ઞાન હોય તે ઉપર જણાવ્યા મુજબ 'તત્ત્વસંવેદન' છે. માટે અહીં મોક્ષના કારણ

તરીકે ચારિત્ર અને તત્ત્વસંવેદન કહ્યા છે. ચારિત્રીના તત્ત્વચિંતનાદિ જ મોક્ષકારણીભૂત ચારિત્ર-તત્ત્વસંવેદનમાં અન્તર્ભૂત થાય છે, અપુનર્બંધકાદિને તો ચારિત્ર કે તત્ત્વસંવેદન એ બેમાંથી એકેય સંભવિત ન હોવાથી એનો ધર્મવ્યાપાર ચારિત્ર-તત્ત્વસંવેદન સ્વરૂપ બનતા નથી. અર્થાત્ આ બેમાં અન્તર્ભૂત થતા નથી. માટે ચારિત્રીના તત્ત્વચિંતનાદિ જ 'યોગ'છે, અન્યના નહીં, એમ નિશ્ચયનય કહે છે. અપુનર્બન્ધક તથા અવિરત સમ્યક્ત્વીના તત્ત્વચિન્તનાદિ આ ચારિત્ર-તત્ત્વસંવેદનના બીજરૂપ હોવાથી 'યોગબીજ' છે, એમ નિશ્ચયનય કહે છે. વ્યવહારનય તો આ યોગબીજને પણ ઉપચારથી 'યોગ' રૂપે સ્વીકારે છે. માટે એના મતે અપુનર્બન્ધક વગેરે બધા યોગના સ્વામી છે.

એટલે કે અપુનર્બંધકજીવ તથા અવિરતસમ્યગ્દષ્ટિ જીવને આ અધ્યાત્મ અને ભાવનારૂપ યોગ વ્યવહારથી તાત્ત્વિક હોય છે. જ્યારે સકૃદ્બંધક, દ્વિર્બંધક વગેરે જીવોના તે અશુદ્ધપરિણામના કારણે નિશ્ચય કે વ્યવહારથી યોગ રૂપ નથી, પણ યોગાભાસ છે એ જાણવું.

અહીં આશય એ છે કે અપુનર્બન્ધકાદિના તત્ત્વચિંતનાદિ યોગના કારણભૂત છે, માટે કાર્યભૂત યોગનો એમાં ઉપચાર કરીને જો એને 'યોગ' કહેવાય છે, તો પછી એ 'તાત્ત્વિક યોગ' શી રીતે કહેવાય ? આવી સંભવિત શંકાને નિર્મૂળ કરવા માટે કારણ પણ કથંચિત્ કાર્યરૂપ હોય છે એ વાત અહીં હેતુ તરીકે જાણવી. ઉપાદાન કારણને કથંચિત્ કાર્યરૂપે કહેવામાં કશો વાંધો હોતો નથી. તંતુ કથંચિત્ 'પટ' રૂપ છે જ, મૃત્પિંડ (= માટીનો પિંડો) કથંચિત્ 'ઘટ' રૂપ છે જ, કારણકે તંતુ અને મૃત્પિંડ જ પટ અને ઘટ રૂપે પરિણમતા હોય છે. તંતુને 'પટ' રૂપે કહેવા એ કારણમાં કાર્યનો ઉપચાર હોવાથી ઉપચરિત હોવા છતાં, દ્રવ્યાર્થિકનયે તો એ વસ્તુતઃ 'પટ' છે જ. માટે એ નયે એ 'તાત્ત્વિક પટ' પણ છે જ. આ જ રીતે

પ્રસ્તુતમાં જાણવું. પણ સકૃદ્બન્ધકાદિના તત્ત્વચિંતનાદિ આવા પણ હોતા નથી, કારણકે વેષ, ચેષ્ટા, ભાષા વગેરે હોવા છતાં કંઈક શ્રદ્ધાળુતા વગેરે ભાવલેશ પણ ન હોવાના કારણે યોગમાં પરિણમતા નથી. માટે, તત્ત્વચિંતનાદિનો બાહ્ય દેખાવ હોવા માત્રના કારણે અશુદ્ધ વ્યવહારથી ઉપચાર કરી એને કોઈ 'યોગ' રૂપે કહે તો પણ એ અતાત્ત્વિક છે. એ યોગાભાસ છે. અર્થાત્ માત્ર યોગનો આભાસ=દેખાવ છે, વાસ્તવિક યોગત્વ કે યોગકારણત્વ... કશું નથી. એ તો પ્રાયઃ પ્રત્યપાયફલક હોય છે. આવા અતાત્ત્વિક યોગથી અપુનર્બન્ધકાદિના યોગને જુદા પાડવા અહીં 'તાત્ત્વિક' એમ કહ્યું છે.

આમ, પાંચમા વગેરે ગુણઠાણાને નહીં પામેલા શ્રાવકાદિ પણ જો અપુનર્બન્ધકાદિ અવસ્થા પામેલા હોય તો એમના તત્ત્વચિંતનાદિ યોગનું કારણ બનતા હોવાના કારણે નિષ્ફળ નથી, એ રહસ્ય જાણવું. આ વાત આગળ ઓગણીસમી યોગવિવેક દ્વાત્રિંશિકામાં આવશે.

વળી યોગવિંશિકા ગ્રન્થમાં સ્થાનાદિયોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ એમ ચાર ભેદ દર્શાવ્યા છે. (પ્રસ્તુત ગ્રન્થમાં ઓગણીસમી બત્રીશીમાં યમના આ ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ વગેરે રૂપે ચાર ભેદ દર્શાવવાના છે.) વળી અધ્યાત્મયોગ વગેરેનો સ્થાનાદિયોગમાં પરસ્પર અંતર્ભાવ થાય છે એ આપણે જોઈ ગયા છીએ. એટલે જણાય છે કે અધ્યાત્મયોગવગેરેના પણ ઇચ્છા, પ્રવૃત્તિ વગેરે ભેદ વિચારી શકાય છે તે વિચાર આવો કરી શકાય—

નિર્દંભ ઇચ્છાપૂર્વક અધ્યાત્માદિયોગનું જે સેવન થાય તે અધ્યાત્માદિ યોગનો ઇચ્છાભેદ છે. આમાં ઇચ્છા એવી જોઈએ કે જે અધ્યાત્મ વગેરે યોગને પામેલા યોગીઓની કથા સાંભળવામાં

પ્રીતિવાળી હોય, વિધિનું પાલન કરનારા પ્રત્યે બહુમાનાદિગર્ભિત પરિણામને ધારણ કરનારી હોય તથા પોતાના ઉલ્લાસ પ્રમાણે થોડો ઘણો પણ પ્રયત્ન કરાવે ને આગળ વધતાં વધતાં યથાશક્તિ પ્રયત્ન કરાવે એવા વિશિષ્ટ પરિણામને ધારણ કરનારી હોય.

અંગસાકલ્ય (= કારણસામગ્રીની પરિપૂર્ણતા) હોય અને વીર્યાતિશય હોય.. આ બે કારણે યથાવિહિતપણે = શાસ્ત્રવિધાનનું જરાય ઉલ્લંઘન ન થાય એ રીતે ઉપશમની પ્રધાનતાપૂર્વક થતું અધ્યાત્માદિયોગોનું સેવન એ અધ્યાત્માદિ યોગનો પ્રવૃત્તિભેદ છે.

પ્રવૃત્તિભેદની જેમ જ સર્વત્ર ઉપશમપ્રધાનપણે થતું અધ્યાત્માદિનું સેવન જો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નસ્વરૂપ બાધકની ચિન્તારહિત પણે થતું હોય તો એ અધ્યાત્માદિયોગનો સ્થિરતાભેદ છે. પ્રવૃત્તિભેદ બાધકચિન્તાથી સહિત હોય છે જ્યારે આ બાધક ચિન્તાનો પ્રતિઘાત થવાથી કે વિશેષ પ્રકારની વિશુદ્ધિવશાત્ બાધક ચિન્તા ઊભી જ થતી ન હોવાથી બાધક ચિંતારહિત હોય છે.

અધ્યાત્મ-ભાવના વગેરે પોતાનામાં વિશેષ પ્રકારના ઉપશમ વગેરે ફળને ઉત્પન્ન કરે અને એની સાથે જ જેઓ અધ્યાત્માદિ યોગથી શૂન્ય છે એવા પણ સ્વસંનિહિત જીવોમાં તે અધ્યાત્માદિની સિદ્ધિ કરવા દ્વારા પરગત સ્વસદ્દશફળ સંપાદક બને અને એ રીતે પરાર્થ સાધક બને... આ કક્ષાએ પહોંચેલું અધ્યાત્માદિનું સેવન એ સિદ્ધિયોગ છે.

અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતા આ ચાર યોગો આ જ ક્રમમાં ઉત્તરોત્તર વિશુદ્ધ હોય છે. એટલે કે અધ્યાત્મયોગના જઘન્ય સ્થાન કરતાં ભાવનાયોગનું જઘન્યસ્થાન વિશુદ્ધ હોય છે. એના કરતાં ધ્યાનયોગનું જઘન્યસ્થાન વિશુદ્ધ હોય છે. એના કરતાં સમતાયોગનું જઘન્ય સ્થાન વિશુદ્ધ હોય છે. એમ, અધ્યાત્મયોગના

ઉત્કૃષ્ટસ્થાન કરતાં ભાવનાયોગનું ઉત્કૃષ્ટસ્થાન વિશુદ્ધ હોય છે. એ જ રીતે ધ્યાન અને સમતાયોગનાં ઉત્કૃષ્ટસ્થાન ઉત્તરોત્તર વિશુદ્ધ હોય છે.

પણ અધ્યાત્મના ઉત્કૃષ્ટ કરતાં ભાવનાનું જઘન્ય વિશુદ્ધ છે એવું નથી, પણ ઓછું વિશુદ્ધ છે. એટલે હકીકત એ છે કે, પહેલાં અધ્યાત્મયોગ શરુ થાય. પછી અભ્યાસ વધતાં ભાવનાયોગ પણ ચાલુ થાય. અને અધ્યાત્મ-ભાવના બન્ને પ્રકર્ષ તરફ વધતા જાય. પછી ધ્યાનયોગ આવે. હવેથી ત્રણે પ્રકર્ષ તરફ ચાલે. અને પછી સમતાયોગ આવે એટલે ચારે યોગો સાથે ચાલે. સમતાના પ્રકર્ષમાં ચારેનો પ્રકર્ષ હોય છે. અન્યત્ર ગ્રન્થમાં કૃષ્ણલેશ્યાના વિશુદ્ધસ્થાન કરતાં શુક્લલેશ્યાના જઘન્યસ્થાનને ઓછું વિશુદ્ધ હોવું જણાવ્યું છે. એમ પ્રસ્તુતમાં જાણવું. એટલે જ યોગવિંશિકા ગ્રંથની વૃત્તિમાં ક્ષપકશ્રેણિને માત્ર સમતાયોગના પ્રકર્ષથી ગર્ભિત આશયવિશેષરૂપે ન કહેતાં અધ્યાત્મ વગેરે બધા યોગના પ્રકર્ષથી ગર્ભિત આશયરૂપે કહેલી છે.

આમ આપણી લેખમાળાનો આ ૧૦૦મો લેખ પૂરો થયો ને સાથે સાથે અઢારમી યોગભેદદ્વાત્રિંશિકા પણ પૂર્ણ થઈ. આગામી લેખથી ઓગણીશમી યોગવિવેક દ્વાત્રિંશિકાની વિચારણાનો પ્રારંભ કરીશું.

❖ ❖ ❖

કોઈપણ પુદ્ગલની આસક્તિ જીવને
પરાધીન બનાવે છે.

## લેખાંક ૧૦૧

યોગના અધ્યાત્મ વગેરે ભેદોની વિચારણા અઢારમી યોગભેદ-બત્રીશીમાં જોઈ. હવે યોગના જ જુદી જુદી વિવક્ષાથી અવાંતર જુદા જુદા ભેદોને જણાવવા દ્વારા એનો વિવેક કરવાનો છે. એ આ ઓગણીશમી યોગવિવેકદ્વાત્રિંશિકામાં કરવામાં આવશે.

૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા શ્રીમાન્‌હરિભદ્રસૂરિ મહારાજે શ્રીયોગદષ્ટિસમુચ્ચયગ્રન્થમાં ઇચ્છાયોગ વગેરેનું નિરૂપણ કરેલું છે. એના આધારે ગ્રન્થકારે પ્રસ્તુત બત્રીશીની રચના કરી છે. આ યોગ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ (વચનયોગ) અને સામર્થ્યયોગ એમ ત્રણ પ્રકારે પણ છે એવું યોગના જાણકારો કહે છે. હા, એ નિર્દંભપણે કરાતો હોવો જોઈએ. એટલે કે એમાં સારા દેખાવું... વાહ વાહ... પ્રશંસા-પ્રભાવના વગેરે રૂપ, આત્મકલ્યાણ સિવાયનું કોઈપણ પ્રયોજન હોવું ન જોઈએ. જો એ હોય તો જે ચૈત્યવંદન વગેરે અનુષ્ઠાન કરાય છે તે 'યોગ' નથી, પણ યોગભાસ છે, એટલે એનો કયા અવાંતરભેદમાં સમાવેશ થાય ? એ વિચારવાનો પ્રશ્ન જ રહેતો નથી.

ઇચ્છાયોગ વગેરે ત્રણમાંથી સૌપ્રથમ ઇચ્છાયોગને જણાવે છે.

[૧]તેવા પ્રકારનો ક્ષયોપશમ ન હોવા છતાં નિર્દંભપણે જ કરવાની જેની ઇચ્છા છે, જેણે અર્થ એટલે કે [૨]આગમને સાંભળેલ છે, જે જ્ઞાની છે એટલે કે ચૈત્યવંદનાદિ જે અનુષ્ઠાન કરવાનું છે. તેનું વિધિ-કાળ વગેરેરૂપ સ્વરૂપ જેણે જાણેલું છે અને છતાં જે [૩]પ્રમાદી છે = વિકથા વગેરે પ્રમાદવાળો છે તેનો કાલાદિથી વિકલ = અધૂરો ચૈત્યવંદનાદિ [૪]વ્યાપારરૂપ યોગ ઇચ્છાયોગ કહેવાયેલ છે.

(૧) મોહનીયકર્મનો એવો ક્ષયોપશમ કે જે શાસ્ત્રયોગ કે સામર્થ્યયોગનો પ્રયોજક બને તેવો ક્ષયોપશમ નથી. તેમ છતાં, એટલો ક્ષયોપશમ તો છે જ કે જેથી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન કરવાની નિર્દંભ ઇચ્છા પ્રગટ થયેલી છે. ઇચ્છામાં કોઈ ભૌતિક અપેક્ષારૂપ ઉપાધિ ઘુસી ન જાય એ માટે મોહનીયનો ક્ષયોપશમ જરૂરી બને છે એ જાણવું. પ્રમાદના કારણે દરેક અંશમાં વિધિ વગેરેથી વિકલ એવા પણ અનુષ્ઠાનને યોગરૂપ બનાવનાર કોઈ હોય તો એ આ નિરુપાધિક ઇચ્છા છે. એટલે કે આ અનુષ્ઠાનને 'યોગ' બનાવવામાં સિંહફાળો આ ઇચ્છાનો છે. માટે આને ઇચ્છાયોગ કહેવાય છે. જેમ જેમ આ ઇચ્છા પ્રબળ થતી જાય છે તેમ તેમ ઇચ્છાની આ પ્રબળતા જ વિકથાદિ પ્રમાદને ઘટાડવા દ્વારા કાલાદિની વિકલતાને ઘટાડતી જાય છે ને તેથી ઇચ્છાયોગની કક્ષા સુધરતી જાય છે, જે સુધરતાં સુધરતાં કાળાન્તરે શાસ્ત્રયોગમાં પરિણમે છે.

(૨) આગમશાસ્ત્રને સાંભળેલ છે એટલે જ એના દ્વારા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનના કાળ-વિધિ વગેરેની જાણકારી મળેલી છે માટે જ્ઞાની પણ છે જ. આવો જ્ઞાની પણ જો પ્રમાદવશ વિધિવિકલ અનુષ્ઠાન કરે તો એ ઇચ્છાયોગ છે. આમાં રહેલો પણ શબ્દ એ સૂચવે છે કે જેણે આગમશાસ્ત્ર સાંભળ્યા નથી, અથવા સાંભળ્યા હોવા છતાં સમજણ ન પડવાથી બોધ થયો નથી, અથવા શ્રવણકાળે બોધ હોવા છતાં અનુષ્ઠાનકાળે સ્મૃતિ ન હોવાથી જાણકારી નથી, એવા જીવનું પણ પ્રમાદવશ થયેલ વિધિવિકલ અનુષ્ઠાન ઇચ્છાયોગ છે.

(૩) પ્રમાદી... વેળા-વિધિ વગેરેની વિકલતા જો પ્રમાદના કારણે હોય તો ઇચ્છાયોગ જાણવો...પણ સામગ્રીની જ વિકલતાના કારણે એ વિકલતા હોય તો ઇચ્છાયોગ નહીં, પણ શાસ્ત્રયોગ જાણવો. અર્થાત્ યથાશક્તિ કરાતું અનુષ્ઠાન શાસ્ત્રયોગ છે, એટલું

પણ જે કરાતું નથી... એટલું કરવામાં પણ પ્રમાદ સેવાતો હોય તો અનુષ્ઠાન ઈચ્છાયોગ જાણવું. પ્રમાદ વધતો જાય તો જીવ યોગભ્રંશ તરફ આગળ વધતો જાય છે, અને પ્રમાદ ઘટતો જાય તો જીવ શાસ્ત્રયોગ તરફ આગળ વધતો જાય છે.

(૪) ઈચ્છાની પ્રધાનતા હોવા છતાં, માત્ર ઈચ્છા હોવી એ યોગ નથી. કારણ કે 'મોક્ષનો હેતુભૂત વ્યાપાર એ યોગ' આવી વ્યાખ્યા હોવાથી ચૈત્યવંદનાદિ વ્યાપાર તો જોઈએ જ. તથા પ્રમાદની પરવશતા છે એટલે શાસ્ત્રમાં કહ્યા મુજબ ચૈત્યવંદનાદિ નથી થતું, પણ પોતાની જેવી જેટલી ઈચ્છા હોય એ મુજબ થાય છે. માટે પણ ઈચ્છાની પ્રધાનતા છે. એમાં પણ ઈચ્છા મુજબ વ્યાપાર તો જોઈએ જ.

**શંકા** - પ્રતિક્રમણ વગેરે રૂપ મુખ્ય અનુષ્ઠાન પ્રમાદયુક્ત હોય, પણ એમાંના એકાદ કાઉસ્સગ્ગ વગેરે રૂપ પેટા અનુષ્ઠાન બરાબર વિધિપૂર્વક કરવામાં આવેલ હોય તો એ પેટા અનુષ્ઠાન શાસ્ત્રયોગરૂપ બને ?

**સમાધાન** - આખું અનુષ્ઠાન જો ઈચ્છાયોગ છે તો એનું અવાંતર એકાદ અનુષ્ઠાન વિધિપૂર્ણ હોવા છતાં ઈચ્છાયોગ જ છે, શાસ્ત્રયોગ નથી. આમાં આવો આશય વિચારી શકાય છે કે

(૧) જે સામાન્યથી પ્રમાદવાળું જ અનુષ્ઠાન કરે છે એનો એવો જ ક્ષયોપશમ ઘડાય છે. એટલે એકાદ અંશ બાહ્ય પ્રયત્નથી સંપૂર્ણ વિધિપૂર્વક થાય તો પણ આંતરિક રીતે એ ઈચ્છાયોગપ્રાયોગ્ય ક્ષયોપશમથી જ જન્ય હોવાથી વસ્તુતઃ ઈચ્છાયોગ જ હોય છે.

**શંકા** - અંદર ઈચ્છાયોગ પ્રાયોગ્ય ક્ષયોપશમ જ હોય તો બહાર પ્રમાદશૂન્ય અનુષ્ઠાન થાય ? એ ક્ષયોપશમ પ્રમાદયુક્ત અનુષ્ઠાન જ ન કરાવે ?

**સમાધાન** - એ ક્ષયોપશમ તો એવું જ અનુષ્ઠાન કરાવવા મથે છે, પણ જીવ પોતાના પ્રયત્નપૂર્વક પ્રમાદને ટાળે છે ને તેથી એટલો અંશ પ્રમાદરહિત પણે થાય છે. જેમ અભવ્યાદિને તો ક્ષયોપશમ હોતો જ નથી, નકરો ઔદયિકભાવ જ હોય છે. છતાં પ્રયત્નપૂર્વક એ નિરતિચાર સંયમ સુદ્ધાં પાળે છે ને !

(૨) ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગદષ્ટિ-સમુચ્ચયગ્રન્થમાં પ્રારંભમાં શ્રી મહાવીરપ્રભુને **नत्वेच्छायोगतोऽयोगं...** ઈચ્છાયોગથી નમસ્કાર કરીને... એમ જણાવ્યું છે. નમસ્કાર તો એક અલ્પકાલીન અનુષ્ઠાન છે. ભવવિરહેચ્છુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા આટલું અનુષ્ઠાન તો પ્રમાદરહિતપણે વિધિપૂર્ણ કરી શકતા હતા, અને તેઓશ્રીએ એ પ્રમાણે કર્યું જ હશે... છતાં એ નમસ્કારનો 'શાસ્ત્રયોગ' તરીકે ઉલ્લેખ કરવામાં તેઓશ્રીને મૃષાવાદરૂપ અનૌચિત્ય ભાસે છે. એટલે તેઓશ્રી સ્પષ્ટપણે સૂચવી રહ્યા છે કે જો આખું અનુષ્ઠાન પ્રમાદરહિતપણે કરાતું નથી... તો અવાંતર કોઈક નાનું અનુષ્ઠાન પ્રમાદરહિતપણે કરાય તો પણ ઈચ્છાયોગ જ છે.

અહીં તેઓશ્રીના આખા અનુષ્ઠાન તરીકે શ્રીયોગદષ્ટિ-સમુચ્ચયગ્રન્થની રચનારૂપ અનુષ્ઠાન પણ લઈ શકાય છે કે તેઓશ્રીના સંયમજીવનને પણ લઈ શકાય છે. આ આખા અનુષ્ઠાનમાં પોતાના અનેક પ્રકારના પ્રમાદને નિહાળનારા તેઓશ્રીને ખ્યાલ હતો કે આખું અનુષ્ઠાન જો ઈચ્છાયોગ છે તો વીરપ્રભુને નમસ્કાર વગેરેરૂપ અવાંતર નાનું અનુષ્ઠાન પણ ઈચ્છાયોગ જ બને, શાસ્ત્રયોગ નહીં. માટે એનો 'શાસ્ત્રયોગ' તરીકે ઉલ્લેખ કરવો એ મૃષાવાદહોવાથી અનુચિત છે.

ઈચ્છાયોગ પછી હવે શાસ્ત્રયોગને વિચારીએ.

જે વિકથા-નિદ્રા-વિષય-કષાય વગેરે પ્રમાદથી રહિત અપ્રમત્ત છે, અમુક પ્રકારનો મોહ દૂર થયો હોવાથી જેની જિનપ્રવચનના

આસ્તિક્યરૂપ શ્રદ્ધા પ્રબળ છે અને તત્ત્વનો અવબોધ વિશદ છે, આવા સાધકે યથાશક્તિ કરેલું અનુષ્ઠાન એ શાસ્ત્રયોગ છે, કારણ કે એમાં કાલાદિથી અવિકલપણે શાસ્ત્રવચનનું આરાધન થયું હોય છે. ટૂંકમાં, શાસ્ત્રમાં કહેલ વિધિનું યથાશક્તિ પાલન કરવા પૂર્વક કરાતું અનુષ્ઠાન શાસ્ત્રયોગ છે. આચરણમાં શાસ્ત્રોક્ત વિધિ કરતાં અન્યથાત્વ (= જુદા પ્રકારનું આચરણ) છ રીતે આવે છે -

**(૧) અપવાદપદ** - સંવિગ્નગીતાર્થ, કૃતયોગી (= નિર્દોષતા જાળવવાનો જેણે પૂર્વ પ્રયત્ન કરી જોયો છે તે), પ્રબળકારણે વિધિ કરતાં અન્યથા આચરણ જયણાપૂર્વક કરે એ અપવાદ છે. એ પણ માર્ગરૂપ જ હોવાથી એમાં દોષ લાગતો નથી. કારણ ન હોય ત્યારે ઉત્સર્ગ અને કારણ હોય ત્યારે અપવાદ... આ બન્ને માર્ગરૂપ જ છે, અને માર્ગરૂપ છે માટે આરાધના જ છે, વિરાધના નથી. વિધિમાં પાંચ ટકા અન્યથાત્વ કરવાથી ચાલે એમ હોય તો દસ ટકા અન્યથાત્વ ન કરવું... દસ ટકા આવશ્યક હોય તો પંદર ટકા ન કરવું... આ બધું જયણા કહેવાય છે. છદ્મસ્થતાવશાત્ આના નિર્ણયમાં ઓછાવત્તાના કારણે જયણામાં ઓછા-વત્તાપણું આવે તો... તથા અવિધિ વગેરે છૂટની સૂગ ઊડી ન જાય એ માટે આપવાદિક આચરણાની આલોચના કરવામાં આવે છે. બાકી સંપૂર્ણ જયણાપાલન હોય તો વિરાધના કશી હોતી નથી. આ કલ્પિકા પ્રતિસેવના કહેવાય છે. (છતાં આલોચના તો કરવાની જ હોય, એ જાણવું.)

**(૨) અનાભોગ** - સામાન્યથી આખા અનુષ્ઠાન દરમ્યાન યથાયોગ્ય વિધિનો ઉપયોગ હોય ને તેને અનુસરીને જાળવણી હોય... છતાં વચ્ચે ક્યારેક અન્યત્ર ઉપયોગ ચાલી જવાથી વિધિનો ઉપયોગ ન રહે ને કંઈક અન્યથાત્વ આવી જાય તે અનાભોગથી આવેલું અન્યથાત્વ છે.

**(૩) સહસાત્કાર** - વિવક્ષિત અવસરે વિધિનો ઉપયોગ પણ

છે જ, છતાં પરિસ્થિતિવશાત્ કે તેવી પરિસ્થિતિમાં અનાદિ સંસ્કારવશાત્ કંઈક અન્યથાત્વ આવે જેને વારવાની શક્યતા ન હોય તે સહસાત્કારથી આવેલું અન્યથાત્વ છે. ટૂંકમાં ઉપયોગ હોવા છતાં અચાનક-એકદમ થઈ જતું અન્યથાત્વ એ સહસાત્કાર પ્રયુક્ત કહેવાય.

કોઈપણ પ્રતિજ્ઞામાં અનાભોગ અને સહસાત્કાર આ બન્ને આગાર હોય જ છે. એટલે આ બેના કારણે જે અન્યથાત્વ આવે તેની આગારરૂપે છૂટ હોય છે, માટે એ પણ દોષકર નીવડતું નથી. છતાં જો કાળજી જતી રહે કે એનો પશ્ચાત્તાપ ન થાય તો એ પ્રમાદ-ઉપેક્ષા-બેદરકારીનું કારણ બને છે.

માટે એમાં પણ પશ્ચાત્તાપ રાખવો અને પાછળથી શક્ય કાળજી રાખવી.

(૪) **પ્રમાદ** - સામાન્યથી વિધિજાળવણીની ઈચ્છા હોય. વિધિનો ઉપયોગ પણ હોય, તે વિધિ પાલનની શક્યતા પણ હોય, છતાં વિષય-કષાય-વિકથા-આળસ વગેરે રૂપ પ્રમાદવશાત્ કંઈક અન્યથાત્વ કરે તે પ્રમાદજન્ય જાણવું. આમાં જેવો ખ્યાલ આવે કે આ પ્રમાદ સેવી રહ્યો છું ને અવિધિ કરી રહ્યો છું... એટલે તરત પ્રમાદથી હઠી વિધિપાલન ચાલુ કરી દેવું જોઈએ. તથા પ્રમાદવશાત્ જે અવિધિ થઈ એનો પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કરવા જોઈએ. નહીંતર દર્પમાં જાય. પ્રમાદ વધતો રહે તો ક્રમશઃ દર્પ-આકુટ્ટિ બનવાની સંભાવના રહે.

(૫) **દર્પ** - વિધિપાલનનો માથે ભાર જ ન રાખે... વિધિ પાળી તો પણ શું ને ન પાળી તો પણ શું ? બધું સરખું... મનમાં આવે ત્યારે ને આવે એટલું પાળે... બાકી બધી ગરબડ... આ દર્પજન્ય અન્યથાત્વ છે. આને દર્પિકા પ્રતિસેવના કહેવાય છે.

(૬) **આકુટ્ટિ** - ઉંધો-વિપરીત પરિણામ એ આકુટ્ટિ છે. "તમે

વિધિપાલનનો આગ્રહ રાખો છો ? જાવ હું તો ઉંધું જ કરવાનો... અવિધિ જ કરવાનો... મને શું થવાનું છે ?" આવા બધા વિપરીત પરિણામથી જે અન્યથાત્વ કરે તે આકુટ્ટિજન્ય જાણવું.

આમાંથી દર્પ અને આકુટ્ટિજન્ય અવિધિદોષ સાનુબન્ધ હોય છે. (એ પણ પાછળથી તીવ્ર પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કરવાથી નિરનુબન્ધ બને છે અને નષ્ટ પણ થઈ શકે છે તે જાણવું.) પણ એ ન કરવામાં આવે તો અવિધિદોષ સાનુબંધ હોવાથી ઉત્તરોત્તર વધતો જાય છે. એટલે શાસ્ત્રયોગ તરફ આગળ વધવાની તો કોઈ સંભાવના હોતી નથી. ઇચ્છાયોગ તો એ છે જેને વારંવાર સેવવાથી જીવ શાસ્ત્રયોગ તરફ આગળ વધતો જાય. માટે દર્પ કે આકુટ્ટિથી થયેલ અનુષ્ઠાન એ ઇચ્છાયોગ પણ નથી.

સામાન્યથી હંમેશા શાસ્ત્રવિહિત અનુષ્ઠાન કરનાર (અર્થાત્ શાસ્ત્રયોગ જાળવનાર) સાધક પ્રબળ કારણે જયણાપૂર્વક જે અપવાદ સેવે છે તે અપવાદપદે શાસ્ત્રવિહિત જ હોવાથી અથવા તેવી કારણિક અવસ્થામાં યથાશક્તિ જ હોવાથી શાસ્ત્રયોગ જ છે, ઇચ્છાયોગ નથી. વળી જે અન્યથાત્વ છે તે પ્રમાદજન્ય ન હોવાથી પણ એ ઇચ્છાયોગ નથી. એ જ રીતે અનાભોગ અને સહસાત્કારમાં પણ એ પ્રમાદજન્ય ન હોવાથી અનુષ્ઠાન 'ઇચ્છાયોગ' નથી. આ બન્ને આગારરૂપે સર્વત્ર હોવાથી પચ્ચક્ખાણની જેમ અનુષ્ઠાન પણ અભંગ રહેતું હોવાથી 'શાસ્ત્રયોગ' બનવામાં કશો વાંધો નથી.

**શંકા** - શાસ્ત્રોક્ત વિધિ જાળવવાની શક્તિ હોવા છતાં વિધિ જળવાતી નથી... તો એને શાસ્ત્રયોગ કેમ કહેવાય ?

**સમાધાન** - તમારી વાત સાચી છે. છતાં અનાભોગ-સહસાત્કારને ટાળવાની શક્તિ નથી. એટલે એના પ્રભાવે જે-જેવું થઈ રહ્યું છે એ પણ યથાશક્તિ બનવાથી શાસ્ત્રયોગ હોવામાં કશો વાંધો નથી.

એટલે નિશ્ચિત થાય છે કે જો અન્યથાત્વ (= અવિધિ) પ્રમાદજન્ય હોય તો જ અનુષ્ઠાન 'ઇચ્છાયોગ' રૂપ બને છે.

**શંકા** - વિધિપાલનની શક્તિ હોવા છતાં અવિધિ કરે તો એ અનુષ્ટાનથી લાભ શી રીતે થાય ? અને લાભ ન થતો હોય તો એને 'યોગ' કેમ કહેવાય ?

**સમાધાન** - શાસ્ત્રોક્ત વિધિના પાલનની નિર્દંભ ઇચ્છા છે. આ એક પ્રકારનો વિધિપક્ષપાત છે - વિધિ બહુમાન છે - વિધિરસિકતા છે. આના કારણે અવિધિદોષ નિરનુબંધ બને છે. આ નિર્દંભ ઇચ્છા (વિધિ બહુમાન) જ વસ્તુતઃ સદનુષ્ઠાનરાગ કે 'આ અનુષ્ઠાન જિનોક્ત છે' એવી સદ્ભક્તિરૂપે પરિણમે છે. અને એના પ્રભાવે જેમ જેમ અનુષ્ઠાન (ભલે અવિધિવાળું) ફરી ફરી કરાય છે તેમ તેમ અવિધિદોષ દૂર થતો જાય છે ને કાળાન્તરે અવિધિદોષ સર્વથા નાબુદ થઇ જાય છે, જીવ શાસ્ત્રયોગ પામે છે.

અનુષ્ઠાનનો એકાદ અંશ વિધિપૂર્વક કરવો એ અલગ વાત છે. ને આખું અનુષ્ઠાન વિધિપૂર્વક કરવું એ અલગ વાત છે. એમાં પણ દરેક વખતે વિધિપૂર્વક કરવું એ તો ઘણી વિશેષતાઓ માગે છે. આ વિશેષતા એટલે ઝળહળતી શ્રદ્ધા અને પટુતર તત્ત્વબોધ. તે તે અનુષ્ઠાનની ઝીણી ઝીણી વિધિઓની પણ જાણકારી... આ વિધિઓના પાલનથી થતો લાભ... અવિધિના નુકશાન... આ બધાની જાણકારી એ પટુતર તત્ત્વબોધ છે. માત્ર આ જાણકારીથી પણ કામ પતી જતું નથી. જાણકારી હોવા છતાં દૃઢ શ્રદ્ધા ન હોય તો અવિધિ ન પણ ટાળે. દરેક વખતે એ ટાળવાનું તો જ થાય જો શ્રદ્ધા ઝળહળતી હોય, માટે આ બન્ને જોઈએ. તો જ શાસ્ત્રમાં કહેલ અર્થની = વિધિ વગેરેની અખંડ આરાધના થાય છે.

**શંકા** - જેઓ શાસ્ત્રયોગ પામી ચૂક્યા છે, અર્થાત્ જેઓને

સ્થાનઃ
શેઠ હઠીસિંહ ... અમદાવાદ.
શાસ્ત્રયોગજનક ક્ષયોપશમ પ્રગટી ચૂક્યો છે. તેઓ પાછળથી જો પ્રમાદ કરે તો ઇચ્છાયોગ થાય કે શાસ્ત્રયોગ ?

**સમાધાન** - ઇચ્છાયોગની વ્યાખ્યામાં જ્ઞાનિનોઽપિ... જે પદ છે એના અર્થમાં અનુભવજ્ઞાન પણ લઇ લેવાનું છે. એટલે કે પૂર્વે અનુભવ કર્યો હોવા છતાં પાછળથી જે પ્રમાદ કરે છે એને પણ ઇચ્છાયોગ જ છે. એટલે ૧૪ પૂર્વધરને પહેલાં શાસ્ત્રયોગ હોય. પણ પ્રમાદ આવી જાય તો ઇચ્છાયોગમાં આવી જાય. એટલે જ્ઞાની-શ્રુતશાસ્ત્ર-કાલાદિની વિકલતા... આ બધું ગૌણ છે, પ્રમાદ જ મુખ્ય છે જે અનુષ્ઠાનને ઇચ્છાયોગ બનાવે છે. એટલે પૃથ્વીચન્દ્ર-ગુણસાગરને બાહ્ય વિકળતા હોવા છતાં ઇચ્છાયોગ નહોતો, સામર્થ્યયોગ-કેવલજ્ઞાન થયા.

પ્રભુવીર પ્રથમ વિહાર કરી અસ્થિકગ્રામે પહોંચ્યા ત્યારે દિવસ એક પ્રહર નહીં, પણ બે ઘડી બાકી હતો. તો આ વિહાર એ ઇચ્છાયોગ કે શાસ્ત્રયોગ ? એમ આચાર્ય ધર્મકથામાં વ્યાપૃત હોય ને તેથી પ્રતિક્રમણ મોડું થાય તો ઇચ્છાયોગ કે શાસ્ત્રયોગ ? કારણકે પ્રમાદ નથી, તો ઇચ્છાયોગ શી રીતે ? ને કાલાદિની વિકલતા છે તો શાસ્ત્રયોગ શી રીતે ? આનો જવાબ છે કે ઇચ્છાયોગ તો નથી જ, કારણકે પ્રમાદ નથી, તેથી એ શાસ્ત્રયોગ જ છે. એની વ્યાખ્યામાં 'યથાશક્તિ' પદ જે રહેલ છે એનો અર્થ જેમ શક્તિનો અનતિક્રમ લેવાનો છે એમ સંયોગનો અનતિક્રમ પણ લેવાનો છે. પ્રમાદ-ઉપેક્ષાથી વિકલતા આવે તો જ ઇચ્છાયોગ જાણવો.

**શંકા** - ગ્રંથમાં તો અખંડઅર્થની આરાધનાથી... એટલે કે અનુષ્ઠાનની સંપૂર્ણ આરાધનાથી શાસ્ત્રયોગ કહ્યો છે. પછી વિકલ = અધુરા અનુષ્ઠાનને શાસ્ત્રયોગ કેમ કહેવાય ?

**સમાધાન** - વર્ણન કરવાનું હોય ત્યારે રાજમાર્ગનું વર્ણન કરાય છે. નાની ગલીઓ - ખૂણાં-ખાંચાંનું નહીં. એમ વર્ણન હંમેશા

ઉત્કૃષ્ટ અનુષ્ઠાનનું = આદર્શભૂત અનુષ્ઠાનનું કરાતું હોય છે. એટલે આવા વર્ણન પરથી એ સમજવાનું હોય છે કે શાસ્ત્રયોગમાં આટલો પ્રકર્ષ આવી શકે છે.

શાસ્ત્રયોગમાં 'યથાશક્તિ' કહ્યું છે એટલે જેમ શક્તિને ગોપવવાની નથી એમ શક્તિનું ઉલ્લંઘન પણ કરવાનું નથી. નહીંતર, લાંબા સાથે ટૂંકો જાય મરે નહીં તો માંદો થાય... એ ન્યાયે, શક્તિથી વધારે કરવા જવામાં પોતાનું નિયંત્રણ ન રહેવાથી વિધિપાલનની ઇચ્છા હોવા છતાં શક્તિને અનુરૂપ વિધિપાલન પણ થઇ શકતું નથી. તો શાસ્ત્રયોગ તો શી રીતે થાય ? એટલે જ અપવાદપદે અપવાદને જ માર્ગ કહેલ છે, ઉત્સર્ગને નહીં. સિંહગુફાવાસી મુનિનું વેશ્યાવાસમાં વર્ષાવાસ કરવાનું સામર્થ્ય નહોતું, ને છતાં સ્થૂલિભદ્રજીનો ચાળો કરવા ગયા તો પતનની નોબત આવી. શિવભૂતિમાં વસ્ત્રલબ્ધિ કે કરપાત્રલબ્ધિ ન હોવા છતાં વસ્ત્ર-પાત્રને છોડી દઈ જિનકલ્પનો ચાળો કરવા ગયા તો નિહ્નવ બન્યા... ને દિગંબર પંથ નવો ઊભો થયો.

અસંગઅનુષ્ઠાનવાળાએ ભિક્ષાટનાદિ અનુષ્ઠાનકાળે શાસ્ત્રવચનોને અનુસરવાનું હોતું નથી, તેમ છતાં ચંદનગંધન્યાયે શાસ્ત્રવિહિત અનુષ્ઠાનો જ આત્મસાત્ થયા હોવાથી સહજ રીતે શાસ્ત્રવિહિત અનુષ્ઠાન જ થયા કરતું હોવાના કારણે એ શાસ્ત્રયોગ જ હોય છે એ જાણવું. વળી પ્રમાદ નથી, માટે ઇચ્છાયોગ નથી. એમ હજુ અપૂર્વ સામર્થ્ય પ્રગટ્યું નથી, કારણકે ક્ષપકશ્રેણિ નથી, તેથી સામર્થ્યયોગ પણ નથી, માટે પણ પારિશેષન્યાયે એ શાસ્ત્રયોગ જ જાણવો.

આમ, શાસ્ત્રયોગની વાત જોઈ. હવે સામર્થ્યયોગની વાત વિચારવાની છે. એ આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૦૨

યોગના ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ... એમ ત્રણ પ્રકારમાંથી પ્રથમ બે ઈચ્છાયોગ-શાસ્ત્રયોગની વાત ગયા લેખમાં જોઈ. હવે આ લેખમાં સામર્થ્યયોગને વિચારીએ.

શાસ્ત્રો સામાન્યથી ચરમફળ = મોક્ષ પર્યંત ઉપદેશ આપનારા હોય છે. એટલે કે અંતિમ ફળ મોક્ષના ઉપાયને પણ સામાન્યથી જણાવનારા છે. છતાં એ માત્ર દ્વારનો બોધ હોય છે, વિશેષ હેતુનું તો માત્ર દિક્પ્રદર્શન હોય છે. કારણકે એ હેતુ શક્તિની પ્રબળતાએ પ્રગટ થતો હોવાથી એનો વિષય શાસ્ત્રથી પર હોય છે.

આશય એ છે કે 'આ દ્વાર છે, એમાંથી આ દિશામાં ચાલ્યા જાઓ... એટલે તમારા ગંતવ્ય સ્થળે પહોંચી જશો.' આ રીતનો ઉપદેશ એ દ્વારના બોધદ્વારા દિક્પ્રદર્શન કર્યું કહેવાય. શાસ્ત્રો મોક્ષના ઉપાયોનું આ રીતે વર્ણન કરે છે. ચૈત્યવંદન વગેરે તે તે અનુષ્ઠાન અમુક સમયે કરવું... અમુક વિધિથી કરવું... વગેરે શાસ્ત્રો દર્શાવે છે. અવિકલપણે એ રીતે કરનાર શાસ્ત્રયોગ પામે છે. આને દ્વાર કહી શકાય. શાસ્ત્રો કહે છે કે આને પુનઃ પુનઃ સાધવાથી સામર્થ્યયોગ દ્વારા મોક્ષ મળશે. આ દિક્પ્રદર્શન છે.

શાસ્ત્રયોગને ફરી ફરી આદરવાથી આત્માના શક્તિ-સામર્થ્ય-ક્ષયોપશમ વધતા જાય છે. એ વધતાં વધતાં એટલા વધે છે કે હવે સામર્થ્યનો વિસ્ફોટ થાય છે. સામાન્યથી દેશવિરતિ-સર્વવિરતિ (સ્થવિરકલ્પ-જિનકલ્પ) વગેરે ભૂમિકામાં રહેલા જીવો અપ્રમત્તપણે તે તે અનુષ્ઠાનને જે રીતે કરી શકે એ રીતનું વર્ણન શાસ્ત્રો કરે છે. અર્થાત્ એ તેઓની શક્તિને અનુરૂપ અનુષ્ઠાનનું વર્ણન હોય છે. પણ શક્તિ જ્યારે ખૂબ વધી ગઈ છે ત્યારે પણ એ રીતે જ અનુષ્ઠાન

કરવામાં તો શક્તિ ગોપવાતી હોવાથી એ શાસ્ત્રયોગ પણ ન રહે. એટલે એ વખતે તો એ પ્રચંડ શક્તિને અનુરૂપ અનુષ્ઠાન જોઈએ. કેવું અનુષ્ઠાન એ પ્રચંડશક્તિને અનુરૂપ બને એ સર્વજ્ઞભગવંતો હસ્તામલકવત્ જાણતા હોવા છતાં, એ પ્રચંડશક્તિ પ્રગટીકરણની પૂર્વભૂમિકામાં રહેલા છદ્મસ્થોની એ સમજી શકવાની ભૂમિકા ન હોવાથી એનું શાસ્ત્રોમાં વર્ણન થતું નથી. માટે એ વાણીનો વિષય નથી. માટે એ શાસ્ત્રાતીત છે.

આ જ વાતને બીજી રીતે સમજીએ. સિદ્ધિનાં બધાં જ કારણો બધી રીતે શાસ્ત્રથી જ જો જણાઇ જતાં હોય તો શ્રોતા જીવ એના શ્રવણમાત્રથી સર્વજ્ઞ બની જાય. આ વાતને સિદ્ધ કરવા ગ્રન્થકારે ત્રણ હેતુઓ આપ્યા છે. (૧) સિદ્ધિનાં સર્વ કારણોનું જ્ઞાન થાય એટલે સર્વજ્ઞતાની સિદ્ધિ કરી આપનાર ઉત્કૃષ્ટકારણનું જ્ઞાન પણ થઈ જ ગયું હોય. વળી એ થાય એટલે (૨) સ્વરૂપ આચરણ (રમણતા) રૂપ ચારિત્ર પ્રાપ્ત થવામાં પણ કોઈ વિલંબ ન રહે અને (૩) સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન સર્વજ્ઞતાને વ્યાપ્ય છે.

આમાં આશય એ છે કે શાસ્ત્રયોગને સાધનાર તીવ્રશ્રદ્ધાવાળો હોય છે. એ આવી ગયું છે. વળી વિશિષ્ટ અપ્રમત્તતા વગર શાસ્ત્રયોગનું સાતત્યપૂર્ણ આચરણ શક્ય નથી. એટલે કે એ વિધિ-વિધાનને સાધી લેવા અત્યંત ઉલ્લસિત-અપ્રમત્ત હોય છે. વળી સિદ્ધિપદનો અભિલાષુક તો છે જ. એટલે આવા જીવને તો શાસ્ત્રમાંથી જ સિદ્ધિનાં બધા કારણો જો જણાઈ જાય તો એ જીવ એ કારણોને અજમાવ્યા વગર રહે જ નહીં ને ! જો સર્વજ્ઞતાને સાધવાનો અમુક અંશ પણ અજ્ઞાત રહેતો હોય તો એ દૃષ્ટિએ એ ઉપાયમાં શાસ્ત્રાતીતત્વ આવી જ ગયું. અને જો કોઇ જ અંશ અજ્ઞાત ન રહેતો હોય તો બધા જ અંશોને સેવી લેવાથી સર્વજ્ઞતા આવવી જ જોઈએ.

સિદ્ધિના સર્વહેતુઓનું સર્વથા જ્ઞાન ત્યારે થયું કહેવાય કે

જ્યારે સર્વજ્ઞતાની સિદ્ધિને બીજી જ ક્ષણે કરી આપે એવા ઉત્કૃષ્ટ હેતુનું = એવા નિર્મળતમ અધ્યવસાયનું અનુભવાત્મક સંવેદન પણ થઇ જાય. હવે આ જો થઇ જાય તો બીજી ક્ષણે કેવળજ્ઞાન થવું જ જોઈએ.

વળી આ જ્ઞાન તત્ત્વસંવેદનાત્મક હોવું પણ જરૂરી છે. તેથી એ તદનુરૂપ સ્વરૂપરમણતાસ્વરૂપ ચારિત્રને પણ ખેંચી જ લાવે, એટલે કે એ ચારિત્રને પણ વિલંબ ન હોવાથી સર્વજ્ઞતા કેમ ન આવે? વળી, જ્યાં જ્યાં સિદ્ધિના સર્વઉપાયનું સર્વથા જ્ઞાન હોય ત્યાં ત્યાં સર્વજ્ઞતા હોય એવી વ્યાપ્તિ હોવાથી પણ જો શાસ્ત્રશ્રવણથી જ સર્વઉપાયજ્ઞાન થઈ જતું હોય તો સર્વજ્ઞતા પણ થવી જ જોઈએ. પણ એ થતી નથી. માટે જણાય છે કે શાસ્ત્રશ્રવણથી સર્વ ઉપાયોનું જ્ઞાન શક્ય નથી. એટલે જ સામર્થ્યયોગ નામના ઉપાયનું જ્ઞાન પણ શક્ય નથી, અર્થાત્ એ શાસ્ત્રાતિક્રાન્તગોચર છે.

**પ્રશ્ન :** આજ સુધીમાં અનંતાજીવો સર્વજ્ઞ બની ચૂક્યા છે. વળી સર્વજ્ઞતાનો અમોઘ ઉપાય સામર્થ્યયોગ છે. એટલે એ જીવોએ એ ઉપાય અજમાવ્યો જ હોવો જોઈએ. ઉપાય તો, તો જ અજમાવી શકાય જો એનો બોધ હોય. વળી આ બોધ શાસ્ત્રજ્ઞાનથી તો થતો નથી. તો શેનાથી થાય છે ?

**ઉત્તર :** આ સામર્થ્ય નામના યોગનો બોધ પ્રાતિભજ્ઞાનથી થાય છે. સર્વજ્ઞતાના કારણભૂત આ યોગ માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહનો જ વિષય છે, પણ વાણીનો વિષય નથી, કારણ કે ક્ષપકશ્રેણિ અંતર્ગત આ ધર્મવ્યાપાર માત્ર સ્વાનુભવથી જ વેદ્ય (= અનુભવવાનો = સંવેદવાનો વિષય) છે.

કહેવાનો ભાવ એ છે કે - શાસ્ત્રયોગના ફરી ફરી અભ્યાસથી જીવની પ્રતિભા ખીલતી જાય છે. કોઈપણ ક્ષેત્રમાં ફરી ફરી ઉચિત પ્રયત્ન કરવાથી તે તે ક્ષેત્રની પ્રતિભા ખીલતી જાય છે. આ પ્રતિભા

ઊભી થાય એટલે તે તે ક્ષેત્રનો સામર્થ્યયોગ આવે છે. શાસ્ત્રોના શબ્દોપરથી વસ્તુની જે પરખ આવે એના કરતાં પોતાની સમુચિત પ્રતિભાથી જે પરખ આવે તે વધારે સ્પષ્ટ-વિશદ હોય છે. ન્યાયાધીશ અને વકીલને પુસ્તકો પરથી મળેલું જ્ઞાન સરખું હોવા છતાં ન્યાયાધીશનું સ્થાન ઊંચું કેમ ? કારણકે પોતાની પ્રતિભા ભળે છે. માટે આચાર્યના ગુણોમાં પ્રતિભાસંપન્નતા પણ ગણાવેલી છે. આચાર્ય-રાજા-મંત્રી વગેરે આ બધા પ્રતિભાયુક્તવ્યક્તિ માટેના સ્થાનો છે. પ્રતિભાથી જ નિર્ણય લેવાના હોય - દરેક વખતે 'શાસ્ત્રો શું કહે છે ?' એ જ જોવા બેસવામાં વાસ્તવિક નિર્ણય ન પણ આવે.

આગમવ્યવહારીને પણ શાસ્ત્રો માત્ર દિગ્ પ્રદર્શક હોય છે. એમને શાસ્ત્રોનું નિયંત્રણ હોતું નથી. એટલે એમના નિર્ણયો શાસ્ત્રાતિક્રાન્તગોચર કહેવાય. એ નિર્ણયને અનુસરીને કરેલ અનુષ્ઠાન વ્યવહારથી શાસ્ત્રયોગ કહેવાય. ગૌણરૂપે સામર્થ્યયોગ પણ કહેવાય. છતાં એ, પ્રસ્તુત જે સામર્થ્યયોગ છે તે નથી.

શાસ્ત્રયોગના ફરી ફરી અભ્યાસવશ જેમ પ્રતિભા ખીલતી જાય છે, એમ, ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ વધતો જાય છે. એ વધતાં વધતાં એવો વધે છે કે જેથી પછી જીવ ક્ષપકશ્રેણિ માંડે છે. એના પ્રભાવે અધ્યવસાયોની થયેલી અત્યંત નિર્મળતા જ્ઞાનાવરણીય કર્મનો અત્યંત પ્રબળ ક્ષયોપશમ કરી આપે છે જેના પ્રભાવે જીવને માર્ગાનુસારી એવો પ્રકૃષ્ટ ઊહ પ્રાપ્ત થાય છે. આ પ્રકૃષ્ટઊહ જ પ્રાતિભજ્ઞાન છે. સામર્થ્યયોગ આ જ્ઞાનનો વિષય છે. એટલે એનાથી સામર્થ્યયોગની જાણકારી મેળવી જીવ એમાં પ્રવર્તે છે ને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ સામર્થ્યયોગ વાણીનો વિષય નથી એ વાતને સમજીએ.

- સ્વગત-કે અન્યગત મનના અભિપ્રાયને જાણવા કે જણાવવા માટે વચન-વ્યવહાર હોય છે... જ્યાં આવું પ્રયોજન ન હોય એવા

વચનપ્રયોગો એ બકવાસરૂપ છે ને એ શિષ્ટ પુરુષોને સંભવતા નથી.

- એટલે, વચનવ્યવહાર છદ્મસ્થ-છદ્મસ્થ વચ્ચે, છદ્મસ્થ-કેવલી વચ્ચે અને કેવલી-છદ્મસ્થ વચ્ચે હોય શકે છે, પણ કેવલી-કેવલી વચ્ચે હોવો સંભવતો નથી... કારણ કે શ્રોતા અને વક્તા બન્ને કેવલી હોવાથી બન્ને બધું જ જાણે છે... કશું અજ્ઞાત છે જ નહીં જેને જણાવવા વચનવ્યવહાર આવશ્યક બને... અને કેવલી ભગવંત તો મહાશિષ્ટ પુરુષો છે... બકવાસની તો ગંધ સુધ્ધાં સંભવતી નથી જ.

- સંકેત જાણવા-જણાવવા માટે જ જે વચનપ્રયોગ થાય છે એમાં વક્તા-શ્રોતા બેમાંથી એક સંકેતનો જાણકાર હોય છે અને બીજો અજાણ હોય છે... જેમકે બાળક બાપને પૂછે છે - આ સામા પદાર્થને શું કહેવાય ? આમાં વક્તા બાળક અજાણ છે ને શ્રોતા બાપ જાણકાર છે. પછી બાપ જવાબ આપે કે 'આ સામા પદાર્થને 'ઘટ' કહેવાય.' ત્યારે વક્તા જાણકાર છે ને શ્રોતા અજાણ છે ને હવે જાણકાર બને છે. સંકેતને જાણવા-જણાવવા માટેના આ વચનપ્રયોગો સિવાયના તો બધા વચનપ્રયોગો માટે શ્રોતા અને વક્તા બન્ને સંકેતના જાણકાર જોઈએ... અન્યથા બોધ થાય નહીં.

- જ્યારે સંકેત કરવામાં આવે છે, ત્યારે જે સંકેત કરી રહ્યો છે તેને આપણે સંકેત કરનાર કહીશું... અને જે સંકેતનું ગ્રહણ કરનાર છે એને આપણે સંકેત ઝીલનાર કહીશું... આમાંથી જે સંકેત કરનાર હોય છે એ વાચ્યાર્થનો વિવક્ષિતપદવાચ્યત્વેન પણ જાણકાર હોય છે ને એ સિવાય અન્ય રીતે પણ જાણકાર હોય છે. જે સંકેત ઝીલનાર છે એ વાચ્યાર્થનો અન્ય રીતે જાણકાર હોય છે (અથવા પહેલાં કલ્પના આપવા વગેરે દ્વારા એને જાણકાર બનાવવો પડે છે) પણ વિવક્ષિતપદવાચ્યત્વેન (= આ પદાર્થ આ વિવક્ષિત પદથી વાચ્ય છે = ઉલ્લેખ પામનાર છે, એ રીતે) જાણકાર હોતો નથી.

(એનો, સંકેત ઝીલવા પર એ જાણકાર બનવાનો છે.) જેમકે સંકેત કરનાર વાચ્યાર્થ ઘટનો કંબુગ્રીવાદિમત્ત્વેન ચાક્ષુષ પ્રત્યક્ષાદિથી જાણકાર છે અને ઘટપદવાચ્યત્વેન પણ (પોતે જ્યારે સૌપ્રથમ સંકેત અન્ય પાસેથી ઝીલ્યો હતો ત્યારથી) જાણકાર છે. સંકેત ઝીલનારો પણ ચાક્ષુષપ્રત્યક્ષાદિથી વાચ્યાર્થ ઘટનો જાણકાર છે, ક્યારેક ચાક્ષુષાદિ પ્રત્યક્ષ ન હોય, ત્યારે 'જેની પહોળી બેઠક હોય.. મોટું પેટ હોય.. ઉપર કાંઠો હોય...' વગેરે રૂપે એને કલ્પના આપીને જાણકાર બનાવાતો હોય છે... પણ આમ સંકેત કરતાં પૂર્વે એ વાચ્યાર્થનો જાણકાર બનેલો હોવો જ જોઈએ... તો જ સંકેતને એ સમજી શકે છે. અને ઘટપદવાચ્યત્વેન વાચ્યાર્થનો એ જાણકાર નથી... પણ સંકેત દ્વારા જાણકાર બનવાનો છે. પરમાણુ જેવા અતીન્દ્રિય પદાર્થનો સંકેત કરવાનો હોય ત્યારે પણ... પ્રથમ પરમાણુની કલ્પના તો આપવી જ પડે છે... જેમકે-ઘટ-કપાલ-કપાલિકા-ઠીકરી-નાની ઠીકરી-એનાથી પણ નાની ઠીકરી... આમ વિભાગ કરતાં કરતાં જે અવયવધારા મળે છે એ ક્યાંક અટકે છે... અર્થાત્ આ અવયવધારામાં છેલ્લે એવું દ્રવ્ય આવે છે જે અવિભાજ્ય (નિરવયવ) હોય છે. આ રીતે વાચ્યાર્થને સંકેત ઝીલનારની બુદ્ધિમાં નિરવયવરૂપે ઉપસ્થિત કરવામાં આવે છે ને પછી એનો સંકેત થાય છે કે આવું નિરવયવદ્રવ્ય છે એને 'પરમાણુ' કહેવાય છે. એટલે નિશ્ચિત થયું કે સંકેત ઝીલનારને પણ વાચ્યાર્થની કોઇક ને કોઈક રીતે જાણકારી હોવી જ જોઈએ.

સામર્થ્યયોગ એક એવી પ્રક્રિયા છે જેની, 'ક્ષપકશ્રેણિમાં થતી આ એક સ્વાનુભવવેદ્ય ચોક્કસ પ્રકારની પ્રક્રિયા છે.' આવી બધી અત્યંત સામાન્ય જાણકારી સિવાય વિશેષરૂપે કોઇ જાણકારી છદ્મસ્થોને આપી શકાતી નથી. એટલે વિશેષ પ્રક્રિયાનો સંકેત ન થઈ શકતો હોવાથી એ વાણીનો વિષય નથી માટે સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાન્તગોચર છે.

છતાં ક્ષપકશ્રેણિમાં થયેલા અધ્યવસાયોના નિમિત્તના પ્રભાવે જ્ઞાનાવરણીય કર્મનો પ્રબળ ક્ષયોપશમ થાય છે જેના પ્રભાવે અ-પૂર્વધરને ૧૪ પૂર્વના સૂત્રનો બોધ ન હોવા છતાં અર્થબોધ થઈ જાય છે. જ્યારે નિર્મળતા હજુ આગળ વધે છે ત્યારે, ક્ષપકશ્રેણિ વિનાના ઉત્કૃષ્ટ શ્રુતકેવલીને પણ જે અર્થોનો બોધ થયો હોતો નથી (એનો અર્થ જ કે એ અર્થોનો બોધ શાસ્ત્રવચનો પરથી શક્ય હોતો નથી) એવા અર્થોનો બોધ સ્ફુરવા માંડે છે. આ માર્ગાનુસારી અપૂર્વ-ઉત્કૃષ્ટ ઊહ છે. આ પ્રાતિભજ્ઞાન છે જે સામર્થ્યયોગરૂપ ઉત્કૃષ્ટ હેતુને જણાવે છે.

**પ્રશ્ન :** આ પ્રાતિભજ્ઞાન એ શ્રુતજ્ઞાન છે કે તદ્ભિન્ન કોઈ જ્ઞાન છે ? જો એને શ્રુતજ્ઞાન કહેશો તો એનો વિષય શાસ્ત્રાતિક્રાન્ત છે એમ શી રીતે કહેવાય ? કારણકે જે શ્રુતજ્ઞાનાત્મક હોય તે શાસ્ત્રપરથી થયેલા બોધરૂપ હોય છે. અને જો એ શ્રુતજ્ઞાનરૂપ નથી, તો જ્ઞાનના પાંચના બદલે છ ભેદ માનીને આને છઠ્ઠા જ્ઞાનરૂપ માનવું પડશે, કારણકે એ મતિજ્ઞાન-અવધિજ્ઞાન વગેરે રૂપ તો નથી.

**ઉત્તર :** આ પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવા પૂર્વે થયેલા અરુણોદય સમાન છે. આ જ વાતને ભાવિત કરે છે - અરુણોદય જેમ રાત્રી અને દિવસથી પૃથગ્ છે અને પૃથગ્ નથી એમ આ પ્રાતિભજ્ઞાન પણ શ્રુતજ્ઞાનથી અને કેવલજ્ઞાનથી પૃથગ્ છે અને પૃથગ્ નથી એ વાત ભાવિત કરવી.

**વિવેચન :** અરુણોદય એ રાત્રી નથી, કારણકે અંધકાર નથી. વળી એ દિવસ પણ નથી, કારણકે સૂર્યોદય અથવા દિવસ જેવો પ્રકાશ થયેલો નથી. માટે અરૂણોદય રાત્રી અને દિવસ એ બન્નેથી અલગ છે. વળી એ રાત્રી છે, કારણ કે સૂર્યોદય અથવા દિવસ જેવો પ્રકાશ થયો નથી. તથા એ દિવસ પણ છે, કારણકે અજવાળું પથરાઈ ગયું છે. એટલે કે એ રાત્રી અને દિવસથી અલગ નથી,

એટલે કે અપૃથગ્ છે.

પણ અહીં 'એ માત્ર દિવસરૂપ છે' અથવા 'એ માત્ર રાત્રી સ્વરૂપ જ છે' એ રીતે કોઈપણ એક રૂપે એનો નિર્ણય કરવો શક્ય નથી, કારણ કે એમાં દિવસનું પૂર્વકાલીનત્વ અને રાત્રીનું અપરત્વ = ઉત્તરકાલીનત્વ સમાન રીતે રહ્યું હોવાથી બન્નેનો ભાગ હોવો સંભવે છે. આશય એ છે કે જો અરુણોદયમાં માત્ર દિવસનું પૂર્વકાલીનત્વ જ હોત તો એને 'દિવસ' કહી શકાત, અથવા માત્ર રાત્રીનું ઉત્તરકાલીનત્વ જ હોત તો એને 'રાત્રી' કહી શકાત...

અથવા આ બન્ને વિષમ હોત તો પણ જે પ્રબળ (પ્રચુરમાત્રામાં) હોય તેને અનુસરીને માત્ર 'દિવસ' કે માત્ર 'રાત્રી' કહી શકાત. પણ એવું કશું છે નહીં. આ બન્ને સમાન રીતે રહેલ છે. માટે કોઈપણ એક રૂપે એનો ઉલ્લેખ શક્ય નથી.

પ્રાતિભજ્ઞાન પણ આ અરુણોદય જેવું છે. એટલે કે એમાં શ્રુતોત્તરકાલીનત્વ છે ને કેવલજ્ઞાનપૂર્વકાલીનત્વ છે, માટે એનો પણ કોઈપણ એકરૂપે ઉલ્લેખ કરવો શક્ય નથી. અર્થાત્ એ આ બન્નેથી પૃથગ્ પણ છે ને અપૃથગ્ પણ છે. 'આપ્તવચન કે શાસ્ત્રવચનરૂપ શ્રુતને અનુસરીને થતો બોધ એ શ્રુતજ્ઞાન...' શ્રુતનું આવું લક્ષણ પ્રાતિભજ્ઞાનમાં જતું નથી. માટે એ ક્ષાયોપશમિક હોવા છતાં તત્ત્વતઃ શ્રુતજ્ઞાન નથી, પણ શ્રુતજ્ઞાનથી ભિન્ન છે. વળી કેવલજ્ઞાન તો ક્ષાયિક હોય છે ને સર્વદ્રવ્યપર્યાય વિષયક હોય છે. પ્રાતિભજ્ઞાન આવું ન હોવાથી તત્ત્વતઃ કેવલજ્ઞાન પણ નથી. અને તેમ છતાં એ કેવલજ્ઞાનની પૂર્વાવસ્થા જેવું હોવાથી (સાદશ્ય હોવાના કારણે) તથા કેવલજ્ઞાનનું કારણ હોવાથી (કારણ પણ કથંચિદ્ કાર્યરૂપ હોવાના કારણે) કથંચિદ્ કેવલજ્ઞાનથી અભિન્ન પણ છે. એમ, એ શ્રુતજ્ઞાનની ઉત્તર અવસ્થારૂપ હોવાથી સાદશ્યના કારણે તથા શ્રુતજ્ઞાનના કાર્યરૂપ હોવાથી કાર્યમાં કારણના ઉપચારના કારણે કથંચિદ્ શ્રુતજ્ઞાનથી

અભિન્ન પણ છે.

**શંકા** - આ પ્રાતિભજ્ઞાનને મતિજ્ઞાનરૂપ જ માની લઈએ તો ? કારણકે એ પ્રત્યક્ષજ્ઞાનરૂપ ન હોવાથી અવધિ, મનઃપર્યવ કે કેવલજ્ઞાનરૂપ નથી. વળી શ્રુતને અનુસરીને થયું ન હોવાથી શ્રુતજ્ઞાનરૂપ નથી. એટલે પારિશેષન્યાયે એને મતિજ્ઞાનરૂપે જ માની લેવું જોઈએ, જેથી છઠ્ઠા જ્ઞાનરૂપે માનવાનો પ્રશ્ન ન આવે. વળી ખુદ ગ્રન્થકારે જ ષોડશકજીની (૧૫/૬ના) વૃત્તિમાં प्रतिभैव प्रातिभं, अदृष्टार्थविषयो मतिज्ञानविशेषः (અર્થ : *પ્રતિભા એ જ પ્રાતિભજ્ઞાન.... એ પૂર્વે અદૃષ્ટ અર્થના વિષયનું અમુક ચોક્કસ પ્રકારનું મતિજ્ઞાન જ છે.*)આ પ્રમાણે કહીને એને મતિજ્ઞાનવિશેષરૂપે જણાવેલ જ છે.

**સમાધાન** - મતિજ્ઞાન અનેક રીતે થાય છે. પૂર્વદૃષ્ટ-પૂર્વઅનુભૂત વગેરેનું સ્મરણાત્મક જ્ઞાનરૂપે થાય છે. પ્રાતિભજ્ઞાન આવું નથી, કારણકે એનો વિષય પૂર્વદૃષ્ટ વગેરે નથી. પૂર્વે જેનું શ્રુતજ્ઞાન થયું હોય એનું અભ્યસ્ત દશામાં કાલાન્તરે શ્રુતાનુસારી મતિજ્ઞાન થાય છે. પ્રાતિભજ્ઞાન આવું પણ નથી એ સ્પષ્ટ છે. એમ પૂર્વદૃષ્ટ - પૂર્વશ્રુત વગેરેનું અનુમાનાદિરૂપ મતિજ્ઞાન થાય છે. પ્રાતિભજ્ઞાન આવું પણ નથી એ પણ સ્પષ્ટ છે. આ સિવાય તો પ્રાયઃ ઇન્દ્રિયસન્નિકૃષ્ટ રૂપ-રસાદિનું જ મતિજ્ઞાન થઈ શકે છે, એ સિવાયનું નહીં... પ્રાતિભજ્ઞાન આવું પણ નથી. માટે પ્રાતિભજ્ઞાનને મતિજ્ઞાનરૂપ કહી શકાતું નથી.

ઉપર કહ્યા સિવાયનું મતિજ્ઞાન થતું નથી. એટલે જ સૂત્રથી સમાન એવા પણ ચૌદપૂર્વધરોમાં અર્થબોધથી ષટ્સ્થાનપતિતત્વ લાવનાર મતિવિશેષો શ્રુતજ્ઞાનઅંતર્ગત છે એવું કહ્યું છે. વિશેષાવશ્યકભાષ્ય (૧૪૩) માં કહ્યું છે - अक्खरलंभेण समा ऊणहिया होंति मइविसेसेहिं । ते विय मईविसेसे सुयनाणब्भंतरे जाण ॥

**અર્થ :** *અક્ષરબોધથી સમાન એવા પણ તે ચૌદપૂર્વીઓ મતિવિશેષોના કારણે અર્થબોધમાં ન્યૂન-અધિક થાય છે. અને તે મતિવિશેષો પણ શ્રુતજ્ઞાનમાં અંતર્ગત જાણવા.*

એટલે પ્રાતિભજ્ઞાનને મતિજ્ઞાનરૂપે માનવું યોગ્ય નથી. પણ ઉપર કહ્યા મુજબ એનો અપેક્ષાએ શ્રુતજ્ઞાનમાં અને અપેક્ષાએ કેવલજ્ઞાનમાં સમાવેશ માનવો. તેથી છઠ્ઠુંજ્ઞાન માનવાની આપત્તિ પણ નથી.

અલબત્ એક વિચારણા આવી પણ છે કે ઉપર જે કહેલા છે એ સિવાય પણ મતિજ્ઞાન થાય છે. જેમકે ચારે બુદ્ધિઓ શ્રુતને અનુસરતા ઊહાપોહ વિના જ થાય છે. માટે એ અશ્રુતનિશ્રિત કહેવાય છે. જે પહેલાં સાંભળેલું ન હોય, જોયેલું કે અનુભવેલું ન હોય એવી મનમાં થતી સ્ફુરણાઓ.. આ બુદ્ધિઓની જેમ મતિજ્ઞાન છે. પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન જે થાય છે એ પણ આ ભવના શરીર કે મનથી અનુભૂત ન હોવા છતાં ઊહા અને એકાગ્રતાથી જેમ થાય છે. એમ ઊહા અને એકાગ્રતાથી શાખાચંદ્રદર્શનન્યાયે આત્માનો અનુભવ થાય છે. એ વખતે ઇન્દ્રિય કે મન, બીજા કોઈ વિષયમાં પ્રવૃત્ત હોતા નથી. મન જાગ્રત હોવા છતાં વિષયથી શૂન્ય હોય છે. આ પણ પ્રાતિભ જેવી એક પ્રક્રિયા છે. માટે આ પ્રાતિભજ્ઞાન મતિજ્ઞાન હોવું સંભવે છે. (આ જે આત્માનુભવની વાત છે એ છદ્મસ્થનો આત્માનુભવ કહેવાય છે.)

પ્રાતિભજ્ઞાન અને સામર્થ્યયોગની અન્યવાતો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

# લેખાંક ૧૦૩

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગમાં આપણે સામર્થ્યયોગનો વિચાર કરી રહ્યા છીએ. આ સામર્થ્યયોગના ઉપાયોનું જ્ઞાન પ્રાતિભજ્ઞાનથી થાય છે એ આપણે ગયા લેખમાં જોયું.

આ પ્રાતિભજ્ઞાનને પાતંજલ વગેરે દર્શનકારો પણ ઋતંભરા, તારક વગેરે શબ્દોદ્વારા સ્વીકારે છે. આમાં, ઋત=સત્ય. જે ઋતને=સત્યને ધારણ કરે તે ઋતંભરાપ્રજ્ઞા. અર્થાત્ જેમાં ક્યારેય અસત્ય પેસી જ ન શકે એવી પ્રજ્ઞા એ ઋતંભરાપ્રજ્ઞા છે. આ પ્રજ્ઞાથી, યોગી જે જેવું હોય તે તે પ્રમાણે જુએ છે. એટલે એ સામર્થ્યયોગને પણ યથાવત્ જુએ છે. અર્થાત્ એ સામર્થ્યયોગને જણાવનાર છે. આ જ્ઞાન જીવને સંસારથી તારે છે. માટે 'તારક-જ્ઞાન' પણ કહેવાય છે. વળી, આ પ્રાતિભજ્ઞાન=ઋતંભરા પ્રજ્ઞા= તારકજ્ઞાન... સામર્થ્યયોગનું જ્ઞાપક છે એવું પણ અન્યદર્શનકારોને માન્ય છે, કારણકે વ્યાસઋષિએ પણ કહ્યું છે કે - *'પોતાની પ્રજ્ઞાને આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસરસથી... એમ ત્રણ રીતે ઘડતો યોગી શ્રેષ્ઠયોગને મેળવે છે.'*

અલબત્ આ કથન વ્યાસઋષિનું છે એમ અહીં કહ્યું છે. યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં આ કથન શ્રીપતંજલિઋષિએ કહ્યું છે એમ જણાવેલું છે, એ જાણવું.

અહીં પ્રજ્ઞાને આગમ વગેરે ત્રણ વડે ઘડવાનું કહેવામાં આવો આશય જાણવો - આત્મા અતીન્દ્રિય છે માટે એના સંદર્ભમાં પ્રત્યક્ષ વગેરે જ્ઞાનો એમાં ઉપયોગી નથી. શાસ્ત્ર જ એમાં ઉપયોગી બને છે. એટલે જીવ, શાસ્ત્રો જે વાતો કરે છે એને પ્રથમ આજ્ઞાગ્રાહ્ય કરી

એનાથી સ્વબુદ્ધિને ઘડે છે. આ રીતે ઘડાયેલી બુદ્ધિ, પછી એ આજ્ઞાગ્રાહ્ય પદાર્થોને હેતુગ્રાહ્ય બનાવે છે. અર્થાત્ એ પદાર્થોને તર્ક-અનુમાનદ્વારા સુદૃઢ કરે છે.

આમ પહેલાં શ્રુતના બળે પરિકર્મિત કરેલી પ્રજ્ઞા ને પછી અનુમાન-તર્કના બળે પરિકર્મિત કરેલી પ્રજ્ઞા. પણ આ બન્નેથી વિલક્ષણ છે ઋતંભરા. એ જ ધ્યાનના પુનઃ પુનઃ અભ્યાસનો રસ છે. એનો વિષય વિશેષપ્રકારનો હોય છે, એટલે કે આગમના અને અનુમાનના વિષય કરતાં અલગપ્રકારનો હોય છે. આનાથી સ્વકીયપ્રજ્ઞાને ઘડતો યોગી કાળાન્તરે સર્વોત્કૃષ્ટ એવા સામર્થ્યયોગને પામે છે. એ માત્ર અનુભવગ્રાહ્ય હોય છે. એટલે કે આત્મહિતના ઉપાયો પહેલાં આજ્ઞાગ્રાહ્ય હોય છે, પછી હેતુગ્રાહ્ય બને છે અને છેવટે અનુભવગ્રાહ્ય બને છે.

આમ આ વિચારણાથીએ નક્કી થયું કે સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાન્તગોચર હોય છે, પ્રાતિભજ્ઞાનનો વિષય હોય છે. આ સામર્થ્યયોગના બે પ્રકાર છે. ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ. આ બન્ને નામો સાન્વર્થ છે. એટલે આ શબ્દોનો જે અર્થ છે એ જ આ બન્નેનું સ્વરૂપ છે. એટલે કે ક્ષમા વગેરે ક્ષાયોપશમિક ધર્મોનો સમ્યક્ન્યાસ=સમ્યગ્ત્યાગ એ જ ધર્મસંન્યાસ છે. અને મન-વચન-કાયાના વ્યાપારરૂપ યોગોનો સમ્યક્ત્યાગ એ જ યોગસંન્યાસ છે. અલબત્ ઉપશાંતવીતરાગજીવને પણ ક્ષાયોપશમિકક્ષમા વગેરેનો ત્યાગ થયો હોય છે, છતાં એ વખતે આત્મામાં એની યોગ્યતા ઊભી હોવાથી કાળાન્તરે ક્ષાયોપશમિક ક્ષમા વગેરે ફરીથી અસ્તિત્વમાં આવે છે. માટે એ સમ્યક્ત્યાગરૂપ ન હોવાથી ધર્મસંન્યાસ કહેવાતો નથી. ધર્મસંન્યાસ તો એ છે કે આત્મામાંથી યોગ્યતા પણ નષ્ટ થઈ જવાથી હવે પછી ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મો ક્યારેય અસ્તિત્વમાં જ ન આવી શકે એવો અપુનર્ભાવે થયેલો એનો ત્યાગ.

એમ સૂક્ષ્મજીવોને સૂક્ષ્મકાયયોગ સિવાય બધા યોગોનો ત્યાગ હોવા છતાં યોગ્યતા ઊભી હોવાથી, મનોયોગ વગેરેનું પુનઃ અસ્તિત્વ થવાનું હોવાના કારણે યોગસંન્યાસ કહેવાતો નથી.

અહીં યોગસંન્યાસમાં કાયાદિવ્યાપારનો ત્યાગ જે કહ્યો છે તેમાં કાયાદિવ્યાપાર તરીકે કાઉસ્સગ્ગ કરવો વગેરે જણાવ્યા છે. આનાથી એવું સૂચિત થાય છે કે માત્ર સાવદ્યવ્યાપારોનો જ નહીં, નિરવદ્યવ્યાપારોનો સંન્યાસ પણ અહીં અભિપ્રેત છે. એટલે ફલિત એમ થાય છે કે આત્મહિતના બાહ્ય-આભ્યંતર બન્ને રીતે બબ્બે પગથીયા છે. પહેલાં ક્રોધાદિ ઔદયિકભાવોનો ત્યાગ કરી ક્ષમાદિ ક્ષાયોપશમિકભાવો વિકસાવવાના, ને પછી એનો પણ ત્યાગ કરી ક્ષાયિકભાવો પામવાના. એમ પહેલાં સાવદ્યપ્રવૃત્તિઓ છોડી નિરવદ્યપ્રવૃત્તિઓ અપનાવવાની. ને પછી નિરવદ્યપ્રવૃત્તિઓ પણ છોડીને અયોગી બનવાનું.

બે પ્રકારના સામર્થ્યયોગમાંથી ધર્મસંન્યાસનામનો પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિકરીતે બીજા અપૂર્વકરણ દરમ્યાન હોય છે જ્યારે બીજો યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ જીવને આયોજ્યકરણ પછી પ્રાપ્ત થાય છે.

અહીં આશય એ છે કે જીવ જ્યારે ગ્રંથિભેદ કરીને પ્રથમ સમ્યક્ત્વ પામે છે ત્યારે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણ કરે છે. એ જ રીતે જીવ જ્યારે ક્ષપકશ્રેણિ માંડે છે ત્યારે પણ આ જ ક્રમે આ ત્રણ કરણ કરે છે. આમ બે અપૂર્વકરણ છે, આમાંથી ગ્રંથિભેદના કારણભૂત જે પ્રથમ અપૂર્વકરણ છે એની અહીં વાત નથી, કારણકે એમાં અધિકૃત સામર્થ્યયોગ હોતો નથી. માટે એની બાદબાકી કરવા અહીં માત્ર 'અપૂર્વકરણ' ન કહેતાં 'દ્વિતીયઅપૂર્વકરણ' કહ્યું છે. વળી, પ્રથમ

અપૂર્વકરણમાં 'સામર્થ્યયોગ હોતો નથી' એમ ન જણાવતાં શાસ્ત્રકારો 'અધિકૃત સામર્થ્યયોગ હોતો નથી' એમ જણાવે છે. આનાથી એ નિશ્ચિત થાય છે કે ત્યાં અધિકૃત સિવાયનો સામર્થ્યયોગ તો હોય જ છે.

**શંકા :** જો એમાં અધિકૃત સામર્થ્યયોગ હોતો નથી, તો એને અપૂર્વકરણ કેમ કહેવાય છે ?

**સમાધાન :** ગ્રંથિભેદ, સમ્યક્ત્વ વગેરે રૂપ ફળ કે જે અનાદિ સંસારમાં પૂર્વે ક્યારેય પ્રાપ્ત થયા નહોતા તે અપૂર્વ પ્રાપ્ત થાય છે, માટે એને અપૂર્વકરણ કહે છે (એમ, અપૂર્વસ્થિતિઘાત વગેરે પ્રક્રિયા એ દરમ્યાન થતી હોવાથી પણ એને અપૂર્વકરણ કહે છે.)

પ્રથમ અપૂર્વકરણનું ગ્રંથિભેદ એ ફળ છે જેનાથી જીવ સમ્યક્ત્વ પામે છે. આ સમ્યક્ત્વ તત્ત્વાર્થના શ્રદ્ધાન રૂપ છે. અને તેના પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આ પાંચ લિંગ છે. લિંગોનો આ ક્રમે ઉલ્લેખ પ્રાધાન્યને અનુસરીને છે. અર્થાત્ પ્રશમ સૌથી વધુ પ્રધાન છે. અને પછી સંવેગ, નિર્વેદ વગેરે ઉત્તરોત્તર ઓછા પ્રધાન છે. પણ આ પ્રશમાદિનો લાભ પશ્ચાનુપૂર્વીથી થાય છે. એટલે કે પ્રથમ આસ્તિક્ય આવે છે, પછી અનુકંપા, પછી નિર્વેદ... વગેરે ક્રમે આ લિંગોની પ્રાપ્તિ થાય છે, આ પ્રમાણે જાણકારો કહે છે.

કર્મસ્થિતિ અંતઃ કો. કો. સાગરોપમ થયા પછી જીવ સમ્યક્ત્વ પામે છે. એમાંથી પણ પલ્યોપમ પૃથક્ત્વ જેટલી સ્થિતિ ઘટે ત્યારે જીવ દેશવિરતિ પામે છે. વળી સાગરોપમ પૃથક્ત્વ જેટલો હ્રાસ થાય એટલે જીવ સર્વવિરતિ પામે છે. ત્યારબાદ પણ બીજા સાગરોપમ પૃથક્ત્વ ઓછા થવા પર જીવ ક્ષપકશ્રેણિ માંડે છે. આ ક્ષપકશ્રેણિના અપૂર્વકરણમાં ધર્મસંન્યાસ નામનો પ્રથમ સામર્થ્યયોગ હોય છે. આ તાત્ત્વિક = પરમાર્થિક એટલા માટે છે કે એનાથી ક્ષાયોપશમિક

ક્ષમાદિ ધર્મોનો સંન્યાસ થાય છે.

જીવ જ્યારે પ્રવ્રજ્યા સ્વીકાર કરે છે ત્યારે પણ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ થાય છે. જીવ આ અપૂર્વકરણથી સર્વવિરતિ ગુણઠાણું પામે છે. ત્યારે પ્રવૃત્તિ સ્વરૂપ ધર્મનો સંન્યાસ થાય છે, અર્થાત્ ક્રિયાયોગનો સંન્યાસ થાય છે, કારણકે પ્રવ્રજ્યા જ્ઞાનયોગના સ્વીકારરૂપ છે. આમ અહીં પણ ધર્મસંન્યાસ થતો હોવાથી આ સામર્થ્યયોગ કહેવાય છે, છતાં એ તાત્ત્વિક એટલા માટે નથી કે અનાદિકાલીન ક્રોધાદિ દોષોને રુંધીને કેળવેલા ક્ષાયોપશમિક ક્ષમાદિરૂપ કોઈ ગુણાત્મક ધર્મોનો સંન્યાસ એનાથી થતો નથી. વળી ક્રિયાયોગનો જે સંન્યાસ થાય છે, 'તે પણ અપુનર્ભાવે જ થાય છે' એવો નિયમ હોતો નથી. જીવ સર્વવિરતિ ગુણઠાણું ગુમાવે તો ક્રિયાયોગનો પુનર્ભાવ થઈ શકે છે.

અહીં આ ધર્મસંન્યાસ-સામર્થ્યયોગને અતાત્ત્વિક જે કહ્યો છે તે આગળ તેરમી ગાથામાં અતાત્ત્વિકયોગ એટલે યોગાભાસ... એમ જે જણાવ્યું છે તે અર્થમાં નથી... પણ ક્ષપકશ્રેણિમાં જે તાત્ત્વિક ધર્મસંન્યાસ હોય છે એનાથી આ ભિન્ન છે. માટે અતાત્ત્વિક છે. એમ જાણવું. બાકી આ પણ યોગ જ છે, યોગાભાસ નથી.

**શંકા** - અહીં પ્રવ્રજ્યાને પ્રવૃત્તિસ્વરૂપ ધર્મના સંન્યાસ=સમ્યક્ત્યાગ રૂપ કહી છે તેનો અર્થ ઔદાયિક ભાવની પ્રવૃત્તિરૂપ ધર્મોનો ત્યાગ છે ?

**સમાધાન** - તમારી આ શંકા તમારા કેવા અજ્ઞાનને સૂચવે? શું ઔદયિકભાવની પ્રવૃત્તિ 'ધર્મરૂપ' હોય ? આહારાદિ સંજ્ઞા ને કે વિષય-કષાયાદિના ઔદયિકભાવોને અલ્પાંશે પણ રુંધ્યા વિના દાન-શીલ-તપ કે ભાવ... એકપણ પ્રકારનો ધર્મ થઈ જ શકતો નથી. એટલે દાનાદિક ધર્મને ઔદયિકભાવની પ્રવૃત્તિ ન કહેવાય. કહેવી

હોય તો ક્ષાયોપશમિક ભાવની પ્રવૃત્તિ કહેવાય.

**શંકા** - તો પછી પૂજા-પૌષધ વગેરે પ્રવૃત્તિ સ્વરૂપ સ્થૂલધર્મનો ત્યાગ... એવો અર્થ લેવો ? એમાં આ ત્યાગ હોવા છતાં ક્ષાયોપશમિક ક્ષમા વગેરે રૂપ સૂક્ષ્મધર્મનો ત્યાગ ન હોવાથી અતાત્ત્વિક ધર્મસંન્યાસ છે એવો અર્થ પણ ઘટી જાય છે...

**સમાધાન** - આ શંકા પણ યોગ્ય નથી, કારણકે દીક્ષા જીવનમાં પણ પ્રતિક્રમણ, પડિલેહણ, ભિક્ષાટન વગેરે રૂપ પ્રવૃત્તિધર્મો હોય જ છે... વળી એ પણ ક્ષમાદિ સૂક્ષ્મધર્મોની અપેક્ષાએ તો સ્થૂલપ્રવૃત્તિ રૂપ જ છે. જેમ ક્ષાયોપશમિક ક્ષમાદિ બધા જ ધર્મોનો સંન્યાસ તાત્ત્વિક સામર્થ્યયોગમાં અભિપ્રેત છે. એમ પ્રસ્તુત અતાત્ત્વિક સામર્થ્યયોગમાં પ્રવૃત્તિરૂપ બધા જ ધર્મોનો સંન્સાય અભિપ્રેત છે, પૂજા-પૌષધ વગેરે અમુક પ્રવૃત્તિધર્મોનો જ નહીં. એટલે જ સ્થાન-ઊર્ણ-અર્થ-આલંબન અને અનાલંબન... આ પાંચયોગમાં પ્રથમ બે ક્રિયારૂપ હોવાથી કર્મયોગ છે, છેલ્લા ત્રણ સાક્ષાત્ જ્ઞાનરૂપ હોવાથી જ્ઞાનયોગ... એવી વિવક્ષા હોવાથી દેશવિરતને જ્ઞાનયોગ પણ માનેલ છે ને સર્વવિરતને ક્રિયા(કર્મ)યોગ પણ માનેલ છે. દેશવિરતિમાં માત્ર પ્રવૃત્તિરૂપ ક્રિયાયોગ જ હોય ને એનો સંન્યાસ થઈ પ્રવ્રજ્યામાં માત્ર જ્ઞાનયોગ જ હોય એવું કહેલ નથી. એટલે પ્રવૃત્તિરૂપ હોય તે ધર્મો એ ક્રિયાયોગ એવો અર્થ અહીં નથી એ સ્પષ્ટ છે.

**શંકા** - તો પછી અહીં ક્રિયાયોગ તરીકે શું લેવાનું છે ? જેનો પ્રવ્રજ્યાકાળે સંન્યાસ થાય ?

**સમાધાન** - અહીં પ્રવ્રજ્યાને પ્રવૃત્તિસ્વરૂપધર્મના સંન્યાસરૂપ (અર્થાત્ ક્રિયાયોગના ત્યાગરૂપ) અને જ્ઞાનયોગના સ્વીકારરૂપ કહેલ છે. આમાં આશય એ છે કે ધર્મ ત્રણ પ્રકારે છે. ક્રિયાયોગરૂપ, જ્ઞાનયોગરૂપ અને સ્વભાવરૂપ. જ્ઞાનશૂન્ય કે જ્ઞાનના અપ્રાધાન્યવાળી

ધર્મક્રિયાઓ હોય એ ક્રિયાયોગરૂપ ધર્મ છે. જ્ઞાનના પ્રાધાન્યવાળી ક્રિયાઓ જ્ઞાનયોગરૂપ ધર્મ છે. આત્મસ્વભાવરૂપે સિદ્ધ થયેલા ક્ષમાદિધર્મો સ્વભાવરૂપ ધર્મ છે.

પ્રવ્રજ્યાકાળે પ્રથમ ક્રિયાયોગાત્મક ધર્મનો સંન્યાસ થાય છે. કારણકે હવે જે કાંઈ ધર્મો છે તે બધા જ્ઞાનપ્રાધાન્યપૂર્વકના છે. તે પણ એટલા માટે કે ભાવસાધુપણું પરિણત જ્ઞાન કે જ્ઞાનીની નિશ્રા વગર હોતું નથી. દેશવિરતિ ગુણઠાણા સુધી પહોંચેલા ગૃહસ્થને પણ, સંપૂર્ણ આજ્ઞાપારતન્ત્ર્ય-ગીતાર્થપારતન્ત્ર્ય હોતુ નથી. તેથી એમના પ્રભુપૂજા, સ્થાન-ઊર્ણયોગ વગેરે જ નહીં, જ્ઞાનાત્મક એવા અર્થયોગ વગેરે પણ જ્ઞાનયોગરૂપ ન બનતાં ક્રિયાયોગ રૂપ જ બને છે. પ્રવ્રજ્યા સ્વીકારકાળે આ ક્રિયાયોગરૂપ ધર્મનો સંન્યાસ (=ત્યાગ) થાય છે. અને આજ્ઞા પારન્ત્ર્ય આવવાથી જ્ઞાનયોગ આવે છે. હવે પછી પ્રતિક્રમણ, પડિલેહણ, ભિક્ષાટનાદિરૂપ પ્રવૃત્તિ ધર્મ પણ ગીતાર્થ પારતન્ત્ર્યવાળો હોવાથી જ્ઞાનયોગ જ છે, ક્રિયા યોગ નહીં, કારણકે ગીતાર્થ પારતન્ત્ર્ય પણ 'જ્ઞાન' જ છે.

જ્ઞાનયોગ માટે ભવવૈરાગ્ય જરૂરી છે. જેમ જેમ ભવવૈરાગ્ય વધતો જાય છે તેમ તેમ પુણ્યની અપેક્ષા ઘટતી જાય છે. એટલે ઉદ્દેશ્યમાંથી પુણ્ય ખસતું જાય છે. કર્મ નિર્જરા વધતી જાય છે. અન્યત્ર કહ્યું પણ છે - દેશ આરાધક કિરિયા કહી, સર્વ આરાધકજ્ઞાન.

**શંકા** - વચનાનુષ્ઠાનના ફરી ફરી અભ્યાસથી જીવ અસંગ અનુષ્ઠાન પામે છે. એ વખતે - પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો ચંદનગંધ ન્યાયે આત્મસાત્ થઈ ગયા હોય છે... એટલે કે સ્વભાવભૂત થઈ ગયા હોય છે. એટલે કે જ્ઞાનયોગરૂપ ધર્મનો સંન્યાસ થઈ સ્વભાવરૂપ ધર્મની પ્રાપ્તિ થઈ. પણ એ વખતે ક્ષપકશ્રેણિ તો હોતી નથી. તો ક્ષપકશ્રેણિ પૂર્વે પણ ધર્મસંન્યાસ થાય ?

**સમાધાન** - ના. ચંદનગંધન્યાયે આત્મસાત્ થઈ ગયા હોવાથી શાસ્ત્રને અનુસરવાની જરૂર ન હોવા છતાં જે અનુષ્ઠાન થાય છે એ શાસ્ત્રોક્ત રીતે જ થાય છે. તેથી એ શાસ્ત્રાતિક્રાન્તગોચર ન હોવાથી સામર્થ્યયોગ નથી.

વળી સ્વભાવભૂત ધર્મ... એટલે આત્માના સ્વભાવરૂપ બની ગયેલા ધર્મ... ક્રિયાત્મકધર્મ ક્યારેક આત્મસ્વભાવરૂપ બની શકે નહીં, કારણકે ક્રિયા શરીરાશ્રયી છે. માત્ર અભ્યાસવશાત્, ક્રિયાકાળે શાસ્ત્રવચનોને અનુસર્યાવિગર પણ સહજ રીતે શાસ્ત્રવચનાનુસારી અનુષ્ઠાન થયા કરે છે, માટે ચંદનગંધન્યાયે એ આત્મસાત્ થયેલું કહેવાય છે. બાકી વાસ્તવિક રીતે, ક્ષાયિક ક્ષમા વગેરે જ આત્માના સ્વભાવભૂત ધર્મ બની શકે છે. એટલે એ કાળે સામર્થ્યયોગ હોતો નથી એ સ્પષ્ટ છે.

પ્રવ્રજ્યા પૂર્વે દેશવિરતિમાં ક્રિયાયોગ હોય છે. એનાથી જેવા અને જેટલા ક્ષાયોપશમિક ક્ષમાદિ ગુણો વિકસે છે, એને સર્વવિરતિમાં જ્ઞાનયોગથી બળ મળે છે અને તેથી ક્ષમાદિ ગુણોનો ખૂબ વિકાસ થાય છે. છતાં એ ગુણો સ્વભાવભૂત હોતા નથી. એટલે સ્વભાવ-ધર્મ આવ્યો હોતો નથી. એ તો સામર્થ્યયોગથી જ આવે છે. ક્ષપકશ્રેણિમાં આ જ્ઞાનયોગરૂપ ધર્મનો અને તજ્જન્ય ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મોનો સંન્યાસ થાય છે. જીવના સ્વભાવભૂત ક્ષાયિક ક્ષમાદિ ધર્મોની પ્રાપ્તિ થાય છે.

આમ નિશ્ચિત થાય છે કે સંપૂર્ણ આજ્ઞા પારતંત્ર્યરૂપ જ્ઞાનનો યોગ થવાથી પ્રતિક્રમણ પડિલેહણ-ભિક્ષાટનાદિ બધી જ ક્રિયાઓ પણ જ્ઞાનયોગરૂપ બને છે. એ પૂર્વે દેશવિરતને જે કાંઈ હોય છે તે આ જ્ઞાનનો યોગ ન હોવાથી જ્ઞાનયોગરૂપ ન બનતાં ક્રિયાયોગરૂપ બને છે. સંપૂર્ણ આજ્ઞાપારતન્ત્ર્ય તો પ્રવ્રજ્યા છે... એટલે જ ગુર્વાજ્ઞા વિના કાંઈ પણ કરવામાં આવે તો અવિરતિનું પોષણ

કહેવાય છે. તેથી પ્રવ્રજ્યાનો સ્વીકાર ક્રિયાયોગરૂપ ધર્મના સંન્યાસ રૂપે ને જ્ઞાનયોગના સ્વીકારરૂપે કહેવાયેલ છે.

પોતાની ઈચ્છા-અનુકૂળતા મુજબ સાધના કરવી એના કરતાં જ્ઞાની ગુરુની આજ્ઞાના સંપૂર્ણ પારતન્ત્ર્યને સ્વીકારવું ને જાળવવું એ અતિ અતિ કઠિન છે એ સમજી શકાય છે. આ અતિકઠિન સાધના જે તે જીવો કરી શકતા નથી. માટે જ આવી સાધના માટે આર્યદેશમાં ઉત્પન્ન થયેલ હોય વગેરે રૂપ અનેક શરતો જેનામાં જળવાયેલી હોય એવો ભવવિરક્ત આત્મા જ પ્રવ્રજ્યાનો અધિકારી કહેવાયેલો છે. શ્રીધર્મબિંદુગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે - *હવે પ્રવ્રજ્યા યોગ્ય જીવો કેવા હોય એ જણાવીએ છીએ - (૧) આર્યદેશમાં જન્મેલો હોય. (૨) વિશિષ્ટ જાતિ અને કુલથી યુક્ત હોય. (૩) ક્ષીણપ્રાયઃ કર્મ મળવાળો હોય. (૪) તેથી જ જે નિર્મળ બુદ્ધિવાળો હોય. તથા (૫) 'મનુષ્ય ભવ દુર્લભ છે. જન્મ એ મરણનું કારણ છે. સંપત્તિઓ ચંચળ છે. આયુષ્ય પ્રતિક્ષણ ક્ષીણ થઈ રહ્યું હોવાથી પ્રતિક્ષણ આવીચિ મરણ છે. ભોગસુખનો વિપાક પરિણામ દારુણ છે' - આ પ્રમાણે સંસારની નિર્ગુણતાને જેણે જાણેલી હોય (૬) તેથી જ જે સંસારથી વિરક્ત હોય. (૭) અતિ અલ્પ કષાયવાળો હોય. (૮) જેનું હાસ્ય-નિદ્રા વગેરે અલ્પ હોય. (૯) કૃતજ્ઞ હોય. (૧૦) વિનીત હોય. (૧૧) પ્રવ્રજ્યા પૂર્વે પણ રાજા, મંત્રી, નગરલોક વગેરેને અત્યંત માન્ય હોય. (૧૨) સ્થિર હોય (૧૩) કલ્યાણકારી અંગોપાંગવાળો હોય. (૧૪) શ્રદ્ધાસંપન્ન હોય. (૧૫) સ્થિર હોય તથા (૧૬) દીક્ષા લેવા માટે સામે ચાલીને જે સમર્પિત થઈને હાજર થયેલ હોય. જે આવો ન હોય તે જ્ઞાનયોગને આરાધી શકતો નથી. અને જે આવો હોય છે તે ન આરાધે એવું બનતું નથી. આ વાતને બરાબર વિચારવી, કારણકે આ વાત આગમમાં કહી છે, અને આગમ એ સર્વજ્ઞ વચનરૂપ હોવાથી અનિરૂપિતાર્થ હોતું નથી.*

એટલે કે સર્વજ્ઞ ભગવાન્ તો જે પોતાના જ્ઞાનમાં જોયું હોય તે જ કહેતા હોવાથી એ અન્યથા હોતું નથી.

આમ ધર્મસંન્યાસ નામના પ્રથમ સામર્થ્યયોગને જણાવ્યો. હવે યોગસંન્યાસ નામના બીજા સામર્થ્યયોગનો અવસર છે. આ બીજો સામર્થ્યયોગ આયોજ્યકરણ પછી આવે છે. કેવલજ્ઞાનરૂપી ઉપયોગથી અચિંત્યવીર્યના પ્રભાવે ભવોપગ્રાહી કર્મોને એવી રીતે ગોઠવવા કે જેથી ક્રમશઃ એનો ક્ષય થઈ શકે. આ રીતે ગોઠવીને એના ક્ષયમાં એને પ્રવર્તાવવા એ આયોજ્યકરણ છે. શૈલેશી અવસ્થા એનું ફળ છે. કારણ કે શૈલેશી અવસ્થામાં કાયયોગ વગેરેનો સંન્યાસ થવાથી સર્વ સંન્યાસસ્વરૂપ અયોગ નામના સર્વોત્તમ યોગની પ્રાપ્તિ થાય છે.

આમ યોગના વિવેકને સ્પષ્ટ કરવા યોગના ઇચ્છાયોગ વગેરે ત્રણ અવાંતર ભેદો આપણે જોયા. હવે આ જ યોગના અન્યવિવક્ષાથી તાત્ત્વિક અને અતાત્ત્વિક એવા બે અવાંતર ભેદોને આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

**આત્મામાં એક ડોકીયું કરો કે ખરેખર મને પુદ્ગલાતીત અવસ્થાની ચાહના પેદા થઈ છે ?**

# લેખાંક ૧૦૪

યોગના વિવેકને સ્પષ્ટ કરવા યોગના ઈચ્છાયોગ વગેરે ત્રણ ભેદ જોયા - હવે બીજી વિવક્ષાથી એના તાત્ત્વિકયોગ અને અતાત્ત્વિક યોગ એવા બે ભેદોને આપણે આ લેખમાં જોઈશું.

યોગના અધ્યાત્મ-ભાવના વગેરે વિશેષ ભેદોને નજરમાં લીધા વિના સામાન્યથી જ કહેવું હોય તો આ યોગના તાત્ત્વિક અને અતાત્ત્વિક એવા બે ભેદ પણ કહેવાય છે. એમાં તાત્ત્વિક યોગ એ વાસ્તવિક છે, અર્થાત્ નિશ્ચય કે વ્યવહાર... કોઈ એક નયથી તો એ મોક્ષની સાથે જોડી આપવાના ફળવાળો છે જ. અને જે આવો ન હોવા છતાં યોગોચિત વેષ-ક્રિયા વગેરેના કારણે યોગ જેવો દેખાય છે તે અતાત્ત્વિકયોગ છે, અર્થાત્ વાસ્તવિક યોગ નથી, પણ યોગાભાસ છે.

અપુનર્બંધકજીવને તથા સમ્યગ્દષ્ટિજીવને આ અધ્યાત્મ અને ભાવનારૂપ યોગ કારણમાં કાર્યનો ઉપચાર કરવારૂપ વ્યવહારથી તાત્ત્વિક હોય છે. એટલે કે એમના અનુષ્ઠાનાદિ વસ્તુતઃ અધ્યાત્માદિયોગરૂપ બનતા નથી, પણ એનું કારણ બને છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરવા દ્વારા એ યોગરૂપ હોવાથી વ્યવહારથી તાત્ત્વિક છે. જ્યારે દેશવિરત અને સર્વવિરતને આવા ઉપચાર વિના નિરુપચરિતપણે અધ્યાત્મ-ભાવનાયોગ સંભવે છે. માટે એમને નિશ્ચયથી તાત્ત્વિક યોગ હોય છે.

અહીં અપુનર્બંધક અને અવિરતસમ્યક્ત્વી... આ બંનેને કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યવહારથી અધ્યાત્મ અને ભાવનાયોગ કહ્યા છે. અર્થાત્ વાસ્તવિક રીતે તો એ દ્રવ્યયોગ જ છે. જ્યારે ચૌદમી અપુનર્બંધકદ્વાત્રિંશિકાની સોળમી ગાથામાં અપુનર્બંધકને

દ્રવ્યયોગ કહ્યો છે, પણ ભિન્નગ્રન્થિક એવા સમ્યક્ત્વીને તો ભાવથી યોગ કહ્યો છે. પહેલા એ અધિકારનો થોડો વિચાર કરીએ.

અપુનર્બંધકજીવ શાન્ત=ઇન્દ્રિય અને કષાયના તેવા પ્રકારના (= જેવા ભવાભિનંદી જીવને હોય તેવા) વિકારથી રહિત હોય છે અને ઉદાત્ત=ઉત્તરોત્તર ઉચ્ચ આચારની રુચિવાળો હોય છે. માટે એને ભવના હેતુ સ્વરૂપ અને ફળનો ઊહ (=વિચારણા) સંભવે છે. જેને આચારરુચિ નથી અને કષાયોની ઉપશાંતતા નથી એ ઊહનને અયોગ્ય છે. સર્વત્ર ઉપદેશને કેમ પ્રધાન કરાય છે ? કારણકે એ આ ઊહનરૂપ છે. એ જ આપવાનુ હોય છે. એટલે જ ઊહનને અયોગ્ય એવો ભવાભિનંદી જીવ ઉપદેશને પણ અયોગ્ય કહેવાયેલો છે.

ક્રોધ વગેરે કર્મકૃત ભાવોમાં આત્માને પોતાનો સ્વભાવ મનાવવો એ પ્રકૃતિનું કાર્ય છે. કર્મકૃતભાવને કર્મકૃતભાવ તરીકે ઓળખી શકે, આ મારો પોતાનો સ્વભાવ નથી, મારા સ્વભાવથી પૃથગ્ છે... આવું પકડી શકે... એટલે એટલો પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયો કહેવાય છે. નશામાં તોફાન કરનારને એ નશો કંઈક પણ ઓછો થાય એટલે જાણી શકે છે કે આ નશાનું તોફાન હતું, મારું નહીં. ભૂલને ભૂલ સમજે એને ભૂલ સુધારવાની ઇચ્છા જાગે. કદાચ એ સુધારવાની શક્તિ-સંયોગ ન હોય તો પણ વધારે બગડતું તો અટકાવે જ.

અપુનર્બંધકજીવને પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયો હોય છે. એટલે ઊહનકાળે એને કંઇક પણ ભવવૈરાગ્ય સ્ફુરે છે. તત્ત્વજિજ્ઞાસા પ્રવર્તે છે. ભવવિયોગના ઊહનકાળે મોક્ષની ઇચ્છા જાગે છે. પણ એ મુખ્યતયા ઊહનકાળે હોય છે... હંમેશા નથી હોતી.

જ્યારે સમ્યક્ત્વીજીવને તો મોક્ષાકાંક્ષાક્ષણિક ચિત્ત હોય છે. અર્થાત્ નિર્મળ સમ્યક્ત્વી જીવને ક્ષયોપશમરૂપે મોક્ષનું પ્રણિધાન ધ્રુવ

હોય છે - સતત હોય છે. જેમ ઉપવાસનું પ્રણિધાન કર્યું એટલે આખો દિવસ ઉપવાસનો ઉપયોગ ન હોય તો પણ ધ્રુવ ઉપવાસ જ કહેવાય. ગુસ્સો સતત ન આવે... આવે ને જાય... ક્યારેક દીર્ઘકાળ સુધી પણ ન આવે. છતાં એનું પ્રણિધાન બાર મહિનાથી અધિક રહે તો અનંતાનુબંધી કષાય જ કહેવાય. એમ મોક્ષ સિવાય આ આખો સંસાર હેય છે આવો ચિત્તનો દૃઢ પરિણામ એ જ મોક્ષનું પ્રણિધાન છે. આવા પ્રણિધાનથી રંગાયેલું ચિત્ત એ મોક્ષાકાંક્ષાક્ષણિક ચિત્ત છે. એ સમ્યક્ત્વના કાળ સુધી ઉપયોગરૂપે કે સંસ્કાર (=ક્ષયોપશમરૂપે) ટકી શકે છે. માટે શ્રીનમસ્કારનિર્યુક્તિમાં લબ્ધિનમસ્કારનો (સમર્પિતભાવનો) કાળ સાધિક ૬૬ સાગરોપમ કહ્યો છે, ભલે ઉપયોગરૂપે વચ્ચે દીર્ઘકાળ સુધી પણ ન આવ્યો હોય.

અહીં આવો આશય જાણવો-તારાનો પ્રકાશ હોય ત્યારે બારીકાઈથી જોવામાં આવે તો જ પ્રકાશનો ભાસ થાય છે, એ સિવાય તો અંધકાર જ ભાસે છે. પણ પૂનમના ચાંદનો પ્રકાશ હોય ત્યારે પ્રકાશનો ઉપયોગ ન હોય ત્યારે પણ અંધકાર તો ભાસતો નથી જ. અપુનર્બંધકને મોહનીયનો ક્ષયોપશમ મંદ હોવાથી તૃણાગ્નિસમ દૃષ્ટિ કહી છે. એટલે ઉપયોગ હોય ત્યારે જ મોક્ષનું પ્રણિધાન આવે છે. ઉપયોગ ખસે ત્યારે એ પ્રણિધાન પણ ખસી જાય છે. પણ સમ્યક્ત્વીને મોહનીયનો વિશિષ્ટ ક્ષયોપશમ હોય છે. ને તેથી ચંદ્રમાના પ્રકાશ જેવી દૃષ્ટિ કહી છે. એટલે ઉપયોગ ન હોય ત્યારે પણ વિપરીત (અંધકારનો) ઉપયોગ આવતો નથી. ઉપરથી, વિપરીત વાત આવે ત્યારે ક્ષયોપશમ જાગૃત થઈને સાવધાની આપે છે. માટે ઉપયોગાભાવકાળે પણ પ્રણિધાન હાજર હોય છે. એ વખતે એ સંસ્કારરૂપે હોય છે. માટે સમ્યક્ત્વીજીવને પ્રણિધાન સાર્વદિક હોય છે. એટલે કે અર્થ-કામની પ્રવૃત્તિકાળે પણ એ હાજર હોય છે. એટલે જ ત્યાં કહ્યું છે કે *મોક્ષની આકાંક્ષામાં અક્ષણિક ચિત્તવાળા*

*સમ્યક્ત્વીજીવની જે જે ચેષ્ટા હોય છે તે તે છેવટે મોક્ષપ્રાપ્તિમાં પરિણમનારી હોય છે.* આમ દરેક ક્રિયા મોક્ષપ્રાપ્તિમાં પર્યવસિત થતી હોવાથી એને જ (સમ્યક્ત્વીને જ) ભાવથી યોગ હોય છે. પણ અપુનર્બંધકજીવને તો એવું સાર્વદિક પ્રણિધાન હોતું નથી. એટલે અર્થ-કામની પ્રવૃત્તિકાળે એ પ્રણિધાન હોતું નથી. માટે એની ધર્મક્રિયા પણ દ્રવ્યથી જ યોગરૂપ કહેવાયેલી છે. એટલે જણાય છે કે અહીં ભાવથી યોગ જે કહ્યો છે એમાં ભાવ એટલે શુભઉપયોગ નહીં, કારણકે એ તો અપુનર્બંધકને પણ ધર્મક્રિયાકાળે સંભવે છે, પણ ભાવ એટલે મોક્ષનું સ્થાયી પ્રણિધાન. ભાવસાધુને મોક્ષનું સ્થાયી પ્રણિધાન હોય જ છે. એટલે ક્યારેક કોઈક ક્રિયા ઉપયોગશૂન્યપણે થઈ હોય તો પણ અનનુષ્ઠાન કે દ્રવ્યક્રિયા ન કહેવાય, ભાવથી યોગ જ કહેવાય છે. એમ, પાસત્થા ભાવપૂર્વક ક્રિયા કરે તો પણ ભાવઅનુષ્ઠાન નથી કહેવાતું, કારણકે મોક્ષનું પ્રણિધાન નથી.

હવે, ચૌદમી બત્રીશીમાં જ આવું જે કહ્યું છે કે, *'જેમ અન્ય પુરુષમાં આસક્ત સ્ત્રી સ્વપતિની સેવા કરતી હોય તો પણ એ સેવા એને શ્રેયસ્કર નથી બનતી. એમ મોક્ષમાં આસક્ત સમ્યક્ત્વીજીવ સ્વકુટુંબાદિની ચિંતા કરતો હોય - એ માટે અર્થ-કામની પ્રવૃત્તિ કરતો હોય તો પણ એ પ્રવૃત્તિ કર્મબંધ માટે થતી નથી... એ પણ મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા હોય છે.'* આ વાતનો વિચાર કરીએ.

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥

**અર્થ :** *સૂત્રોક્તવિધિથી સમગ્ર અને અધ્યાત્મવિશુદ્ધિથી યુક્ત મહાત્મા જયણાપૂર્વક પ્રવર્તવા છતાં જે વિરાધના થાય છે, તે નિર્જરાફલક બને છે (પણ કર્મબંધજનિકા બનતી નથી.)*

આ વિરાધનારૂપ હોવા છતાં નિર્જરાફલક બને છે ને તેથી

મોક્ષપર્યવસાનફલિકા બને છે. પણ એ તો આવા વિશેષણવાળા સંયમીજીવની વાત છે. અવિરતસમ્યક્ત્વીને અર્થ-કામની પ્રવૃત્તિ (એમાં થતાં આરંભાદિ) મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા શી રીતે ? બંધજનક બનીને સંસારહેતુ કેમ નહીં ? વળી વંદિત્તુસૂત્રમાં -

'सम्मद्दिट्ठी जीवो जइवि हु पावं समायरे किंचि ।
अप्पोसि होइ बंधो जेण ण णिद्धधसं कुणइ ॥'

અર્થ : *'સમ્યગ્દષ્ટિજીવ જો કે કંઈક પાપપ્રવૃત્તિ કરે છે, તો તેને અલ્પ કર્મબંધ થાય છે, કારણ કે એ નિર્ધ્વંસપણું કરતો નથી.'* આવું જે કહ્યું છે એ પણ જણાવે છે કે એ (અલ્પ પણ) બંધજનક બને છે ને તેથી એ સંસારહેતુ કેમ નહીં ?

આ પ્રશ્નનો જવાબ વિચારીએ. જે સમ્યક્ત્વી જીવ યોગની છઠ્ઠી દૃષ્ટિમાં રહેલ હોય છે એમને શ્રીતીર્થંકરદેવોની જેમ વિષયવગેરેનો ભય હોતો નથી 'આ વાસ્તવિક જળ નથી, પણ મૃગજળ છે' એમ જાણી લીધા પછી એમાંથી પસાર થવાનું હોય તો પણ ભય શું ? અને જો ભય નથી તો એ ભવહેતુ છે જ નહીં, મોક્ષહેતુ જ છે. એટલે જ શ્રી તીર્થંકરદેવો વગેરે અત્યંત અનાસક્ત જીવોને લગ્ન વગેરે પણ નિર્જરાફલક જ બનતા હોય છે. માટે જ ભાઈમહારાજે છતે ભોજને પોતાને ઉપવાસી કહ્યા અને રાજાએ પોતાને બ્રહ્મચારી કહ્યો. કુરગડુમુનિને ભોજનક્રિયાથી કેવલજ્ઞાન થયું. ઝાંઝરીયા ઋષિના ઘાતકરાજાને હત્યાકાળે શુભપરિણામ નહોતો, માટે હત્યાક્રિયાથી કેવલજ્ઞાન થયું એમ ન કહેવાય.

**પ્રશ્ન :** 'કુરગડુમુનિને ભોજનક્રિયાથી કેવલજ્ઞાન થયું' એમ જો કહેવાનું હોય તો એ ભોજનક્રિયાનો-ખાવું પડે છે એનો-એમને પશ્ચાત્તાપ પણ ન હોવો જોઈએ.

**ઉત્તર :** છઠ્ઠી દૃષ્ટિમાં જે સંસારક્રિયા હોય છે એ મોહનીયકર્મના

ઉદયથી જન્ય હોતી નથી, એટલે જ તો એ ભયહેતુ કે ભવહેતુ બનતી નથી. માટે એનો મુખ્ય પશ્ચાત્તાપ ન હોય... વ્યવહારનો આંશિક હોય શકે. જે મોહનીયકર્મના ઉદયથી થયેલ ક્રિયા હોય એનો પશ્ચાત્તાપ હોય. જે અન્યકર્મોના ઉદયથી થયેલ હોય એનો મુખ્ય પશ્ચાત્તાપ ન હોય. માટે અજ્ઞાનપરીષહનો પશ્ચાત્તાપ કરવાનો નથી કહ્યો. પણ એને સમભાવે સહન કરવાનું કહ્યું, દીનતા લાવ્યા વગર પુરુષાર્થ કરી એના પર વિજય મેળવવાનું કહ્યું. એમ છેવટ્ઠું સંઘયણ છે એનો પશ્ચાત્તાપ કરવાનો નથી. કુરગડુમુનિને ઓઘ પશ્ચાત્તાપ કહેવાય, તથા પૂર્વમાં કેવા અંતરાયો બાંધ્યા છે એનો પશ્ચાત્તાપ હોય શકે. પણ અહીં ખાવું પડે છે એનો મુખ્ય પશ્ચાત્તાપ ન હોય.

નદી ઉતરવામાં કારણ છે ને જયણાપૂર્વક ઉતર્યા તો એનો પશ્ચાત્તાપ ન હોય, પણ જે અજયણા થઈ હોય એનું પ્રાયશ્ચિત્ત ઇરિયાવહિયા વગેરે હોય.

એટલે છઠ્ઠીદષ્ટિમાં રહેલા સમ્યક્ત્વીની તો અર્થકામની પ્રવૃત્તિ પણ નિર્જરાફલક હોય છે ને તેથી મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા હોય છે એ નિશ્ચિત થયું. પણ જેઓ છઠ્ઠી દષ્ટિ સુધી હજુ પહોંચ્યા નથી તેવા સમ્યક્ત્વીને તો વિષય વગેરેનો ભય હોય છે. તેઓ કાંઈ એવા અનાસક્ત યોગી હોતા નથી. અપ્રત્યાખ્યાનાવરણીય રાગના પ્રભાવે તેઓને વિષયોના આકર્ષણ પણ હોય છે અને તેથી વિષયપ્રવૃત્તિમાં તેઓ આસક્ત પણ બને જ છે. હા, નિર્ધ્વંસ પરિણામ ન હોવાથી તીવ્રબંધ ન હોય. પણ अप्पोसि होइ बंधो અલ્પબંધ તો થાય જ છે. તો એ મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા શી રીતે ? એ હવે વિચારીએ.

અર્થ-કામની પ્રવૃત્તિકાળે પણ સમ્યક્ત્વીજીવ દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે... એટલે કે દેવગતિનામકર્મ વગેરે જ બાંધે છે, એટલે નરકગતિનામકર્મ વગેરે પાપપ્રકૃતિઓ તો બંધાતી જ નથી... જે

જ્ઞાનાવરણીય કે અશાતાવેદનીય વગેરે પાપ પ્રવૃત્તિ બંધાય છે તે પણ મંદરસવાળી, તીવ્રરસવાળી નહીં. માટે अप्पोसि होइ बंधो કહ્યું છે. એટલે બંધથી એ મોક્ષફલિકા કહી શકાય નહીં. છતાં અનુબંધથી એ મોક્ષફલિકા હોય છે.

આશય એ છે કે ક્રિયા શુભ(ધર્મની) હોય કે અશુભ (પાપની) હોય, મનના વિચારો રૂપ ઉપયોગ શુભ હોય તો પુણ્ય જ બંધાય છે અને એ જો અશુભ હોય તો પાપ જ બંધાય છે. એટલે પ્રસન્નચન્દ્રરાજર્ષિને આતાપનાની ક્રિયા શુભ હોવા છતાં હિંસાનો ઉપયોગ હોવાથી ૭મી નરક બાંધી. એટલે કે પુણ્ય-પાપ પ્રકૃતિના બંધનું કારણ શુભ-અશુભ ઉપયોગ છે. (સામાન્યથી શુભપ્રવૃત્તિકાળે શુભઉપયોગ હોય છે ને પાપપ્રવૃત્તિકાળે અશુભઉપયોગ હોય છે. વળી સામા જીવનો ઉપયોગ છદ્મસ્થોનો વિષય નથી. એટલે વ્યવહાર નય 'ધર્મક્રિયાથી પુણ્ય અને પાપક્રિયાથી પાપ બંધાય' એમ સામાન્યથી કહે છે.)

આમ બંધનો આધાર ઉપયોગ છે. પણ અનુબંધનો આધાર પ્રણિધાન છે. વિષય-કષાયાદિનું પ્રણિધાન એ પાપપ્રણિધાન છે. આ પાપપ્રણિધાન સાથે પાપઉપયોગ હોય તો પાપાનુબંધી પાપ બંધાય છે. પુણ્ય(શુભ) ઉપયોગ હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે. મોક્ષનું-ગુણપ્રાપ્તિનું પ્રણિધાન એ પુણ્યપ્રણિધાન છે. એ હોવા છતાં અશુભ ઉપયોગ હોય તો પુણ્યાનુબંધી પાપ બંધાય છે ને શુભ ઉપયોગ હોય તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. (પ્રણિધાન ન હોય ત્યારે જેવો શુભ કે અશુભ ઉપયોગ હોય એ પ્રમાણે નિરનુબંધ પુણ્ય કે પાપ બંધાય છે.)

સમ્યક્ત્વીજીવ મોક્ષાકાંક્ષાક્ષણિકચિત્ત હોય છે. એટલે કે એને મોક્ષનું પ્રણિધાન ઉપયોગ કે સંસ્કારરૂપે સતત બેસેલું હોય છે. એટલે 'સાંસારિક પ્રવૃત્તિ દરમ્યાન વિચિત્ર કર્મોદયવશ પુત્ર-પત્નીની મમતા

વગેરે અશુભઉપયોગ હોય ત્યારે પણ એનું ચિત્ત મોક્ષમાં રમતું નથી એવું બનતું નથી' એમ યોગબિંદુની ૨૦૫મી ગાથામાં કહ્યું છે. અલબત્ અશુભઉપયોગ હોવાથી ઉપયોગરૂપે મોક્ષનું પ્રણિધાન હોતું નથી. પણ છતાં સંસ્કારરૂપે તો એ પડેલું જ હોય છે ને તેથી જે પાપબંધ થાય છે એ પુણ્યાનુબંધી થાય છે, ને તેથી પરિણામે એ મોક્ષફલક બને છે. એટલે એની આ અર્થ-કામની પ્રવૃત્તિ બંધથી નહીં, પણ અનુબંધથી મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા બને છે. એટલે જ, ચૌદમી બત્રીશીની ૧૭મી ગાથાની વૃત્તિમાં અશુભ એવી કુટુંબચિંતનાદિપ્રવૃત્તિકાળે પણ શુદ્ધપરિણામથી (=મોક્ષના પ્રણિધાનથી) સદનુબંધની = શુભાનુબંધની જ સંગતિ દર્શાવી છે.

વળી એ ૧૪મી બત્રીશીની અઢારમી ગાથાની વૃત્તિમાં કુટુંબચિંતનાદિપ્રવૃત્તિરૂપ ભવહેતુને જ પરિણામવિશેષથી મોક્ષહેતુરૂપે પરિણમવા કહ્યા છે એ હવે વિચારીએ. આ પરિણામવિશેષ એટલે હેયત્વપરિણામ. સમ્યક્ત્વી જીવને રોજિંદી ચાલુ સાંસારિક પ્રવૃત્તિમાં હેયત્વબુદ્ધિ ન પણ આવે. (છતાં ઊહનકાળે એ આવી શકે.) પણ જેમાં વિશેષરૂપે રાગ-દ્વેષ થાય એમાં પ્રણિધાન જેવું પ્રબળ... સમ્યક્ત્વ જેટલું નિર્મળ... એ પ્રમાણે શીઘ્રતયા હેયત્વબુદ્ધિ આવે જ. આ હેયત્વપરિણામથી ભવહેતુ જ મોક્ષહેતુ બને છે, એટલે કે મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલક બને છે.

હેયત્વના સંવેદન પછી પણ ત્યાગ શક્ય ન હોય તો છઠ્ઠી દષ્ટિવાળાને ઉપેક્ષા (ઉદાસીનતા) આવે છે. એ પણ વિશુદ્ધપરિણામ હોવાથી ભવહેતુભૂતક્રિયા મોક્ષહેતુ બને છે. એકેન્દ્રિયજીવો પર પણ કરુણા છે. પણ એની વિરાધનાનો ત્યાગ શક્ય નથી. એમાં અન્ય સમ્યક્ત્વીઓને પણ ઉપેક્ષા હોય છે. માટે ભવહેતુ, મોક્ષહેતુ બને છે. જેમાં ઉપેક્ષા ન હોય, પણ મન જોડાય, એમાં સકંપપ્રવૃત્તિ હોવાથી = પશ્ચાત્તાપ હોવાથી... ને હેયત્વબુદ્ધિ હોવાથી એ મોક્ષહેતુ

બને છે.

વળી, દરેક પ્રવૃત્તિમાં ઉદાત્તતા = ઉત્તરોત્તરઆચાર પ્રતિબદ્ધતા હોય છે. એટલે કે ધર્મક્રિયામાં વિશિષ્ટ-વિશિષ્ટતરતા આવે એની તત્પરતા હોય છે અને પાપક્રિયામાં ઉત્તરોત્તર દોષહ્રાસતત્પરતા હોય છે. આ નિજાશયવિશુદ્ધિ છે, માટે મોક્ષહેતુત્વ આવે છે. આમાં ધર્મપ્રવૃત્તિમાં એ પ્રવૃત્તિ તો ખરી જ, સાથે ઉપાદેયત્વબુદ્ધિરૂપ આ નિજાશયવિશુદ્ધિરૂપ ભાવ પણ યોગ છે. પાપપ્રવૃત્તિમાં હેયત્વબુદ્ધિરૂપ નિજાશયવિશુદ્ધિરૂપ ભાવ હોવાથી એ પણ એ ભાવને આશ્રીને યોગ છે. માટે સમ્યક્ત્વીજીવની બધી પ્રવૃત્તિઓ મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા હોય છે.

આમ સમ્યક્ત્વીજીવનું ચિત્ત હંમેશા મોક્ષના પ્રણિધાનવાળું હોવાથી એને ભાવથી યોગ હોય છે. અપુનર્બંધક જીવનું ચિત્ત એવું ન હોવાથી એને દ્રવ્યથી યોગ કહ્યો છે. પણ અધ્યાત્મ-ભાવનાયોગના અધિકારમાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સંપૂર્ણ મોક્ષમાર્ગ હોય તો જ યોગ માનવાનો હોવાથી સમ્યક્ત્વીને પણ વ્યવહારથી જ યોગ કહેલ છે. નિશ્ચયથી તો વિરતિધરને જ યોગ જાણવો.

જ્યારે સકૃદ્બંધક વગેરે જીવોને યોગ અતાત્ત્વિક હોય છે... તથા એ પ્રાયઃ કરીને પ્રત્યપાયફલક હોય છે. એ શા માટે પ્રત્યપાયફલક હોય છે ને પ્રાયઃ શબ્દથી કોની બાદબાકી છે ? વગેરે વાતો આગળ જોઈશું.

❖ ❖ ❖

**કોઈપણ પુદ્ગલની આસક્તિ જીવને**

**પરાધીન બનાવે છે.**

# લેખાંક ૧૦૫

ગયા લેખમાં આપણે જોયું કે સમ્યક્ત્વીજીવ અર્થ-કામની પ્રવૃત્તિ કરે તો પણ એ પ્રવૃત્તિ ભલે બંધથી નહીં, પણ અનુબંધથી મોક્ષપ્રાપ્તિ-પર્યવસાનફલિકા બને છે. તેથી સપ્રસંગ પુણ્યાનુબંધી પુણ્ય વગેરે છ પ્રકારોનો આપણે આ લેખમાં વિચાર કરીશું.

દયા, પરોપકાર, ક્ષમા, નમ્રતા, અનાસક્તિ, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ-શ્રદ્ધા... આવા બધા ભાવો એ શુભોપયોગ છે... એનાથી પુણ્ય બંધાય છે જેના ઉદયે અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે. આનાથી વિપરીત નિર્દયતા, સ્વાર્થાંધતા, ક્રોધાદિ કષાયો, વિષયાસક્તિ, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે આશાતના-અવહેલના... વગેરે ભાવો એ અશુભોપયોગ છે. એનાથી પાપ બંધાય છે જેના ઉદયે પ્રતિકૂળતાઓ મળે છે. શુભોપયોગપૂર્વકની શુભક્રિયા વિશિષ્ટ પુણ્ય બંધ કરાવે છે, એ વગરની શુભક્રિયાથી સામાન્ય પુણ્ય બંધ થાય છે. એમ અશુભોપયોગપૂર્વકની અશુભક્રિયા તીવ્ર પાપબંધ કરાવે છે અને એ વગરની અશુભક્રિયા સામાન્ય પાપબંધ કરાવે છે એ જાણવું. શુભક્રિયાકાળે પણ વ્યક્ત રૂપે અવજ્ઞા-અનાદર વગેરે હોય તો એ અશુભોપયોગાત્મક હોવાથી પાપ જ બંધાય છે. પણ અવજ્ઞા-અનાદર જો સુષુપ્ત હોય તો નિરનુબંધ સામાન્ય પુણ્યબંધ થાય છે.

પુણ્યના ઉદયે થયેલી અનુકૂળતામાં કે પાપોદયે થયેલી પ્રતિકૂળતામાં જો સદ્‌બુદ્ધિ જળવાઈ રહે છે તો નવું પુણ્ય બંધાય છે અને જો દુર્બુદ્ધિ જાગે તો પાપ બંધાય છે. અનુકૂળતામાં છકી ન જવું, આસક્ત ન બનવું, એ અનુકુળતાને આરાધનામાં જોડવી... આ બધું સદ્‌બુદ્ધિ કહેવાય છે. ને એનાથી વિપરીત-છકી જવું, આસક્તિ કરવી, અનુકૂળતાઓનો વિષય-વિલાસમાં કે બીજાઓને દુ:ખી

કરવામાં ઉપયોગ કરવો... આ બધું દુર્બુદ્ધિ છે. પ્રતિકૂળતામાં દીન બની જવું, આર્તધ્યાનાદિ કરવા, પ્રતિકૂળતાને દૂર કરવા હિંસાદિ ઉપાયો અજમાવવા, પ્રતિકૂળતાના કારણ તરીકે અન્યને જવાબદાર લેખી એના પર દ્વેષાદિ કરવા આ બધું દુર્બુદ્ધિ છે... ને એનાથી વિપરીત... પ્રતિકૂળતામાં સમભાવ, સહનશીલતા કેળવવી, સ્વકર્મનો વિપાક ચિંતવવો, ધર્મ વધારવો... વગેરે સદ્બુદ્ધિ છે. વિવક્ષિત પુણ્યના ઉદયે મળનારી અનુકૂળતામાં સદ્બુદ્ધિ જ જાગશે એવું જો પહેલેથી નિશ્ચિત હોય તો એ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. એમ, દુર્બુદ્ધિ જ જાગશે એવું પહેલેથી નિશ્ચિત હોય તો એ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. એમ વિવક્ષિત પાપના ઉદયે મળનારી પ્રતિકૂળતામાં સદ્બુદ્ધિ જળવાઈ રહેશે એવું જો પહેલેથી નિશ્ચિત હોય તો એ પુણ્યાનુબંધી પાપ કહેવાય છે. અને દુર્બુદ્ધિ જ જાગશે એવું જો નિશ્ચિત હોય તો એ પાપાનુબંધી પાપ કહેવાય છે. તથા, વિવક્ષિત પુણ્ય કે પાપના ઉદયે સદ્બુદ્ધિ જાગશે કે દુર્બુદ્ધિ ? એ પહેલેથી નિશ્ચિત ન હોય, અને તે તે કાળે ભવિતવ્યતાવશાત્ પરિસ્થિતિ-પુરુષાર્થ વગેરેને અનુસરીને સદ્બુદ્ધિ કે દુર્બુદ્ધિ આવવાની હોય તો એવા પુણ્ય-પાપને નિરનુબંધ પુણ્ય-પાપ કહેવાય છે.

પ્રણિધાનની તીવ્રતા અને ઉપયોગની તીવ્રતાથી અનુબંધ પડે છે. વિષય-કષાય વગેરેના અશુભ પ્રણિધાનથી અશુભાનુબંધ પડે છે. આત્મસ્વરૂપનું પ્રણિધાન એ શુભ પ્રણિધાન છે, એનાથી શુભાનુબંધ પડે છે. પ્રણિધાન મુખ્ય છે. છતાં જો એમાં ઉપયોગ ભળે તો દૃઢ અનુબંધ પડે છે અને જો ઉપયોગ ન ભળે તો એટલા દૃઢ અનુબંધ પડતા નથી.

અપુનર્બન્ધક અવસ્થા પણ જેઓ પામ્યા નથી એવા અભવ્ય તથા અચરમાવર્તવર્તી ભવ્ય જીવોને શુભપ્રણિધાન હોતું નથી, માટે શુભાનુબંધ હોતો નથી. એટલે એ જીવોને નિરનુબંધ પુણ્ય, નિરનુબંધ

પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ એમ ૪ વિકલ્પો જ સંભવે છે.

સમ્યક્ત્વની હાજરીમાં આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રણિધાન બેઠું જ હોવાથી અશુભ પ્રણિધાન આવી શકતું નથી. માટે અશુભાનુબંધ હોતો નથી. એટલે સમ્યક્ત્વીને પાપાનુબંધી પુણ્ય-પાપ સિવાયના જ ૪ વિકલ્પો સંભવે છે.

અપુનર્બન્ધક જીવોને છએ વિકલ્પો સંભવે છે ! તે નીચે મુજબ...

**(૧) પુણ્યાનુબંધી પુણ્ય :** આત્માના શુદ્ધસ્વરૂપના પ્રણિધાન સાથે શુભોપયોગપૂર્વક શુભક્રિયા કરે ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. એમ આ પ્રણિધાન મંદ હોય કે ન હોય ને શુભોપયોગપૂર્વક શુભક્રિયા કરે... પણ પાછળથી અનુમોદના કરે અથવા શુભપ્રણિધાન ભેળવે તો પણ શુભાનુબંધી પુણ્ય થાય છે. તથા તીવ્ર અશુભપ્રણિધાનથી પાપાનુબંધી પુણ્ય બાંધવા છતાં પાછળથી એ અશુભપ્રણિધાનનો વધારે પ્રબળ પશ્ચાત્તાપ કરે તો પણ એ પુણ્યના અશુભ અનુબંધો તૂટી જઈને શુભાનુબંધો ઊભા થાય છે.

આમ પુણ્યાનુબંધ પડવામાં આત્માના શુદ્ધસ્વરૂપનું = મોક્ષનું પ્રણિધાન એ એક મહત્ત્વનું કારણ છે. એ શું છે ને એ શી રીતે કેળવી શકાય ?એ આપણે પૂર્વે પ્રણિધાન - પ્રવૃત્તિ વગેરે પાંચ આશયોના નિરૂપણ વખતે વિચારી ગયા છીએ.

આ જે પ્રણિધાન કહ્યું છે, તે પ્રસ્તુતમાં 'આત્મિક પ્રણિધાન' 'શુભ પ્રણિધાન' તરીકે અભિપ્રેત છે. આવા પ્રણિધાનપૂર્વકની શુભોપયોગવાળી આરાધનાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. ક્યારેક આવું પ્રણિધાન ન હોય ને ભૌતિક ઈચ્છા બેસેલી હોય, તો પણ એ ઈચ્છા એટલી પ્રબળ ન હોય... ને સામે પ્રભુભક્તિ-શ્રદ્ધા વગેરે

તીવ્ર હોય, તો એનાથી પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. છતાં એ ગૌણ છે. ને તેથી, સાધકે તો ઉક્ત પ્રણિધાન માટે જ ઉદ્યમશીલ બનવું જોઈએ.

**(૨) નિરનુબંધ પુણ્ય :** ગતાનુગતિક રીતે, શૂન્ય મનસ્કપણે, શુભપ્રણિધાન શૂન્ય રીતે જે શુભક્રિયા કરવામાં આવે તેનાથી નિરનુબંધ પુણ્ય બંધાય છે. એમ આરાધના પ્રત્યે સામાન્ય આદર કે શુભપ્રણિધાન હોવા સાથે સામાન્ય અવિધિ હોય તો પણ નિરનુબંધ પુણ્ય બંધાય છે. શુભપ્રણિધાનપૂર્વકની શુભક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યા બાદ જો એનો પશ્ચાત્તાપ કરે તો પ્રથમ નંબરે પુણ્ય જ નાશ પામી જાય છે. પણ જો પુણ્ય નિકાચિત થઈ ગયું હોય તો પુણ્ય ઊભું જ રહે છે, પણ શુભાનુબંધો ખસી જાય છે ને નિરનુબંધતા ઊભી થાય છે. પસ્તાવો જો વધારે આગળ વધે, તો પછી પુણ્ય પાપાનુબંધી પણ થઈ જાય છે. જેમ કે મમ્મણને...

**(૩) પાપાનુબંધી પુણ્ય :** ઈર્ષ્યાનું, પ્રશંસા વગેરેનું કે વિષય-કષાયનું તીવ્રપ્રણિધાન હોય, ને આરાધનાકાળે પ્રભુ ભક્તિ, જયણા, ક્ષમા વગેરે શુભોપયોગ હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે. નિરનુબંધ કે પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યા પછી મમ્મણની જેમ સુકૃતનો પશ્ચાત્તાપ કરવામાં આવે કે પાછળથી અશુભ પ્રણિધાન (જેમ કે નિયાણામાં) ભેળવવામાં આવે તો પણ એ પુણ્ય (નિકાચિત હોવાથી જો નાશ ન પામ્યું હોય તો) પાપાનુબંધી બની જાય છે. એટલે ઉલ્લાસમાં આવીને તપશ્ચર્યામાં જોડાઈ ગયા... પછી જરા કઠણાઈ અનુભવાય તો પણ-અરરર... એક સામટું પચ્ચક્ખાણ ક્યાં લઈ લીધું ? વગેરે રૂપે પસ્તાવો ન કરવો. એ જ રીતે સારી ઉછામણી બોલ્યા બાદ પસ્તાવો ન કરવો. એમ શ્રી સંઘની સેવા વગેરે કાર્યમાં કે કોઈ ઉપધાન વગેરે જેવા અનુષ્ઠાન ઉલ્લાસથી શરુ કર્યા બાદ કલ્પના કરતાં તન-મન-ધનનો વધુ ભોગ આપવાનો અવસર આવે

તો પણ મનમાં ખેદ વગેરે ધારણ કરી પાપાનુબંધો ન ઉપાર્જવા... પણ ઉલ્લાસને અકબંધ જાળવી રાખી પુણ્યાનુબંધો વધારવા.

(૪) **પુણ્યાનુબંધી પાપ :** અપુનર્બન્ધક કે અવિરતસમ્યક્ત્વી વગેરે, મનમાં, આ ખોટું કરી રહ્યો છું એવું સંવેદન ને તેથી એનો ખેદ હોવા છતાં, મોહવશાત્ વિષય-વિલાસ વગેરે કરે, એમાં સુખ અનુભવે... ત્યારે પુણ્યાનુબંધી પાપ બંધાય છે. એમ તીવ્રપણે પાપ બાંધ્યા પછી (પાપાનુબંધી પાપ બાંધ્યા પછી) એનો પારાવાર પશ્ચાત્તાપ કરે, તો પ્રથમ નંબરે પાપ જ ધોવાઈ જાય... પણ જો પાપ નિકાચિત થઈ ગયું હોય તો, પાપ નાશ ન પામી શકે, પણ પાપાનુબંધો પુણ્યાનુબંધમાં ફેરવાઈ જાય, ને તેથી પુણ્યાનુબંધી પાપ થાય. એમ, પાપાનુબંધી પાપ બાંધ્યા પછી તીવ્રરસે-પ્રબળ શુભ પ્રણિધાનપૂર્વક સદનુષ્ઠાન કરે તો પણ પૂર્વના પાપાનુબંધો તૂટી પુણ્યાનુબંધો ઊભા થવા માંડે છે. જેમકે નન્દનરાજર્ષિના ભવમાં પ્રભુવીરે કરેલી સાધનાથી, શય્યાપાલકના કાનમાં સીસુ રેડવા વગેરેના કારણે બંધાયેલા પાપના અશુભ અનુબંધો તૂટી જઈ શુભાનુબંધો ઊભા થયા... ને તેથી પ્રભુવીરના ભવમાં કાનમાં ખીલા ઠોકાવા વગેરે ભયંકર ઉપસર્ગ રૂપે એ પાપ ઉદયમાં આવવા છતાં પ્રભુવીરને દુર્બુદ્ધિ ન જાગતાં, સમભાવે સહન કરવાની સદ્બુદ્ધિ જ આવી.

(૫) **નિરનુબંધ પાપ :** ગતાનુગતિક રીતે, શૂન્યમનસ્કપણે પાપક્રિયા થાય તો, તેમજ રસપૂર્વક પાપ કર્યા પછી પાછળથી તેને સમકક્ષ પશ્ચાત્તાપ હોય તો પાપ નિરનુબંધ બને છે.

(૬) **પાપાનુબંધી પાપ :** વિષય-કષાયનું તીવ્ર પ્રણિધાન તથા તીવ્ર હિંસા વગેરેના કે કષાયાદિના અશુભોપયોગ પૂર્વક પાપક્રિયા કરવાથી પાપાનુબંધી પાપ બંધાય છે. એમ નિરનુબંધ પાપ કર્યા પછી પાછળથી એની અનુમોદના, અશુભપ્રણિધાન કે તીવ્રરસે અન્ય

પાપપ્રવૃત્તિ કરવાથી એ નિરનુબંધ પાપ પાપાનુબંધી બની જાય છે.

અભવ્યને ક્યારેય શુભાનુબંધ પડતો નથી, કારણ કે શુદ્ધ આત્મસ્વરૂપ ક્યારેય એની સંવેદનામાં આવતું ન હોવાથી આત્મસ્વરૂપનું પ્રણિધાન આવતું નથી. એને ક્યાં તો વિષય-કષાયનું પ્રણિધાન હોય છે, ક્યારેક પ્રણિધાનશૂન્યતા હોય છે ને ક્યારેક દુર્ગતિવારણનું પ્રણિધાન હોય છે. અભવ્યને પણ શ્રુત-સામાયિકની પ્રાપ્તિ કહી છે. શ્રુતસામાયિક એટલે જિનવચનોની શાસ્ત્રોની-શ્રુતની પ્રાપ્તિ થવી એટલો જ અર્થ નથી, પણ એ પ્રાપ્તિના બળે સમભાવની પ્રાપ્તિ થવી એ અર્થ છે. એટલે કે એ શ્રુતવચનોના બળે, 'વિષય-કષાયથી પાપ બંધાય છે ને પાપથી દુર્ગતિ થાય છે. માટે મારે વિષય-કષાયોથી દૂર રહેવું જોઈએ...' એમ માની વિષય-કષાયોની મંદતા રૂપ સમતાની પ્રાપ્તિ થવી એ શ્રુતસામાયિક છે. આ અભવ્યને પણ સંભવિત છે એનો અર્થ-એ પણ આ રીતે પાપભીરુ બની સમભાવ કેળવે છે. કષાય કરીશ તો દુર્ગતિમાં જઈશ. વિષય વિલાસ કરીશ-પ્રમાદમાં પડીશ... તો દુર્ગતિમાં દુઃખો સહેવા પડશે... માટે, જો મારે દુર્ગતિમાં ન જવું હોય તો વિષય-કષાય-પ્રમાદાદિ વારવા જોઈએ... એમ સમજી એ સુંદર નિષ્પાપ જીવન રૂપ સંયમ પણ પાળે છે. પણ, તિર્યંચગતિ-નરકગતિમાં નથી જવું, તો ક્યાં જવું છે ? તો કે દેવગતિમાં... અર્થાત્ દુર્ગતિના વિકલ્પ તરીકે સદ્‌ગતિ એની સંવેદનામાં આવે છે, પણ શિવગતિ ક્યારેય આવતી નથી. એમ અપમાન, અપયશ, નિર્ધનતા વગેરેથી એ ત્રાસે છે. ત્યારે એના વિકલ્પ તરીકે એને માન, યશ કે શ્રીમંતાઈ વગેરે સંવેદાય છે, પણ માન-અપમાન વગેરે દ્વન્દ્વોથી અતીત એવી શુદ્ધ અવસ્થા ક્યારેય સંવેદાતી નથી. જ્યારે દષ્ટિ પામેલા જીવોને એ સંવેદાય છે. અપમાન જેમ જંજાળરૂપ લાગે એમ માન પણ એને જંજાળ રૂપ લાગે છે... દેવગતિમાં અનુકૂળ વિષય સામગ્રીમાં પણ

એને જીવની કદર્થના લાગે છે. પ્રારંભિક અવસ્થાવાળા અપુનર્બન્ધકને મુક્તિ અનુરાગ હજુ પ્રગટ્યો ન હોય, અને તેથી આવી દ્વન્દ્વાતીત અવસ્થાનું ઝાંખું સંવેદન પણ ન હોય તો પણ, યોગ્યતા રૂપે તો એ હોય જ છે. એટલે એવા જીવોને પાપભય, દુર્ગતિવારણ વગેરેનું પ્રણિધાન પણ શુભપ્રણિધાનનું કામ કરી પુણ્યાનુબંધ ઊભો કરે છે. પણ અભવ્યને પોતાનો અભવ્યત્વ સ્વભાવ જ પ્રતિબન્ધક બનતો હોવાથી દુર્ગતિવારણનું પ્રણિધાન હોવા છતાં સદનુષ્ઠાનરાગપ્રયોજક મુક્તિ અદ્વેષ વગેરે આવતા નથી. માટે એને યોગ્યતા રૂપે પણ મુક્તિનું સંવેદન કે શુભપ્રણિધાન સંભવતા ન હોવાથી શુભાનુબંધ પડતો નથી. એટલે શુભાનુબંધ સિવાયની અપુનર્બન્ધકની બધી વાતો અભવ્ય માટે પણ સમાન જાણવી.

સમ્યક્ત્વી જીવ જો મંદ-રાગ-દ્વેષની પ્રવૃત્તિ કરે તો નિરનુબંધ પાપ બંધાય છે. એ વખતે એનું સમ્યક્ત્વ 'આ ત્યાજ્ય છે' એવી લાલબત્તી, જો ઉપયોગ ન હોય તો ધરતું નથી, તેથી પશ્ચાત્તાપ હોતો નથી. માટે શુભાનુબંધ હોતો નથી. એ રાગ-દ્વેષ મંદ હોવાના કારણે અશુભાનુબંધ પણ હોતો નથી. વિશિષ્ટ રાગ-દ્વેષથી પ્રવૃત્તિ કરવાના અવસરે ઉપયોગ ન હોય તો પણ એનું પ્રણિધાન (સમ્યક્ત્વનો ક્ષયોપશમ) આ વિપરીત પ્રવૃત્તિકાળે એને લાલબત્તી ધરે છે કે 'આ પ્રવૃત્તિ તારા આત્માનું અહિત કરશે.' છતાં અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાય રૂપ પ્રમાદને પરવશ બની એ વિપરીત પ્રવૃત્તિ કરે તો પણ પેલી લાલબત્તીના કારણે પશ્ચાત્તાપનો ભાવ (ડંખ) ઊભો જ હોય છે. માટે શુભાનુબંધ પડે છે. પશ્ચાત્તાપ એટલો તીવ્ર ન હોય, તો પણ, સમ્યક્ત્વના પ્રભાવે તીવ્ર આસક્તિ થતી ન હોવાથી અશુભાનુબંધ તો પડતો જ નથી, ને નિરનુબંધ પાપ બંધાય છે. એમ સમ્યક્ત્વની હાજરીમાં શુભ પ્રવૃત્તિનો પાછળથી પશ્ચાત્તાપ, તીવ્ર રસવાળી પાપપ્રવૃત્તિ કે નિયાણું સંભવિત ન હોવાથી એ રીતે પણ એને

અશુભાનુબંધ પડતો નથી. જેમ અભવ્યને વિષય-કષાયાદિનું પ્રણિધાન હોવાથી, સંયમ પાળવા છતાં સંયમ ન કહેવાય. એમ સમ્યક્ત્વીને મોક્ષનું પ્રણિધાન હોવાથી વિષય-કષાયમાં રહેવા છતાં અશુભાનુબંધ પડે નહીં. એટલે અશુભાનુબંધ સિવાયની અપુનર્બન્ધકની બધી વાતો સમ્યક્ત્વી માટે પણ સમાન જાણવી.

આમ સપ્રસંગ અનુબંધની વાતો આપણે જોઈ. સમ્યક્ત્વીજીવ મોક્ષાકાંક્ષાક્ષણિકચિત્ત હોવાથી અર્થ-કામની પ્રવૃત્તિ દરમ્યાન પણ પુણ્યાનુબંધ જ ઊભો કરતો હોવાથી એની એ પ્રવૃત્તિ અનુબંધદ્વારા મોક્ષપ્રાપ્તિપર્યવસાનફલિકા બનતી હોય છે ને એ દૃષ્ટિએ એને ભાવથી યોગ કહ્યો હોવા છતાં વિરતિધરને જ યોગ માનવાની વિવક્ષામાં એ વ્યવહારથી જ તાત્ત્વિક યોગ બની રહે છે. એ જ રીતે અપુનર્બંધક જીવને પણ વ્યવહારથી જ તાત્ત્વિકયોગ હોય છે. એ આપણે જોઈ ગયા છીએ.

જ્યારે સકૃદ્આવર્ત વગેરે જીવોને આ યોગ અતાત્ત્વિક કહેવાયેલો છે અને તેવા માત્ર વેષાદિ હોવાના કારણે એ પ્રાયઃ પ્રત્યપાયફલક હોય છે. આમાં સકૃદ્ એટલે એકવાર. એટલે કે એકવાર જેઓ આવૃત્ત થાય છે, અર્થાત્ જેઓ એકવાર ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરવાના છે તેવા સકૃદ્બંધક જીવો. એમ જેઓ હજુ બે વાર ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરવાના છે તેવા જીવો એ દ્વિર્બંધક જીવો. એ જ રીતે ત્રિર્બંધકજીવો વગેરે જાણી લેવા. આ સકૃદ્બંધક જીવો વગેરેનો યોગ, નિશ્ચયથી કે વ્યવહારથી તાત્ત્વિક બનતો ન હોવાથી અતાત્ત્વિક કહેવાયેલો છે, કારણકે એમનો પરિણામ અશુદ્ધ હોય છે. એમનો આ અતાત્ત્વિકયોગ પ્રાયઃ પ્રત્યપાયફલક બને છે.

**પૂર્વપક્ષ :** અહીં આ 'પ્રાયઃ' શબ્દથી કોની બાદબાકી છે ? એ વિચારીએ તો જણાય છે કે સકૃદ્બંધકજીવોને અધ્યાત્માદિથી

પ્રાયઃ કરીને તો પ્રત્યપાય થાય છે. પણ કોઈક સકૃદ્બંધક જીવોને એનાથી અર્થ = લાભ પણ થાય છે. એની બાદબાકી માટે પ્રાયઃ શબ્દ છે. એટલે જ ચૌદમી અપુનર્બંધક દ્વાત્રિંશિકાની ચોથી ગાથામાં અને એની વૃત્તિમાં આવા ભાવનું જણાવ્યું છે કે - ઘટાદિકાર્યથી એના પરિણામી કારણ એવા મૃત્પિંડાદિમાં સર્વથા ભિન્નતા હોતી નથી, એમ અપુનર્બંધક કરતાં સકૃદ્બંધકાદિમાં સર્વથા ભિન્નતા હોતી નથી. એટલે કે સકૃદ્બંધક એ અપુનર્બંધક અવસ્થાનું પરિણામી કારણ છે અને તેથી અપુનર્બંધકની જો તાત્ત્વિક પૂર્વ સેવા છે તો સકૃદ્બંધકની પૂર્વસેવા એના કારણભૂત હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને એને ઉપચરિત પૂર્વસેવા માનવી જોઈએ. આ પૂર્વસેવાનું અપુનર્બન્ધકની તાત્ત્વિક પૂર્વસેવા એ ફળ હોવાથી, પ્રત્યપાયભૂત ફળ નથી, પણ આત્માને લાભકર્તા ફળ છે. એટલે એનો વ્યવચ્છેદ કરવા આ 'પ્રાયઃ' શબ્દ છે.

**ઉત્તરપક્ષ** : તમારી વાત શ્રદ્ધેય જણાતી નથી. એમાં ઘણાં કારણો છે.

(૧) એ જ ગાથામાં ત્યાં અન્ય આચાર્યોના મતે સકૃદ્બંધકાદિની પૂર્વસેવામાં ભવસ્વરૂપનો નિર્ણય કરાવનાર ઊહાપોહ વગેરેના અભાવરૂપ અનાલોચનથી ગર્ભિત હોવાથી અનાલોચનદ્વારા અમુખ્ય ઉપચાર કહેલો છે. એટલે કે એને અપુનર્બંધકની તાત્ત્વિક પૂર્વસેવાના કારણ તરીકે સ્વીકારી નથી. માત્ર બાહ્ય દૃષ્ટિએ બન્ને સરખી દેખાતી હોવાથી અમુખ્ય ઉપચાર સ્વીકાર્યો છે.

(૨) વળી ખુદ ગ્રન્થકારે ત્યાં જ આગળના અધિકારમાં અન્ય આચાર્યના આ મતને યુક્ત ઠેરવ્યો છે. ને એમાં કારણ આપ્યું છે કે સકૃદ્બંધકાદિને કર્મબંધની યોગ્યતારૂપ મલ તીવ્ર=અત્યંત ઉત્કટ હોવાથી ભવાભિષ્વંગ ઓછો થયો હોતો નથી. વળી ત્યાં આગળ જણાવ્યું છે કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરાવનાર અતિતીવ્રસંક્લેશ જેને

ફરીથી ક્યારેય આવવાનો ન હોય એને જ ઉત્તરોત્તર ભવવૈરાગ્ય વગેરે કલ્યાણનિમિત્તોનો સંભવ હોવાથી મુખ્ય પૂર્વસેવા હોય છે એવી શાસ્ત્રમર્યાદા છે. સકૃદ્બંધક વગેરેનો તો હજુ અતિતીવ્રસંક્લેશ આવવાનો હોવાથી મુખ્ય પૂર્વસેવા હોતી નથી.

**પૂર્વપક્ષ :** અરે ! સકૃદ્બંધકાદિને મુખ્ય પૂર્વસેવા તો અમે પણ કહેતા નથી. પણ જેમ વિરતિધરને નિશ્ચયથી તાત્ત્વિકયોગ હોય છે ને અપુનર્બંધક તથા સમ્યક્ત્વીને એના કારણભૂત હોવાથી વ્યવહારથી તાત્ત્વિકયોગ હોય છે. એમ અપુનર્બંધકને નિશ્ચયથી તાત્ત્વિક પૂર્વસેવા હોય છે, ને સકૃદબંધકાદિને એના કારણભૂત હોવાથી વ્યવહારથી તાત્ત્વિક પૂર્વસેવા હોય છે એમ માનવું જોઈએ.

**ઉત્તરપક્ષ :** ભલે એમ માની લઈએ, છતાં એને પ્રત્યપાયફલક માનવામાં શું વાંધો છે ?

**પૂર્વપક્ષ :** જેમ વિરતિધરનો યોગ આત્માને લાભકર્તા છે, ને તેથી અપુનર્બંધક નો યોગ એના કારણભૂત હોવાથી આત્માને લાભકર્તા જ મનાયેલો છે. પ્રત્યપાયફલક મનાયેલો નથી, એમ અપુનર્બંધકની પૂર્વસેવા આત્માને લાભકર્તા છે. તેથી એના કારણભૂત હોવાથી સકૃદ્બંધકની પૂર્વસેવાને પણ આત્માને લાભકર્તા જ માનવી જોઈએ. ને તેથી એને પ્રત્યપાયફલક માની ન શકાય.

**ઉત્તરપક્ષ :** આ રીતે તો દ્વિર્બંધકજીવની પૂર્વસેવાને પણ લાભકર્તા માનવી પડે, કારણ કે એ પણ આત્માને લાભકર્તા એવી સકૃદ્બંધકની પૂર્વસેવાથી બહુ ભિન્ન ન હોવાથી એના કારણભૂત છે. પછી એ રીતે તો ત્રિર્બંધક, ચતુર્બંધક વગેરે બધા જીવોની પૂર્વસેવાને લાભકર્તા માનવી પડે ને તેથી પ્રત્યપાયફલક માની નહીં શકાય, કારણ કે એ બધાની પૂર્વસેવા પણ, આત્માને લાભકર્તા એવી દ્વિર્બંધક વગેરેની પૂર્વસેવાથી બહુ ભિન્ન ન હોવાથી એના કારણભૂત છે. તથા

આ રીતે તો, સકૃદ્બંધક અપુનર્બંધકથી બહુ ભિન્ન ન હોવાથી, એનો યોગ અપુનર્બંધકના વ્યવહારથી તાત્ત્વિકયોગના કારણભૂત બનવાના કારણે આત્માને લાભકર્તા માનવો પડે છે ને તેથી એને પ્રત્યપાયફલક નહીં માની શકાય. આ જ ક્રમે દ્વિર્બંધક વગેરે માટે પણ માનવું પડશે. અને તો પછી કોઇના યોગને પ્રત્યપાયફલક કહી ન શકાવાથી વિષ-ગર વગેરેની વાતો ઊડી જ જશે. તેમજ, આ પ્રસ્તુત અધિકારમાં પણ જે પ્રાય: પ્રત્યપાયફલક હોવા કહ્યા છે એ પણ ઊભું નહીં રહી શકે.

એટલે જે નિશ્ચયથી કે વ્યવહારથી તાત્ત્વિક હોવાના કારણે આત્મદૃષ્ટિએ લાભકર્તા હોવા કહેવાયા છે, એને પૂર્વવર્તી હોવાથી અને બહુ વિલક્ષણ ન હોવાથી જે એના પરિણામી કારણ તરીકે કહી શકાય છે એ આત્માની દૃષ્ટિએ લાભકર્તા જ હોય એવો નિયમ માની શકાતો નથી.

પ્રાય: પ્રત્યપાયફલકમાં પ્રાય: શબ્દથી કોની બાદબાકી છે એ અંગે કેટલુંક આપણે વિચાર્યું. હજુ આ અંગે વિશેષ વિચારણા આગામી લેખમાં કરીશું.

❖ ❖ ❖

**કષાયોની મંદતા યુગલિકોને પણ ખૂબ હોય છે, પણ ભવવિરાગ વિના એની કોઈ વિશેષ કિંમત નથી.**

# લેખાંક ૧૦૯

સકૃદ્બંધક વગેરે જીવોના યોગ પ્રાયઃ પ્રત્યપાયફલક હોય છે. આમાં પ્રાયઃ શબ્દથી કોની બાદબાકી છે એ વિચારણામાં, પૂર્વપક્ષની માન્યતા એ છે કે કોઈક સકૃદ્બંધકાદિને આત્મિકદૃષ્ટિએ લાભકર્તા પૂર્વસેવા જે સંભવે છે એમની બાદબાકી છે. તેમાં એ કારણ એવું આપે છે કે, સકૃદ્બંધકની પૂર્વસેવા, અપુનર્બંધકની પૂર્વસેવા કરતાં પૂર્વવર્તી છે ને તેથી લગભગ સદૃશ હોવાથી, એના પરિણામીકારણ રૂપ હોવાથી એનાથી કથંચિદ્ અભિન્ન છે. અપુનર્બંધકની પૂર્વસેવા જો લાભકર્તા છે તો એના કારણરૂપ હોવાથી સકૃદ્બંધકની તે પણ લાભકર્તા માનવી જોઈએ.

પૂર્વપક્ષની આ માન્યતા સામે કેટલીક વિચારણા કરીને આપણે એ નિર્ણય પર આવ્યા છીએ કે આત્મદૃષ્ટિએ જે લાભકર્તા છે એને પૂર્વવર્તી હોવાથી તથા ઘણું સાદૃશ્ય હોવાથી જે એના પરિણામી કારણ તરીકે કહેવાય છે તે આત્મદૃષ્ટિએ લાભકર્તા જ હોય એવો નિયમ સ્વીકારી શકાતો નથી.

આશય એ છે કે ત્રિર્બંધક, દ્વિર્બંધક, સકૃદ્બંધક, અપુનર્બંધક, અવિરતસમ્યક્ત્વી, દેશવિરત, સરાગસંયત, વીતરાગસંયત... આ બધી યથાક્રમ ઉત્તરોત્તરભાવી અવસ્થાઓ છે. તે તે પૂર્વ અવસ્થા સ્વઉત્તર અવસ્થાનું ઘણું સાદૃશ્ય ધરાવતી હોય છે અને તેથી તે તે ઉત્તરઅવસ્થાના પરિણામીકારણ તરીકે કહી શકાય છે. પણ એટલા માત્રથી તે તે દરેક પૂર્વઅવસ્થાને આત્મિકદૃષ્ટિએ લાભકર્તા કહેવામાં ત્રિર્બંધક વગેરેને પણ લાભકર્તા કહેવી પડે, જે ઉચિત નથી. માટે અમુક અવસ્થા સુધી જ લાભકર્તા કહી શકાય છે, એ પૂર્વે નહીં.

**પ્રશ્ન :** એ અમુક પૂર્વઅવસ્થા તરીકે કઈ પૂર્વ અવસ્થા લેવી ?

**ઉત્તર :** આ નિર્ણય કરવા માટે શાસ્ત્રવચનો એ જ આપણો આધાર. અને શાસ્ત્રવચનો તો એકસૂરે અપુનર્બંધક સુધી જ અનુષ્ઠાનાદિને લાભકર્તા કહે છે, એ પૂર્વની સકૃદ્બંધક વગેરે અવસ્થાઓમાં નહીં, કારણ કે ત્યારે જીવ ભવાભિનંદી હોય છે, મુક્તિદ્વેષ ધરાવે છે, ને તેથી મુક્તિઉપાયોનું મલન થતું હોવાથી વિષાન્નતૃપ્તિસાદશ્ય હોવાના કારણે પ્રત્યપાયફલકત્વ હોય છે. એટલે જ ઉપદેશરહસ્યની ૧૭મી વગેરે ગાથામાં સકૃદ્બંધકની દ્રવ્યાજ્ઞાને એ મોક્ષનું સાક્ષાત્ કે પરંપરાએ પણ કારણ બનતી ન હોવાથી અપ્રધાન કહી છે. જ્યારે અપુનર્બંધકની દ્રવ્યાજ્ઞા મોક્ષાંગ હોવાથી પ્રધાન કહી છે. એમ આ બત્રીશી ગ્રંથની ૧૪મી બત્રીશીની પાંચમી ગાથામાં અપુનર્બંધકને ભવિષ્યમાં હવે ક્યારેય ઉત્કૃષ્ટસ્થિતિબંધજનક અતિતીવ્રસંક્લેશ ન આવવાનો હોવાના કારણે ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિ કલ્યાણનું નિમિત્ત બનતી હોવાથી એની પૂર્વસેવાને મુખ્ય કહી છે. સકૃદ્બંધકાદિને એવું ન હોવાથી અમુખ્ય કહી છે. માટે અપુનર્બંધકથી જ લાભકર્તા, એ પૂર્વે નહીં... આ વાત સ્પષ્ટ છે.

**પ્રશ્ન :** અનાદિકાલીન સહજમળનો હ્રાસ થતાં થતાં એક સ્થાન એવું આવે છે કે જીવ અપુનર્બંધક બને છે ને હવે પછી અનુષ્ઠાનાદિ લાભકર્તા બની શકે છે. આની પૂર્વે જીવ સકૃદ્બંધક હોય છે. એમાં જે સકૃદ્બંધકજીવ અપુનર્બંધકની ઘણી નજીકની ભૂમિકામાં હોય છે એનો સહજમળ અપુનર્બંધકના સહજમળ કરતાં અતિઅતિ અલ્પમાત્રામાં જ અધિક હોય છે, આવી અત્યંત અલ્પ અધિકમાત્રાના કારણે શું અનુષ્ઠાનાદિને વિપરીતફલક માની લેવાના? એના કરતાં અપુનર્બંધકથી અતિદૂર રહેલા સકૃદ્બંધક વગેરેને વિપરીતફલક, નજીક રહેલા સકૃદ્બંધકને નિષ્ફળ અને અપુનર્બંધકથી સફળ... આમ માનવું જોઈએ. અને તેથી પ્રસ્તુત 'પ્રાયઃ' શબ્દથી નજીકના સકૃદ્બંધકની બાદબાકી કરી શકાય, કારણકે એના અનુષ્ઠાન પ્રત્યપાયફલક નથી.

**ઉત્તર :** અપુનર્બંધક જીવો, ભલે અતિઅલ્પાંશે, પણ ભવવિરક્ત કહેવાયેલા છે ને ભવાભિનંદીજીવો ભવની આસક્તિવાળા = ભવાભિષ્વંગવાળા કહેવાયેલા છે. આ બેની વચમાં હોય એવી કોઈ અવસ્થા શાસ્ત્રોમાં દર્શાવેલી નથી. શાસ્ત્રો તો જીવ જેવો ભવાભિનંદી મટે કે તરત અપુનર્બંધક બની જવો કહે છે. એટલે જ્યાં સુધી જીવ ભવાભિનંદી છે ત્યાં સુધી વિપરીતફલક... અને જેવો ભવાભિનંદી મટે કે તરત અપુનર્બંધક બની જવાથી સફળ... આમ બે જ ભૂમિકા માનવાની રહે છે.

તથા મુક્તિદ્વેષ હોય તો અનુષ્ઠાન વિપરીતફલક થાય છે, મુક્તિદ્વેષ ન હોય તો અદ્વેષ હોય જ... અને તેથી અનુષ્ઠાન તદ્ધેતુ બનવાથી ઈષ્ટફલક થાય છે. આ મુક્તિના દ્વેષ-અદ્વેષની વચ્ચે ત્રીજી કોઈ અવસ્થા છે નહીં, જ્યાં મુક્તિનો દ્વેષ કે અદ્વેષ બન્ને ન હોવાથી અનુષ્ઠાન માત્ર નિષ્ફળ જાય. હા, અનાદિકાલીન મુક્તિદ્વેષ... પાછળથી મુક્તિરાગ... આ બેની વચમાં મુક્તિઅદ્વેષની અવસ્થા હોય છે. પણ ત્યાં પણ અનુષ્ઠાનને તદ્ધેતુ કહ્યું હોવાથી સફળત્વ હોય છે, નિષ્ફળત્વ નહીં. એટલે જે અવસ્થામાં અનુષ્ઠાન ન પ્રત્યપાયફલક કે ન સફળ... માત્ર નિષ્ફળ જ રહે એવી વચલી કોઈ અવસ્થા માની શકાતી નથી, એ નિઃશંક છે.

વળી, અનુષ્ઠાનના વિષ-ગર વગેરે જે પાંચ ભેદ બતાવ્યા છે, એમાં પ્રથમ બે ભેદ વિપરીતફલક છે, છેલ્લા બે ભેદ સફળ છે. અને ત્રીજો અનનુષ્ઠાન નામે ભેદ નિષ્ફળ છે. એટલે તમે જે નિષ્ફળ અનુષ્ઠાન કહો છો તે 'અનનુષ્ઠાન' જ લેવું પડે છે. પણ આ અનનુષ્ઠાનનું કારણ તમે કહો છો એવી કોઈ વચલી અવસ્થા નથી. પણ અનાભોગ છે. એટલે જ તમારી કલ્પેલી એ વચલી અવસ્થામાં જ નહીં, એનાથી દૂર-દૂરતરવર્તી ભવાભિનંદી અવસ્થામાં પણ તથા અપુનર્બંધક અવસ્થામાં પણ અનનુષ્ઠાન સંભવે છે.

અને, આ અનનુષ્ઠાન પણ નિષ્ફળ હોય છે, લાભકર્તા તો નહીં જ. એટલે કે સકૃદ્બંધક વગેરે જીવોનું કોઈપણ અનુષ્ઠાન ક્યારેય પણ સફળ હોતું નથી, આ વાત નિઃશંક નિશ્ચિત થાય છે. એ પ્રાયઃ પ્રત્યપાપફલક હોય છે ને ક્યારેક = અનાભોગ હોય ત્યારે નિષ્ફળ હોય છે. આ નિષ્ફળઅનુષ્ઠાનની બાદબાકી માટે પ્રસ્તુત 'પ્રાયઃ' શબ્દ છે.

એટલે જ ચૌદમી અપુનર્બંધક બત્રીશીની ચોથી ગાથામાં સકૃદ્બંધક વગેરેની પૂર્વસેવા માટે જે બે મત બતાવ્યા છે, તે 'એક મતે એ કારણમાં કાર્યના ઉપચારથી ઉપચરિત છે ને બીજા મતે એ માત્ર બાહ્ય સદૃશ દેખાવના કારણે ઉપચરિત છે' એવા જ ભેદના પ્રદર્શક હોવા તરીકે વૃત્તિકારે ત્યાં સ્પષ્ટતા કરી છે, પણ 'એકમતે એ લાભકર્તા છે ને બીજા મતે એ લાભકર્તા નથી' એવા ભેદના પ્રદર્શક હોવા તરીકે નહીં.

**શંકા** - અપુનર્બંધકની પૂર્વસેવા તાત્ત્વિક હોવાથી લાભકર્તા છે એ સ્પષ્ટ છે. વળી એ અમુક આચાર્યોના મતે સકૃદ્બંધકની પૂર્વસેવાનું ફળ (= કાર્ય) છે. તો આ મતે તો સકૃદ્બંધકની પૂર્વસેવાનું આ સુંદર ફળ હોવાથી એની પૂર્વસેવાને પ્રત્યપાયફલક કેમ કહેવાય ? એટલે આવા ઇષ્ટફલકત્વની બાદબાકી માટે પ્રસ્તુત પ્રાયઃ શબ્દ છે.

**સમાધાન** - વાસ્તવિકતાનો વિચાર કરીએ તો અપુનર્બંધકની પૂર્વસેવાને સકૃદ્બંધકની પૂર્વસેવાના કાર્ય (ફળ) તરીકે કહી શકાતી નથી, કારણકે સકૃદ્બંધકની પૂર્વસેવા એને સાક્ષાત્ કે કોઈ વ્યાપાર (દ્વાર) દ્વારા અવ્યવહિતપૂર્વવર્તી હોતી નથી, ને તેથી એના કારણભૂત નથી. માત્ર દ્વિર્બંધકની પૂર્વસેવા, સકૃદ્બંધકની પૂર્વસેવા, અપુનર્બંધકની પૂર્વસેવા... આવો જે ક્રમ છે એમાં પૂર્વાપર ભાવે ઉલ્લેખ થતો હોવાથી એનો કારણ તરીકે ઉલ્લેખ થયેલો છે. બાકી જો એને એના વાસ્તવિક પરિણામીકારણ તરીકે લઈ ઇષ્ટફલક માનવામાં આવે તો

પ્રાયઃ પ્રત્યપાયફલકત્વ ન કહેતાં પ્રાયઃ ઈષ્ટફલકત્વ કહેવું પડે, કારણકે સકૃદ્બંધક અવસ્થામાં થતી લગભગ દરેક પૂર્વસેવા એવી જ હોય છે. એટલે જ અન્ય આચાર્યો એને 'કારણ' ન કહેતાં માત્ર 'સદશ' જ કહે છે. જો એ વાસ્તવિક કારણ હોય તો એ અન્ય આચાર્યોએ પણ એને 'કારણ' કહેવું જ પડે, ને તો પછી બે મત અલગ રહી શકે નહીં. વળી એને કારણ ન માનવાના અન્ય આચાર્યોના આ મતનું ખુદ ગ્રંથકારે પણ સમર્થન કર્યું છે.

તથા, પ્રાયઃ પ્રત્યપાયફલકમાં પ્રાયઃ શબ્દથી જેની બાદબાકી છે એ, બાકીના પ્રત્યપાયફલક અધ્યાત્માદિથી શાના કારણે અલગ પડી જાય છે ને તેથી પ્રત્યપાયફલક રહેતા નથી... આનો વિચાર કરીએ તો જણાય છે કે ભવાભિનંદીપણું વગેરે તો અકબંધ હોવાથી કોઈ શુભભાવ વગેરે લઇ શકાતા નથી. માટે એ કારણ તરીકે પૂર્વે જણાવ્યા મુજબ 'અનાભોગ' જ લેવાનો રહે છે.. ને તેથી નિષ્ફળ અધ્યાત્માદિની એનાથી બાદબાકી થાય છે. એટલે સકૃદ્બંધકાદિને શુભફલક અધ્યાત્માદિ હોવા તો કોઈ રીતે સિદ્ધ થઇ શકતા નથી.

બીજી એક વાત એ છે કે પ્રસ્તુત અધિકારમાં 'સકૃદ્બંધકાદિ' શબ્દમાં રહેલ આદિ શબ્દથી દ્વિર્બંધક-ત્રિર્બંધક વગેરેનો સમાવેશ છે. એટલે પ્રાયઃ શબ્દથી જેની બાદબાકી સકૃદ્બંધક માટે માનવાની છે એની દ્વિર્બંધક વગેરે માટે પણ માનવી જરૂરી બની જાય છે. એટલે શુભફલકની બાદબાકી સકૃદ્બંધકમાં માનીએ તો દ્વિર્બંધક વગેરે બધાને પણ શુભફલક અધ્યાત્માદિ માનવા પડે જે બિલકુલ વિપરીત છે. માટે બધામાં એક સમાન રીતે, ક્યારેક અનાભોગથી થતાં અનનુષ્ઠાનની પ્રાયઃ શબ્દથી બાદબાકી છે એમ માનવું જ ઉચિત છે.

**શંકા** - અહીં પ્રત્યપાયફલકત્વ જે કહેવાય છે એમાં પ્રત્યપાય શું છે ?

**સમાધાન** - આ વિચાર બે રીતે કરવો જોઈએ. (૧) તજ્જીવની

અપેક્ષાએ અને (૨) સર્વ જીવની અપેક્ષાએ. (૧) તજ્જીવની અપેક્ષાએ - તાવવાળો કશું ન ખાય તો એ સારું જ છે. ને એની અપેક્ષાએ એમ કહેવાય કે તાવવાળો ખોરાક ખાય તો નુકશાન થાય. પણ કશુંક ખાવાનું તો છે જ, તો અપથ્ય ખાય કે ખોરાક ખાય ? સકૃદ્બંધકાદિ જીવ પાપ કરે કે ધર્મ કરે, આ બન્ને દુઃખાનુબંધી થાય છે. પણ પાપ દુઃખફલક થાય છે, જ્યારે ધર્મ સુખફલક થાય છે. એટલે આ અપેક્ષાએ એને પ્રત્યપાયફલક શી રીતે કહેવાય ? પણ અપુનર્બંધકજીવે કરેલું ધર્મઅનુષ્ઠાન તદ્ધેતુ બનતું હોવાથી વહેલું મોડું અમૃતઅનુષ્ઠાન લાવીને જેમ અંતે મોક્ષાત્મકફળમાં પરિણમે છે... તેમ સકૃદ્બંધક વગેરે માટે બનતું નથી. એમનું અનુષ્ઠાન સાક્ષાત્ કે પરંપરાએ... વહેલું કે મોડું... ક્યારેય પણ અમૃતઅનુષ્ઠાનને લાવી આપનાર બની શકતું નથી. એટલે થોડું સુખ આપનાર હોવા છતાં છેવટે સંસારપરિભ્રમણમાં જ પરિણમે છે. મોક્ષાત્મકફળની અપેક્ષાએ સંસાર એ પ્રત્યપાય છે. માટે અનુષ્ઠાન પ્રત્યપાયફલક કહેવાય છે.

(૨) સર્વજીવની અપેક્ષાએ - દ્રવ્યલિંગની સંખ્યા પણ તથાલોકસ્વભાવે પરિમિતિ ફીક્સ હોય છે. એ અપુનર્બંધકાદિને મળત તો ભાવલિંગમાં પરિણમવાની શક્યતા હતી. પણ સકૃદ્બંધકાદિ અસાધ્યજીવે એ ઉપયોગમાં લેવાથી નિષ્ફળ ગયું. માટે સર્વજીવની અપેક્ષાએ સમસ્તિગત એ પ્રત્યપાય-નુકશાન કહેવાય. રોગીઓમાં કેટલાક સાધ્યરોગવાળા છે ને કેટલાક અસાધ્યરોગવાળા છે. વળી દવાની ગોળીઓ બહુ મર્યાદિત છે. એટલે જેટલી ગોળીઓ અસાધ્યરોગવાળા લે છે, એનાથી રોગ તો મટવાનો નથી, ને બીજા સાધ્યરોગવાળાઓએ દવાથી વંચિત રહેવાનું થાય છે ને તેથી રોગ સહેવો પડે છે. આ સમસ્તિગત પ્રત્યપાય-નુકશાન છે, એમ અહીં વિચારી શકાય છે.

એટલે સકૃદ્બંધક સુધીના જીવોને પ્રાયઃ અનિષ્ટફલજનક,

અપુનર્બંધકને (= ચરમાવર્તમાં) પ્રાયઃ ઈષ્ટફળજનક (ચરમાવર્તમાં પ્રાયઃ ચોથું તદ્ધેતુઅનુષ્ઠાન કહ્યું હોવાથી.) હોય છે. બન્નેને અનાભોગ હોય ત્યારે નિષ્ફળ. પ્રાયઃ શબ્દથી બન્નેને એની બાદબાકી છે.

આમ અધ્યાત્મ અને ભાવનાયોગના તાત્ત્વિક અને અતાત્ત્વિક એવા બે ભેદ બતાવ્યા. હવે આગળના ધ્યાનયોગ વગેરેને વિચારીએ. યોગ્યતાને અનુસરીને ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષાવાળો ધ્યાનયોગ, સમતાયોગ અને વૃત્તિસંક્ષયયોગ ચારિત્રવાનને જ = દેશવિરત અને સર્વવિરતને જ સંભવે છે. એનું માત્ર પારમાર્થિક = તાત્ત્વિક એક જ સ્વરૂપ હોય છે.

**શંકા** - ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં યૂકાશય્યાતરને પણ 'ધ્યાનસ્થ' એવું વિશેષણ લગાડ્યું છે.

**સમાધાન** - વ્યવહારથી પણ અતાત્ત્વિક એવું ધ્યાન એને સંભવે છે. એ અચરમાવર્તમાં પણ સંભવે છે. આમાં એવું લાગે છે કે, અધ્યાત્મ અને ભાવનાયોગ નિશ્ચયથી તો દેશ-સર્વવિરતને માનેલો છે, પણ અપુનર્બંધક - અવિરતસમ્યક્ત્વીને એ કારણમાં કાર્યનો ઉપચાર કરવા રૂપ વ્યવહારથી તાત્ત્વિક મનાયેલો છે. આવું ધ્યાનાદિ માટે વિચારીએ તો જણાય છે કે ધ્યાનાદિના કારણભૂત યોગ તરીકે જે આવે છે તે તો ખુદ અધ્યાત્મયોગ અને ભાવનાયોગ રૂપ જ છે. એટલે એનો તો સ્વામીને અનુસરીને નિશ્ચયથી તાત્ત્વિક અધ્યાત્મ-ભાવના કે વ્યવહારથી તાત્ત્વિક અધ્યાત્મ-ભાવનામાં સમાવેશ થઈ જવાથી વ્યવહારથી તાત્ત્વિક ધ્યાનાદિયોગ જેવું કાંઈ રહેતું નથી, યૂકાશય્યાતર જેવાના જે ધ્યાનાદિ છે તે વ્યવહારથી પણ તાત્ત્વિક નથી, માટે વસ્તુતઃ ધ્યાનાભાસ છે. તેથી એની અવિવક્ષા કરીને અહીં ધ્યાનાદિયોગનું પારમાર્થિક એક જ સ્વરૂપ હોવું કહ્યું છે એમ સમજવું યોગ્ય લાગે છે.

ધ્યાનયોગ કરતાં સમતાયોગમાં અને સમતાયોગ કરતાં વૃત્તિસંક્ષયયોગમાં શુદ્ધિ વધુ વધુ હોય છે.

હવે આ જ યોગના જુદી વિવક્ષાથી સાનુબંધ અને નિરનુબંધ એવા ભેદ વિચારીએ -

અપાયરહિતનો યોગ એ સાનુબંધ છે. અપાયસહિતનો યોગ એ નિરનુબંધ છે.

**પ્રશ્ન :** આમાં અપાય શું છે ?

**ઉત્તર :** નિરુપક્રમ કર્મ એ અપાય છે, એ યોગનું બાધક છે. સોપક્રમ કર્મ ઉચિત ઉપાયો અજમાવવાથી નાશ પામી શકે એવું હોય છે. માટે એ યોગનું બાધક નથી, પણ યોગ એનો બાધક બને છે. પણ આ ઉપાયો અજમાવવામાં જો ગરબડ કરે તો સોપક્રમકર્મ પણ યોગનો બાધ કરે. ઉપાયો સર્વત્ર સોપક્રમકર્મના બાધક છે. નિરુપક્રમ કર્મ સર્વત્ર કાર્યનું બાધક છે. માટે વાડો અને ઉત્તરગુણો સર્વત્ર સોપક્રમકર્મને તોડવા માટે છે.

તથાવિધ નિમિત્ત મળવાથી, પોતાની અસર દેખાડ્યા વિના જે કર્મ ખસી જાય એ સોપક્રમ (= ઉપક્રમને યોગ્ય) કહેવાય છે. ને પોતાની અસર દેખાડ્યા વિના જે ન જ નિર્જરે એ નિરુપક્રમ કર્મ કહેવાય છે. આ બન્ને પ્રકારનું કર્મ વિવક્ષિત ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાનની પૂર્વે અજ્ઞાનાદિવશાત્ બાંધેલું હોય છે. મુખ્યતયા એ દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય રૂપે હોય છે. ચૈત્યવન્દનાદિકાળે આવું કર્મ આત્મા પર વિદ્યમાન હોય છે (સત્તામાં હોય છે) પણ ઉદયમાં હોતું નથી. (કારણકે જો ઉદયમાં હોય તો એ મોક્ષપથને પ્રતિકૂળ એવી ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓ પ્રવર્તાવી ચૈત્યવન્દનાદિ સાધના થવા જ ન દે. ચૈત્યવન્દનવગેરેમાં સંકળાયેલા પ્રણિધાનાદિ આશયો અને સ્થાનાદિયોગની ઇચ્છા વગેરે શુભભાવો પણ આ કર્મ માટે ઉપક્રમનું

નિમિત્ત બની શકે છે. એટલે જો એ સત્તાગત કર્મ સોપક્રમ હોય તો તો એને ઉપક્રમ લાગી જવાથી ભવિષ્યમાં પણ, મોક્ષમાર્ગને પ્રતિકૂળ એવી ચિત્તવૃત્તિઓ પ્રવર્તાવી જીવને યોગભ્રષ્ટ કરવા સ્વરૂપ સ્વકાર્ય કરી શકતું નથી. માટે એવા કર્મને અહીં અપાય તરીકે કહ્યું નથી. પણ જો સત્તાગત આ કર્મ નિરુપક્રમ હોય, તો આ ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાન પણ એને પ્રભાવહીન કરી શકતા નથી. અને તેથી ભવિષ્યમાં જ્યારે એ ઉદયમાં આવશે ત્યારે જીવને યોગભ્રષ્ટ કરશે જ. માટે આવું નિરુપક્રમ કર્મ એ અપાય કહેવાય છે.

કર્મો ત્રણ પ્રકારના હોય છે. અનિકાચિત, અલ્પનિકાચિત અને ગાઢનિકાચિત. જેઓનું સત્તાગત પ્રતિબન્ધક કર્મ અનિકાચિત છે તેઓ નિરપાયયોગી છે. આવા જીવોને અનિકાચિતકર્મનો ઉપક્રમ જેનાથી થઇ જાય એવા સંયોગ-પ્રયત્ન વગેરે સાહજિક હોય છે. અલ્પનિકાચિત કર્મો એ છે જેનો ઉપક્રમ સહજ રીતે થવો શક્ય નથી હોતો. પણ ઉપાયસાધ્ય-પ્રયત્નસાધ્ય હોય છે. શ્રાવકપ્રજ્ઞપ્તિ-પંચાશકજી વગેરેમાં કર્મનો ઉપક્રમ કરવાના ઉપાય દર્શાવ્યા છે. પ્રથમ પંચાશકમાં આ ૭ ઉપાયો કહ્યા છે - સદા વ્રતસ્મરણ, વ્રત પર બહુમાન, વ્રતવિરોધી એવા મિથ્યાત્વાદિ દોષો પર જુગુપ્સા, ગુણલાભ-દોષનુકશાનની વિચારણા, પ્રભુભક્તિ, સુસાધુસેવા અને અધિકગુણની ઇચ્છા. આ ઉપાયોને ખંતપૂર્વક અજમાવનારો સાધક અલ્પનિકાચિત કર્મનો ઉપક્રમ કરે છે. અને તેથી પછી એને અપાય આવતા નથી.

ગાઢનિકાચિત કર્મો એ છે કે જેનો ભોગવ્યા વિના પ્રાયઃ નાશ થતો નથી. માત્ર ક્યારેક આસન્નભવ્યતા-ભવિતવ્યતાથી, ક્ષપકશ્રેણિથી કે ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ માટેની ખંડશ્રેણિથી જે દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય નાશ પામે... પણ એ સિવાય તો નાશ ન જ પામે... ભોગવવું જ પડે. આવું ગાઢનિકાચિત કર્મ એ નિરુપક્રમ કર્મ છે. અને તેથી જેને એ સત્તામાં હોય એવા યોગીનો

યોગ એ સાપાયયોગ છે.

વળી યોગબિંદુના ૩૭૩-૩૭૪મા શ્લોક પરથી એ જાણવા મળે છે કે આંતરિક રીતે નિરુપક્રમ કર્મ એ અપાય છે અને બાહ્યરીતે એના ઉદયે આવતા કંટક-જ્વર કે દિગ્મોહ વિઘ્ન એ અપાય છે. (એમાં પણ મુખ્યતયા દિગ્મોહવિઘ્ન એ અપાય છે.)

આના પર વિચાર કરીએ તો જણાય છે કે જેણે પ્રણિધાન અને પ્રવૃત્તિઆશય કેળવ્યા હોવા છતાં હજુ વિઘ્નજય કેળવ્યો નથી અને તેથી જે સાપાયયોગવાળો છે તેના ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાન નિરનુબન્ધ હોય છે. બીજી બાજુ યોગવિંશિકા ગ્રન્થની પ્રથમ ગાથાની વૃત્તિમાં 'પ્રણિધાનાદિ આશયથી પુષ્ટિ-શુદ્ધિમત્ ચિત્ત સાનુબન્ધ થાય છે' એમ જણાવી સાનુબન્ધતાનો ઉલ્લેખ કર્યો છે. તો વાસ્તવિકતા શું ?

"વિનિયોગ થયે જે અન્વય = અવિચ્છેદભાવરૂપ સાનુબન્ધતા જણાવી છે એ જ મુખ્ય સાનુબન્ધતા છે, પ્રણિધાન-પ્રવૃત્તિ આશયવાળાને એવી વિશિષ્ટ સાનુબન્ધતા ન હોવાથી નિરનુબન્ધતા કહેવામાં વિરોધ રહેતો નથી" આ રીતે જો સંગતિ કરવામાં આવે તો વિઘ્નજય અને સિદ્ધિ આશય પામેલાને પણ નિરનુબન્ધતા જે માનવી પડે તેનો વિરોધ થશે, કારણકે વિઘ્નજય આશય કેળવાઈ ગયો છે, એટલે કોઈ 'અપાય' 'અપાયભૂત' ન રહેવાથી અનપાયયોગ થવાના કારણે સાનુબન્ધતા પણ માનવી પડે છે.

આવા પ્રશ્નો ઊભા ન થાય એ માટે આવી સંગતિ કલ્પી શકાય છે -

વિઘ્નજય આશય કેળવ્યો ન હોવાના કારણે જે સાપાયયોગી છે એવા જીવને પણ પ્રણિધાન-પ્રવૃત્તિ આશય કેળવ્યા હોવાથી યોગવિંશિકાનુસારે સાનુબન્ધતા છે. અને તેથી જ્યાં સુધી વિઘ્ન ન

આવે ત્યાં સુધી ઉત્તરોત્તર પરંપરા ચાલે છે. અર્થાત્ ઉત્તરોત્તર અનુષ્ઠાન આસેવન થયા કરે છે... તથા ઉપર ઉપરના આશયની પ્રાપ્તિ તેમજ પ્રાપ્ત આશયની ઉત્તરોત્તર પ્રબળતા-નિર્મળતા થયા કરે છે. પણ વિઘ્ન ઉપસ્થિત થવા પર, એના અનુબંધો પણ નાશ પામે છે અને યોગમાર્ગથી ભ્રષ્ટતા પણ થાય છે, કારણકે વિઘ્નજયઆશય કેળવાયો નથી. આમ એના અનુબંધો જે નાશ્ય છે, એના કારણે એના અનુષ્ઠાન (યોગબિંદુ અનુસારે) નિરનુબંધ પણ કહી શકાય છે.

કેટલીક વિશેષ વિચારણા -

જેટલી માત્રામાં વિઘ્નજય આશય કેળવાયો હોય એના કરતાં અધિક તીવ્ર વિઘ્નને ઉપસ્થિત કરી આપે એવું નિરુપક્રમ કર્મ સત્તામાં હોય તો જ એ જીવ સાપાયયોગી ઠરે.

વિઘ્નજય આશય કેળવાયો ન હોય એવા પણ બધા જ જીવો સાપાયયોગી હોય એવો નિયમ નથી, કારણકે એમાંના પણ જે જીવોને સહજ રીતે જ સત્તામાં નિરુપક્રમ કર્મ ન હોય તો નિરપાયયોગી જ છે.

સિદ્ધિઆશય પછી પણ વિનિયોગઆશય દર્શાવ્યો છે. અને ઉત્કૃષ્ટ ધર્મસ્થાન સુધીની અવન્ધ્યતા વિનિયોગ થયે કહી છે, સિદ્ધિ થયે નહીં. એટલે જણાય છે કે સિદ્ધિ આશય કેળવાયા બાદ પણ, જો હજુ વિનિયોગઆશય ન કેળવાયો હોય તો વન્ધ્યતા પણ સંભવિત છે, અર્થાત્ માર્ગભ્રંશ સંભવિત છે, એટલે કે સિદ્ધિઆશય પામેલા સાધકો પણ સાપાયયોગી હોવા સંભવિત છે. પણ વિનિયોગઆશય પામનાર તો નિરપાયયોગી જ હોય એમ સમજાય છે.

ગીતાર્થ બહુશ્રુતોને આ અંગે પૂર્વાપર અવિરુદ્ધ પુખ્ત વિચારણા કરવા વિનંતી.

યોગના જ અન્ય વિવક્ષાથી સાશ્રવ-અનાશ્રવ યોગ... એવા ભેદ પડે છે... એ અન્ય વિચારણા હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૦૭

યોગના અલગ-અલગ વિવક્ષાઓથી અલગ-અલગ રીતે ભેદો વિચારાઈ રહ્યા છે. એમાં ગયા લેખમાં છેલ્લે એ વિચારેલું કે અપાય હોય તો યોગ નિરનુબંધ હોય છે ને અપાય ન હોય તો યોગ સાનુબંધ હોય છે. હવે અપાય હોવા ન હોવાના જ આધારે યોગના સાશ્રવ-અનાશ્રવ એવા બે ભેદ પડે છે એ આ લેખમાં વિચારાશે.

વળી યોગના બે પ્રકાર છે : સાશ્રવયોગ અને અનાશ્રવયોગ. સાપાયયોગી જીવોને સાશ્રવયોગ હોય છે. એ બહુ જન્માન્તરકર હોય છે. અહીં બહુજન્માન્તરકર એટલે દેવ-મનુષ્ય વગેરેરૂપ અનેક વિશેષ પ્રકારના જન્મનો કારણ બનનાર યોગ. અપાય એટલે નિરુપક્રમકર્મ... એ અવશ્ય ભોગવવું પડતું હોવાથી અનેક જન્મો થાય છે. એક વર્તમાન જન્મ જ જેમાં બાકી છે તે અનાશ્રવ યોગ છે.

**શંકા** - અનપાયયોગીને ભલે એ એક જ જન્મ બાકી છે. છતાં એમાં અનાશ્રવત્વ શી રીતે ? કારણકે અનાશ્રવ એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ... આ ચાર આશ્રવમાંનો એક પણ આશ્રવ ન હોવો તે. એ, અયોગીકેવલી ગુણઠાણે જ સર્વસંવર હોવાથી એ પૂર્વે સંભવિત નથી.

**સમાધાન** - તત્ત્વાંગ = તત્ત્વનું કારણ બનનાર... એટલે કે

નિશ્ચયનો પ્રાપક જે વ્યવહારનય છે એ સાંપરાયિકકર્મબંધરૂપ આશ્રવને જ માનતો હોવાથી આવો આશ્રવ જ્યારે નથી ત્યારે ઇત્વરઆશ્રવ હોવા છતાં અનાશ્રવયોગ માનવામાં કશો વાંધો નથી, એમ ભાવ જાણવો. યોગબિંદુગ્રન્થમાં (૩૭૬ થી ૩૭૮) કહ્યું છે કે - *"અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને બંધના હેતુભૂત આશ્રવ બંધ તરીકે જ મનાયેલો છે. વળી, આ કર્મબંધ તરીકે પણ જે મુખ્ય સાંપરાયિક = સકષાય કર્મબંધ છે તે જ લેવાનો હોવાથી 'સાશ્રવ' શબ્દના અર્થ તરીકે સાંપરાયિક કર્મબંધ લેવો યોગ્ય છે. એટલે જ્યાં સુધી સકષાયબંધ છે ત્યાં સુધી સાશ્રવયોગ છે અને ચરમશરીરી જીવને કષાયો ક્ષીણ થયા પછી, યોગનિમિત્તક ઈર્યાપથબંધ હોવા છતાં (સકષાયબંધ રૂપ આશ્રવ ન હોવાથી) અનાશ્રવ નામનો બીજો યોગભેદ મનાયેલો છે.* **શંકા** - *એ વખતે જો ઈર્યાપથબંધરૂપ આશ્રવ વિદ્યમાન છે તો અનાશ્રવયોગ શી રીતે કહેવાય ?* **સમાધાન** - *આ યોગાધિકારમાં અનાશ્રવ વગેરે શબ્દોનો અર્થ સર્વત્ર નિશ્ચયપ્રાપક વ્યવહારનયને અનુસરીને લેવાનો છે.* આશય એ છે કે નિશ્ચયનયને અનુસરીને તો ૧૪ મે અયોગી કેવલી ગુણઠાણે જ અનાશ્રવયોગ છે, કારણકે ત્યારે ઈર્યાપથિકબંધ પણ નથી. પણ બારમા-તેરમા ગુણઠાણે રહેલો ઈર્યાપથિકબંધ સહિતનો યોગ જ આ નિશ્ચયમાન્ય અનાશ્રવયોગ સુધી જીવને પહોંચાડે છે. માટે નિશ્ચયને પ્રાપ્ત કરી આપનાર વ્યવહારનયથી ત્યારે પણ અનાશ્રવયોગ મનાયેલો છે. આમ નિશ્ચય અને વ્યવહાર બન્ને નય ઇચ્છિતફળ આપનાર છે. યોગબિંદુ ગ્રન્થની ૩૭૮મી ગાથામાં જે 'નિશ્ચયેન' એમ તૃતીયાવિભક્તિવાળો શબ્દ છે, એમાં તૃતીયાવિભક્તિનો અર્થ 'ઉપલક્ષણ' છે. તેથી નિશ્ચયથી ઉપલક્ષિત એવા, એટલે કે નિશ્ચયના પ્રાપક એવા વ્યવહારનયથી (આ ૧૨-૧૩મા ગુણઠાણે અનાશ્રવયોગ સમજવાનો છે) એમ અન્વય મળે છે.

**વિવેચન : શંકા** - અહીં અપાયવાળાને જ સાશ્રવયોગ કહ્યો છે. વળી અપાય તરીકે નિરુપક્રમણીય કર્મ કહેલ છે. જે ચરમશરીરી દેશવિરત વગેરે જીવોને સત્તામાં પણ નિરુપક્રમણીયકર્મ છે નહીં. એમનો યોગ સાપાય ન હોવાથી સાશ્રવ હોવો સિદ્ધ ન થવાથી અનાશ્રવ જ માનવો પડશે. તથા એકજન્મા હોવાથી પણ એને અનાશ્રવયોગ માનવો જરૂરી બને છે. વળી, એ વખતે એને સાંપરાયિકકર્મબંધ તો છે જ. માટે એને સાશ્રવ પણ માનવો પડશે. તો આ તો પરસ્પર વિરોધ થશે. તથા ચરમશરીરી પણ જે યોગીને નિરુપક્રમણીયકર્મ સત્તામાં હોવાથી યોગ સાપાય હોવાના કારણે સાશ્રવ છે. છતાં એ બહુ જન્માન્તરકર નથી, એક જન્મા છે... માટે એને અનાશ્રવ પણ માનવો પડશે.

વળી જે નિરુપક્રમણીયકર્મરહિતના યોગીને(= અનપાયયોગીને) હજુ એક દેવભવ અને એક મનુષ્યભવ બાકી છે એને પણ કયો યોગ માનવો ? સાપાય ન હોવાથી સાશ્રવ ન મનાય... એકજન્મા ન હોવાથી અનાશ્રવ પણ ન માની શકાય.

**પ્રશ્ન :** પણ આ યોગીને તો દેવભવમાં જશે ત્યારે ચારિત્ર રહેવાનું જ નથી માટે ચારિત્રભ્રંશ થતો હોવાથી એ સાપાયયોગી જ છે, અનપાયયોગી નહીં.

**ઉત્તર :** યાવજ્જીવની પ્રતિજ્ઞા હતી. એ પૂર્ણ થવાથી ચારિત્રનો અભાવ થયો છે, પણ ભંગ નથી થયો. જો ભંગ હોય તો આલોચના-પ્રાયશ્ચિત્ત વિના પુનઃ પ્રાપ્તિ શીઘ્ર સુલભ ન બને. દેવલોકમાં જનારને ચારિત્રની તાલાવેલી ઊભી છે. ને વગર પ્રાયશ્ચિત્તે પાછી શીઘ્ર સુલભ પ્રાપ્તિ છે. માટે એ ભંગ નથી. જેમ દીર્ઘપ્રયાણ માટે નીકળેલાને રાત્રે પ્રયાણ ન હોય તો પણ પ્રયાણભંગ નથી કહેવાતો, માત્ર વિશ્રામ કહેવાય છે. કારણ કે નિદ્રામાં પણ પ્રયાણબુદ્ધિ ચાલુ છે, સ્વપ્ના પણ પ્રયાણના જ આવે છે. એમ આ જીવોને દેવલોકમાં પણ

ચારિત્રની જ ઇચ્છા હોય છે, ચારિત્રની ભાવના અને ચારિત્રધરની ભક્તિ છે... વિરતિધરને પ્રણામ કરીને ઇન્દ્રસભામાં બેસે... માટે આ વિશ્રામસ્થાન કહેવાય છે, ભંગસ્થાન નહીં. અને તેથી આવો જીવ સાપાયયોગી ન હોવાથી પ્રશ્ન ઊભો જ રહેશે.

**સમાધાન** - બહુજન્માન્તરપણું અને એકજન્માન્તરપણું અહીં જે કહ્યા છે એ બહુલતાએ જાણવા. ક્યારેક એમાં ફેરફાર પણ સંભવે. એટલે એના કારણે ઊભા થતા પ્રશ્નો હવે રહેશે નહીં. જે યોગીઓને નિરુપક્રમકર્મ સત્તામાં ન હોવાથી સાપાયયોગ ન હોવાના કારણે અનાશ્રવયોગ કહેવો જરૂરી બને છે. એ યોગીઓ માટે, જેમ ૧૨મા ૧૩મા ગુણઠાણાવાળા માટે નિશ્ચયપ્રાયક વ્યવહારથી અનાશ્રવયોગ કહ્યો... એમ એનાથી પણ નીચલી નીચલી ભૂમિકામાં રહેલા અનપાયયોગીમાટે પરંપરાએ નિશ્ચયપ્રાપક વ્યવહારથી... દીર્ઘપરંપરાએ નિશ્ચયપ્રાપક વ્યવહારથી... એ રીતે નિશ્ચયથી દૂર-દૂરતર રહેલા વ્યવહારથી અનાશ્રવયોગ ઘટાવવો.

અથવા એક અન્ય વિચારણા છે 'આશ્રવ' શબ્દનો અર્થ સાંપરાયિક(સકષાય)કર્મબંધ ન લેતા યથાશ્રુત 'આશ્રવ' જ લઈએ... ને એ, આશ્રવ તરીકે યોગપ્રતિબંધક કર્મોનો આશ્રવ લઈએ... જે યોગીને હજુ આવા આશ્રવની યોગ્યતા પડેલી હોય તેનો સાશ્રવયોગ... અને જેને એવી યોગ્યતા પણ નથી રહી તેનો અનાશ્રવયોગ.

નિરુપક્રમકર્મ રહિતના નિરપાયયોગી હવે પછી ક્યારેય યોગભ્રષ્ટ થઈ મિથ્યાત્વે જવાના નથી. આશય એ છે કે યોગમાર્ગનો પ્રારંભ જે ભવમાં થાય એ પ્રથમભવમાં સામગ્રી જઘન્ય-મધ્યમ કે ઉત્તમ હોય શકે. પણ જો વિશેષ નિકાચિત કર્મ ન હોય તો બીજા ભવથી ઉત્તરોત્તર ઉત્તમ સંઘયણ-સંયોગ-સામગ્રી તેમજ બાહ્ય ઐશ્વર્ય વગેરે મળતા જાય છે, યાવત્ મોક્ષપ્રાપ્તિ સુધી આ ક્રમ ચાલે છે.

જેમકે સમરાદિત્યમહામુનિ. અલબત્ વૈરાનુબંધના કારણે એમને બાહ્યદષ્ટિએ અપાય આવ્યા, પણ એ યોગના બાધક ન બન્યા. બહુલતાએ એવા અપાય પણ આવતા નથી. આશય એ છે કે યોગબિંદુ(ગા.૫૩)માં યોગના ૩ ફળ બતાવ્યા છે.

(૧) **દ્વન્દ્વસહિષ્ણુતા** - આપત્તિઓ-પ્રતિકૂળતાઓ ઊભી થાય... પણ યોગમાંથી વિચલિત થયા વિના એને સહન કરવાની શક્તિ, તૈયારી. (૨) **દ્વન્દ્વવિનાશ** - દ્વન્દ્વને સહન કરતાં કરતાં એવી પરિસ્થિતિ ઊભી થાય કે હવે દ્વન્દ્વ આવતા જ નથી. અથવા હવે એ દ્વન્દ્વરૂપ રહેતા નથી. (૩) **દ્વન્દ્વાભાવ** (સાનુકૂળભાવ) - હવે જે કાળે જે યોગ્ય હોય એવી બાહ્ય અનુકૂળસ્થિતિઓ સહજ મળતી જાય. જેમકે ગરમી હોય... પણ એ વખતે એને ગરમીની જ જરૂર હોય.

ટૂંકમાં, આપત્તિ સહન કરે... પછી આપત્તિ દૂર થઈ જાય.. ને પછીની ભૂમિકામાં આપત્તિ જ સંપત્તિરૂપ બની જાયે. આનો અર્થ જ કે બહુલતાએ એવા કોઈ અપાય આવતા નથી.

આપણી વાત એ હતી કે યોગના બાધક બને એવા ગાઢ નિકાચિતકર્મસ્વરૂપ નિરુપક્રમકર્મ જેને સત્તામાં છે નહીં એવા નિરપાયયોગી હવે પછી યોગભ્રષ્ટ થઈ મિથ્યાત્વે આવતા નથી. એનો અર્થ જ કે હવે આ યોગી ભવિષ્યમાં પણ ક્યારેય એવા બાધક કર્મો બાંધવાનો નથી, કારણકે નિકાચિત અશુભકર્મો મિથ્યાત્વે જ બંધાય છે. તથા, ચોથે પાંચમે ગુણઠાણે અપ્રત્યાખ્યાનાવરણીય-પ્રત્યાખ્યાનાવરણીયના સત્તાગત જે કર્મો હોય તેની નિકાચના થઈ શકે છે, પણ નવું નિકાચિત બંધાતુ નથી, નવું તો નિષ્પ્રાણ જેવું બંધાય છે. તે પણ એટલા માટે કે નવું તો નિકાચિત તો જ થાય છે, જો ગાઢ બંધ હોય.

એટલે સ્પષ્ટ છે કે યોગના બાધક બને એવા કર્મોનો હવે

આશ્રવ રહ્યો નથી. માટે આ અનાશ્રવયોગ છે. આવા જીવો મોટે ભાગે એ જ ભવમાં સર્વકર્મક્ષય કરી મોક્ષ પામી જાય છે. માટે આ એકજન્મા છે. ક્યારેક અનેક જન્મ હોવા છતાં યોગભ્રંશ ન હોવાથી એ અનેક જન્મોની અનેકજન્મ તરીકે વિવક્ષા કરાતી નથી, એટલે જ આવા જીવોને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમે થતી મોક્ષપ્રાપ્તિને પણ યોગવિંશિકામાં(૧૧મી ગાથામાં) અવિલંબે મોક્ષપ્રાપ્તિ જ કહી છે.

પણ જે સાપાયયોગી છે તે તો એવા બાધક કર્મોના પ્રભાવે યોગભ્રષ્ટ થઈ મિથ્યાત્વે જવાનો છે ને ત્યાં તો ફરીથી એવા ગાઢ કર્મોનો આશ્રવ સંભવિત છે જ. માટે એનો યોગ સાશ્રવ યોગ છે. સામાન્યથી યોગભ્રષ્ટ થયેલો જીવ ભવાંતરમાં કે અનેક ભવ પછી પાછો યોગમાર્ગ પામે છે. માટે આ અનેકજન્માન્તરકર છે.

આ એક વિચારણા છે. સંવિગ્નગીતાર્થ મહાત્માઓને એના પર પુખ્ત વિચારણા કરવા નમ્રવિનંતી છે.

આમ યોગના જુદી જુદી વિવક્ષાઓથી જુદી જુદી રીતે અનેક ભેદ કહ્યા છે. હવે કોણ યોગના પ્રદાનના અધિકારી છે, કોણ નથી ? એ દર્શાવવાનું છે અર્થાત્ કોને યોગશાસ્ત્ર ભણાવવા ને કોને ન ભણાવવા ? એ દર્શાવવાનું છે.

યોગશાસ્ત્રમાં દર્શાવેલી વાતો ગોત્રયોગીઓને કરવાની હોતી નથી, કારણ કે અંતરાત્મા મલિન હોવાથી યોગ સિદ્ધ થાય એવી તેઓની ભૂમિકા હોતી નથી. અર્થાત્ યોગની અસિદ્ધિ છે. વળી નિષ્પન્નયોગીને પણ આ વાતો કરવાની હોતી નથી, કારણકે એમને યોગસિદ્ધ થઈ ગયો હોય છે. પણ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીઓને યોગશાસ્ત્રનો ઉપદેશ આપવાનો હોય છે, કારણકે એમને એનાથી લાભ થવાની સંભાવના છે.

આશય એ છે કે ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી... એમ યોગીના ચાર પ્રકાર કહેવાયેલા છે. આ ચારેનું સ્વરૂપ આગળ કહેવાશે. એમાં કુલયોગીઓનું તથા પ્રવૃત્તચક્રયોગીઓનું જે સ્વરૂપ દર્શાવ્યું છે એના પરથી જણાય છે કે તેઓનો અંતરાત્મા નિર્મળ થયેલો હોય છે. પણ ગોત્રયોગીઓ એ ભૂમિકા પામેલા હોતા નથી. માટે એમનો અંતરાત્મા મલિન હોવાથી યોગવિષયક ઉપદેશ ઝીલવાને યોગ્ય હોતો નથી. તેથી તેઓને યોગસાધ્ય ફળ મળવું શક્ય હોતું નથી.

અહીં એ સમજવા જેવું છે કે આ ગોત્રયોગી જીવો યોગવિષયક ઉપદેશને ભલે અયોગ્ય છે, પણ એટલા માત્રથી એ ધર્મવિષયક ઉપદેશને પણ અયોગ્ય છે, એવું નથી.

**પ્રશ્ન :** તમે આવું શાના આધારે કહો છો ?

**ઉત્તર :** આવું કહેવાના અનેક આધાર છે. (૧) મૂળમાં **शास्त्रेण** શબ્દની વૃત્તિકારે **योगतन्त्रेण** એવી વ્યાખ્યા કરી છે. એટલે જણાય છે કે પ્રસ્તુતમાં યોગશાસ્ત્રની વાત છે, ધર્મશાસ્ત્રની નહીં. વીસમી ગાથાના મૂળમાં રહેલ **शास्त्रात्** શબ્દની પણ વૃત્તિકારે **योगतन्त्रात्** એવી વ્યાખ્યા કરી છે.

**પ્રશ્ન :** તમે યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર. એમ બેને અલગ કેમ કરો છો ? બન્ને એક જ છે.

**ઉત્તર :** ના, બન્ને એક નથી. સામાન્યથી ધર્મોપદેશક શાસ્ત્રોમાં बालानामुपकाराय બાળજીવોને ઉપકારમાટે આ શાસ્ત્ર છે... એમ જણાવ્યું હોય છે. જ્યારે યોગશાસ્ત્રોમાં 'योगिनामुपकाराय... યોગીઓને ઉપકાર માટે આ શાસ્ત્ર છે' એમ જણાવ્યું હોય છે. (જુઓ યોગદૃષ્ટિસમુ. ૨,૨૦૯,૨૨૨ મી ગાથા. યોગબિંદુ બીજી ગાથા.) માટે બન્ને અલગ છે.

(૨) અપુનર્બંધકના, પાપનું તીવ્રભાવે અકરણ... વગેરે લક્ષણો છે, જ્યારે કુલયોગીનું યોગીકુલમાં જન્મ વગેરે લક્ષણ છે. માટે જણાય છે કે આ બન્ને અલગ છે. હવે અપુનર્બંધકને પણ ઉપદેશ યોગ્ય તો કહ્યા જ છે... તો એ કયા ઉપદેશને ? એ ધર્મઉપદેશને યોગ્ય કહ્યા જાણવા.

(૩) ભવાભિનંદીના ક્ષુદ્રતાદિ દોષો જવા પર જીવ અપુનર્બંધક તો બની જાય છે. પણ એ ભૂમિકા પરથી કુલયોગીની ભૂમિકા પર જીવ કેવી રીતે આવે ? અનાદિકાળથી પાપરસિક અને ભોગરસિક જીવ શું વગર ઉપદેશે યોગીઓના ધર્મને અનુસરવું, સર્વત્ર અદ્વેષી રહેવું... વગેરે ભૂમિકા પામી જાય ? સામાન્યથી આ શક્ય જ નથી. ઉપદેશથી જીવ આગળ વધે છે તો આ ઉપદેશ કયો ? માટે માનવું પડે કે એ ધર્મઉપદેશ છે.

(૪) એટલે જ, ધર્મઉપદેશક ગ્રંથોમાં ધર્મનો માત્ર મહિમા જ ગાયો હોય છે... ધર્મથી લાભ... લાભ ને માત્ર લાભ જ દર્શાવ્યો હોય છે. આવો બધો મહિમા જાણીને જીવ ધર્મમાં જોડાય છે... પાપ છોડતો આવે છે... ને એના પ્રભાવે જીવની ભૂમિકા આગળ વધતી જાય છે... જે વધતાં વધતાં કુલયોગીની ભૂમિકા આવે છે... હવે યોગશાસ્ત્રનો ઉપદેશ અપાય છે જે જણાવે છે કે 'જો પ્રણિધાન આશય વગેરે રૂપ શુભભાવ નથી, તો બધી ધર્મક્રિયા દ્રવ્યક્રિયા છે, તુચ્છ છે' જો આ વાત પહેલેથી જ કરવામાં આવે તો તો જીવ ધર્મમાં જોડાય જ નહીં, કારણકે વિષય-કષાય રસિક જીવને સામાન્યથી આમે ધર્મ ગમતો હોતો જ નથી. એ તો પહેલાં ધર્મનો મહિમા ગાઈ-ગાઈને એને ધર્મરસિક બનાવવો પડે. ને પછી કુલયોગી વગેરે ભૂમિકા આવવા પર, ધર્મક્રિયા તુચ્છ બનવાની વાત એને પ્રણિધાનાદિ કેળવવાની ચાનક લગાડે છે, જે લાભકર્તા નીવડે છે.

આ બધી બાબતો પરથી સ્પષ્ટ છે કે ગોત્રયોગીઓને અહીં

જે અનધિકારી કહ્યા છે તે યોગશાસ્ત્રના જ... બાકી અપુનર્બંધક અવસ્થા પામેલા તેઓ ધર્મશાસ્ત્રના અધિકારી તો હોય જ છે. પણ યોગસાધ્યફળ તેઓને સંભવિત ન હોવાથી યોગશાસ્ત્રના તેઓ અધિકારી નથી.

વળી, અસંગઅનુષ્ઠાનનો પ્રવાહ અનુભવવાથી સિદ્ધયોગી બનેલા જીવો નિષ્પન્નયોગી છે. અર્થાત્ જ્યારે જ્યારે અનુષ્ઠાન કરે છે ત્યારે ત્યારે અસંગઅનુષ્ઠાન જ થતું અનુભવાય છે. વચનાનુષ્ઠાનના પુનઃ પુનઃ અભ્યાસથી એવો ક્ષયોપશમ ઘડાઈ ગયો છે કે જેથી શાસ્ત્રોક્ત અનુષ્ઠાન ચંદનગંધન્યાયે આત્મસાત્ થઈ ગયું છે. શાસ્ત્રવચનોની કોઈ જ અપેક્ષા વિના પણ સહજ રીતે જ અનુષ્ઠાન શાસ્ત્રાનુસારે થઈ રહ્યું છે... પછી એને શાસ્ત્રવચનના ઉપદેશની શી જરૂર ?

**શંકા** - પણ અસંગઅનુષ્ઠાનથી પણ આગળ વધવા તો શાસ્ત્રોપદેશ ઉપયોગી બની શકે ને ?

**સમાધાન** - હવે પછીનું આગળનું કામ તો સામર્થ્યયોગથી જ સિદ્ધ થઈ જવાનું હોય છે... અને સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાન્તગોચર હોય છે. માટે નિષ્પન્નયોગી પણ યોગશાસ્ત્રના અધિકારી નથી. એટલે જ આચારાંગજીમાં કહ્યું છે કે 'પશ્યકને ઉપદેશ હોતો નથી.' એમાં, જાણવા યોગ્ય બાબતોને જે સ્વયં સંવેદે છે એ પશ્યક છે. એને 'આ સત્ છે, માટે કર્તવ્ય છે.' 'આ અસત્ છે, માટે અકર્તવ્ય છે...' આવો બધો ઉપદેશ જરૂરી હોતો નથી, કારણકે આ વાતો એ સ્વયં જાણતા હોય છે.

આમ ગોત્રયોગી અને નિષ્પન્નયોગી... આ બન્ને જીવોને યોગશાસ્ત્રના અનધિકારી કહ્યા. એમાંથી અપુનર્બંધકાદિ ગોત્રયોગી ધર્મશાસ્ત્રના અધિકારી હોય છે, જ્યારે નિષ્પન્નયોગીને કોઈ જ શાસ્ત્રોપદેશની અપેક્ષા કે પ્રયોજન હોતા નથી.

હવે ગોત્રયોગી જીવો વગેરેને પહેલાં વિચારી લઈએ.

જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે, પણ યોગીઓના ગુણોથી-આચારથી રહિત છે તેઓ ગોત્રયોગી છે. અથવા જેઓ યોગીઓની કર્મભૂમિમાં = આર્યદેશમાં ઉત્પન્ન થયેલા છે, પણ યોગીઓના ધર્મથી રહિત છે. તેઓ માત્ર ગોત્રથી = નામથી યોગી છે, માટે ગોત્રયોગી છે.

જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે તેઓ, તથા પ્રકૃતિથી અન્ય પણ (= યોગીઓના કુલ સિવાય અન્યત્ર જન્મ લેનાર પણ) જેઓ... આ બંને જો યોગીઓના ધર્મને અનુસરનારા છે તો તેઓ કુલયોગી છે.

આ જીવો તેવા પ્રકારનો આગ્રહ ન હોવાથી સર્વત્ર અદ્વેષી હોય છે. (સ્વાભિમતનો આગ્રહ હોય તો એના વિરોધી પર દ્વેષ આવે... પણ આગ્રહ ન હોય તો એના પર ઉપેક્ષા આવે. માટે આ જીવો અદ્વેષી હોય છે.) તથા ધર્મના પ્રભાવથી સ્વઆચારને અનુસરીને ગુર્વાદિ પ્રિય હોય છે. (ધર્મના પ્રભાવથી આચારનિષ્ઠતા આવે છે. એમાં ગુરુ-દેવની કૃપા જોવાથી પોતાના દિલમાં ગુર્વાદિ પ્રત્યે અનન્ય પ્રેમ જાગે છે. ગુર્વાદિને તો બધા પ્રિય હોય.. માટે એવો અર્થ ન કરવો, પણ ગુર્વાદિ છે પ્રિય જેને... એમ સમાસ કરવો.) તથા પ્રકૃતિથી જ એવા ક્લિષ્ટ પાપ ન હોવાથી આ જીવો દયાળુ હોય છે. અને કુશલાનુબંધી યોગ્ય અવસ્થા હોવાથી વિનીત હોય છે. (વિનીતપણું એ કુશલાનુબંધને યોગ્ય અવસ્થા છે. અવિનીતતા એ અહંકારનું એક સ્વરૂપ છે. અહંકાર સર્વત્ર પ્રગતિનો પ્રતિબંધક છે, પછી કુશલનો અનુબંધ = કુશલની ઉત્તરોત્તર પરંપરા શી રીતે ચાલે ?) ગ્રંથિભેદ થયો હોવાથી સમ્યગ્બોધવાળા હોય છે, તથા ચારિત્ર હોવાથી આ જીવો જિતેન્દ્રિય હોય છે.

સર્વત્ર અદ્વેષ વગેરે ગુણોને કેળવનાર અપુનર્બંધક તથા

અવિરતસમ્યક્ત્વી જીવો કુલયોગી જાણવા. (ત્રસકાય સિવાયની અવિરતિઓને નજરમાં લઈએ તો કદાચ દેશવિરત પણ આવે.) આ બધામાં સ્વ-સ્વભૂમિકાને અનુસરીને અદ્વેષ વગેરે ગુણો હોય. એટલે કે ઉત્તરોત્તર આ ગુણો દૃઢ-દૃઢતર બનતા જતા હોય.

**શંકા** - અહીં ગ્રંથિભેદથી બોધવાન્ કહ્યા છે. પછી અપુનર્બંધક કેમ લેવાય ?

**સમાધાન** - વર્ણન આદર્શનું હોય. એટલે એ જ લેવાનો નિયમ ન બંધાય. જેમ જેમ રાગ-દ્વેષનો હ્રાસ થાય છે તેમ તેમ બોધ નિર્મળ થતો જાય છે, સંવેદનાત્મક બનતો જાય છે. એટલે ગ્રંથિભેદ પૂર્વેનો પણ એવો બોધ અહીં લઈ શકાય છે.

**શંકા** - અહીં ચારિત્ર હોવાથી જિતેન્દ્રિય કહ્યા છે. તો વિરતિધર જીવો જ લેવાના છે ?

**સમાધાન** - આગળ પ્રવૃત્તચક્રજીવોને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમવાળા કહ્યા છે. એમાં યમ એટલે અહિંસાદિ વ્રતો અભિપ્રેત છે. ને એનું ઓછામાં ઓછું પાલન પણ ઇચ્છાયમમાં પ્રવેશ પામે છે. ને એની હાજરી પ્રવૃત્તચક્રયોગીને કહી છે. વળી કુલયોગીના સ્વરૂપમાં યમની વાત કરી નથી. માટે જણાય છે કે કુલયોગી તરીકે અવિરતસમ્યક્ત્વી સુધીના જીવો લેવાના છે. (જો યમ તરીકે માત્ર મહાવ્રત લઇએ, તો દેશવિરતને પણ કુલયોગીમાં લઇ શકાય.) ચારિત્ર જે કહ્યું છે તે શિષ્ટાચાર, માર્ગાનુસારી આચાર વગેરે સદાચારરૂપ ચારિત્ર જાણવું.

આમ ગોત્રયોગી અને કુલયોગીની વાતો કરી. એ અંગે કેટલીક અવશિષ્ટ વાતો તથા પ્રવૃત્તચક્રયોગી વગેરેની વાતો હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૦૮

ગયા લેખમાં છેલ્લે કુલયોગીની વાતો કરેલી. એમાં જણાવેલું કે યોગીઓના ધર્મને અનુસરનારા જીવો કુલયોગી છે, પછી ભલે એ યોગીઓના કુલમાં જન્મ્યા હોય કે અન્યકુલમાં... સર્વત્ર અદ્વેષ, ગુરુપ્રિયત્વ, દેવપ્રિયત્વ, દ્વિજપ્રિયત્વ, દયાલુતા, વિનીતપણું, સમ્યગ્બોધ અને જિતેન્દ્રિયત્વ... આ બધા અહીં યોગીઓના ધર્મ તરીકે અભિપ્રેત છે. એટલે કુલયોગી અંગે ચતુર્ભંગી મળશે.

(૧) યોગીઓના કુલમાં જન્મ પણ લીધો છે ને યોગીઓના ધર્મને અનુસરનારા પણ છે. આવા જીવો દ્રવ્ય-ભાવ ઉભયથી કુલયોગી છે. (૨) યોગીઓના કુલમાં જન્મ નથી લીધો (એટલે કે પ્રકૃતિથી અન્ય છે) પણ યોગીઓના ધર્મને અનુસરનારા છે... આવા જીવો માત્ર ભાવથી કુલયોગી છે. (૩) યોગીઓના કુલમાં જન્મ લીધો છે, પણ એમના ધર્મને અનુસારનારા નથી... આવા જીવો માત્ર દ્રવ્યથી કુલયોગી છે. અને (૪) યોગીઓના કુલમાં જન્મ પણ નથી ને એમના ધર્મને અનુસરવાનું પણ નથી... આવા જીવો દ્રવ્ય કે ભાવ ઉભયથી કુલયોગી નથી.

આમાંના પ્રથમ બેભાંગાવાળા જીવો યોગશાસ્ત્રના અધિકારી જાણવા. ત્રીજા ભાંગાના જીવો દ્રવ્યથી કુલયોગી હોવા છતાં ભાવથી ગોત્રયોગી જ છે. ચોથા ભાંગાના જીવો જો યોગીઓની કર્મભૂમિમાં = આર્યદેશમાં ઉત્પન્ન થયેલા હોય તો ગોત્રયોગી છે... માત્ર ગોત્રથી-નાળથી યોગી એ ગોત્રયોગી... આ ત્રીજા-ચોથાભાંગાના જીવો ભાવથી કુલયોગી નથી, માટે યોગશાસ્ત્રના અધિકારી નથી.

કુલયોગી જીવોની વાત કરી, હવે પ્રવૃત્તચક્રયોગીની વાત.

પ્રવૃત્તચક્રજીવો તે છે જેઓએ બે યમનો સમાશ્રય કરેલો છે, જેઓ બાકીના બે યમના અત્યંત અર્થી છે અને જેઓ શુશ્રૂષા વગેરે ગુણોથી યુક્ત છે. આશય એ છે કે પ્રવૃત્તચક્રયોગી જીવો ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમસ્વરૂપ પ્રથમ બે યમના સમાશ્રય = આધારભૂત હોય છે. સ્થિરયમ અને સિદ્ધિયમ... આ બે શેષયમના સદુપાયમાં પ્રવૃત્તિ કરવા દ્વારા તેઓ અત્યંત અર્થી હોય છે. તથા શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહાપોહ આ શુશ્રૂષાદિગુણોથી યુક્ત હોય છે.

ઇચ્છાયમ વગેરેનું વર્ણન આ જ બત્રીશીમાં હવે પછી આગળ કરવાના છે. સદુપાયમાં શક્ય પ્રવૃત્તિ હોય તો વાસ્તવિક અર્થી કહેવાય. એટલે કે સ્થિરયમ અને સિદ્ધિયમના જે સમ્યગ્ઉપાયો હોય એમાં પણ આ જીવો યથાશક્તિ પ્રવૃત્તિ કરતા હોય છે. જો આ ન હોય તો એ બે યમનું અર્થીપણું આત્મવંચના પણ બની રહે.

આર્યદેશમાં જન્મ અપાવનાર પુણ્યના પ્રભાવે જીવ ગોત્રયોગી બને છે.

યોગીકુલમાં જન્મ અપાવનાર પુણ્યના પ્રભાવે જીવ દ્રવ્યથી કુલયોગી બને છે. પુરુષાર્થ દ્વારા કેળવેલા આંશિક ક્ષયોપશમથી જીવ ભાવથી કુલયોગી બને છે.. વિશેષ પ્રકારનો પુરુષાર્થ... વિશેષ ક્ષયોપશમ... આનાથી જીવ ભાવથી પ્રવૃત્તચક્રયોગી બને છે. ટૂંકમાં કુલયોગીના ગુણ-ધર્મ (સર્વત્ર અદ્વેષ વગેરે) તો જોઈએ જ, અને સાથે ઇચ્છા કે પ્રવૃત્તિ કક્ષાના યમ પણ પ્રવૃત્તચક્રયોગી બનવા માટે જરૂરી હોય છે. એટલે જણાય છે કે દેશવિરત કે સર્વવિરત જીવો જ પ્રવૃત્તચક્રયોગી હોય છે.

જેઓને યોગ સિદ્ધ થઈ ગયો છે એવા યોગીએ નિષ્પન્ન યોગી છે. આ ચારમાંથી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવોને શાસ્ત્રથી = યોગશાસ્ત્રથી તે તે વિવિધરીતે પ્રસિદ્ધ યોગની સિદ્ધિરૂપ

ઉપકાર થાય છે. યોગદષ્ટિસમુચ્ચયગ્રંથમાં કહ્યું છે કે - *જેઓ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે તેઓ જ આના અધિકારી છે. નહીં કે બધા જ યોગીઓ, કારણકે તેઓને તેવી સિદ્ધિ થઈ ગઈ છે અથવા થવી શક્ય નથી.* (૨૦૯) તે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ યોગાચાર્યોએ = યોગનું પ્રતિપાદન કરનારા આચાર્યોએ પૂર્વે જણાવ્યું એવું દર્શાવ્યું છે.

આ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવો અવંચકના કારણે યોગપ્રયોગના અધિકારી બનતા હોય છે માટે હવે અવંચકને વિચારીએ.

યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક... એમ ત્રણ અવંચકો છે.

**એમાં પ્રથમ યોગાવંચક -**

વિશિષ્ટ પુણ્યશાળી, દર્શન કરવા માત્રથી પવિત્ર કરનાર એવા ઉત્તમયોગીઓનો 'આ ઉત્તમ ગુણવાન્ મહાત્મા છે...' એ રીતે દર્શન થવા રૂપે યોગ = સંબંધ થવો એ આદ્યઅવંચક = સદ્યોગાવંચક છે.

જેઓ આજ સુધીમાં હજુ પણ યોગમાર્ગ પર ચડ્યા નથી... એમને અનંત ભૂતકાળમાં ક્યારેય શ્રી તીર્થંકરદેવો વગેરે યોગીપુરુષોનો સંપર્ક થયો જ નહોતો... એવું માનવાને કોઇ કારણ નથી. પણ, જેમ હીરાને બધા જ કાંઈ હીરા તરીકે પરખી શકતા નથી... કોઈ હીરાપારખુ ઝવેરી જ ઓળખી શકે છે... એમ યોગીપુરુષને = ગુણવાન્ પુરુષને ગુણવાન્ તરીકે એવા જીવો જ જોઈ શકે છે જેમને એવો ક્ષયોપશમ પ્રગટ્યો હોય. ગુણવાનને ગુણવાન્ તરીકે જોવાનો આ ક્ષયોપશમ એ પ્રથમ યોગાવંચક છે. નિસર્ગસમ્યક્ત્વની જેમ આ ક્ષયોપશમ કેટલાક જીવોને સહજ પેદા થાય છે... તો અન્ય કેટલાક જીવોને સિદ્ધિયમ પામેલા મહાપુરુષનો યોગ થવાથી પેદા થાય છે.

**પ્રશ્ન** - અહીં દર્શનથી પણ... એમ જે કહ્યું છે તેમાં 'પણ' થી શું લેવાનું છે ?

**ઉત્તર** - સત્સંગ-ઉપાસના વગેરે લેવાના છે. અર્થાત્ યોગીપુરુષનો સત્સંગ કરો, ઉપાસના કરો... તો તો એ પવિત્ર કરનાર છે જ, પણ માત્ર દર્શન કરો તો પણ તેઓ, દર્શન કરનારને પવિત્ર કરનાર છે.

**પ્રશ્ન :** અહીં યોગીપુરુષનું 'વિશિષ્ટ પુણ્યશાળી' એવું વિશેષણ શા માટે મૂક્યું છે ?

**ઉત્તર :** મોટા ભાગના જીવો 'બાળ' કક્ષાના હોય છે, તેઓ બાહ્ય દેખાવને મુખ્ય કરનારા હોય છે. બાહ્યદેખાવમાં સુંદર આકૃતિ-સુંદર રૂપ-બાહ્યવૈભવ વગેરે આવે છે, જે વિશિષ્ટ પુણ્યથી મળે છે. માટે આ વિશેષણ મૂક્યું છે.

**હવે બીજો ક્રિયાવંચક -**

ઉપર જણાવેલા વિશિષ્ટપુણ્યશાળી ઉત્તમયોગીઓને પ્રણામાદિ ક્રિયાનો નિયમ કરાવવામાં સમર્થ એવો ક્ષયોપશમ એ બીજો ક્રિયાવંચક યોગ છે. આનાથી મહાપાપનો ક્ષય થાય છે એટલે કે નીચગોત્રકર્મનો ક્ષય થાય છે.

આદ્યઅવંચક એ એવો ક્ષયોપશમ છે જે ગુણવાન્નું ગુણવાન્ તરીકે દર્શનનો ઉત્પાદક હતો. ગુણવાન્ તરીકેનું દર્શન થાય એટલે આદર-બહુમાન તો જાગે જ. પણ એક તો જીવની વૃત્તિઓ ચંચળ છે. ને વળી અનાદિકાળથી જીવની કોટે પ્રમાદ વળગેલો છે... એટલે જીવ ગુણવાન એવા ગુરુ વગેરે યોગીપુરુષની ક્યારેક અવજ્ઞા પણ કરી બેસે છે... ને ક્યારેક જેનાથી આદર-બહુમાન વ્યક્ત થાય એવા પ્રણામાદિ કરવામાં પ્રમાદ-ઉપેક્ષા સેવે છે... પણ એક એવો ક્ષયોપશમ કે જેના પ્રભાવે આમાંનું અનુચિત તો કશું ન થાય... પણ જ્યારે જે પ્રણામાદિ ઉચિત હોય તે જ નિયમા થાય... તો આ

ક્ષયોપશમ એ બીજો ક્રિયાવંચક નામે યોગ છે. આ પ્રણામાદિથી અંદર રહેલ આદરબહુમાનભાવ સ્થિર થાય છે, વધે છે, બહાર વ્યક્ત થાય છે... આ જ્યારે જેનાથી થાય ત્યારે તે અવશ્ય કરવાના નિયમને પેદા કરવામાં સમર્થ ક્ષયોપશમ રૂપ છે.

**પ્રશ્ન :** પ્રણામાદિમાં આદિ શબ્દથી શું શું લેવાનું છે ?

**ઉત્તર :** યોગીપુરુષ આવે ત્યારે ઊભા થવું, એમની સામે જવું... એમને આસન આપવું... જતાં હોય તો વળાવવા જવું... વગેરે બધું વિનયસંલગ્ન જે કાંઇ હોય તે બધું આમાં આવે. આ બધું પણ ક્યારેક કર્યું... ક્યારેક નહીં... એમ નહીં, હંમેશ કરવાની ટેક જોઇએ. ક્યારેક બંને હાથ વ્યગ્ર હોવાથી જોડી શકવાની શક્યતા ન હોય ત્યારે પણ માથું તો ઝુકી જ જાય... ક્યારેક પૂરેપૂરા ઊભા થવાની શક્યતા ન હોય તો પણ અધકચરા તો ઊભા થઇ જ જવાય... આ બધું સહજ કરાવી આપે... ક્યાંય ક્યારેય પરાણે નહીં-થાક નહીં-કંટાળો નહીં... આવો ક્ષયોપશમ એ ક્રિયાવંચક છે.

એટલે જ ગુરુવંદનાદિમાં વેઠ ઉતારે... ગુરુ આવે ત્યારે ક્યારેક ઊઠે... ક્યારેક નહીં... એમાં કંટાળો વગેરે અનુભવે એને ક્રિયાવંચકયોગ પ્રાપ્ત થયો નથી એમ સમજી શકાય છે.

**હવે છેલ્લો ફળાવંચકયોગ વિચારીએ -**

પૂર્વમાં કહેલા સદ્યોગીઓ પાસેથી જ નિયોગતઃ = અવશ્યભાવે સાનુબંધ = ઉત્તરોત્તર વૃદ્ધિવાળા ફળની પ્રાપ્તિ એ જ ફળાવંચક યોગ તરીકે સંતોને માન્ય છે, આ ફળ પ્રાપ્તિ સદ્ઉપદેશ વગેરેથી થનારા ધર્મ સિદ્ધિ અંગેની જાણવી.

કહેવાનો આશય એ છે કે યોગી પુરુષનું સાંનિધ્ય, એમને પ્રણામાદિ... ને પછી એમની પાસે ઉપદેશશ્રવણ વગેરે... આનાથી જીવને અહિંસાદિધર્મની રુચિ વગેરે પેદા થાય છે. જીવ અહિંસાદિ

ધર્મમાં જોડાય છે. જીવને અહિંસાદિનું પ્રણિધાન બંધાય છે. એના પ્રભાવે તથા યોગીપુરુષના વિનિયોગ આશયના પ્રભાવે ધર્મમાં થયેલું આ જોડાણ સાનુબંધ બને છે. ને તેથી ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિર ક્રમે એ સિદ્ધિ સુધી પહોંચે છે. ધર્મમાં જોડાણ થવું... વગેરે આ બધું ફળ છે. એટલે ફળાવંચક યોગરૂપ વિશિષ્ટક્ષયોપશમના પ્રભાવે જીવ આ બધું જ ફળ વંચના વિના પામે છે.

આદ્યયોગઅવંચકના પ્રભાવે યોગી એવા ગુરુભગવંત પ્રત્યે સાધકને આદર-બહુમાનભાવ જાગે છે, 'આ મારે ઉપાસ્ય છે' એવી ઉપાસ્યતા બુદ્ધિ આવે છે. આમ યોગાવંચક એ સમ્યક્ત્વપરિણામ છે. બીજા ક્રિયાઅવંચકના પ્રભાવે 'હું આમની ઉપાસના કરું' એવી ઉપાસનાબુદ્ધિ જાગે છે ને તેથી અવશ્યભાવે ગુરુની ઉપાસના થાય છે. સમર્પણ એ એક પ્રકારની ઉત્તમ ઉપાસના હોવાથી આ સમર્પણભાવરૂપ છે, ને તેથી ચારિત્રને ઉચિત ભૂમિકારૂપ છે. ત્રીજા ફળાવંચકના ગુરુના ઉપદેશાદિને અનુસરવાની બુદ્ધિ આવે છે. એટલે એમ પણ કહેવાય કે ગુરુ જે કહે તે આચરવું ગમે... આવો ક્ષયોપશમ એ ફળાવંચક છે. અને ગુરુનું આદેશપાલન... એ ચારિત્ર છે જ... આમ, પ્રથમ યોગાવંચક એ સમ્યગ્દર્શન-જ્ઞાનસ્વરૂપ છે, બીજો ક્રિયાવંચક એ ચારિત્રની ભૂમિકા સ્વરૂપ છે ને ત્રીજો ફળાવંચક ચારિત્રરૂપ છે, એ જાણવું.

યોગીની અપેક્ષાએ વિચારીએ તો... ગોત્રયોગી અને દ્રવ્યથી કુલયોગી... આ બેને યોગાવંચક પણ પ્રાપ્ત થયો હોતો નથી. તેઓ ધર્મોપદેશના અધિકારી હોય છે, પણ યોગશાસ્ત્રના નહીં. ભાવથી કુલયોગીને પ્રથમ યોગાવંચક હોય છે. પ્રવૃત્તચક્રયોગીને સામાન્યથી ક્રિયાવંચક હોય છે. પ્રારંભ અવસ્થામાં માત્ર યોગાવંચક હોય એ સંભવે. આગળ વધતાં ફળાવંચક પણ આવે. આમ તો કુલયોગીમાં પણ બીજો-ત્રીજો અવંચક યોગ્યતારૂપે-ગૌણરૂપે હોય જ એ જાણવું,

કારણ કે એ બેની પણ અવંધ્યયોગ્યતા હોય જ છે.

યમની અપેક્ષાએ વિચારીએ તો - ગોત્રયોગીમાં કશું નથી. કુલયોગીમાં ઇચ્છા અને પ્રવૃત્તિયમની પૂર્વભૂમિકા છે. પ્રવૃત્તચક્રયોગીમાં ઇચ્છાયમ-પ્રવૃત્તિયમ હોય છે. આગળ વધતાં સ્થિરયમ અને સિદ્ધિયમ પણ કથંચિત્ આવે છે. એ બેની ઉપલી ભૂમિકાઓ નિષ્પન્નયોગીમાં કથંચિત્ લેવી જોઈએ. ને આ રીતે નિષ્પન્નયોગી સિદ્ધિયમને પામેલા હોય છે. આમ વિચારતાં જણાય છે.

આમ ત્રણ અવંચક કહ્યા. આમાં પહેલાં યોગાવંચકની પ્રાપ્તિ એ પછીના બે અવંચકની પ્રાપ્તિનું અમોઘ કારણ છે. એટલે કે સ્વરૂપે તો આ જીવોને હજુ યોગાવંચક જ પ્રાપ્ત થયો છે, બાકીના બે સ્વરૂપે પ્રાપ્ત થયા નથી. છતાં આ જીવો પ્રથમની પ્રાપ્તિના પ્રભાવે શેષ બેની પ્રાપ્તિની અમોઘ યોગ્યતા ધરાવનારા હોય છે. અર્થાત્ કાળાન્તરે આ બેની સ્વરૂપે પણ પ્રાપ્તિ થવાની જ છે. માટે હાલ પણ તત્ત્વદષ્ટિએ તેઓ આ બેનો પણ લાભ ધરાવનારા કહેવાય છે. આવા જીવો પ્રસ્તુત યોગવ્યાપારના અધિકારી છે એમ યોગના જાણકારો કહે છે.

આમ ત્રણ અવંચકો કહ્યા. આમાંના પ્રથમ અવંચકયોગથી સહુ પ્રથમ ઇચ્છાયમ પ્રાપ્ત થાય છે. માટે હવે ઇચ્છાયમ વગેરેને વિચારવાના છે. અથવા યોગ્ય જીવમાં પણ સિદ્ધિયમ પામેલા યોગીનો યોગ થવા પર આદ્યઅવંચકનો ઉદય થાય છે. અને જીવ સિદ્ધિયમ સુધી ઇચ્છાયમ વગેરે ક્રમે પહોંચે છે. માટે હવે ઇચ્છાયમ વગેરેને વિચારવાના છે.

અહિંસા, સત્ય, અસ્તેય (= અચૌર્ય), બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા... આ પાંચ યમ છે. અર્થાત્ હિંસા, જૂઠ વગેરે પાંચ મહાપાપોના ત્યાગના પચ્ચક્ખાણ-નિયમ એ પાંચ યમ છે. આ યમના સાધક આત્માઓની કથા-વાતો સાંભળતાં દિલમાં સહજ રુચિ-પ્રીતિ જાગે અને પોતાને પણ એના પાલનની ઇચ્છા જાગે...

છતાં પાલન પોતાની ઇચ્છા મુજબ ઓછું-વત્તું કરે, વહેલું-મોડું કરે... તો આ બધું ઇચ્છાયમ છે, કારણકે (૧) આમાં નિર્દંભ ઇચ્છા છે અને (૨) મુખ્યતયા શાસ્ત્રવચન મુજબ નહીં, પણ પોતાની ઇચ્છા મુજબ પાલન થઇ રહ્યું છે, બાકીમાં પ્રમાદ સેવાતો હોય. આમ આ બે કારણે ઇચ્છાની પ્રધાનતા હોવાથી આ **ઇચ્છાયમ** કહેવાય છે.

જેને નિર્દંભ ઇચ્છા નથી... એટલે કે કોઈપણ ભૌતિક ઇચ્છા જેમાં વ્યક્તરૂપે કે સંસ્કારરૂપે ઘુસી ગયેલી ન હોય, એવી યમપાલનની નિર્દંભ ઇચ્છા નથી... અથવા જેને સાધકો પ્રત્યે અંદર બહુમાન વગેરે રૂપ શુભભાવ ઉલ્લસતો નથી... એવા જીવનું શાસ્ત્રાનુસારી સંપૂર્ણ પાલન પણ ખજવા-આગિયા જેવું છે. જ્યારે આ ભાવપૂર્વકનું આંશિક પાલન પણ સૂર્ય સમાન છે. આ વાત યોગદષ્ટિસમુચ્ચયગ્રંથની ૨૨૩મી ગાથામાં કરેલી છે.

જેમાં ઉપશમભાવની પ્રધાનતા છે એવું અહિંસા વગેરે યમોનું અવિકલ પાલન=શાસ્ત્રમાં જ્યારે જે રીતે કહ્યું હોય ત્યારે તે જ રીતે-સંપૂર્ણ વિધિપૂર્ણ પાલન એ **પ્રવૃત્તિયમ** છે. જે પાલનમાં વિહિતકાળની જાળવણી વગેરે બાબતોમાં કચાશ હોય તે ઇચ્છાયમ જ ગણવો.

**શંકા** - એમાં પણ અહિંસાદિની જેટલા અંશમાં પ્રવૃત્તિ છે એને નજરમાં રાખીને એને પણ પ્રવૃત્તિયમ કહીએ તો ?

**સમાધાન** - આમ ન કહેવું. માત્ર તેવા પ્રકારની તેટલી સત્પ્રવૃત્તિના કારણ એને પ્રધાન ઇચ્છાયમ કહી શકાય.

આ પ્રવૃત્તિયમમાં ઉપશમપ્રધાનતા છે, જે ઇચ્છાયમમાં નહોતી. ઉપશમની પ્રધાનતા છે એનો અર્થ રાગ-દ્વેષના તોફાનો નથી ને વીર્યની પ્રબળતા હોવાથી પ્રમાદ નથી. તેથી વિકલતા લાવનાર કોઇ કારણ ન રહેવાથી આ પાલન અવિકલપણે થતું હોય છે.

**શંકા** - જે સંવિગ્નપાક્ષિક ઉપશમપ્રધાન છે એનું વિકલપાલન પણ પ્રવૃત્તિયમ કહેવાવું જોઈએ, કારણકે ઉપશમપ્રધાનતા પ્રવૃત્તિયમમાં હોય છે, ઇચ્છાયમમાં નહીં.

**સમાધાન** - જે નય ઉપશમપ્રધાનતાને જ પ્રાધાન્ય આપે છે એ નયે એને પ્રવૃત્તિયમ કહી શકાય છે.

**શંકા** - તો પછી એને 'શાસ્ત્રયોગ' રૂપ પણ કહેવું પડશે ને?

**સમાધાન** - ના, આમાં, યથાવિહિત તો નહીં, યથાશક્તિ પણ પાલન નથી. માટે આ 'શાસ્ત્રયોગ' નથી. જે પ્રવૃત્તિયમ (= પ્રવૃત્તિયોગ) રૂપ હોય તે શાસ્ત્રયોગરૂપ પણ હોય જ' આવો નિયમ આ નય માનતો ન હોવાથી એ શાસ્ત્રયોગરૂપ ન હોવા છતાં કશો વાંધો નથી.

હવે **સ્થિરયમ**... વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમના ઉદ્રેકથી અતિચારાદિ રહિતપણે અહિંસાદિ મહાવ્રતોનું જે પાલન થાય છે તે ત્રીજો સ્થિરયમ છે. અહીં અતિચારના અભાવનો જ વિનિશ્ચય હોવાથી અતિચારાદિની ચિંતા હોતી નથી. આશય એ છે કે ફરી ફરી અવિકલપણે યમપાલન કરવાથી એનો ક્ષયોપશમ વધતો જાય છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્ન જ અતિચાર આપાદક હોય છે. જ્યાં સુધી પ્રવૃત્તિયમ હતો ત્યાં સુધી આ વિઘ્નો ઉપસ્થિત થવા પર અતિચાર લાગી જતા હતા. એટલે સ્થિરયોગની પ્રારંભિક અવસ્થામાં વિઘ્ન ઉપસ્થિત થવા પર એ 'વિઘ્ન'રૂપ ભાસે છે ને તેથી ક્યાંક એ બાધા ન પહોંચાડી દે એવી ચિંતા ઊભી થાય છે. પણ સત્ત્વના-વિઘ્નજય આશયના પ્રભાવે એ ચિંતાને દૂર કરી અનુષ્ઠાન તો યથાવિહિત જ કરે છે. અર્થાત્ બાધક ચિંતાનો પ્રતિઘાત કરીને સાધક ચિંતારહિત બને છે. આ રીતે ફરી ફરી કરવાથી 'અનેકશઃ વિઘ્ન આવ્યા, પણ કશું કરી ન શક્યા' આવો જાત અનુભવ થવાથી હવે (= સ્થિરયોગની અભ્યસ્તદશામાં) વિઘ્ન 'વિઘ્ન'રૂપે ભાસતા જ

નથી ને તેથી એની કોઇ ચિંતા પણ પેદા થતી નથી. તેથી યમપાલન, ચિંતાનું અનુત્થાન હોવાથી ચિંતારહિતપણે થાય છે. ગણિતમાં પ્રોફેસર બની ગયેલાને હવે દાખલામાં ભૂલ પડવાનો ભય હોય નહીં એવું આ જાણવું. આમ આ ભૂમિકામાં પહેલાં ચિંતાના પ્રતિઘાતથી ને પછી ચિંતાના અનુત્થાનથી અતિચારાદિની ચિંતારહિતતા થાય છે, એ જાણવું.

હવે છેલ્લો **સિદ્ધિયમ** - સ્થિરયમના નિરંતરપાલનથી રાગ-દ્વેષરૂપમલનો અને કર્મરૂપમલનો પ્રચુર હ્રાસ થવાથી અંતરાત્મા નિર્મળ થાય છે. આવા નિર્મળઅંતરાત્માવાળા સાધકની અચિંત્ય વીર્યશક્તિના યોગે પરાર્થ સાધિકા બનતી યમપ્રવૃત્તિ ચોથો **સિદ્ધિયમ** છે. સ્વવીર્યોલ્લાસરૂપ આ અચિંત્ય = અવર્ણનીયશક્તિના યોગે સાન્નિધ્યમાં આવનાર હિંસકપશુ વગેરેનો પણ વૈરત્યાગ થઈ જાય છે.

**પ્રશ્ન :** અહીં સ્વવીર્યોલ્લાસરૂપ જે અચિંત્યશક્તિ કહી છે એને જો માત્ર વીર્યરૂપ લેવામાં આવે તો છેવટે ઉત્કૃષ્ટવીર્યરૂપ ક્ષાયિકવીર્ય બધાને તુલ્ય હોવાથી બધા કેવલી ભગવંતના સાંન્નિધ્યમાં હિંસાત્યાગાદિ થવા જોઈએ. પણ એ થતા તો નથી. તો આ શક્તિ કિંસ્વરૂપ સમજવી ?

**ઉત્તર :** ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિરયમ દરમ્યાન પરાર્થકરણ-પરાર્થરસિકતાના વીર્યોલ્લાસરૂપ શુભભાવથી જન્ય વિશિષ્ટપ્રકારના પુણ્ય સ્વરૂપ આ શક્તિ સમજવી જોઈએ. જે સાધકોને આ પુણ્ય હોતું નથી એમના સાંનિધ્યમાં કેવલી અવસ્થામા પણ હિંસાત્યાગાદિ જોવા ન મળે એમાં કોઈ અસંગતિ નથી. સ્થિરયમ આગળ વધતાં આ પુણ્યનો ઉદય ચાલુ થવાથી શક્તિવિશેષ ઉમેરાય છે ને તેથી ચોથો સિદ્ધિયમ આવે છે. જીવોના કર્મ ઉપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ... આ પાંચની અસર હોય છે. આના આધારે જીવોના કર્મોના ઉદય-ક્ષયોપશમ વગેરે થાય છે. સિદ્ધિયમ પામેલા યોગી એ એક

એવું દ્રવ્ય છે કે જે સમીપવર્તી જીવને ઉદયમાં રહેલા હિંસાપ્રેરક કર્મોને મોળા પાડી દે છે ને તેથી એ જીવ હિંસા આચરતો નથી. આ જ રીતે સિદ્ધિકક્ષાના સત્યયમ વગેરે અંગે જાણવું.

આમ, યમના ઇચ્છા-પ્રવૃત્તિ વગેરે ભેદો જોયા. યોગના આ જ ઇચ્છા વગેરે ભેદોની યોગવિંશિકાગ્રંથમાં ને મેં કરેલા એના વિવેચનમાં વિસ્તારથી વિચારણા છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવી, અહીં પણ થોડી વિચારણા આગળના લેખોમાં કરીશું.

હવે પ્રસ્તુત બત્રીશીનો ઉપસંહાર વગેરે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૦૯

ગયા લેખમાં છેલ્લે સિદ્ધિયમની વાત વિચારેલી. એમાં આવેલું કે અહિંસાયમને સિદ્ધ કરનાર યોગીના સાન્નિધ્યમાં વૈરત્યાગ થાય છે. એ જ રીતે જેણે સત્યયમને સિદ્ધ કર્યો છે એના સાન્નિધ્યમાં તેના વચનમાત્રથી સામાને અનુષ્ઠાન ન કરવા છતાં એનું ફળ પ્રાપ્ત થાય છે. એમ એ યોગીને ખુદને પણ એ પ્રાપ્ત થાય છે. એ જ રીતે અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા યમને સિદ્ધ કરનારા યોગીઓને ક્રમશઃ સર્વતઃ દિવ્યરત્નોની ઉપસ્થિતિ, વીર્યલાભ અને પૂર્વજન્મોનું જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે. આનો વિસ્તાર મિત્રાબત્રીશીમાં જોઈશું.

હવે ગ્રંથકાર આ બત્રીશીનો ઉપસંહાર કરતા કહે છે કે આ પ્રમાણે યોગવિવેકના વિજ્ઞાનથી જેણે કલ્મષોને = પાપકર્મોને વમી નાખ્યા છે એવો યથાશક્તિ પ્રયત્ન કરનાર યોગી પરમાનંદને મેળવે છે.

શું વિજ્ઞાનથી પણ પાપકર્મો તૂટે ? હા, વિજ્ઞાન પણ પ્રતિબંધક

કર્મોને તોડે છે. કદાચ તત્કાળ ફળ ભલેને ન દેખાય. અમરકુમારને જ્યારે નવકાર મળ્યો ત્યારે એ જ્ઞાન જાપમાં પ્રેરક ન બન્યું. છતાં કંઈક પણ પ્રતિબંધક કર્મોનો વિલય તો થયેલો જ. જેથી એવી પરિસ્થિતિમાં અસ્ખલિત એકાગ્ર જાપ શક્ય બન્યો ને એ જાપે પ્રતિબંધક કર્મોનો ખૂબ નાશ કર્યો.

પ્રતિમાના આકારવાળી માછલી જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું. એનાથી 'આ વંદનીય છે' એવી જે બુદ્ધિ થઈ અને પૂર્વજન્મના શ્રાવકપિતાનો ધર્મ જે યાદ આવ્યો. આ બંને જ્ઞાનોએ ધર્મના પ્રતિબંધક કર્મોને તોડ્યા... ને તેથી એ મત્સ્ય બનેલો પુત્ર જીવ એટલા પ્રમાણમાં ધર્મનો સાધક બન્યો.

એટલે આચરણથી રુચિ ન જણાતી હોય એવા જીવોને અપવાદના શાસ્ત્રો ન આપવાના હોવા છતાં, ઉત્સર્ગના પ્રતિપાદક શાસ્ત્રો આપવાના કહ્યા છે. એનાથી રુચિ જાગે છે. બાળજીવો સમક્ષ આચારનું વર્ણન પણ એ માટે છે.

આમ ૧૮મી બત્રીશીમાં યોગના અધ્યાત્મ વગેરે પાંચ ભેદ બતાવ્યા. પછી પ્રસ્તુત ૧૯મી બત્રીશીમાં આ પાંચ ભેદોના જુદી જુદી વિવક્ષાથી ઇચ્છા-શાસ્ત્ર-સામર્થ્યયોગ એમ ત્રણ ભેદ, તાત્ત્વિક યોગ-અતાત્ત્વિકયોગ એમ બે ભેદ, સાશ્રવયોગ-અનાશ્રવયોગ એમ બે પ્રકાર, સાનુબંધયોગ-નિરનુબંધયોગ એમ બે પ્રકાર, ઇચ્છાયમ વગેરે ચાર પ્રકાર, સદ્યોગાવંચક વગેરે ત્રણ પ્રકાર... આ રીતે યોગ વિવેક દર્શાવ્યો. એના વિજ્ઞાનથી પ્રતિબંધક કર્મોનો ક્ષય થાય છે. આ ક્ષય થવાથી જીવ સાધનામાં યથાશક્તિ પ્રયત્નશીલ બને છે જેના પ્રભાવે આગળ ઉપર પરમાનંદને-મોક્ષને મેળવે છે.

**આમ ૧૯મી યોગવિવેક બત્રીશી પૂર્ણ થઈ.**

આ બત્રીશીમાં ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિર અને સિદ્ધિ એવા ચાર ભેદ જે બતાવ્યા છે એમાં ઇચ્છાભેદ અંગે કંઈક વિચારણા-

શ્રીયોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથ (૨૧૫)માં ઇચ્છાનો તદ્વત્કથાપ્રીતિયુતા અને તથાऽવિપરિણામિની એવા જે બે વિશેષણ કહ્યા છે, એમાં તથાऽવિપરિણામિની વિશેષણનો અર્થ કર્યો છે તદ્ભાવસ્થિરત્વેન... એટલે કે તે ભાવની સ્થિરતાના કારણે ઇચ્છા અવિપરિણામિની છે. આના બે અર્થ થઇ શકે - (૧) અહિંસા વગેરેની વાતોમાં જો રુચિ આનંદ છે... તો એનાથી વિપરિણામ = વિપરીત પરિણામ = હિંસા (યુદ્ધમાં સંહાર વગેરે) વગેરેની વાંતોમાં એવા તીવ્ર રુચિ-આનંદ ન જોઈએ... અથવા (૨) અન્ય પરિસ્થિતિમાં પણ વિપરિણામ = વિમુખ પરિણામ ન થઇ જવા જોઈએ... એટલે કે યમપાલનની રુચિ મરી જાય એવું ન થવું જોઈએ... આ તદ્ભાવસ્થિરત્વ છે. એ હોય તો જ ઇચ્છાયમ કહેવાય.

શ્રી યોગવિંશિકાગ્રંથમાં 'અવિપરિણામિની' નથી, પણ 'વિપરિણામિની' છે ને એનો અર્થ એવો કર્યો છે કે વિવક્ષિત ઇચ્છા વિધિકર્તા પ્રત્યેના બહુમાનાદિથી ગર્ભિત અને સ્વઉલ્લાસને અનુસરીને થોડો ઘણો પણ અભ્યાસ (પ્રયત્ન) કરાવનાર એવા વિચિત્ર પરિણામને પેદા કરનારી હોવી જોઈએ, તો ઇચ્છાયોગ બને. આમાં વિધિ અને કર્તા પ્રત્યેના બહુમાનાદિ જણાવ્યા એટલે અવિધિ અને અકર્તા પર બહુમાનાદિ ન હોય, પણ ઉપેક્ષા-ઉદાસીનતા હોય એમ પણ સમજવું જોઇએ. તથા સ્વઉલ્લાસ... વગેરે જણાવ્યું, એટલે પોતાને એનાથી વિપરીત કરવાનો ઉલ્લાસ ન હોય, અન્ય વિપરીત કર્તા પર પણ આનંદ-ઉલ્લાસ ન હોય એમ સમજવું યોગ્ય લાગે છે.

હવે, આ જ ઇચ્છાયોગ વગેરેની પરસ્પર વિચારણા... ઇચ્છાયોગ વગેરેનું રહસ્ય... ઇચ્છાયોગની નિશ્ચય-વ્યવહારથી વિચારણા... પ્રાતિભજ્ઞાનને જ્ઞાનસાર વગેરે ગ્રંથોમાં અનુભવજ્ઞાન રૂપે કહેલ છે, તો આ અનુભવજ્ઞાન-આત્માનુભવ શું છે ? કઈ રીતે એ સાધી શકાય ? વગેરે ક્રમશઃ વિચારીને આ બત્રીશીને પૂરી

કરીશું...

પ્રસ્તુત બત્રીશીમાં યોગના ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય એમ ત્રણ ભેદ તથા યમના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ એમ ચાર ભેદ આપ્યા. અન્યત્ર આ ચાર ભેદ પણ યોગના જ બતાવ્યા છે એટલે યોગના આ ત્રણ અને ચાર ભેદની પરસ્પર વિચારણા કરીએ.

પ્રીતિપૂર્વક યોગીકથાના શ્રવણથી પોતાને પણ યોગ સાધવાની ઇચ્છા પ્રગટ થાય છે. જે પ્રબળ બનતાં પ્રણિધાન આશય કેળવાય છે. છતાં, જ્યાં સુધી ઓછીવત્તી પણ ક્રિયા કરવામાં નથી આવતી ત્યાં સુધી યોગ નથી કહેવાતો. પણ આ ઇચ્છા અને પ્રણિધાનના પ્રભાવે પ્રતિબંધક કર્મોનો કંઈક પણ ક્ષયોપશમ થાય છે. પણ એ એટલો પ્રબળ નથી હોતો કે જે યથાવિહિત (= શાસ્ત્રમાં જે રીતે કહેલ હોય એ બધી વિધિપૂર્વક) પાલન કરાવે. માત્ર જેટલા ઉલ્લાસ-રુચિ હોય એને અનુસરીને અનુષ્ઠાન થાય છે. જેટલો પ્રમાદ હોય એ મુજબ વિધિની વિકલતા રહે છે. આ યથાઉલ્લાસ થતું અનુષ્ઠાન એ ઇચ્છાયોગ છે. એમાં ઉપશમપ્રધાનતા હોતી નથી. છતાં આ ઇચ્છાયોગમાં પ્રણિધાન વગેરે આશયો યથાયોગ્ય માત્રામાં ભળેલા હોવાથી પુષ્ટિ અને શુદ્ધિ થાય છે. પુષ્ટિ = પુણ્યોપચય.. એ કાલાન્તરે વધુ ને વધુ સારી કારણસામગ્રી લાવી આપે છે. વળી શુદ્ધિથી રાગ-દ્વેષ અને વીર્યમંદતા ઘસાતા જાય છે. ઉપશમ વધતો જાય છે. એટલે રાગાદિના કારણે અનુષ્ઠાનમાં આવતી સાતિચારતા મલિનતા દૂર થતી જાય છે. આમ પુષ્ટિ-શુદ્ધિના પ્રભાવે યથાવિહિત પાલનની ભૂમિકા ઊભી થાય છે.

અથવા, એમ પણ કહી શકાય કે, ઇચ્છાયોગાત્મક અનુષ્ઠાનને વારંવાર કરતા રહેવાથી તેમજ પ્રણિધાનને દૃઢ કરતા રહેવાથી જીવ, પ્રવૃત્તિ આશય કેળવવા તરફ તેમજ ઇચ્છાયોગમાંથી પ્રવૃત્તિયોગ તરફ આગળ વધતો રહે છે. એમ કરતાં કરતાં પ્રવૃત્તિ આશય કેળવાય

ને તેથી યત્નાતિશય આવે... ને પછી દરેક વખતે આ યત્નાતિશયથી પ્રમાદરહિતપણે યથાશક્તિ પ્રવૃત્તિ થાય તો શાસ્ત્રયોગ આવે છે. પછી અંગસાકલ્ય ભળતાં (યત્નાતિશય = વીર્યાતિશય તો ભળેલો જ છે) એ સર્વત્ર યથાવિહિત થવા માંડે એટલે પ્રવૃત્તિયોગ આવે છે.

પણ હજુ વિઘ્નજય આશય કેળવાયેલો નથી. એટલે વિઘ્ન ઉપસ્થિત થવા પર યથાવિહિતપણામાં કંઈક ગરબડ થવાની શક્યતા રહે છે. એટલે પ્રવૃત્તિયોગ 'સાતિચાર' કહેવાય છે. છતાં, નિર્વિઘ્નદશામાં યથાવિહિત પાલન કરે છે. નાના-નાના વિઘ્નોને સત્ત્વથી જીતવા પ્રયત્નશીલ બને છે, ને એ રીતે એવે વખતે પણ ક્યારેક યથાવિહિત પાલન કરે છે... ક્યારેક પાછો અતિચાર લાગી જાય છે... છતાં આમ પ્રવૃત્તિ ચાલુ રહેવાથી ક્રમશઃ વિઘ્નજય આશય કેળવાતો જાય છે. પછી નાનામાંથી મોટા વિઘ્નો આવે તો પણ યથાવિહિત પાલન કરી શકે છે. એટલે વિઘ્નજય આશય કેળવાયો કહેવાય. તેથી હવે વિઘ્નો 'બાધક' બની શકતા નથી... ને તેથી અનુષ્ઠાન નિર્બાધક થાય છે... અર્થાત્ હવે સ્થિરયોગ આવ્યો. આમ તો પુણ્યોદય વધવાથી વિઘ્ન આવે જ નહીં એવું પણ બને છે. છતાં, પૂર્વકર્મવશાત્ વિઘ્ન આવે તો, અત્યારસુધી સ્થિરયોગ આવ્યો ન હતો ત્યાં સુધી વિઘ્નો જે બાધક રૂપ થતા હતા... એના કારણે હજુ પણ (= સ્થિરયોગની પ્રારંભિક અવસ્થામાં પણ) વિઘ્ન ઉપસ્થિત થવા પર એ 'વિઘ્ન' રૂપે ભાસે છે ને તેથી ક્યાંક એ બાધા ન પહોંચાડી દે.. એવી ચિન્તા ઊભી થાય છે.. પણ સત્ત્વના-વિઘ્નજય આશયના પ્રભાવે એ ચિન્તાને દૂર કરી અનુષ્ઠાન તો યથાવિહિત જ કરે છે. અર્થાત્ સાધક બાધકચિન્તાનો પ્રતિઘાત કરે છે ને તેથી અનુષ્ઠાન નિર્બાધક થાય છે. આ રીતે અભ્યાસ આગળ ચાલુ રહેતાં, 'અનેકશઃ વિઘ્ન આવ્યા, પણ કશું કરી ન શક્યા...' આવો જાત અનુભવ થતાં હવે (= સ્થિરયોગની અભ્યસ્તદશામાં-ઉત્તરઅવસ્થામાં) વિઘ્ન ઉપસ્થિત થવા પર પણ એને 'વિઘ્ન' રૂપે

જોવાનું થતું નથી... ને તેથી એની કોઈ ચિન્તા પણ પેદા થતી નથી. આ કહેવાય - 'શુદ્ધિવિશેષથી બાધક ચિન્તાનું અનુત્થાન...' અને તેથી અનુષ્ઠાન ચિન્તારહિતપણે નિર્બાધક થાય છે. આમ, પહેલાં બાધક ચિન્તાના પ્રતિઘાતથી ને પછી ચિન્તાના અનુત્થાનથી... આમ બન્ને રીતે નિર્બાધકપણે થતું અનુષ્ઠાન એ સ્થિરયોગ કહેવાય છે.

આ સ્થિરયોગમાં થતું અનુષ્ઠાન અને નિર્વિઘ્ન અવસ્થામાં યથાવિહિત થતું પ્રવૃત્તિયોગનું અનુષ્ઠાન આ બન્ને દેખાવે સરખા હોય છે. બે કાષ્ઠસ્તંભ છે. એકને જમીનમાં ખાડો કરી ફીટ કરેલો છે. બીજાને માત્ર સામાન્ય આધાર આપી બેલેન્સ કરી ઊભો રાખ્યો છે. જ્યાં સુધી પવનનો ઝપાટો કે એવું અન્ય કશું અડ્યું નથી, ત્યાં સુધી બન્ને એક સરખા સીધા ઊભેલા જણાશે. છતાં, જેને સ્થિર કરવામાં નથી આવ્યો એના માટે, 'એને કશું અડી ન જાય ને એ પડી ન જાય' એની ચિન્તા રહ્યા કરશે ને એવી પરિસ્થિતિ ટાળવી ઈષ્ટ રહેશે... સ્થિરસ્થંભ માટે એવી કશી આવશ્યકતા નથી. બસ આવો જ તફાવત પ્રવૃત્તિયોગ ને સ્થિરયોગ વચ્ચે જાણવો.

સ્થિરયોગના વારંવારના સેવનથી આત્મામાં વિશિષ્ટપ્રકારના ઉપશમ વગેરે ઉત્પન્ન થવા સાથે અધિકૃત ગુણ સિદ્ધ થાય છે. ને એ થવાની સાથે જ જેઓ એ ગુણથી રહિત છે એવા પણ સ્વસંનિહિતજીવોમાં તે ગુણની સિદ્ધિ થાય છે. આ રીતે અન્યમાં સ્વસદશફળસંપાદક બને (અને એ રીતે પરાર્થસાધક બને) એવી કક્ષાએ પહોંચેલો યોગ એ સિદ્ધિયોગ છે. એટલે જ જેઓએ અહિંસાને સિદ્ધ કરી છે (અર્થાત્ જેઓ અહિંસાના સિદ્ધિયમને પામેલા છે) એવા યોગીઓના સાંનિધ્યમાં હિંસક પશુઓ પણ હિંસા કરવા માટે સમર્થ રહેતા નથી. આવું જ સત્ય વગેરે અંગે પણ જાણવું. સિદ્ધિયોગના (સિદ્ધિયમના) પણ અસંખ્યભેદો છે. એમાં આગળ વધતો જીવ ક્ષયોપશમભાવમાં આગળ વધતાં વધતાં છેવટે ક્ષાયિકભાવને પામે છે.

આમ, ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિર અને સિદ્ધિ આ ચારમાંનો ઇચ્છાયોગ. અને ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય આ ત્રણમાંનો ઇચ્છાયોગ... આ બંને સર્વથા એક નથી, પણ ક્યાંક ફેર પડે છે, એ જણાય છે. તે આ રીતે-પ્રસ્તુતમાં ચારમાંના ઇચ્છાયોગમાં, યથાશક્તિ કરાતું હોવા છતાં અંગવિકલતાવશાત્ અનુષ્ઠાનમાં ન્યૂનતા આવે, તો એનો પણ સમાવેશ છે. જ્યારે ત્રણમાંના ઇચ્છાયોગમાં તો પ્રમાદવશાત્ જેમાં વિકલતા આવે એનો જ સમાવેશ છે. પ્રમાદને ટાળીને યથાશક્તિ કરાતું અનુષ્ઠાન તો શાસ્ત્રયોગ છે. એટલે પ્રારંભથી લઈને યથાશક્તિ નહીં, પણ... યથાઉલ્લાસ થતું અનુષ્ઠાન બન્ને પ્રકારના ઇચ્છાયોગમાં સમાવેશ પામે છે... ને પછી આગળ વધતાં વધતાં, ઉલ્લાસ વધતો જાય, પ્રમાદ ટળતો જાય... યાવત્ સર્વ પ્રમાદ ટળી જ્યારે એ યથાશક્તિ થવા માંડે છે ત્યારે એ શાસ્ત્રયોગ સ્વરૂપ બનવાથી ત્રણમાંના ઇચ્છાયોગ રૂપ રહેતો નથી, પણ છતાં અંગવિકલતાવશાત્ વિકલતા હોય ત્યાં સુધી એ ચારમાંના ઇચ્છાયોગ રૂપ તો છે જ. છતાં, આમાં પણ વિશેષતા જાણવી કે ક્યારેક કે કેટલુંક અનુષ્ઠાન ઉલ્લાસ વધી જાય ને તેથી પ્રમાદ ટાળી યથાશક્તિ કરે, પણ બહુધા કે આખું મુખ્ય અનુષ્ઠાન પ્રમાદવશાત્ વિકલ કરતો હોય, તો ક્યારેક યથાશક્તિ કરેલું અનુષ્ઠાન... અથવા અનુષ્ઠાનનો યથાશક્તિ કરેલો થોડો હિસ્સો પણ ઇચ્છાયોગ જ બની રહે છે, શાસ્ત્રયોગરૂપ બનતો નથી, માટે એ વખતે બન્ને પ્રકારના ઇચ્છાયોગ રૂપ એ બને છે. એમ જેને અંગસાકલ્ય પ્રાપ્ત થયું છે ને તેથી એ ક્વચિત્ શક્તિ ફોરવીને યથાવિહિત અનુષ્ઠાન કરે છે, છતાં ઘણી વખત તો ઉલ્લાસને અનુસરીને ઓછું-વધતું કરતો હોય, તો ક્વચિત્ કરેલું એ યથાવિહિત અનુષ્ઠાન પણ બન્ને પ્રકારના ઇચ્છાયોગમાં જ સમાવિષ્ટ જાણવું. કારણકે પ્રવૃત્તિયોગ માટે તો સર્વત્ર = સર્વ અવસ્થામાં તથા સંપૂર્ણ અનુષ્ઠાન દરમ્યાન બધું જ યથાવિહિત અનુષ્ઠાન જોઈએ છે, ક્વચિદ્ (ઉલ્લાસવાળી) અવસ્થામાં કે દીર્ઘ

અનુષ્ઠાનના માત્ર કોઈક અંશમાં જ નહીં.

આ ઇચ્છા વગેરે ચારયોગમાં ઇચ્છાયોગથી પ્રારંભ છે ને આગળ વધતાં વધતાં છેવટે સિદ્ધિયોગ આવે છે. માટે ઇચ્છાદિ ચાર ભેદો ક્રમિક છે. એમ પ્રણિધાન વગેરે પાંચ આશયોમાં પ્રણિધાનથી પ્રારંભ છે ને વિનિયોગમાં સમાપ્તિ છે. અર્થાત્ પ્રણિધાનાદિ પાંચ આશયો પણ ક્રમિક છે. અલબત્ પ્રણિધાન વગેરે પણ કથંચિત્ ક્રિયારૂપ છે જ, છતાં ગ્રન્થકારે સ્વયં કહ્યા મુજબ એમાં આશયની જ પ્રધાનતા છે. એમ ઇચ્છાયોગ વગેરેમાં પણ અંદરની નિરુપાધિક ઇચ્છા વગેરે રૂપ પરિણામ ભળેલા હોય જ છે, પણ ઇચ્છાયોગની કક્ષા છે કે પ્રવૃત્તિયોગની કક્ષા છે વગેરેનો નિર્ણય કરવામાં બાહ્ય ક્રિયાનું પ્રાધાન્ય હોવું જણાય છે. એટલે જ આશયની દૃષ્ટિએ આગળ-આગળના આશય કેળવાતા જતા હોય ને છતાં અંગસાકલ્ય ન હોય તો જીવ ઇચ્છાયોગમાંથી પ્રવૃત્તિયોગમાં પણ જઈ ન શકે એવું શક્ય છે. એટલે જ પ્રવૃત્તિ આશય કેળવાયો હોય પણ પ્રવૃત્તિયોગ ન આવ્યો હોય, વિઘ્નજય આશય કેળવાયો હોય ને છતાં પ્રવૃત્તિયોગ કે સ્થૈર્યયોગ એકે ન આવ્યા હોય, એમ સિદ્ધિ આશય કેળવાયો હોય ને છતાં પ્રવૃત્તિ-સ્થૈર્ય કે સિદ્ધિયોગ આવ્યો ન હોય એવું સંભવિત છે. હાથ-પગની એવી કોઈ ખોડખાંપણ હોય તો પણ ક્ષપકશ્રેણિ અને કેવલજ્ઞાનનો નિષેધ નથી. એટલે જણાય છે કે એ પ્રકૃષ્ટ ધર્મસ્થાન સુધી પહોંચી શકતો હોવાથી સિદ્ધિ-વિનિયોગ આશય સુધી પહોંચી શકે છે, ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગથી આગળ વધી સામર્થ્યયોગ સુધી પહોંચી શકે છે, સ્થાન-ઊર્ણ વગેરે યોગોમાંના ઠેઠ અનાલંબન યોગ સુધી પહોંચી શકે છે, અધ્યાત્મ-ભાવના... વગેરે યોગોમાંના વૃત્તિસંક્ષય સુધી પહોંચી શકે છે અને છતાં ઇચ્છા-પ્રવૃત્તિ વગેરે ચારમાંના બીજા પ્રવૃત્તિયોગ સુધી પણ પહોંચી શકતો નથી, કારણકે અંગસાકલ્ય ન હોવાથી યથાવિહિત સ્થાનાદિનું સેવન એના માટે શક્ય નથી.

**શંકા** - પણ જો એ યથાવિહિત પાલન નથી કરતો તો એ અતિચાર રૂપ હોવાથી સિદ્ધિ આશય પણ શી રીતે આવે ? કારણકે સિદ્ધિ આશયમાં તો ધર્મસ્થાનની અતિચાર રહિત પ્રાપ્તિ હોય છે.

**સમાધાન** - પાલનમાં પ્રમાદાદિવશાત્ ન્યૂનતા આવે એ જ અતિચાર રૂપ હોય છે. ખોડખાંપણવાળાને પ્રમાદાદિ ન હોય તો, જે ન્યૂનતા આવે છે તે અંગવૈકલ્યવશાત્ છે, પણ પ્રમાદાદિવશાત્ નથી, ને તેથી એ અતિચારરૂપ હોતી નથી. એવા જીવો માટે એવું આચરણ એ 'અપવાદ' રૂપ હોય છે અને 'અપવાદ' પણ શાસ્ત્રોક્ત માર્ગ જ હોવાથી એને અતિચાર શી રીતે કહી શકાય ? એટલે જ એનું એવું આચરણ શાસ્ત્રયોગરૂપ બનવામાં ને આગળ ઉપર સામર્થ્યયોગ લાવી આપવામાં જરા પણ ઊણું ઉતરતું નથી, માટે એ અતિચારશૂન્ય હોવાથી સિદ્ધિ આશય આવવામાં કશો વાંધો નથી.

यथाशक्ति क्रियमाणं स्थानादि इच्छारूपमित्यर्थः... **यथाशास्त्रमङ्गसाकल्येन विधीयमानं स्थानादि प्रवृत्तिरूपमित्यर्थः** યોગવિંશિકાની વૃત્તિની આ પંક્તિઓ પર વિચારતાં તત્ત્વ અમને આવું ભાસ્યું છે. વાસ્તવિકતા આ જ છે કે અન્ય ? એ કેવલિભગવંતો જાણે છે. પણ બહુશ્રુત મહાત્માઓને આના પર પૂર્વાપર અવિરોધપણે ઊંડાણથી વિચારવા વિનંતી છે.

આમ ઇચ્છાયોગ વગેરેની પરસ્પર વિચારણા કરી. હજુ આ અંગે જ જે ત્રણ વિચારણાઓ આગામી બે લેખોમાં જોઈશું તે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબનું ચિંતન છે... માત્ર મારા શબ્દોમાં એ ચિંતનનું અવતરણ છે. આમ તો આ બધી જ બત્રીશીઓમાં તેઓશ્રીના ચિંતનનો પણ સ્થાને સ્થાને પુષ્કળ લાભ મળ્યો જ છે તે જાણવું.

❖ ❖ ❖

## લેખાંક ૧૧૦

આમ તો આપણી આ લેખમાલામાં ઓગણીશમી યોગવિવેક બત્રીશીની વિચારણા પૂર્ણ થઇ ગયેલ છે. પણ આ બત્રીશીમાં આવેલ ઇચ્છાયોગ વગેરે અંગે પૂજયપાદ ગચ્છાધિપતિશ્રીએ પોતાની માર્ગાનુસારિણીપ્રજ્ઞાના પ્રભાવે શાસ્ત્ર-વચનોને અનુસરીને સુંદર ચિંતન કર્યું છે. જેને મેં અક્ષરદેહ આપ્યો છે. આ ત્રણ ચિંતનો આપણે ૧૧૦ અને ૧૧૧ માં લેખમાં ક્રમશઃ જોઇશું.

**એમાંનું પ્રથમ ચિંતન -**

(૧) આ બત્રીશીમાં આવેલ ઇચ્છા, શાસ્ત્ર, સામર્થ્યયોગ અંગે કંઈક વિચારણા -

**ઇચ્છાયોગ :** જે જીવ સ્વ-સ્વ ભૂમિકાનુસારે ભવવિરક્ત છે, વિધિ પ્રત્યે આદરવાળો છે, જૈનમાર્ગ કે જૈનેતર માર્ગમાં રહેલો છે, આવો જીવ, પછી ભલે શાસ્ત્રના વિશિષ્ટ બોધવાળો જ્ઞાની હોય કે ન હોય, એવા જ્ઞાનીની નિશ્રાવાળો હોય કે નિશ્રા વગરનો હોય... પણ ઉત્સાહની મંદતાવાળો છે ને તેથી 'વિધિની મર્યાદાઓ અને કાળની મર્યાદાઓ મારે જાળવવી જ' એવી કાળજીવાળો નથી... આવો જીવ પોતાની અનુકૂળતા અને રુચિ પ્રમાણે મોડું વહેલું કરે... ઓછું વત્તું કરે... આ બધું ઇચ્છાયોગરૂપ બને. યોગની પ્રારંભિક અવસ્થાથી શરુ કરી શાસ્ત્રયોગ ન પામે ત્યાં સુધીની ભૂમિકામાં આ ઇચ્છાયોગ હોય છે. આ ઇચ્છાયોગ એકથી પાંચ દષ્ટિમાં હોય છે. યોગની છટ્ઠી દષ્ટિમાં એ વિકલ્પે હોય. આમાં વિધિનું પૂર્ણ પાલન નથી, માટે આ ઉત્સર્ગ નથી. વળી જે ન્યૂનતા છે તે કારણિક નથી, માત્ર રુચિ-અનુકૂળતાના હિસાબે છે, માટે આ અપવાદ પણ નથી. આમ આમાં ઉત્સર્ગ-અપવાદ... એવા ભેદ હોતા નથી.

**શાસ્ત્રયોગ :** શાસ્ત્રભાવિત મતિવાળા સંવિગ્નગીતાર્થ મહાત્મા કે એમને પૂર્ણરૂપે સમર્પિત સંવિગ્ન અગીતાર્થ મહાત્મા... કે જેઓ શાસ્ત્રાનુસારે વર્તવાની તમન્નાવાળા છે... આવા બન્ને મહાત્માઓને શાસ્ત્રયોગ સંભવે છે, કારણ કે તેઓ જ દરેક વખતે વેળા-વિધિ વગેરે અણીશુદ્ધ જાળવી શકે છે. ક્યારેક એવી પરિસ્થિતિવશાત્ એમાં ફેરફાર કરવો પડે એમ હોય તો પણ જયણા વગેરે જાળવીને કરતા હોવાથી એ ફેરફારવાળું અનુષ્ઠાન અતિચારરૂપ ન બનતાં અપવાદરૂપ બને છે. અપવાદ પણ શાસ્ત્રકથિત માર્ગ જ છે. માટે આ પણ શાસ્ત્રયોગરૂપ બને જ છે. આના સમાવેશ માટે જ 'યથાશક્તિ' શબ્દ વપરાયેલો છે. પણ વર્ણન હંમેશા પ્રધાન-મુખ્ય હોય એનું થતું હોવાથી ઉત્સર્ગમાર્ગનું જ વર્ણન કરવામાં આવ્યું છે. એટલે શક્તિ-સંયોગવિકલને યથાશક્ય કાળજી જયણાથી વર્તનારને આ શાસ્ત્રયોગ હોય છે. પણ શાસ્ત્રજ્ઞાન ન હોય અથવા એ હોવા છતાં એને અનુસરવાનું પ્રાધાન્ય ન હોય એને આ યોગ સંભવતો નથી. એમ, અગીતાર્થ મહાત્મા જો ગીતાર્થ નિશ્રિત ન હોય, અથવા ગીતાર્થની નિશ્રામાં રહ્યા હોવા છતાં એમને સમર્પિત ન હોય તો એને પણ આ યોગ સંભવતો નથી.

**શંકા** - શ્રીલલિતવિસ્તરાગ્રંથમાં ઇચ્છાયોગ વગેરે માટે इच्छादिप्रधानाः क्रियया विकलाऽविकलाधिकास्तत्त्वधर्मव्यापाराः કહ્યું છે. અર્થાત્ ઇચ્છાયોગમાં શાસ્ત્રોક્ત કાલાદિથી વિકલ, શાસ્ત્રયોગમાં અવિકલ... અને સામર્થ્યયોગમાં તો એના કરતાં કલ્પનાતીત રીતે અધિક ક્રિયા હોય છે. એટલે અપવાદપદને શાસ્ત્રયોગ શી રીતે કહેવાય ? કારણ કે એમાં કાલાદિની વિકલતા હોય છે.

**સમાધાન** - અપવાદપદમાં જયણા હોય છે. એટલે એ પરિસ્થિતિમાં જે શક્ય હોય તે તો આચરાયેલું જ હોય છે. માટે એવી પરિસ્થિતિમાં એ અવિકલ જ હોવાથી શાસ્ત્રયોગ રૂપ શા માટે ન

બને ?

**શંકા** - લલિતવિસ્તરાના આ પાઠમાં **इच्छादिप्रधानाः** જે કહ્યું છે તેનાથી જણાય છે કે ઇચ્છાયોગમાં જેમ ઇચ્છાની પ્રધાનતા હોય છે, તેમ શાસ્ત્ર-સામર્થ્યયોગમાં ક્રમશઃ શાસ્ત્રપ્રધાનતા અને સામર્થ્યપ્રધાનતા હોય છે. અનુષ્ઠાનમાં ઇચ્છાનું અનુસરણ એ જેમ ઇચ્છાપ્રધાનતા તરીકે અભિપ્રેત છે, એમ શાસ્ત્રનું ને સામર્થ્યનું અનુસરણ એ ક્રમશઃ શાસ્ત્રપ્રધાનતા અને સામર્થ્યપ્રધાનતા તરીકે અભિપ્રેત છે, એ જણાય છે. એટલે પ્રશ્ન ઊભો થાય છે કે અસંગઅનુષ્ઠાનને શાસ્ત્રયોગ શી રીતે કહેવાય ? કારણકે એમાં શાસ્ત્રવચનનોને અનુસરવાનું હોતું નથી. માટે તો એને વચનાનુષ્ઠાનથી અલગ પાડ્યું છે.

**સમાધાન** - આમાં પ્રમાદ ન હોવાથી ઇચ્છાયોગ તો નથી જ. વળી સામર્થ્યયોગ તો શ્રેણિમાં જ માન્યો હોવાથી આ સામર્થ્યયોગ પણ નથી જ. તથા ચંદનગંધન્યાયે ભિક્ષાટનાદિ અનુષ્ઠાન આત્મસાત્ થઈ ગયું હોવાથી શાસ્ત્રવચનોને અનુસરવાનું ન હોવા છતાં એ જેવું શાસ્ત્રોમાં કહ્યું છે એવું જ સહજ રીતે થાય છે, માટે શાસ્ત્રાતિક્રાન્તગોચર ન હોવાથી પણ એ સામર્થ્યયોગ નથી, માટે એ શાસ્ત્રયોગ જ છે. 'જે શાસ્ત્રયોગ હોય એ વચનયોગરૂપ હોય જ' એવો નિયમ બાંધવાની જરૂર નથી, કારણકે ઇચ્છા-શાસ્ત્ર-સામર્થ્ય અને પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ... આ બંને જુદી જુદી વિવક્ષાઓ છે.

વળી, યોગવિંશિકામાં અસંગઅનુષ્ઠાન અનાલંબનયોગરૂપ બને છે એમ ૧૯મી ગાથામાં જણાવ્યું છે. વળી આ અનાલંબનયોગ સામર્થ્યયોગથી પ્રવર્તતી પરતત્ત્વ દર્શનની ઇચ્છા-દિદક્ષાસ્વરૂપ છે એમ ષોડશકજી (૧૫-૮)માં કહ્યું છે. એટલે જણાય છે કે સામર્થ્યયોગ ઉત્તરકાળે અનાલંબનયોગ હોવાથી ત્યારે અસંગઅનુષ્ઠાન પણ હોય છે. તેથી અસંગઅનુષ્ઠાનને સામર્થ્યયોગરૂપ માનવું પણ જરૂરી છે.

એટલે એમ સમજવું જોઈએ કે પહેલાં અસંગઅનુષ્ઠાન શાસ્ત્રયોગરૂપ હોય છે ને ઉત્તરકાળે શ્રેણિમાં એ સામર્થ્યયોગ રૂપ હોય છે.

વચનઅનુષ્ઠાન શાસ્ત્રયોગરૂપ હોવું સ્પષ્ટ છે. પણ ક્યારેક શાસ્ત્રવચનોને અનુસરીને સંપૂર્ણ વિધિપૂર્વક અનુષ્ઠાન કરે ને ક્યારેક પ્રમાદથી ઓછું વત્તું પણ કરે... આવી ભૂમિકામાં થતું વિધિપૂર્ણ અનુષ્ઠાન વચનાનુષ્ઠાન હોવા છતાં શાસ્ત્રયોગમાં સમાવેશ પામી શકતું ન હોવાથી ઇચ્છાયોગરૂપ જ બને છે. અર્થાત્ વચનાનુષ્ઠાન પ્રારંભકાળે ઇચ્છાયોગ રૂપ હોય છે ને પછી શાસ્ત્રયોગરૂપ બને છે. પણ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન તો માત્ર ઇચ્છાયોગરૂપ જ હોય છે એ જાણવું.

પટુ શાસ્ત્રબોધ ન હોવો વગેરે કારણે જે ઇચ્છાયોગી છે એવો જીવ પણ પરિણામોમાં તીવ્ર-પ્રચંડ શુભતા આવવાના પ્રભાવે ક્ષપકશ્રેણિ માંડી શકે છે. આવા જીવને શ્રેણિમાં સામર્થ્યયોગની પ્રાપ્તિ પૂર્વે-પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે અર્થ જ્ઞાનનો એવો તીવ્રવિશિષ્ટક્ષયોપશમ થાય છે કે જેથી ૧૪ પૂર્વોના સૂત્રોનું જ્ઞાન ન હોવા છતાં એના અર્થનું જ્ઞાન થઇ જાય છે ને તેથી એને શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે. વ્યવહારનયનો વિષય ન બનનાર આ આંતરિક શાસ્ત્રયોગનો કાળ પ્રાયઃ અંતર્મુહૂર્ત જ હોય છે. પછી તો સામર્થ્યયોગ પ્રાપ્ત થઈ જાય છે. શ્રેણિમાં એનો કાળ પણ અંતર્મુહૂર્ત જ હોય છે. સામાન્યથી વ્યવહારનયનો જે વિષય બને છે એવો, બહુશ્રુત અપ્રમત્તસંયમીનો શાસ્ત્રયોગ જઘન્યથી અંતર્મુહૂર્તકાલીન અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ સુધી ટકનારો હોય છે. જ્યારે ઇચ્છાયોગ તો અનેક ભવ સુધી ટકી શકે એવો દીર્ઘકાલીન પણ હોઈ શકે છે. પણ જો એને પાંચમા ગુણઠાણાથી-ધર્મવ્યાપારરૂપ જ માનવાનો હોય તો એનો કાળ પણ દેશોનપૂર્વક્રોડથી અધિક ન મળે એ જાણવું.

**સામર્થ્યયોગ :** સામર્થ્ય એ યોગના સંદર્ભમાં 'પરાકાષ્ઠા' અર્થમાં વપરાતો શબ્દ છે. 'સંગ' એ સામર્થ્યને રુંધનાર છે. માટે વચનાનુષ્ઠાનમાં શાસ્ત્રવચનોનો સંગ હોવાથી સામર્થ્ય પ્રગટી શકતું નથી. પણ ફરી ફરી વચનાનુષ્ઠાનને આદરવાથી સ્વભાવરૂપ બની જાય ને તેથી અસંગઅનુષ્ઠાન આવે... એ પછી સામર્થ્ય આવે છે. સામર્થ્ય એ 'યોગ' છે, જ્ઞાન નથી. વીર્યાંતરાયના વિશિષ્ટક્ષયોપશમથી સહકૃત મોહનીયના વિશિષ્ટ ક્ષયોપશમરૂપ છે, અલબત્ એ પણ જ્ઞાનાવરણીયકર્મના વિશિષ્ટક્ષયોપશમથી સહકૃત કે એને અવિનાભાવી તો હોય જ છે. આ વિશિષ્ટ ક્ષયોપશમથી થયેલું વિશિષ્ટજ્ઞાન 'પ્રાતિભજ્ઞાન' કહેવાય છે.

ગ્રંથકારે શ્રેણિમાં થતા સામર્થ્યયોગને જ સામર્થ્યયોગ તરીકે કહેલો છે. એટલે એ પૂર્વે ઇચ્છા કે શાસ્ત્રયોગ જ માનવાનો રહે, સામર્થ્યયોગ નહીં. પણ કોઈપણ બાબતમાં યથાવિહિતના ફરી ફરી અભ્યાસ સાથે ઊંડા ચિંતન-મનનથી જે પ્રતિભા ઉત્પન્ન થાય છે... આત્માની શાંત-નિર્મલ અવસ્થાવાળી આવી પ્રતિભા પ્રાતિભજ્ઞાનના બીજકરૂપ જ્ઞાન છે. આવા પ્રતિભાશાલી જીવો, પછી પોતાની સૂઝબૂઝથી જે નિર્ણય લઈને પ્રવૃત્તિ કરે છે એને કયો યોગ કહેવો? એમાં પ્રમાદ ન હોવાથી એ ઇચ્છાયોગ નથી... વળી શાસ્ત્રાનુસરણ ન હોવાથી શાસ્ત્રયોગ પણ નથી. માટે આને પણ જો એક બીજી વિવક્ષા કરીને સામર્થ્યયોગ કહીએ તો સાધનાકાળમાં રહેલા છદ્મસ્થ-પ્રભુ, જિનકલ્પી, પ્રતિમાધારી, કલ્પાતીત... અપ્રમાદતત્પર અને રાગ-દ્વેષની અતિમંદતાવાળા આ બધા સાધકો કે જેમને શાસ્ત્રનું નિયંત્રણ હોતું નથી એમને સામર્થ્યયોગ હોય. આ શાસ્ત્રવિહિત ન હોવાથી ઉત્સર્ગ નથી. વળી પરિસ્થિતિવશાત્ શક્તિની ન્યૂનતાના કારણે કરાઈ રહ્યું છે - એવું ન હોવાથી આ અપવાદ પણ નથી. તેથી આમાં ઉત્સર્ગ-અપવાદ... એવા ભેદ હોતા નથી, પણ

ઔચિત્યની પ્રધાનતા હોય છે. માટે જ ઈચ્છાયોગ અધૂરા આચારરૂપ ને અલ્પફલક હોય છે, શાસ્ત્રયોગ પૂર્ણ શાસ્ત્રીયઆચારરૂપ ને એ વિવક્ષાએ પૂર્ણફલક હોય છે જ્યારે આ પ્રતિભાજન્ય અનુષ્ઠાન શાસ્ત્રીયઆચાર કરતાં અત્યંત ઊંચા આચારરૂપ હોય છે ને માટે અતિવિશિષ્ટફલક હોય છે.

અલબત્ આવી પ્રતિભાશીલ વ્યક્તિ સામાન્યથી બાહ્ય ધારાધોરણનું = ઉત્સર્ગમાર્ગનું પાલન કરતી હોય છે. પણ એ અંગેનું કોઈ શાસ્ત્રીયનિયમન-કાયદાકાનુન એને હોતા નથી. એમ, મોહ-અજ્ઞાન-પ્રમાદ-આળસ-ઉપેક્ષા-વિશેષપ્રકારે અનુપયોગ... આ બધું પણ એને હોતું નથી. દરેક કાર્યમાં નિજી પ્રતિભા ને નિજી સામર્થ્ય... આ બે જોડાયેલા હોય છે. છેવટે શાસ્ત્રનું આલંબન એ પણ પરાવલંબન છે. કારણકે એમાં પ્રભુનું જ્ઞાન અને બાહ્ય સામગ્રીનું આલંબન છે. સામર્થ્યમાં આ બન્ને આલંબનની અપેક્ષા જતી રહે છે, સ્વયં પ્રાતિભજ્ઞાન પ્રકાશ અને વૈરાગ્ય-અધ્યાત્મ-સામર્થ્યજન્ય ક્રિયા... આ બે હોય છે, ટૂંકમાં, સ્વકીય પ્રતિભારૂપ જ્ઞાન અને ચાલુ મર્યાદા કરતાં અતિવિશિષ્ટ શક્તિ... આ બે કારણે થયેલ યોગ્યતાપ્રતિબદ્ધતા એ સામર્થ્યયોગ એમ કહી શકાય.

આ વિવક્ષાને અનુસરીએ તો પ્રભુએ દીક્ષા દિવસે સાંજે બે ઘડી બાકી હતી ત્યારે જે વિહાર કર્યો એ સામર્થ્ય યોગ જાણવો. એમ પ્રભુને ગૃહસ્થાવસ્થામાં ચોથે ગુણઠાણે પણ, જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની તીવ્રતાથી પ્રાતિભજ્ઞાન અને મોહનીય તથા વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમની તીવ્રતાથી વિશિષ્ટ સામર્થ્ય સંભવિત હોવાથી આ બન્નેના પ્રભાવે અવસરોચિત જે કરે એ બધું સામર્થ્યયોગરૂપ બને. એટલે શ્રી ઋષભદેવ ભગવાને શિલ્પ-કલા વગેરે જે શીખવ્યા કે શ્રી વીરપ્રભુએ ગર્ભમાં અભિગ્રહ જે કર્યો... એ બધું સામર્થ્યયોગ રૂપે કહી શકાય છે.

એમ યોગની ૭મી પ્રભા દૃષ્ટિમાં અર્કપ્રભાસમબોધ છે, તત્ત્વપ્રતિપત્તિ છે, પરવશતા નથી, વચનાનુષ્ઠાન નથી, પણ અસંગઅનુષ્ઠાન જે હોય છે તે પણ સામર્થ્યયોગરૂપ સમજી શકાય છે.

પણ, સામર્થ્યયોગ શ્રેણિમાં જ હોય... આવી ગ્રંથકારે જે વિવક્ષા આપી છે, એ જ લઈએ તો આ બધાને સામર્થ્યયોગ ન કહેતાં શાસ્ત્રયોગ જ કહેવો પડે, કારણકે પ્રમાદ ન હોવાથી એ ઇચ્છાયોગરૂપ પણ નથી જ.

**શંકા** - પણ પ્રભુના સાધનાકાળમાં દ્વાદશાંગી જ હજુ રચાયેલી ન હોવાથી શાસ્ત્ર જ ન હોવાના કારણે શાસ્ત્રયોગ પણ શી રીતે હોય?

**સમાધાન** - હા, શાસ્ત્રો રચાયા ન હોવાથી શાસ્ત્રવચનોનું અનુસંધાન ન હોવા છતાં, પ્રભુને પૂર્વભવના બોધ-અભ્યાસના પ્રભાવે, અસંગાનુષ્ઠાનની જેમ, શાસ્ત્રયોગ થવામાં કોઈ પ્રતિબંધક નથી. આ જ રીતે સ્વયંસંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ, પ્રતિમાધારી વગેરેને પણ શ્રેણિ પૂર્વે શાસ્ત્રયોગ હોય એમ પૂર્વાપર વિચારતાં લાગે છે.

પણ ઇચ્છા વગેરે ત્રણે યોગ, વિરતિધરના ધર્મવ્યાપારરૂપ જ માનવાના હોય તો પ્રભુને ગૃહસ્થાવસ્થામાં ચોથે ગુણઠાણે એક પણ યોગ માની શકાય નહીં. તેમ છતાં, શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથ (૨૧૫)માં અમુક પ્રકારની ઇચ્છાને જ ઇચ્છાયોગ તરીકે કહેલ છે, અર્થાત્ વિધિકર્તૃપ્રત્યેની શ્રદ્ધા-આદર-બહુમાનાદિથી ગર્ભિત જે સ્વકીય રુચિ-અભિલાષારૂપ ઇચ્છા... એ જ યોગ તે ઇચ્છાયોગ... આવી વિવક્ષા લઇએ તો પ્રભુને ચોથે ગુણઠાણે ઇચ્છાયોગ કહી શકાય છે. આવી જ કોઇક વિવક્ષાથી શ્રી ન્યાયવિજયજીએ પણ અધ્યાત્મતત્ત્વાલોકમાં કહ્યું છે કે 'इच्छा च शास्त्रं च समर्थता चेत्येषोऽपि योगो मत आदिमोऽत्र । प्रमादभाजोऽपि सुबोधभाजो यो

योग्यधर्माचरणेऽभिलाषः ॥७-५॥ **અર્થ :** *ઈચ્છા, શાસ્ત્ર અને સમર્થતા... આ પ્રમાણે પણ યોગ કહેવાયેલો છે. એમાં પ્રથમ ઈચ્છાયોગ, સુબોધ ધરાવનાર એવા પણ પ્રમાદને ભજનાર જીવનો યોગ્યધર્મ આચરવામાં જે અભિલાષ... તદ્રૂપ છે.*

શ્રેણિગત જે સામર્થ્યયોગ છે એનું અચિંત્ય સામર્થ્ય ત્રણ રીતે જાણવું જોઈએ. (૧) એ ક્ષાયોપશમિક ધર્મોને ક્ષાયિકધર્મમાં રૂપાંતરિત કરી આપે છે. (૨) કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. અને (૩) શ્રેણિમાં રહેલા એક આત્મામાં, સર્વ જીવોના કર્મો જો સંક્રાંત થઈ જાય તો એ બધાને બાળીને સાફ કરી નાખે એવું સામર્થ્ય.

આમ એક વિચારણા પૂર્ણ થઈ. હવે બીજી વિચારણા જેમાં ઈચ્છા વગેરે યોગને નિશ્ચય-વ્યવહાર નયથી વિચારવાના છે.

**ઈચ્છાયોગ : નિશ્ચયથી અને વ્યવહારથી :**

'ઈચ્છાયોગ'માં 'ઈચ્છા' અને 'યોગ' એમ બે શબ્દો છે. એમાં સૌપ્રથમ ઈચ્છા. આ ઈચ્છા શાની હોય ?

યોગનું જે ફળ છે આત્મમુક્તિ... એની ઈચ્છા. અથવા, જ્યારે સંપૂર્ણ આત્મશુદ્ધિની = મોક્ષની અણસમજણ હોય ત્યારે એની ઈચ્છા તો સંભવતી નથી. પણ આત્મગુણોની, આંશિક આત્મશુદ્ધિની, જ્ઞાનની, આચારશુદ્ધિની... આ બધાની ઈચ્છા પણ જો એમાં કોઈ ભૌતિક પ્રધાન ઈચ્છા ભળેલી ન હોય તો પ્રસ્તુત 'ઈચ્છા' તરીકે સંમત છે. જેમાં ભૌતિક ઈચ્છા વ્યક્ત રીતે કે ગર્ભિત રીતે પ્રધાનતયા ભળેલી હોય તે ધર્મક્રિયા મોક્ષનો હેતુ ન બનતી હોવાથી ઈચ્છાયોગમાં પણ સમાવેશ પામતી નથી. એમ આત્મગુણોની કે આત્મશુદ્ધિની ઈચ્છા વ્યક્તપણે કે ગર્ભિતરીતે પણ જેમાં ભળેલી નથી એવી જ્ઞાનની કે ધર્મક્રિયાની કે બીજી શક્તિઓની ઈચ્છા પણ પ્રસ્તુત ઈચ્છા તરીકે સંમત નથી.

મોક્ષ એ ફળ છે... જ્ઞાન અને ક્રિયા એના સાધન છે, એ યોગ છે. એટલે યોગની ઇચ્છા (જ્ઞાન-ક્રિયાની ઇચ્છા) એ સાધનની ઇચ્છા છે. આ ઇચ્છામાં અને એના વિષયભૂત સાધનમાં સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષ આવનાર હોય તો આ સાધનની ઇચ્છા પણ પ્રસ્તુત 'ઇચ્છા' તરીકે સંમત છે.

આવી ઇચ્છા સહિતની ને એ ઇચ્છાને અનુકૂળ જે ક્રિયા-પ્રવૃત્તિ હોય તે ઇચ્છાયોગ છે.

આ અનુકૂળ પ્રવૃત્તિમાં જ્ઞાન અને ક્રિયા બંને આવે છે. કારણકે મોક્ષના એ બંને કારણ છે. આ જ્ઞાન અને ક્રિયા સાંગોપાંગ = પરિપૂર્ણ ન હોવા છતાં = અપરિપૂર્ણ હોવા છતાં સાનુકૂળ છે અને ઉદ્દેશ્ય પરિપૂર્ણ છે માટે ઇચ્છાયોગ બને છે.

આંશિક વૈરાગ્ય વગર પ્રસ્તુત 'ઇચ્છા' સંભવતી નથી. એટલે ભવાભિનંદી જીવોને (= અભવ્યજીવોને તથા અચરમાવર્તવર્તી ભવ્યજીવોને) પ્રસ્તુત 'ઇચ્છા' જ સંભવતી ન હોવાથી ઇચ્છાયોગ પણ સંભવતો નથી.

વૈરાગ્ય અને ઇચ્છા હોવા છતાં એને સાનુકૂળ પ્રવૃત્તિ ન હોય કે સાંસારિક વ્યવહાર-ક્રિયા હોય તો ત્યારે મુક્તિની ઇચ્છા કહેવાય... પણ ઇચ્છાયોગ ન કહેવાય. એટલે, માત્ર ઇચ્છાને, માત્ર જ્ઞાનને કે માત્ર વૈરાગ્યને ઇચ્છાયોગ કહી શકાતો નથી. એમ ઇચ્છા-જ્ઞાન-વૈરાગ્ય સિવાયની માત્ર ધર્મક્રિયાને પણ ઇચ્છાયોગ કહી શકાતો નથી.

ઇચ્છાયોગમાં ઇચ્છા એ આંતરિક સાધન છે ને સાનુકૂળક્રિયા એ બાહ્ય સાધન છે. એમાં ઇચ્છા જેટલી પ્રબળ એટલી ઉત્તરકાળમાં બાહ્યસાધન રૂપ ક્રિયા પ્રધાન બને છે. અર્થાત્ એ વધુ વ્યવસ્થિત અને વધુ અનુકૂળ શાસ્ત્રાનુસારી બને છે. એટલે કે પ્રમાદજન્ય

વિધિવિકલતા એમાંથી ઘટતી આવે છે. ઇચ્છારૂપ આંતરસાધન આંતરસિદ્ધિનું કારણ છે ક્રિયારૂપ બાહ્યસાધન વ્યાવહારિક કારણ છે, આંતરસાધનને સાપેક્ષ છે. એ આંતરસિદ્ધિનું બહુધા અને પ્રધાન કારણ હોવા છતાં અનેકાંતિક છે. બાહ્ય અને આંતર બન્ને સાધનની હાજરી આંતરસિદ્ધિનું સૂચન કરે છે.

સામાન્યથી સર્વત્ર નિશ્ચયનયને માન્ય કાર્યસિદ્ધિ (=નિશ્ચયસિદ્ધિ) પ્રત્યે બે પ્રકારના કારણો હોય છે. નિશ્ચયનયને માન્ય કારણ (=નિશ્ચયકારણ) અને વ્યવહારનયને માન્ય કારણ (=વ્યવહારકારણ). સામાન્યથી વ્યવહારકારણ નિશ્ચયકારણનું સંપાદન કરીને નિશ્ચયકાર્યની પ્રાપ્તિ કરાવવામાં મુખ્ય જેવું હોવા છતાં અનેકાંતિક હોય છે. જો એ નિશ્ચયકારણનું સંપાદન ન કરી શકે તો કાર્યસિદ્ધિ પણ થઈ શકતી નથી. નિશ્ચયકારણ, જો કોઈ પ્રતિબંધક ન હોય તો અવશ્ય વ્યવહારકારણોનું સંપાદન કરે છે ને પરિણામે કાર્યસિદ્ધિ થાય છે. ક્યારેક પ્રતિબંધકની હાજરીમાં વ્યવહારકારણ સંપન્ન ન થાય તો પણ, એ વગર પણ નિશ્ચયકારણ કાર્ય કરી આપે છે. એટલે કે નિશ્ચયકારણ અવશ્ય કાર્યસાધક છે.

પણ વ્યવહારકારણ છદ્મસ્થજીવને પણ પ્રત્યક્ષ હોય છે. નિશ્ચયકારણ અને નિશ્ચયકાર્યસિદ્ધિ પ્રત્યક્ષ હોતા નથી. એટલે વ્યવસ્થિત વ્યવહારકારણો જોવા મળે તો ત્યાં નિશ્ચયકારણો પણ વિદ્યમાન હશે એવો આરોપ અને આ વ્યવહાર-નિશ્ચય બંને કારણો વિદ્યમાન થયા એટલે નિશ્ચય કાર્ય પણ સિદ્ધ થયું હશે એવો આરોપ કરવામાં આવે છે.

મોક્ષની ઇચ્છા કે એના કારણભૂત યોગની (= જ્ઞાન-ક્રિયાની) ઇચ્છા એ આંતરિક પરિણામ છે. છદ્મસ્થનો વિષય નથી. માટે એ નિશ્ચયકારણ છે - નિશ્ચયનય માન્ય યોગ છે (નિશ્ચય યોગ છે).

વાચના-પૃચ્છનાદિ દ્વારા કે પ્રશ્ન-ઉત્તર દ્વારા સામા જીવનું જ્ઞાન છદ્મસ્થનો વિષય બને છે ને ક્રિયા તો છદ્મસ્થનો વિષય છે જ. માટે જ્ઞાન-ક્રિયા એ બાહ્યકારણ છે-વ્યવહારયોગ છે. જેમ આ વ્યવહાર-યોગમાં તરતમતા હોય છે એમ નિશ્ચયયોગમાં પણ તરતમતા હોય છે. એટલે કે ઇચ્છા-રુચિ-લાગણીમાં પણ તરતમતા હોય છે.

આવી ઇચ્છા-રુચિ પૂર્વકના યોગ્ય જ્ઞાન અને આચારને ઇચ્છાયોગ કહ્યો હોવાથી જણાય છે કે ઇચ્છાયોગ નિશ્ચય-વ્યવહાર ઉભયયોગરૂપ છે તેમ છતાં એમાં નિશ્ચય (=ઇચ્છા) પ્રધાન હોય છે.

આ ઇચ્છાયોગ ભવાભિનંદીને હોતો નથી, એમ ચરમાવર્તમાં રહેલા એવા પણ આભિગ્રહિક, આભિનિવેશિક કે અનાભોગિક મિથ્યાત્વી જીવોને હોતો નથી. આ ત્રણને ક્યાં તો મોક્ષનું જ્ઞાન હોતું નથી... ને ક્યાં તો જ્ઞાન હોય તો પણ એ દૂષિત હોય છે. અનાભિગ્રહિક મિથ્યાત્વીને ઇચ્છાયોગ હોઇ શકે છે. સાંશયિક મિથ્યાત્વીને પણ એ હોવાનો સંભવ છે.

આમ ઇચ્છાયોગ નિશ્ચય-વ્યવહાર ઉભયયોગરૂપ હોવા છતાં નિશ્ચયપ્રધાન છે એ આપણે જોયું. હવે બાકીની વાતો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

દુઃખી ન થવું હોય તો દુઃખને દુઃખરૂપે જોવાની ટેવ છોડો.

પાપી ન થવું હોય તો પાપને પાપરૂપે જોવાની ટેવ પાડો.

## લેખાંક ૧૧૧

ઈચ્છાયોગ નિશ્ચય-વ્યવહાર ઉભયરૂપ હોવા છતાં નિશ્ચયપ્રધાન છે. એ વાત આપણે ગયા લેખમાં જોયેલી... હવે એ જ અંગે બાકીની વિચારણા જોઈએ.

મોક્ષને અનુકૂળ ક્રિયા, ઈચ્છાયોગ બનવા માટે વૈરાગ્ય, સદાચાર અને કષાયોની મંદતા... આ ત્રણની અપેક્ષા રાખે છે. તેથી આ ત્રણ વગર ઈચ્છાયોગ સંભવતો નથી. ઈચ્છાયોગ વિના બહુધા શાસ્ત્રયોગ આવતો નથી.

બીજાના યોગ જોવાથી, જાણવાથી, એની વાતો સાંભળવાથી, એની પ્રશંસા અનુમોદના કરવાથી, યોગમાં બીજાઓને સહાયક બનવાથી... આ બધાથી ઈચ્છાયોગ આવે છે ને વિકસિત થાય છે. એના વારંવારના અભ્યાસથી, શાસ્ત્રો ભણીને ભાવિત કરવા દ્વારા જ્ઞાનવૃદ્ધિ કરવાથી, વૈરાગ્યને વધારવાથી, પ્રમાદ-આળસ-અનુત્સાહને ઘટાડતા જવાથી, સાનુકૂળ ક્રિયા-સદાચારની ઈચ્છા-રુચિ-શ્રદ્ધા વધારતા જવાથી ઈચ્છાયોગની વૃદ્ધિ થાય છે અને શાસ્ત્રયોગની યોગ્યતા આવે છે. ને આ જ ક્રમે આગળ વધતાં ઈચ્છાયોગ શાસ્ત્રયોગમાં પરિણમે છે.

શાસ્ત્રયોગ માટે વિશિષ્ટ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ તથા શાસ્ત્રોનો વિશિષ્ટ (સૂક્ષ્મ) બોધ અપેક્ષિત છે. ઈચ્છાયોગમાં જોઈ ગયા એમ ક્રિયાપ્રવૃત્તિ અને બોધ આ બન્ને બાહ્ય વ્યવહાર કારણો છે. આ બંને બધાને કાંઈ પ્રાપ્ત થતા નથી. માટે વ્યાવહારિક શાસ્ત્રયોગ બધાને પ્રાપ્ત થતો નથી. તેમ છતાં કેવલજ્ઞાન પૂર્વે જેમ સામર્થ્યયોગ આવે છે તેમ શાસ્ત્રાનુસારી વલણ રુચિ આંતરિક રીતે આવે છે એમ સમજવું જોઈએ. પણ શાસ્ત્રયોગમાં બોધ અને ક્રિયાની મુખ્યતા હોવાથી શાસ્ત્રયોગ વ્યવહાર પ્રધાન છે.

**શંકા** - તો તો પછી નવમા ગ્રૈવેયક વગેરેમાં જનાર અભવ્યાદિને પણ શાસ્ત્રયોગ માનવો પડશે.

**સમાધાન** - ના, નહીં માનવો પડે, કારણકે ઇચ્છાયોગના ક્રમે આવેલ શાસ્ત્રયોગ જ સામાન્યથી 'શાસ્ત્રયોગ' તરીકે માન્ય છે. અભવ્યાદિને ઇચ્છાયોગ સંભવતો ન હોવાથી શાસ્ત્રયોગ પણ સંભવતો નથી.

ઉપર જણાવેલ આંતરિક શાસ્ત્રાનુસારી રુચિ વલણ નિશ્ચયકારણ રૂપ છે. એ બહારના વ્યવહાર વિના પણ નિશ્ચયકાર્યને ઉત્પન્ન કરી શકે છે. પણ એ કારણ અને એ કાર્ય... આ બંને અવ્યવહાર્ય હોવાથી વ્યવહારનો વિષય નથી. માટે શાસ્ત્રયોગ વ્યવહાર પ્રધાન છે.

સીધી વાત છે... સૂક્ષ્મબોધ પૂર્વકની શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ એ શાસ્ત્રયોગ છે. પ્રવૃત્તિ એ વ્યવહારનો વિષય છે... માટે ત્યાં નિશ્ચયનયાનુસારિતા શું ? માટે નિશ્ચયથી શાસ્ત્રયોગ શું ?

**શંકા** - ગૃહીલિંગસિદ્ધ ગૃહસ્થ અવસ્થામાં જ કેવળજ્ઞાન પામે છે, એક સાથે કરોડો કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે, અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનવાળા પણ કેવળજ્ઞાન પામે છે... આ બધાને શાસ્ત્રયોગ શું ?

**સમાધાન** - જેમ શ્રેણિના અધ્યવસાયોના પ્રભાવે ૧૪ પૂર્વનો ક્ષયોપશમ થાય છે એમ આરાધનાના કારણે થયેલા શુભ અધ્યવસાયોના બળે શાસ્ત્રાનુસારી ક્રિયા જેનાથી થાય એવો ક્ષયોપશમ પણ જીવને થાય છે. આ કેવલજ્ઞાનપ્રાપક સામર્થ્યયોગની પૂર્વકાળમાં જીવને પ્રાપ્ત થાય છે. એમાં વિવેકની પ્રબળતા પણ કારણ છે. આવા જીવોને ઇચ્છા-રુચિ-વિચારણા, શાસ્ત્રો ન ભણ્યા હોવા છતાં સ્વયં સદંધન્યાયે શાસ્ત્રાનુસારી-માર્ગાનુસારી પ્રવર્તે છે. આને શાસ્ત્રયોગ

કહી શકાય, પણ આ વ્યવહારનો વિષય નથી. આ અવસ્થા અંતર્મુહૂર્તકાલીન સંભવે છે.

એટલે જેઓ સંવેગ-વૈરાગ્યવાળા છે. સદ્ગુણ-સદાચાર સંપન્ન છે, કદાગ્રહી નથી પણ મધ્યસ્થ છે તેવા દીર્ઘકાલીન સંન્યાસી વગેરેને ઇચ્છાયોગ જાણવો જોઈએ. એમ જૈનોમાં પણ દેશવિરતિ સુધીનાને બહુધા ઇચ્છાયોગ હોય. આ વાત બંનેને = વ્યવહાર અને નિશ્ચય ઇચ્છાયોગને અનુસરીને જાણવી. છતાં ઇચ્છાની અને વિવેકની તીવ્રતાવાળા પરમાત્માના આત્મા જેવા કોઈકને શાસ્ત્રયોગની ભૂમિકા નકારી ન શકાય.

જૈનશાસ્ત્રોનો સૂક્ષ્મતાવાળો વિશિષ્ટબોધ ધરાવનારા જૈનમુનિઓને વ્યવહારપ્રધાન શાસ્ત્રયોગ દીર્ઘકાલીન-દેશોનપૂર્વક્રોડ સુધી પણ સંભવે છે.

**શંકા** - પણ છઠ્ઠું-સાતમું ગુણઠાણું અંતર્મુહૂર્તે પરાવર્તમાન છે. એટલે વચ્ચે વચ્ચે છઠ્ઠે ગુણઠાણે પ્રમાદ આવે જ. અને તો પછી શાસ્ત્રયોગ ટળી ઇચ્છાયોગ પણ આવે જ... તો શાસ્ત્રયોગ દીર્ઘકાલીન શી રીતે સંભવે ?

**સમાધાન** - નથી છઠ્ઠા ગુણઠાણાનો પ્રયોજક પ્રમાદ ઇચ્છાયોગનો પ્રયોજક કે નથી સાતમા ગુણઠાણાનો પ્રયોજક અપ્રમાદ શાસ્ત્રયોગનો પ્રયોજક. એટલે પરમાત્મા જેવા સદા અપ્રમત્ત ઉદ્યતવિહારી સાધક મહાત્માઓ છઠ્ઠે આવે તો પણ એમનો યોગ શાસ્ત્રયોગ જ રહે છે ને પ્રમાદબહુલજીવન જીવનારા નીચેના સંયમસ્થાનોમાં રહેનારા મહાત્માઓ સાતમે ગુણઠાણે આવે તો પણ એમનો યોગ ઇચ્છાયોગ જ રહે છે. તેથી ઉત્તમ સાધક મહાત્માઓને દેશોનપૂર્વક્રોડ સુધી શાસ્ત્રયોગ હોવામાં કશો વાંધો નથી.

શાસ્ત્રમાન્ય સામર્થ્યયોગ તો ક્ષપકશ્રેણિમાં જ હોય છે. એ

મુખ્યતયા અધ્યવસાયરૂપ હોવાથી નિશ્ચયપ્રધાન છે. અલબત્ શાસ્ત્રયોગના ફરી ફરી અભ્યાસથી અને એના પ્રભાવે અધ્યવસાયોની વધારે નિર્મળતા થવાથી વધતો જતો ક્ષયોપશમ જ્યારે શાસ્ત્રયોગ કરતાં ઉપરની ભૂમિકાએ પહોંચે છે ત્યારે સામર્થ્યયોગ સંભવે છે, પણ એ શાસ્ત્રીયવ્યવહારનો વિષય નથી, માટે એ શાસ્ત્રપરિભાષિત સામર્થ્યયોગ નથી. આમ વિચારતાં જણાય છે.

આમ, પ્રથમ ઇચ્છાયોગ નિશ્ચય-વ્યવહાર ઉભયયોગરૂપ હોવા છતાં નિશ્ચયપ્રધાન છે. એના ઉત્તરકાળમાં વ્યવહારપ્રધાન શાસ્ત્રયોગ આવે છે, ને એના ઉત્તરકાળમાં નિશ્ચયપ્રધાન સામર્થ્યયોગ આવે છે.

**વિચારણા નંબર-૩.** પ્રાતિભજ્ઞાનને 'અનુભવ' રૂપે પણ જ્ઞાનસારમાં કહેલ છે. આ અનુભવ શું છે ? એની કંઇક વિચારણા-

જ્ઞાન એ આત્માનો ગુણ છે. છતાં કર્મઆવૃત આત્માને જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયોની જરૂર પડે છે. આ ઇન્દ્રિયો પુદ્ગલની બનેલી હોવાથી એનાથી પુદ્ગલનું જ્ઞાન થાય છે. પુદ્ગલ સિવાયનું જ્ઞાન થઈ શકતું નથી. આ જ્ઞાનેન્દ્રિયો છે. એના દ્વારા જીવ પુદ્ગલના સંપર્કમાં આવે છે. આ સંપર્ક પુદ્ગલના ગુણો દ્વારા થાય છે. પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ અને રૂપ એમ ચારગુણો છે. તે તે ગુણનું ગ્રહણ કરનાર એક એક ઇન્દ્રિય હોવાથી સ્પર્શનેન્દ્રિય વગેરે ચાર જ્ઞાનેન્દ્રિયો છે. વળી બીજા જીવોની સાથેના અનેક પ્રકારનો વ્યવહાર શબ્દ દ્વારા થાય છે. આ શબ્દ પણ પૌદ્ગલિક છે. એટલે એનો બોધ કરાવનાર શ્રોત્રેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિય દ્વારા પણ પુદ્ગલનું જ જ્ઞાન થાય છે.

આ પાંચે જ્ઞાનેન્દ્રિયો દ્વારા રૂપ-રસાદિનો અનુભવ થવા પર, અનાદિકાલીન સંસ્કારવશાત્ 'આ સારું' 'આ ખરાબ' વગેરે રૂપે ચિંતન-ઊહાપોહ-સંકલ્પ-વિકલ્પો ચાલે છે. મન નામની જ્ઞાનેન્દ્રિય

આ બધાને ખૂબ બળ પૂરું પાડે છે અને તેથી ઉગ્રપ્રવૃત્તિઓ, ઉગ્ર વિષય-કષાયની પરિણતિઓ વિકસે છે, રાગદ્વેષની ઉગ્ર પરિણતિઓ થાય છે. મન વગર માત્ર જ્ઞાનેન્દ્રિયોથી સંકલ્પ-વિકલ્પો કે રાગદ્વેષની પરિણતિઓ ઉગ્ર બની શકતી નથી. રાગદ્વેષની પરિણતિઓના કારણે કર્મબંધ અને સંસારભ્રમણ થાય છે. આમ પાંચે ઇન્દ્રિયો પર રાજા મન છે. રૂપ-રસાદિનો બોધ કરાવનારી આ છએ પ્રકારની શક્તિઓ મૂળભૂત રીતે આત્માની હોવા છતાં દ્રવ્ય ઇન્દ્રિયોરૂપી પુદ્ગલથી વણાયેલી હોવાથી પુદ્ગલ સિવાયનું જ્ઞાન કરાવી શકતી નથી. ફક્ત આત્માનો શાસ્ત્રદ્વારા શબ્દથી બોધ થઈ શકે છે. મન દ્વારા એનું ચિંતન થઇ શકે છે. પણ એ પણ પુદ્ગલસંલગ્ન વાતો દ્વારા જ. અર્થાત્ પુદ્ગલના ગુણોના નિષેધ રૂપે જ. જેમકે પુદ્ગલ રૂપી છે તો આત્મા અરૂપી છે. એમ સ્પર્શશૂન્ય, રસશૂન્ય, ગંધશૂન્ય છે... વગેરે વગેરે.

આત્માને પુદ્ગલગુણોના નિષેધ દ્વારા નહીં, પણ સ્વગુણો દ્વારા હકારાત્મકરૂપે જાણવો હોય તો આ પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા જાણી શકાતો નથી, પણ એ ખુદના આત્મા દ્વારા જ જાણી શકે છે. અર્થાત્ આત્મા, આત્માથી આત્માને જાણે છે. જેમ અવધિજ્ઞાન આત્માથી, ઉપયોગ મૂકવા રૂપે મનનો સહકાર પામીને પુદ્ગલોને જુએ છે, જાણે છે, એમ આત્મા, આત્માથી આત્માને અવ્યક્તરૂપે જુએ છે, અવ્યક્ત રૂપે જાણે છે. આત્માનાં આ જ્ઞાન, દર્શન પુદ્ગલસંલગ્ન નથી અને ઇન્દ્રિય-મનથી થયા હોતા નથી.

અહીં આશય એ છે કે છદ્મસ્થના ચારે જ્ઞાનમાં ઉપયોગ મન દ્વારા મૂકાય છે. વળી મન પૌદ્ગલિક છે. એટલે પૌદ્ગલિક મનના સહારે મૂકાયેલા ઉપયોગથી પૌદ્ગલિક વિષયો જ જણાય છે. બીજા અરૂપી દ્રવ્યોને છદ્મસ્થ સામાન્ય ગુણોથી ઉપલક રીતે જાણી શકે છે. એ જ રીતે આત્માના પણ સામાન્ય સ્વરૂપને ઉપલકથી જાણે છે.

આત્મગુણો જે અનુભવાય છે તે दम शम सम्मत्त मित्ति संवेअ विवेअ तिव्वनिव्वेआ... વગેરે ગુણો પણ પુદ્ગલ વિષયવાળા જ અનુભવાય છે, એમ આત્માના દોષો પણ જે અનુભવાય છે તે પુદ્ગલવિષયક જ અનુભવાય છે.

આમાં કારણ એ છે કે આત્મા સહિતના ધર્માસ્તિકાય વગેરે અરૂપી દ્રવ્યોનો બોધ છદ્મસ્થને શાસ્ત્રવચનો પરથી થાય છે. આ વચનો, એને ગ્રહણ કરનાર શ્રવણેન્દ્રિય અને એના પરથી અર્થ બોધ કરનાર મન... આ બધું જ પૌદ્ગલિક છે. વળી શબ્દપરથી અર્થબોધ માટે સંકેત જરૂરી છે. અર્થબોધ છદ્મસ્થોને કરાવવાનો હોવાથી છદ્મસ્થો પ્રતિ સંકેત કરવાનો હોય છે. એટલે સંકેત પૌદ્ગલિક વાચ્યાર્થોનો જ થઈ શકે છે, કારણકે સંકેત ઝીલવા માટે વાચ્યાર્થનો શબ્દ સિવાય પણ બોધ હોવો જરૂરી હોય છે. છદ્મસ્થોને શબ્દ સિવાય તો પૌદ્ગલિક બાબતો જ ઉપસ્થિત હોય છે. એટલે જ, 'આ ઘડો છે' વગેરે જ્ઞાનનો કે પૌદ્ગલિક સુખ-દુઃખનો જે આધાર છે તે આત્મા છે. આ આત્મા રૂપ-રસાદિ પૌદ્ગલિક ગુણોથી રહિત છે...' વગેરે રૂપે જ આત્માનો શબ્દો પરથી બોધ થાય છે. આ જ રીતે ધર્માસ્તિકાય વગેરે અંગે જાણવું. એટલે શબ્દો પરથી પણ પુદ્ગલોનો અને પુદ્ગલની પ્રધાનતાથી આત્મા વગેરેનો બોધ થાય છે.

જેમ આંખ ખુલ્લી હોવા છતાં ઉપયોગ હોય ત્યારે ચાક્ષુષ-પ્રત્યક્ષ થાય છે, પણ ઉપયોગ ન હોય ત્યારે ચાક્ષુષપ્રત્યક્ષ થતું નથી. એમ મન જાગ્રત અવસ્થામાં હોવા છતાં માનસ ઉપયોગ હોય ત્યારે જ માનસપ્રત્યક્ષ થાય છે, પણ જો માનસ ઉપયોગ ન હોય તો માનસપ્રત્યક્ષ થતું નથી. એ વખતે આત્મપ્રત્યક્ષ થાય છે. એટલે કે ઇન્દ્રિય કે મનથી નહીં, પણ આત્માથી પ્રત્યક્ષ થાય છે, આત્મપ્રત્યક્ષ થાય છે. આ 'આત્માથી આત્માનો બોધ થયો' એમ કહેવાય છે.

**પ્રશ્ન :** પણ મન જાગ્રત અવસ્થામાં હોય ને છતાં માનસ ઉપયોગ ન હોય આવું બને ?

**ઉત્તર :** સામાન્યથી છદ્મસ્થ જીવોને એ શક્ય નથી જ. છતાં શ્રુતના આલંબન પછીના ચિંતનથી સંકલ્પ-વિકલ્પને રુંધવા દ્વારા સ્થિરતા થાય છે. આ ધ્યાન છે. એ વૈરાગ્યથી અને નિવૃત્તિપ્રાય: જીવન જીવવાથી આવે છે. આ ધ્યાનના વારંવારના અભ્યાસથી મનના ઉપયોગને અટકાવવાની-ખસેડવાની શક્તિ આવે છે. એના પરિણામે મન જાગ્રત હોવા છતાં જીવ મનશૂન્ય = મનના ઉપયોગ શૂન્ય = માનસઉપયોગશૂન્ય બને છે. (અન્યત્ર એવો ઉલ્લેખ આવે છે કે મનનો સંક્ષેપ કરતાં કરતાં મનને પરમાણુમાં લઈ જઈને પછી જીવ મનશૂન્ય બને છે.) આ રીતે મનશૂન્ય બનેલો છદ્મસ્થ જીવ આત્માથી આત્માને જાણે છે. આમાં પૌદ્‌ગલિક એવા ઇન્દ્રિય કે મનનો કોઈ હિસ્સો ન હોવાથી, આ આત્માનું પુદ્‌ગલરહિતપણે થયેલું અનુભવાત્મક જ્ઞાન હોય છે. જેમ એક્સરે ફોટા વસ્ત્ર-ત્વચા છોડીને અંદરના ભાગના જ હોય છે એમ આત્મા ઔદારિકશરીર-કર્મ વગેરે સહિત હોવા છતાં આ અનુભવજ્ઞાન, આત્મશક્તિની પ્રબળતાથી શુદ્ધ આત્માનું હોય છે.

આત્માની આત્મપ્રત્યક્ષથી જણાતી આ અપૌદ્‌ગલિક અવસ્થા અનુભવગમ્ય જ હોય છે, શબ્દગમ્ય હોતી નથી. કારણકે શબ્દગમ્ય તો બધી અવસ્થાઓ પુદ્‌ગલમય હોય છે. (એ જ રીતે અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન ગમ્ય પણ બધું જ પુદ્‌ગલમય હોય છે). માટે આ અનુભવ અવક્તવ્ય હોય છે. સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે થતો આનંદ અપૂર્વ અને અવક્તવ્ય બતાવ્યો જ છે. આ આત્માનુભવ શ્રુત અને કેવલજ્ઞાનની વચ્ચે રહેલ પ્રાતિભજ્ઞાનરૂપ છે. એ ઇન્દ્રિયના વિષયરહિત અતીન્દ્રિય અનુભવરૂપ હોય છે. એ અભવ્યોને કે અચરમાવર્તમાં રહેલા ભવ્યને સંભવતો નથી.

જેમ સદેહી આત્મા કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ બધાના આત્મદ્રવ્યને જાણી શકે છે. તેમ છદ્મસ્થજીવ કર્મના હ્રાસથી બાધક એવા માનસઉપયોગને દૂર કરવાથી આત્મપ્રત્યક્ષ દ્વારા સ્વ આત્માને જાણી શકે છે, જોઈ શકે છે. માત્ર એ તરતમભાવે હોય છે ને અલ્પકાલીન હોય છે. જેમ જેમ ક્ષયોપશમ વધતો જાય છે તેમ તેમ ધ્યાનાભ્યાસ વધતો જવાથી આ અનુભવ વારંવાર થાય છે. સ્થાયિપ્રાયઃ થતો જાય છે છતાં એનો વિષય અને પાવર કેવલજ્ઞાનની અપેક્ષાએ અત્યંત અલ્પ હોય છે. આ આત્માનુભવ વારંવાર કરવાથી ઘનિષ્ઠ થાય છે. એ ઘનિષ્ઠ થવાથી વૈરાગ્યની સ્વભાવગત પ્રચંડતા થાય છે. હવે ઘણી બાહ્યપ્રવૃત્તિઓની વચમાં રહેવા છતાં આ પ્રચંડતાના કારણે ઉદાસીન પરિણામ અંદર રમ્યા કરવાથી આત્માનુભવને બાધ પહોંચતો નથી. આ ધ્યાનપ્રિય અવસ્થા યોગની સાતમી દષ્ટિમાં હોય છે.

જેને જેનો અત્યંત રસ હોય એને એમાં અત્યંત આનંદ અનુભવાય છે. એટલે બીજી આનંદપ્રદ પ્રવૃત્તિ દરમ્યાન પણ એનું મન વર્તમાનપ્રવૃત્તિના વિષયને છોડીને સ્વરસના વિષયમાં જયા કરે છે. એમ આત્માનુભૂતિવાળો જીવ અન્યાન્યપ્રવૃત્તિકાળે તે તે પ્રવૃત્તિના વિષયમાં ઉદાસીનતા ભજે છે... અને એનું મન શૂન્યમનસ્ક થઈ આત્મા આત્માનુભૂતિમાં લીન થયા કરે છે. જેમ જેમ આ અનુભૂતિ વધતી જાય છે તેમ તેમ મનની પ્રવૃત્તિ ઘણી અલ્પ થતી જાય છે. છેવટે ધ્યાનપ્રધાન જીવન વડે સંપૂર્ણ મન રહિત બની કેવલી થાય છે. આમ આત્માનુભૂતિના નિરંતર પ્રયત્ન અને અનુભૂતિથી કેવલજ્ઞાન થાય છે. કોઈક જીવને ભવિતવ્યતા અને કાળપરિપાકથી શીઘ્ર કેવલજ્ઞાન થાય તો પણ એ અનુભૂતિદ્વારા જ થાય છે, અનુભવ વગર કોઈને કેવળજ્ઞાન થઈ શકતું નથી.

આ અનુભવ એ પ્રાતિભજ્ઞાન છે. સામર્થ્યયોગ એનો વિષય છે.

આમ ઇચ્છાયોગ વગેરે અંગેનાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રીજયઘોષસૂરિ મ. સા. ના ચિંતન પરથી તૈયાર કરેલા છેલ્લા બે લેખ આપણે જોયા. એ પૂર્ણ થવાની સાથે આપણી આ લેખમાલામાં યોગવિવેક બત્રીશીની વિચારણા પૂરી થાય છે. હવે આગામી લેખથી આપણે વીસમી યોગાવતાર બત્રીશીની વિચારણા શરુ કરીશું.

❖ ❖ ❖

## મુ. શ્રી સંયમકીર્તિવિ.ની વાણીનો અસંયમ

**પ્રશ્ન :** સ્વ.પૂ.પં.પ્રવર શ્રી ચંદ્રશેખરવિ. ગણિવરના ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક અને એમાં આપશ્રીના બે પરિશિષ્ટ વગેરે સામે મુ. શ્રી સંયમકીર્તિવિજયજીએ 'ધર્મદ્રવ્યની શાસ્ત્રીય વ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી' નામનું એક બહુ જ મોટું પુસ્તક અને એનું લઘુ સંસ્કરણ બહાર પાડ્યું છે. એ અંગે આપશ્રીએ શું કહેવું છે ?

**ઉત્તર :** એમના લાંબા લાંબા લખાણો (પ્રલાપ) અંગે મારે શું કહેવું છે ? એ વાત પછી. પહેલા એમના જ સમુદાયના આ.શ્રી ચંદ્રગુપ્તસૂરિ મ. શું કહે છે તે જોઈ લઈએ.

*અમારા એક બિહારી પંડિતજી હતા. તેઓ વ્યાકરણના પ્રખર અભ્યાસી હતા. ન્યાયશાસ્ત્રમાં તેમનો અભ્યાસ સીમિત હતો. પછી એક બીજા એવા જ પ્રકાંડ પંડિતજી આવ્યા. તેઓ ન્યાયશાસ્ત્રના પ્રખર અભ્યાસી હતા. પેલા પંડિતજીની ન્યાયશાસ્ત્રની ખામી ખુલ્લી કરવા તેમણે બધા મહાત્માઓની સમક્ષ તે પંડિતજીને ન્યાયશાસ્ત્રના ગહન પ્રશ્નો પૂછવા માંડ્યા. પેલા પંડિતજીને માટે આજીવિકાનો પ્રશ્ન હતો. પોતે ન્યાય નથી જાણતા તેનો મહાત્માઓને ખ્યાલ આવે તો મહાત્માઓ તેમને બદલે આ નવા પંડિતજીને રાખી લે એવું બનવાનું હતું. તેથી તેમણે આ નવા પંડિતજીના ન્યાયના પ્રશ્નોના જવાબમાં વ્યાકરણના ઉચ્ચ ગ્રંથના લાંબા લાંબા ફકરા ઉચ્ચ સંસ્કૃતમાં બોલવા માંડ્યા. પોતાના પ્રશ્નના આવા અસંબદ્ધ જવાબથી ઉશ્કેરાઈને નવા પંડિતજી "એ ય, આ શું બોલવા માંડ્યું છે ?" એમ બૂમો પાડવા લાગ્યા. એમની બૂમોના જવાબમાં પેલા પંડિતજીએ વળી વધારે*

*લાંબા ફકરા ઊંચા અવાજે સંભળાવવા માંડ્યા, નવા પંડિતજીએ બૂમો પાડી, પેલા પંડિતજીએ ફરી ઊંચા અવાજે અસંબદ્ધ ફકરા સંભળાવવાનું ચાલુ રાખ્યું - થોડી વારે નવા પંડિતજી ઉશ્કેરાઈને ચાલતા થયા. આ બધું સાંભળનારા મહાત્માઓ તો પ્રશ્નો અને ઉત્તરોમાં કશું જ સમજી નહિ શકયા હોવાથી, આપણા પંડિતજીની વાત નવા પંડિતજી સમજી પણ શક્યા નહિ - એમ માનીને આ પંડિતજી પાસે જ ભણતા રહ્યા. પછી તો આ પંડિતજી પણ ન્યાયશાસ્ત્રના અભ્યાસી બન્યા - વર્ષો પછી નિખાલસતાપૂર્વક તેમણે આ વાતનું રહસ્ય ખોલ્યું ત્યારે અમને સાચી વાતનો ખ્યાલ આવ્યો.* ***સંયમકીર્તિવિજયજી પણ ભવિષ્યમાં ક્યારેક આમ જ રહસ્ય ખોલશે તો તેમના અત્યારના પ્રલાપથી પ્રભાવિત થયેલા વાચકો સત્ય સમજશે.*** ("ગુરુદ્રવ્યના વિવાદે ઉપયોગી સ્પષ્ટતા" પુસ્તકમાંથી સાભાર/ સંકલનકાર - મુકુંદભાઈ આર. શાહ)

હવે મારે જે કહેવું છે એની વાત- એ પુસ્તકમાં ઠેર ઠેર આડેધડ લખાણને ગ્રીન સિગ્નલ મળી ગયું હોય તેમ ભ્રમણાઓ થયેલી છે. એમાંની મહત્ત્વની કેટલીક ભ્રમણાઓ જોઈશું તો 'આખું પુસ્તક અપ્રમાણિક છે' એમ સમજાઈ જશે.

અનેક ગ્રંથોમાં 'સતિ હિ દેવદ્રવ્યે...' વગેરે પાઠો પરથી દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે એ વાત તો એ પુસ્તકના લેખક મુનિરાજ શ્રી સંયમકીર્તિવિજયજીએ સ્વીકારી છે... પણ "એ દેવદ્રવ્ય સ્વપ્નાદિની ઉછામણીથી પ્રાપ્ત દેવદ્રવ્ય નથી." એમ તેઓ માને છે. વિ.સં. ૨૦૪૪ના સંમેલને આ ઉછામણી પ્રાપ્ત દેવદ્રવ્ય એ કલ્પિત દેવદ્રવ્ય છે, માટે એનાથી પૂજા વગેરે દેરાસરના દરેક કાર્યોની સંમતિ આપી છે. જો એ કલ્પિત દેવદ્રવ્ય હોય તો તો સામાવર્ગને પણ

આમાં કોઈ વાંધો નથી. પણ એમના મતે એ કલ્પિતદેવદ્રવ્ય નથી. એટલે આપણે એમને પૂછીએ છીએ કે જો એ કલ્પિતદેવદ્રવ્ય નથી તો સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સંબોધ પ્રકરણમાં દેવદ્રવ્યના પૂજા (આદાન), નિર્માલ્ય અને કલ્પિતદેવદ્રવ્ય એમ જે ત્રણ પ્રકાર બતાવ્યા છે. એમાંથી શેમાં એનો સમાવેશ કરશો ? તો તેઓનો જવાબ છે : ત્રણમાંથી એકેયમાં નહિ.

મુનિશ્રી (=લેખક મુ. શ્રી સંયમકીર્તિવિજયજી) પૃ. ૪૦ પર લખે છે કે - *'તે ત્રણ પ્રકારમાં દેવદ્રવ્યના તમામ પ્રકારોને સમાવવાનું ગ્રંથકારે ક્યાંયે કહ્યું નથી, લખ્યું નથી... એ ત્રણ પ્રકારમાં દેવદ્રવ્યના તમામ પ્રકારોને સમાવવાનો આગ્રહ (કદાગ્રહ) શાસ્ત્રીય નથી. એ પણ જાણવું...'*

વળી એમણે પૃ. ૪૧ પર દ્રવ્યસપ્તતિકા ગ્રંથની પૂ. વિદ્યાવિજયજી મ.સા. રચિત અવચૂરિના આધારે દેવદ્રવ્યના (૧) દેવ આગળ ધરેલું... (૨) સંકલ્પ વડે, (૩) મન-વચન-કાયાથી નિર્ધારિત, (૪) ચોપડામાં લખાણથી નિર્ધારિત, (૫) ઉછામણી બોલીને શ્રી સંઘને અર્પણ કરેલ દ્રવ્ય (૬) આદાન-કલ્પિત-નિર્માલ્ય આદિ... આવા ભેદો દર્શાવ્યા છે. વળી એમની દલીલ છે કે આમાં પાંચમા નંબરમાં ઉછામણીના દ્રવ્યનો ને છટ્ઠા નંબરમાં કલ્પિત દેવદ્રવ્યનો... એમ અલગ ઉલ્લેખ છે... માટે ઉછામણીદ્રવ્યનો કલ્પિતદેવદ્રવ્યમાં સમાવેશ કરી શકાય નહિ.

આપણે આના પર વિચાર કરીએ. શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં जीवाजीवास्रव- बंधसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥१-४॥ એમ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ ૭ તત્ત્વો કહ્યા છે. જ્યારે શ્રી નવતત્ત્વ પ્રકરણમાં जीवाजीवापुण्णं पावासवसंवरो य

णिज्जरणा । बंधो मोक्खो य तहा नवतत्ता हुंति णायव्वा ॥१॥ એમ ૭ + પુણ્ય અને પાપ... એમ ૯ તત્ત્વો કહ્યા છે.

કોઈ એમ કહે કે, 'તત્ત્વાર્થસૂત્રમાં કહેલા સાતે પ્રકારમાં, અન્ય ગ્રંથમાં કહેલા તત્ત્વના તમામ (નવે) પ્રકારોને સમાવવાનો આગ્રહ (કદાગ્રહ) શાસ્ત્રીય નથી, કારણ કે એવો સમાવેશ કરવાનું તત્ત્વાર્થસૂત્રના સૂત્રકારે કયાંયે કહ્યું નથી, લખ્યું નથી.' તો શું એ સાચું છે ? નથી જ. ને એ સમાવેશ એમાં કરાય જ છે. જો પુણ્ય-પાપ અલગ સ્વતંત્ર તત્ત્વરૂપ હોય તો તો તત્ત્વાર્થસૂત્રકારની એ કચાશ-ન્યૂનતા કહેવાય ને એ સૂત્ર અપ્રમાણ જ બની જાય. તત્ત્વના પ્રકારો કહેવા બેઠા પછી પણ બધા પ્રકારો ન કહેવા એ ન્યૂનતા નથી ? કોઈ ગ્રંથકાર જીવના પ્રકારનું નિરૂપણ કરતી વખતે 'જીવના ત્રણ પ્રકાર છે - એકેન્દ્રિય, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય...' આટલું જ કહે અને આ ત્રણમાં જેનો સમાવેશ થઈ શકતો નથી એવા ચઉરિન્દ્રિય ને પંચેન્દ્રિય ભેદો કહે જ નહિ તો એ ગ્રંથકારને સમર્થ શાસ્ત્રકાર ન કહેવાય અને એમનું એ નિરૂપણ પ્રમાણભૂત ન કહેવાય એ સ્પષ્ટ જ છે ને !

એમ, સંબોધ પ્રકરણમાં કહેલા ત્રણ પ્રકારમાં જેનો સમાવેશ થઈ શકતો ન હોય એવા પણ દેવદ્રવ્યના જો કોઈ પ્રકારો હોય તો 'દેવદ્રવ્યના પ્રકારોનું તમે નિરૂપણ કરો છો ને અમુક પ્રકારો તો કહેતા નથી.' એ રીતે શ્રી હરિભદ્રસૂરિ મહારાજની એ ન્યૂનતા જ કહેવાની આપત્તિ આવે ને તેઓશ્રીનું એ નિરૂપણ અપ્રમાણ માનવાની આપત્તિ આવે. જે યોગ્ય નથી. માટે જુદી-જુદી વિવક્ષાઓથી દેવદ્રવ્યના જે અન્ય પ્રકારો કહેવાયા હોય તે બધાનો આ ત્રણ પ્રકારમાં સમાવેશ માનવો જ પડે, કરવો જ પડે, એ જ શાસ્ત્રીય છે... ને એ ન કરવો એ જ કદાગ્રહ છે.

**શંકા** - પણ ઉછામણી દ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય આ બેનો અલગ-અલગ ઉલ્લેખ જ જણાવે છે કે એ બે અલગ જ છે. પછી સમાવેશ શી રીતે ?

**સમાધાન** - વિવક્ષાભેદે એ અલગ હોવા છતાં, સમાવેશ અશક્ય નથી. એમ તો નવતત્ત્વમાં બંધતત્ત્વનો ઉલ્લેખ અલગ છે ને પુણ્ય-પાપનો પણ ઉલ્લેખ અલગ છે. ને છતાં પુણ્ય-પાપનો બંધમાં સમાવેશ કરાય જ છે ને ! અરે ! દ્રવ્યસપ્તતિકા ગ્રંથની અવચૂરિના પ્રસ્તુત અધિકારમાં પણ આવા સમાવેશ વિના છૂટકો નથી. આશય એ છે કે એમાં જે ભેદો દર્શાવેલા છે એમાંના પ્રથમ (૧) 'દેવ આગળ ધરેલું' ભેદમાં *"દેવની સમક્ષ ધરવામાં આવતા અક્ષત-ફળ-નૈવેદ્ય આદિ દ્રવ્યો દેવદ્રવ્ય બને છે. આ ભેદનું પૂર્વે અલગ વિવક્ષાથી નિરૂપણ આવી ગયેલ છે."* આ પ્રમાણે મુનિશ્રીએ જ પૃ. ૪૧ પર જણાવ્યું છે. આમાં સ્પષ્ટ છે કે આ નિર્માલ્ય દેવદ્રવ્ય જ છે. એટલે કે નિર્માલ્ય દેવદ્રવ્યનો આગળ છઠ્ઠા વિભાગમાં અલગ ઉલ્લેખ હોવા છતાં એમાં આનો સમાવેશ છે જ. એમ ઉછામણી પ્રાપ્ત દ્રવ્યનો કલ્પિત દેવદ્રવ્યમાં સમાવેશ પણ શકય છે જ.

(અહીં મહાત્માને એક પ્રશ્ન પૂછી શકાય - 'દેવ આગળ ધરેલું' આ પ્રથમ વિભાગના નિરૂપણમાં - 'આ ભેદનું પૂર્વે 'નિર્માલ્યદેવદ્રવ્ય' તરીકે નિરૂપણ આવી ગયેલ છે' એમ સ્પષ્ટ ન જણાવતાં *'અલગ વિવક્ષાથી નિરૂપણ આવી ગયેલ છે'* એમ અસ્પષ્ટ કેમ જણાવ્યું ? અંતઃકરણમાં કોઈ માયા નથી રમી રહીને ?) અસ્તુ. પણ, શ્રી હરિભદ્રસૂરિ મહારાજની ન્યૂનતા ન માનવી હોય તો બધા પ્રકારોનો ત્રણ પ્રકારમાં સમાવેશ માનવો જ પડે, એમાં છૂટકો જ નથી - ને તો પછી ઉછામણી પ્રાપ્ત દેવદ્રવ્યનો સમાવેશ કલ્પિત

દેવદ્રવ્યમાં કરવો જ સુસંગત હોવાથી એનાથી પૂજા વગેરે દેરાસરના સર્વકાર્યોની સંમતિમાં અંશમાત્ર પણ અશાસ્ત્રીયતા નથી એ સ્પષ્ટ છે.

વળી *'દેવદ્રવ્ય હોય તો જિનપૂજા વગેરે સંભવિત બને'* એવું જણાવનાર ઢગલાબંધ ગ્રંથોના ગ્રંથકારોમાંથી એકપણ ગ્રંથકારે 'અહીં દેવદ્રવ્ય તરીકે સંકલ્પિત દેવદ્રવ્ય જ સમજવાનું છે, ઉછામણી પ્રાપ્ત દેવદ્રવ્ય વગેરે નહીં' આવો કોઈ ખુલાસો કર્યો નથી. જો ઉછામણી પ્રાપ્ત દેવદ્રવ્ય વગેરેથી પૂજા વગેરે કરવામાં, સામા પક્ષે જેવો મિથ્યાહાઉ ઊભો કર્યો છે એવો બહુ મોટો દોષ ખરેખર હોત, તો તો ગ્રંથકારોએ એવો ખુલાસો કરી જ દીધો હોત. આ એમની આવશ્યક ફરજ બની જ રહે. પણ એક પણ ગ્રંથકારે એ નથી કર્યો એ જ સૂચવે છે કે એવા દોષની વાતો શાસ્ત્રકારોને માન્ય નથી.

આમ, મુનિશ્રીના પુસ્તકનો મુખ્ય પાયો જ ખોટો હોવાથી એ પુસ્તક પ્રમાણભૂત રહી શકે નહિ, એ સ્પષ્ટ છે.

બાકી, મેં જે જે તર્કો આપીને જે જે વાતો સિદ્ધ કરી છે, એમાંના મોટા ભાગના તર્કોનો પોતાના પુસ્તકમાં ઉલ્લેખ કરવાની મુનિશ્રી હિંમત પણ કરી શક્યા નથી અને કોઈક કોઈકનો જે ઉલ્લેખ કર્યો છે તેનો તર્કબદ્ધ કશો જ પ્રત્યુત્તર આપી શક્યા નથી, ઉપરથી કુતર્કો ભરેલી અસત્ય વાતો લખી છે.

જેમ કે, મેં ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકના પરિશિષ્ટમાં... 'એ ચીજનું દેવદ્રવ્યપણું દૂર થતું ન હોવાથી, દેવદ્રવ્યભક્ષણનો દોષ ઊભો જ રહેત અને તો પછી તેવી જાહેરાત કરીને એ ચીજ ભગવાનને ચડાવવાની શાસ્ત્રકાર અનુજ્ઞા ન આપત...' આવું જે લખાણ કર્યું છે એનો ઉલ્લેખ કરીને, મુનિશ્રીએ પૃ. ૭૬ ઉપર નીચે પ્રમાણે જણાવ્યું છે -

- *પૂર્વોક્ત વિચારણાથી પરિશિષ્ટકારની આ વાત સત્યથી તદ્દન વેગળી છે. કુતર્કનો વિલાસ માત્ર છે.*

આમ અસ્પષ્ટ લખીને છોડી દીધું છે. એ કેમ સત્યથી વેગળી છે ?ને કેમ કુતર્કનો વિલાસ છે ?એ બાબતનો કોઈ તર્ક આપી શક્યા નથી. પૂર્વોક્ત વિચારણા તરીકે પૃ. ૭૦-૭૧ પર તેઓએ લખ્યું છે કે, *અક્ષતાદિના બદલામાં આવેલા પુષ્પભોગાદિ યોગ્ય વ્યવસ્થા માટે સંઘના જિનમંદિરમાં આપે.*

તેઓની આ વાત ખોટી છે એ સ્પષ્ટ છે, કારણ કે ત્યાં नापि चैत्ये स्वयमारोप्यं, किन्तु सम्यग्स्वरूपमुक्त्वाऽर्चकादेः पार्श्वात्, तद्योगाभावे तु सर्वेषां स्फुटं स्वरूपमुक्त्वा स्वयमप्यारोपयेत्, अन्यथा मुधाजनप्रशंसादिदोषः... આવો પાઠ છે... આનો અર્થ પોતે જ પૃ. ૬૮ પર આ રીતે જણાવ્યો છે - *તેમજ ચૈત્ય (સંઘમંદિર)માં પણ પોતે ન ચડાવવા, પરંતુ તેનું સાચું સ્વરૂપ જણાવીને પૂજકાદિ પાસે ચડાવરાવવું. જો એમ બની શકે તેમ ન હોય તો બધાની આગળ 'આ ગૃહમંદિરમાં ચડાવેલ ચીજમાંથી પ્રાપ્ત થયેલ પુષ્પ ભોગાદિ છે. મારા પોતાના દ્રવ્યથી નવા પ્રાપ્ત થયેલ પુષ્પભોગ નથી' વગેરે સ્પષ્ટ રીતે જણાવીને પોતાના હાથે ચડાવવું. નહિ તો લોકોમાં પોતાની વૃથા પ્રશંસા વગેરે થવાનો દોષ લાગે....*

આમાં પુષ્પ ચડાવવાની = પુષ્પપૂજા કરવાની વાત છે, યોગ્ય વ્યવસ્થા માટે આપવાની વાત નથી એ સ્પષ્ટ છે. નહીંતર તો પૂજક દ્વારા ચડાવવાની વાત જ ન આવત. વળી એ મુનિશ્રીએ જ પૃ. ૭૧ પર *'આ શ્રાવક પોતાના ગૃહમંદિરમાં સ્વદ્રવ્યથી પૂજા કર્યા પછી પણ સંઘના મંદિરમાં પણ સ્વદ્રવ્યથી કેવી ઉત્તમ પૂજા કરે છે.'* આ રીતે જે પ્રશંસાની વાત જણાવી છે એનાથી પણ આ પુષ્પભોગ

યોગ્ય વ્યવસ્થા માટે આપવાની વાત નથી, પણ એનાથી પ્રભુપૂજાની વાત છે એ સ્પષ્ટ જ છે.

**શંકા** - "અહીં પૂજાની વાત છે," એ સ્પષ્ટ સમજાય છે. પણ તો પછી એ મુનિશ્રીએ *'યોગ્ય વ્યવસ્થા માટે સંઘના જિનમંદિરમાં આપે છે'* એમ કેમ જણાવ્યું છે ?'

**સમાધાન** - કદાગ્રહનો નાચ કોને કહેવાય ? કારણ કે, 'યોગ્ય ઉદ્‌ઘોષણા કરીને પ્રભુ પૂજા કરે' એમ જણાવે તો તો, (૧) 'નિર્માલ્ય દેવદ્રવ્યથી પણ પ્રભુપૂજા થઈ શકે એ શાસ્ત્ર સંમત છે' (૨) 'એમાં દેવદ્રવ્ય ભક્ષણનો કે દેવદ્રવ્યના દુરુપયોગનો તો દોષ નથી જ, પણ જો યોગ્ય જાહેરાત કરી દીધી હોય તો વૃથા જનપ્રશંસાદિ દોષ પણ નથી.' (૩) 'શ્રાવકે સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' એવો નિયમ નથી, પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પણ કરી શકે છે. (૪) આ કાંઈ નિર્ધનશ્રાવક નથી અને છતાં એ પણ જો આ રીતે પૂજા કરી શકે છે, તો 'નિર્ધનશ્રાવક પરદ્રવ્યથી પૂજા ન જ કરી શકે, એણે તો કાજો લેવો - પુષ્પ ગૂંથી આપવા વગેરે જ કરવાનું હોય' આવો કદાગ્રહ ટકી શકતો નથી. (૫) सति हि देवद्रव्ये વગેરે પાઠો દેવદ્રવ્યથી જિનપૂજા કરવાનું જે કહે છે તે દેવદ્રવ્ય તરીકે નિર્માલ્ય દેવદ્રવ્ય હોવામાં પણ કશો વાંધો નથી... વગેરે વગેરે સિદ્ધ થઈ જાય... જે તેઓના આગ્રહને (કદાગ્રહને) પોષાય એવું ન હોવાથી શાસ્ત્રવચનો પરથી સુતર્ક દ્વારા મળતી વાતોને પણ ઊડાડવી જ પડે ને ! ને એ માટે 'ગમે તેવું અસત્ય લખો... વાંધો નહિ' એવો અભિગમ અપનાવવો પડે એમાં શું આશ્ચર્ય છે ?

પણ એમણે મારા તર્ક સામે કેવા કુતર્ક આપ્યા છે ? એ આના

પરથી સમજી શકાય છે... ને એમનું પુસ્તક પ્રમાણભૂત ઠરી શકતું નથી એ પણ નિશ્ચિત થઈ જાય છે, માટે હવે વધારે વિચારણાથી સર્યું.

આ વિચારણામાં ત્રિકાળઅબાધિત પરમપવિત્ર શ્રી જિનવચનોથી વિપરીત જો કાંઈ પણ આવ્યું હોય તો એનું અંતઃકરણથી મિચ્છા મિ દુક્કડં.

-આ. વિ. અભયશેખરસૂરિ

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી
કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫-૬) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧-૨-૩(પ્રેસમાં)
૭-૯) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૧૦-૧૧) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૨) સત્પદાદિ પ્રરૂપણા
૧૩) હારિભદ્રયોગભારતી
૧૪) યોગવિંશિકા
૧૫) સિદ્ધિનાં સોપાન
૧૬) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૭) તત્ત્વ નિર્ણય
૧૮-૨૨) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૩) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટિપ્પણો
૨૪-૨૬) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૭-૨૮) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૯) સપ્તભંગીવિંશિકા
૩૦) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૧) નિક્ષેપવિંશિકા
૩૨) क्या जिनपूजा करना पाप है ?
૩૩) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૪) નયવિંશિકા
૩૫-૪૨) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧થી૮

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. લિખિત
## ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં...(ગુજ.+હિન્દી=૯૦,૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૨૦,૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિક્ખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...
૧૦) જેલર (ગુજ.+હિન્દી+મરાઠી+અંગ્રેજી ૧,૮૫,૦૦૦ નકલ)

BHARAT GRAPHICS-Ahmedabad
(079) 22134176, Mo. 9925020106